સાપ્તાહિક
મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 14
■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ ફાગણ વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૭ એપ્રિલ, ૨૦૨૪,(૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

યુપી, બિહારમાં એનઆઈએના અનેક ઠેકાણે દરોડા

નક્સલવાદીઓની દેશ-વિરોધી પ્રવૃત્તિ સામે કાર્યવાહી કરવામાં આવી

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

કન્નુર બ્લાસ્ટઃ ચારની ધરપકડ ૨

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 65,340/-
PER 10 GRAMS OF
22KT BIS HALLMARKED
JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

નવી દિલ્હીઃ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)એ દેશ-વિરોધી પ્રવૃત્તિ કરનારા નક્સલવાદીઓ સામેની કાર્યવાહીના ભાગરૂપે શનિવારે ઉત્તર પ્રદેશ અને બિહારમાં અનેક ઠેકાણે દરોડા પાડ્યા હતા.નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીની ઘણી ટીમે ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લામાં ૧૧ સ્થળે અને બિહારના કૈમૂર જિલ્લામાંની એક જગ્યાએ દરોડા પાડ્યા હતા.

નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે દરોડા દરમિયાન મોબાઇલ ફોન, 'સિમ' કાર્ડ, મેમરી કાર્ડ સહિત ઘણાં ડિજિટલ ડિવાઇસ ઉપરાંત વાંધાજનક પૅમ્ફલેટ અને દસ્તાવેજો જપ્ત કરાયા હતા.

બલિયામાં પાંચ જણની ધરપકડ કરીને તેઓ પાસેથી શસ્ત્રો, દારૂગોળો, વાંધાજનક દસ્તાવેજો, પુસ્તકો અને અન્ય સાહિત્ય જપ્ત કરાયું હતું. એનઆઇએ દ્વારા ગયા વર્ષની ૧૦ નવેમ્બરે તપાસ શરૂ કરી હતી. તપાસ એજન્સીએ ૨૦૨૪ની નવમી ફેબ્રુઆરીએ તહોમતનામું નોંધાવ્યું હતું. એનઆઇએની તપાસમાં માલૂમ પડ્યું હતું કે પ્રતિબંધિત નક્સલવાદી સંગઠન ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં પોતાની પ્રવૃત્તિ વધારવા પ્રયાસ કરી રહ્યું છે. માઓવાદીઓ ઉત્તર ભારતનાં રાજ્યોમાંના પોતાના નેતાઓ, કેડરો અને સહાનુભૂતિ ધરાવતા લોકોને ફરી સંગઠિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું કહેવાય છે. એનઆઇએ નક્સલવાદીઓ સામેની પોતાની કામગીરી વધારી દીધી છે. દેશના કેટલાક રાજ્યમાં અનેક નક્સલવાદીને તાજેતરમાં ઠાર મરાયા હતા. (એજન્સી) ■

છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ નક્સલી ઠાર

રાયપુરઃ તેલંગણાની સરહદે આવેલા છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં ગાઢ જંગલમાં સુરક્ષા દળો સાથે થયેલા ગોળીબારમાં ત્રણ નક્સલવાદીઓ માર્યા ગયા હોવાનું એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર આ અથડામણ આંતરરાજ્ય સરહદે પુજારી કાંકેરના જંગલમાં ત્યારે થઇ હતી જ્યારે તેલંગણાનું નક્સલ વિરોધી દળ-ગ્રેહાઉન્ડ્સની એક ટીમ ઓપરેશન પર હતી. ગ્રેહાઉન્ડ્સ ટીમની મદદ માટે છત્તીસગઢ પોલીસની એક ટીમ પણ આ વિસ્તારમાં હાજર હતી, એમ તેમણે જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે આ સશસ્ત્ર અથડામણમાં ત્રણ નક્સલવાદી માર્યા ગયા હતા અને સ્થળ પરથી હથિયારો પણ મળી આવ્યા હતા. આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય છે કે આ અઠવાડિયાની શરૂઆતમાં છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૧૩ નક્સલવાદીઓ માર્યા ગયા હતા. ■

ભાજપ ૨૧મી સદીમાં દેશને વૈશ્વિક નેતૃત્વ પૂરું પાડશેઃ મોદી

વડા પ્રધાને પક્ષના સ્થાપનાદિને શુભેચ્છા આપી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે પોતાના પક્ષ - ભાજપના ૪૪મા સ્થાપનાદિને કાર્યકરોને શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે ભાજપ દેશના યુવાનોનું સ્વપ્ન સાકાર કરશે અને ૨૧મી સદીમાં દેશને વૈશ્વિક નેતૃત્વ પૂરું પાડશે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે મતદારો ભાજપને કેન્દ્રમાં વધુ એક મુદત માટે ચૂંટીને સત્તા પર લાવશે. ભાજપ દેશને ભ્રષ્ટાચાર, સગાંવાદ, જાતિવાદ, કોમવાદ અને 'મત બૅન્ક' માટેના રાજકારણથી મુક્ત (જુઓ પાનું ૨) ▶▶

બંગાળમાં એનઆઈએના અધિકારીઓ પર ગ્રામજનોનો હુમલો

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના પૂર્વા મેદિનીપુર જિલ્લાના ભૂપતિનગર વિસ્તારમાં શનિવારે એનઆઇએના અધિકારીઓને લઇ જતા એક વાહન પર ગ્રામજનો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જ્યાં તેઓ ૨૦૨૨ના બૉમ્બવિસ્ફોટના કેસની તપાસ માટે ગયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર એનઆઇએ અધિકારીઓની એક ટીમે શનિવારે વહેલી સવારે આ કેસના સંબંધમાં બે વ્યક્તિઓની ધરપકડ કરી હતી અને તેઓ કોલકાતા પરત ફરી રહ્યા હતા ત્યારે વાહન પર હુમલો થયો હતો. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, સ્થાનિકોએ વાહનનો ઘેરાવ કર્યો હતો અને તેના પર પથ્થરમારો કર્યો હતો. એનઆઇએએ જણાવ્યું હતું કે તેનો એક (જુઓ પાનું ૨) ▶▶

રૂપાલા સામે ક્ષત્રિય સમાજ ઉમેદવારો ઊભા રાખશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા બેઠક પરથી ભાજપ ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની બહેન-દીકરીઓ પર કરેલી ટિપ્પણીને પગલે સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતના ક્ષત્રિયોનો રોષ ભભૂકી ઊઠ્યો છે. રાજકોટ હરભમજી ગરાસીયા બોર્ડિંગ ખાતે મળેલી કોર કમિટીની બેઠકમાં ભાવિ રણનીતિ ઘડવામાં આવી હતી. જેને 'ઑપરેશન રુપાલા' નામ આપવામાં આવ્યું છે, જે અંતર્ગત રાજકોટમાં પરષોત્તમ રૂપાલા સામે ૪૦૦ ઉમેદવારો ઊભા રાખવાની ઘોષણા કરવામાં આવી છે.

રાજકોટનાં હરભમજી ગરાસીયા બોર્ડિંગ ખાતે (જુઓ પાનું ૨) ▶▶

જૌહર કરવા જનાર પાંચ ક્ષત્રિયાણીની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદન બાદ ક્ષત્રિય સમાજની મહિલાઓ વિરોધમાં સામે આવી હતી. દરમિયાન સાત રાજપૂત મહિલાએ જૌહરની ચીમકી આપી હતી. બોપલના બંગલામાં ગીતાબા અને પ્રજ્ઞાબા સહિત પાંચ મહિલાઓને પોલીસે નજરકેદ કર્યા હતા. બોપલ ચાર રસ્તા પર ક્ષત્રિયોનો વિરોધ વધતા તમામ મહિલાઓની અટકાયત કરવામાં આવી હતી. આખો દિવસ નજરકેદ રાખ્યા બાદ સાંજે પોલીસ તેમના ઘરે મૂકવા માટે ગઈ હતી. બોપલ ખાતે મળવા આવેલા કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ અને ગુજરાતના કરણી સેના પ્રમુખ વીરભદ્રસિંહની અટકાયત કરવામાં આવી હતી. મહિપાલસિંહ અને વીરભદ્રસિંહની અટકાયત કરવામાં આવતા ક્ષત્રિય યુવાનો અને પોલીસ વચ્ચે થોડું ઘણું ઘર્ષણ પણ થયું હતું. દરમિયાન બીજી બાજુ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પણ ત્રણ મહિલાઓ કમલમ ખાતે પહોંચતા અટકાયત કરવામાં આવી હતી.

પાંચેય ક્ષત્રિય મહિલાઓને તેમના ઘરે મોકલવામાં (જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

તા. ૭-૪-૨૦૨૪ થી તા. ૧૩-૪-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ મીનમાંથી મેષમાં તા. ૧૩મીએ પ્રવેશે છે. મંગળ સમગ્ર સપ્તાહમાં કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી બુધ તા. ૯મીએ મીન રાશિમાં પ્રવેશે છે. ગુરુ મેષ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં ભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કુંભમાંથી મીનમાં તા. ૭મીએ પ્રવેશે છે. તા. ૯મીએ મેષમાં, તા. ૧૧મીએ વૃષભમાં, તા. ૧૩મીએ મિથુનમાં આવે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના સોદા માટે ગોચરફળ શુભ નથી. નોકરીમાં મતભેદો દૂર થશે. રાજકારણની પ્રવૃત્તિઓમાં સાવધાની દાખવવી જરૂરી છે. અકારણ નાણાંવ્યય ટાળવો જરૂરી છે. ગૃહિણીઓને વડીલોનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓના સપ્તાહના અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરીમાં સફળ તકો મેળવશો. જૂની ઉઘરાણીનાં નાણાંની વસૂલી સફળ નીવડશે. સામાજિક પ્રવૃત્તિઓમાં સતર્કતા જરૂરી છે. મહિલાઓને કુટુંબ જીવનનો સુખદ અનુભવ થાય. સંબંધીઓ સાથે અનુકૂળતા, પ્રેમાળ સંબંધ જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે અનુકૂળ તકો જણાય છે. નોકરીના સ્થળની બદલી શક્ય છે. નોકરીમાં હસ્તગત કાર્યો પણ પૂર્ણ કરી શકશો. નવા કામકાજનો પ્રારંભ થાય. કારોબારની નાણા આવકની વૃદ્ધિ થશે. પ્રવાસ દ્વારા મહિલાઓ કુટુંબના કામકાજ પૂર્ણ કરી શકશે. વિદ્યાર્થીઓ અધ્યયન માટે જરૂરી સાધનો મેળવી શકશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષા મુજબ નવું રોકાણ શક્ય છે. નોકરીમાં યશ મેળવશો. વેપાર વધશે. વેપારની નાણાંઆવક વધશે. કામકાજના કઠીન પ્રશ્નોનો ઉકેલ આવશે. ગૃહિણીઓને પડોશ સંબંધો ઉપયોગી થતા જણાશે. સહપરિવાર પ્રવાસ શક્ય છે. વિદ્યાર્થીઓ અભ્યાસની કસોટીમાંથી સફળ પુરવાર થશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ માટે ગોચરફળ શુભ છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. નવા કારોબારનો પ્રારંભ થાય. નવા નાણાંઆવકના સાધનો મેળવશો. ભાગીદારી ઉપયોગી થશે. ભાગીદારથી કામકાજના પ્રશ્નો ઉકેલાશે. મુસાફરી લાભદાયી પુરવાર થશે. ગૃહિણીઓને સંતાનની જવાબદારીમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓ કસોટીમાં સફળ પુરવાર થશે. આત્મવિશ્વાસ દૃઢ બનશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરીમાં સહકાર્યકરો સાથેનો મતભેદ દૂર થશે. નવા ભાગીદાર, નવા વ્યવસાયના સંબંધો મેળવશો. નાણાઆવક વિશેની મૂંઝવણો દૂર થશે. ગૃહિણીઓને સંતાનના અભ્યાસના પ્રશ્નનો ઉકેલ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ જણાય છે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર તથા રોકાણ માટે અનુકૂળ તકો જણાય છે. નવી નોકરીનો પ્રારંભ શક્ય જણાય છે. વેપારના મિત્રોથી નાણાલાભ મેળવશો. ભાગીદાર ઉપયોગી થશે. નવીન પ્રવૃત્તિઓનો પ્રારંભ થાય. મહિલાઓને કાર્યક્ષેત્રે પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષામુજબ નવા રોકાણ માટે સફળ તકો મેળવશો. નોકરીના કામકાજથી યશ મેળવશો. વાહન, મકાન-મિલકતનો નિર્ણય લઈ શકશો. મુસાફરી લાભદાયી પુરવાર થશે. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી થાય. કુટુંબમાં યશસ્વીપણું અનુભવશો. સ્વાસ્થ્ય જળવાશે. મહિલાઓને કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશો.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના નાણાંરોકાણ માટે સફળ તકો મેળવી શકશો. નોકરી અર્થે સફળ પ્રવાસ જણાય છે. સહોદરો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. મુસાફરીથી નાણાંલાભ મેળવશો. નવી ઓળખાણો શક્ય જણાય છે. ભાગીદારથી અર્થવ્યવસ્થામાં અનુકૂળતા આવશે. પ્રવાસ સફળ નીવડશે. મહિલાઓને નવા કામકાજના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ અધ્યયનમાં ઉત્સાહ અને પ્રગતિ અનુભવશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરીમાં પ્રગતિ થશે. માન-મરતબો જળવાશે. સરકારી અધિકારીનો સહયોગ મેળવશો. કોર્ટ-કચેરીના કામકાજ અનુકૂળ બનશે. અકારણ નાણાંખર્ચ ઉપર કાબૂ રાખી શકશો. મકાન-મિલકત વાહનની ખરીદી માટે અનુકૂળતા જણાય છે. પ્રવાસ દ્વારા મહિલાઓના કૌટુંબિક જવાબદારીના કામકાજ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષા મુજબ નવા રોકાણની સફળ તકો મેળવશો. નોકરીમાં હસ્તગત કામકાજ સફળ થશે. રાજકારણની પ્રવૃત્તિમાં યશ મેળવશો. કઠીન કામકાજમાં સફળતા મેળવશો. મહત્ત્વના નિર્ણયો લેવા માટે અન્યની મદદ મેળવી શકશો. નાણા વ્યવસ્થા સફળ નીવડશે. મહિલાઓને પડોશ મિત્રો સાથેના મતભેદોનો ઉકેલ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વડીલો ઉપયોગી થશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નવી નોકરીનો પ્રારંભ થાય. નોકરીના સહકાર્યકરો સાથેનો મતભેદ દૂર થશે. રાજકારણની પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશો. મિત્રોમાં યશ મેળવશો. વેપારની નાણાઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓના કુટુંબજીવનના મતભેદો દૂર થશે. વિદ્યાર્થીઓને નિત્ય અભ્યાસ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે. ■

આજનું પંચાંગ

(ઉત્તરાયણ સૌરઃ વસંતઋતુ), રવિવાર, તા. ૭-૪-૨૦૨૪ શિવરાત્રિ, પંચક, ભદ્રા

ભારતીય દિનાંક ૧૮ માહે ચૈત્ર, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ વદ-૧૩
જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ વદ-૧૩
પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
મીસરી રોજ ૨૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
નક્ષત્ર પૂર્વાભાદ્રપદા બપોરે ક. ૧૨-૫૭ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા
ચંદ્ર કુંભમાં સવારે ક. ૦૭-૩૮ સુધી, પછી મીનમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા. ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૭, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતી :સવારે ક.૧૦-૫૫,રાત્રે ક.૨૩-૧૪
ઓટઃ બપોરે ક.૧૬-૫૦, મધ્યરાત્રિ પછી ક.૦૫-૨૨(તા.૮)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - ત્રયોદશી. શિવરાત્રિ, ચતુર્દશી ક્ષય તિથિ છે. પંચક, ભદ્રા સવારે ક. ૦૬-૫૫ થી સાંજે ક. ૧૭-૧૦.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃશિવ પાર્વતી પૂજા, શિવરાત્રિ વ્રત ઉપવાસ, રાત્રિ જાગરણ,તીર્થમાં સ્નાન, જપ, તપ, તર્પણ , શ્રાદ્ધ, દાન.ભગવાન સૂર્યનારાયણ પૂજા, અર્ઘ્યપ્રદાન, પીપળાનું પૂજન,ગુરુ ગ્રહદેવતાનું પૂજન,આંબો વાવવો, પરગામ પ્રયાણ મધ્યમ,ખેતીવાડીનાં કામકાજ,પશુ લે-વેચ, અજૈકપાદ દેવતાનું પૂજન,લીમડો વાવવો. સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા, નિત્ય થતાં નોકરીનાં કામકાજ,બી વાવવું
આચમનઃ ચંદ્ર - નેપચ્યુન યુતિ ભાવના પ્રધાન ચંદ્ર શુક્ર યુતિ કળાપ્રેમી
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર -નેપચ્યુન યુતિ ચંદ્ર શુક્ર યુતિ
ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ,વક્રી બુધ-મેષ, ગુરુ-મેષ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

સાપ્તાહિક દૈનંદિની

તા. ૭-૪-૨૦૨૪ થી તા. ૧૩-૪-૨૦૨૪

રવિવાર, ફાલ્ગુન વદ-૧૩, વિ. સં. ૨૦૮૦, તા. ૭મી એપ્રિલ, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર પૂર્વાભાદ્રપદા બપોરે ક. ૧૨-૫૭ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા. ચંદ્ર કુંભમાં સવારે ક. ૦૭-૩૮ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ, ચતુર્દશી ક્ષયતિથિ છે., પંચક, ભદ્રા સવારે ક. ૦૬-૫૩ થી સાંજે ક. ૧૭-૧૦ શુભ કાર્ય વર્જ્ય છે.
સોમવાર, ફાલ્ગુન વદ-૩૦, તા. ૮મી, નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા સવારે ક. ૧૦-૧૨ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, સોમવતી અમાવસ્યા, અન્વાધાન, મન્વાદિ, પંચક, ખગ્રાસ સૂર્યગ્રહણ (ભારતમાં નહીં દેખાય.). શુભ કાર્ય વર્જ્ય છે.
મંગળવાર, ચૈત્ર સુદ-૧, તા. ૯મી, નક્ષત્ર રેવતી સવારે ક. ૦૭-૩૧ સુધી, પછી અશ્વિની મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૫ સુધી (તા. ૧૦મી), પછી ભરણી. ચંદ્ર મીનમાં સવારે ક. ૦૭-૩૧ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. ચૈત્ર શુક્લપક્ષ પ્રારંભ, શાલિવાહન શક ૧૯૪૬ 'ક્રોધી' નામ સંવત્સર પ્રારંભ, ગૂડી પડવો, ઈષ્ટિ, ચૈત્રી નવરાત્રિ પવિત્ર પર્વપ્રારંભ,ઉપવાસ, ભકિત,ભજન,જાપ. ધ્વજારોહણ, ઘટસ્થાપન, અભ્યંગ સ્નાન, કલ્પાદિ તિથિ, તર્પણ, પંચક સમાપ્તિ સવારે ક. ૦૭-૩૧. વક્રી બુધ મીન પ્રવેશ ક. ૨૧-૩૨, મંગળ અશ્વિની અમૃતસિદ્ધિ યોગ ક. ૦૭-૩૧થી મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૬.દેવી સુકત,શ્રી સુકત,દેવી માહાત્મ્ય વાંચન શુભ દિવસ.
બુધવાર, ચૈત્ર સુદ-૨, તા. ૧૦મી, નક્ષત્ર ભરણી મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૫ સુધી (તા. ૧૧મી), પછી કૃત્તિકા. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. ચેતી ચાંદ દિન, ચંદ્રદર્શન. શુભ દિવસ.
ગુરુવાર, ચૈત્ર સુદ-૩, તા. ૧૧મી, નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૩૭ સુધી (તા. ૧૨મી), પછી રોહિણી. ચંદ્ર મેષમાં સવારે ક. ૦૮-૩૯ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. મન્વાદિ, ગૌરી તૃતીયા, ગણેશ તૃતીયા, આંદોલન તૃતીયા, મત્સ્ય જયંતી, મન્વાદિ, સૌભાગ્ય શયન વ્રત, ભદ્રા ક. ૨૬-૦૨થી, મુસ્લિમ ૧૦મો શવ્વાલ માસારંભ, રમજાન ઈદ. શુભ દિવસ.
શુક્રવાર, ચૈત્ર સુદ-૪, તા. ૧૨મી, નક્ષત્ર રોહિણી મધ્યરાત્રે ક. ૦૦-૫૦ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, પારસી ૯મો આદર માસારંભ, વિષ્ટિ બપોરે ક. ૧૩-૧૧ સુધી. સામાન્ય દિવસ. સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન.
શનિવાર, ચૈત્ર સુદ-૫, તા. ૧૩મી, નક્ષત્ર મૃગશીર્ષ મધ્યરાત્રે ક. ૦૦-૪૮ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં બપોરે ક. ૧૨-૪૩ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. મેષ સંક્રાંતિ, સૂર્ય અશ્વિની નક્ષત્ર,મેષ રાશિ પ્રવેશ ક. ૨૧-૦૩, પુણ્યકાળ ક. ૧૨-૩૯થી ૧૮-૫૩. શ્રી પંચમી, હયવ્રત, કલ્પાદિ, કમુહૂર્તા સમાપ્ત. સામાન્ય દિવસ. ■

રશિયાના મિસાઈલ હુમલાએ યુક્રેનના ખાર્કિવમાં મચાવ્યો કોહરામ

છનાં મોત અને ૧૧ ઘાયલ

કિવ (યુક્રેન) : રશિયાના સશસ્ત્ર દળોએ યુક્રેનના બીજા નંબરના મોટા શહેર ખાર્કિવમાં મિસાઈલ હુમલો કરતાં ઓછામાં ઓછા છ જણ મરણ પામ્યાં હતાં અને બીજા ૧૧ જણને ઈજા થઈ હતી. ખાર્કિવના ગવર્નર ઓલેહ સિનેહુબોવે કહ્યું હતું કે રશિયન હુમલામાં રહેણાક મકાનો, એક ગૅસ સ્ટેશન, એક કિન્ડરગાર્ટન, એક કાફે, એક દુકાન અને કારોને નુકસાન પહોચાડ્યું હતું. લેફ. જનરલ મિકોલા ઓલેશચુકે એક નિવેદનમાં કહ્યું હતું કે એર ફોર્સ કમાન્ડરના જણાવ્યા પ્રમાણે યુક્રેન હવાઈ દળે ત્રણ ક્રૂઝ મિઝાઈલ અને ૨૮ ડ્રોનને તોડી નાખ્યા હતા. રશિયાના હત્યારાઓ યુક્રેનવાસીઓને ડરાવવાનું અને ખાર્કિવ તથા બીજા શાંતિમય શહેરો પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું છે. રશિયાના લશ્કરે હુમલા અંગે કોઈ ટિપ્પણી કરી નહોતી. જોકે રશિયાએ કહ્યું હતું કે યુક્રેને શનિવારે સવારે રશિયામાં વેમ્પાયર રૉકેટ છોડ્યા હતા, પરંતુ દસે દસ રૉકેટને રશિયાના સરહદી વિસ્તાર બેગોરોડમાં રશિયાની એર ડિફેન્સ સિસ્ટમે તોડી પાડ્યા હતા. યુક્રેનના કમાન્ડરે કહ્યું હતું કે જમીન પર રશિયાના દળો આગેકુચ કરી રહ્યા છે અને તેમને પાછળ ધકેલવા મુશ્કેલ છે. (એજન્સી) ■

કન્નુર બ્લાસ્ટઃ ચારની ધરપકડ

કન્નુરઃ કેરળના કન્નુરસ્થિત પનુર નજીક શુક્રવારે કરવામાં આવેલા વિસ્ફોટમાં એક જણનું મોત થયું હોવા ઉપરાંત ત્રણ જણ ઘાયલ થયા હતા.

આ ઘટનાને મામલે શનિવારે ચાર જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું.

પોલીસના દાવા મુજબ ધરપકડ કરાયેલો આરોપી અને અન્ય ત્રણ ઘાયલ વ્યક્તિ તમામ માર્ક્સવાદી પક્ષના કાર્યકર્તા અને સમર્થકો છે. જોકે માર્ક્સવાદી પક્ષે પોલીસના આ દાવાને નકારી કાઢ્યો હતો.

પનુર પોલીસ સ્ટેશનના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે ધરપકડ કરાયેલા શેબિન લાલ, કે. અતુલ, કે. કે. અરુણ અને સાયુજ આ ચારે દેશી બનાવટનો બૉમ્બ ફોડવામાં આવ્યો તે સમયે ઘટનાસ્થળે હાજર હતા.

પડોશી તમિળનાડુ રાજ્યમાં નાસી જવાનો પ્રયાસ કરનાર સાયુજની પલક્કડ ખાતેથી ધરપકડ કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

વિસ્ફોટમાં ઘાયલ થયેલા વિનેશ, વિનોદ અને અશ્વાન્થ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

માર્ક્સવાદી પક્ષના રાજ્ય એકમના સેક્રેટરી એમ. વી. ગોવિન્દને કહ્યું હતું કે ઘટનાને મામલે ધરપકડ કરાયેલા લોકો સાથે પક્ષને કોઈ લેવાદેવા નથી કેમ કે ભૂતકાળમાં આ લોકોએ પક્ષના સભ્યો પર પણ હુમલો કર્યો હતો. ચૂંટણીપ્રક્રિયા ખોરવી નાખવા માર્ક્સવાદી પક્ષના કાર્યકર્તાઓ દ્વારા જ બૉમ્બ બનાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ યુડીએએ કર્યો હોવાના જવાબમાં ગોવિન્દને ઉપરોક્ત નિવેદન કર્યું હતું. (એજન્સી) ■

ભારતીય નૌસેનાના જહાજ 'શારદા'ની ટીમનું સન્માન કરાયું

નવી દિલ્હીઃ ઇરાનની માછીમારીની હોડી 'ઓમારી' પરના આઠ પાકિસ્તાની અને ૧૧ ઇરાની નાગરિક સહિત ૧૯ ખલાસીને સોમાલિયાના ચાંચિયાના કબજામાંથી મુક્ત કરાવનારા ભારતીય નૌકાદળના 'પહેરો ભરતા' જહાજ આઇએનએસ શારદાની ટીમનું નૌકાદળના વડા ચીફ એડમિરલ આર. હરિકુમારે 'ઑન-ધ-સ્પોટ યુનિટ સાઇટેશન' આપીને સન્માન કર્યું હતું.

અગાઉ, પૂર્વ સોમાલિયાના કાંઠાની પાસે ચાંચિયા દ્વારા આ માછીમારીની હોડી અને તેના પરના ખલાસીઓને પહેલી અને બીજી ફેબ્રુઆરી વચ્ચેની રાતે પોતાના તાબામાં લેવાયા હતા, પરંતુ ભારતીય નૌકાદળના પહેરો ભરી રહેલા જહાજ આઇએનએસ શારદાએ આખી રાત ચાંચિયાનો સામનો કરીને બીજી ફેબ્રુઆરીએ પરોઢિયે 'પ્રહાર' ટીમ મોકલીને તેના પરના ખલાસીઓને ઉગારી લીધા હતા.

નૌકાદળના વડાએ આઇએનએસ શારદાની ટીમ સાથે વાતચીત કરી હતી અને તેઓની ચાંચિયા-વિરોધી કામગીરીની પ્રશંસા કરી હતી તેમ જ જણાવ્યું હતું કે જહાજ પરની ટીમની કામગીરીએ ભારતનું નામ વિશ્વમાં રોશન કર્યું છે. (એજન્સી) ■

એનઆઈએ પર હુમલો એ ટીએમસીની તાલિબાની માનસિકતાનો પુરાવો : ભાજપ

નવી દિલ્હીઃ ભાજપે શનિવારે પશ્ચિમ બંગાળમાં એનઆઇએનાં અધિકારીઓ પર ''રાજ્ય પ્રાયોજિત હુમલો''નો દાવો કર્યો હતો અને મુખ્ય પ્રધાન મમતા બેનર્જી પર ઘટનામાં સામેલ લોકોને બચાવવા માટે ૨૦૨૨ બ્લાસ્ટ કેસની તપાસમાં અવરોધો ઊભા કરવા માટે હિંસા ભડકાવવાનો આરોપ મૂક્યો હતો.

ભાજપના નેતાએ આક્ષેપ કર્યો હતો કે શનિવારે ભૂપતિનગર વિસ્તારમાં એનઆઇએનાં અધિકારીઓ પર હુમલો ''ટીએમસીની તાલિબાની માનસિકતા સંસ્કૃતિનો સીધો પુરાવો'' હતો. ઘટના પર તીખી પ્રતિક્રિયા આપતા, ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ જણાવ્યું હતું કે, ''એનઆઇએનાં અધિકારીઓ પર હુમલો એ સંદેશખાલી ૨.૦. છે જે બોમ્બ વિસ્ફોટ કેસની તપાસમાં અવરોધ ઊભો કરવા માટે રાજ્ય દ્વારા ગોઠવવામાં આવ્યો હતો''.

''તે માત્ર એક સંયોગ ન હતો'' પરંતુ એક સારી રીતે વિચારેલ પ્રયોગ હતો. તે એનઆઇએનાં અધિકારીઓ પર રાજ્ય દ્વારા પ્રાયોજિત હુમલો હતો. આ હુમલો શાસક ટીએમસી દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો,'' એવો તેમણે આરોપ લગાવ્યો હતો. ''બે દિવસ પહેલા, મમતા બેનર્જીએ કૂચ બિહારમાં એક રેલીને સંબોધિત કરતી વખતે એનઆઇએનાં અધિકારીઓ સામે હિંસા ભડકાવવા માટે સૌથી પહેલા ઉશ્કેરણીજનક નિવેદનો આપ્યા હતા. આજે એનઆઇએની ટીમ પર હુમલો થતાંની સાથે જ મમતા તરત જ હિંસાને યોગ્ય ઠેરવવા માટે આવી હતી અને હુમલાખોરોને નિર્દોષ ઠેરવ્યા હતા,'' એવો તેમણે આરોપ લગાવ્યો હતો.

એમણે ઉમેર્યું હતું કે ''ટીએમસીનો અર્થ ખૂબ જ ભ્રષ્ટાચાર અને ખૂબ અરાજકતા પણ છે. ટીએમસી સરકારનું 'મા માટી માનવ' સૂત્ર બદલાઈ ગયું છે અને તે હવે 'બોમ્બ બ્લાસ્ટ અને બળાત્કારીઓને બચાવો' બની ગયું છે''. ■

કૉંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં મુસ્લિમ લીગની છાપ દેખાય છેઃ નરેન્દ્ર મોદી

સહારનપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કૉંગ્રેસની સરખામણી મુસ્લિમ લીગ સાથે કરતાં કહ્યું હતું કે તેમના ચૂંટણી ઢંઢેરામાં આઝાદીના સમયે મુસ્લિમ લીગના જે વિચારો હતા તે જ પ્રતિબિંબિત થઈ રહ્યા છે.

વડા પ્રધાન મોદીએ કહ્યું હતું આઝાદીની ચળવળ સમયે જે કૉંગ્રેસ હતી તે દાયકાઓ પહેલાં ખતમ થઈ ગઈ છે.

કૉંગ્રેસની સાથે અનેક મહાન વ્યક્તિત્વો સંકળાયેલા હતા. મહાત્મા ગાંધીનું નામ કૉંગ્રેસ સાથે સંકળાયેલું હતું. આજે જે કૉંગ્રેસ બચી છે તેમાં દેશના હિતની નીતિઓ પણ નથી અને દેશના વિકાસ માટેનું કોઈ વિઝન પણ જોવા મળતું નથી, એમ વડા પ્રધાને કહ્યું હતું.

કૉંગ્રેસ દ્વારા ગઈકાલે (શુક્રવારે) જે પ્રકારનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો તેનાથી સિદ્ધ થાય છે કે આજના ભારતમાં કૉંગ્રેસ બધા જ પ્રકારની આશાઓ અને આકાંક્ષાઓથી કપાઈ ગઈ છે, એમ મોદીએ સહારનપુરમાં ચૂંટણી રેલીને સંબોધતાં કહ્યું હતું.

કૉંગ્રેસની ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે પાર્ટી હવે દૂરથી પણ દૃષ્યમાન થઈ રહી નથી.

વડા પ્રધાન મોદીએ સમાજવાદી પાર્ટીની ટીકા કરતાં કહ્યું હતું કે સમાજવાદી પાર્ટીની સ્થિતિ એવી થઈ છે કે તેમણે પોતાના ઉમેદવાર દર કલાકે બદલવા પડી રહ્યા છે. જ્યારે કૉંગ્રેસની હાલત તેનાથી પણ કફોડી છે. કૉંગ્રેસને તો ઉમેદવાર જ મળતા નથી. જે બેઠકોને કૉંગ્રેસ પોતાનો ગઢ માનતી હતી તેના પર પણ પોતાના ઉમેદવારો ઊભા રાખવાની હિંમત કરી શકતી નથી.

તેઓ આ ટીકા અમેઠી અને રાયબરેલીને લઈને કરી રહ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ઈન્ડી ગઠબંધન આજની તારીખે અનિશ્ચિતતા અને અસ્થિરતાનું બીજું નામ બની ગયું છે. આથી જ દેશની જનતા તેમના દ્વારા કહેવામાં આવેલી એકેય વાતને ગંભીરતાથી લેતી નથી, એમ પણ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ) ■

કૉંગ્રેસ જીતવા નહીં, ભ્રષ્ટાચારીઓને બચાવવા ચૂંટણી લડી રહી છેઃ મોદી

અજમેરઃ ભ્રષ્ટાચારને મુદ્દે કૉંગ્રેસ પર આકરાં પ્રહાર કરતા વડા પ્રદાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે જીતવા માટે નહીં, પરંતુ ભ્રષ્ટાચારીઓને બચાવવા માટે કૉંગ્રેસ ચૂંટણી લડી રહી છે. તેમની લૂંટની દુકાન બંધ થઈ ગઈ હોવાને કારણે ગભરાઈ ગયેલી કૉંગ્રેસ જીતવા માટે નહીં પરંતુ ભ્રષ્ટાચારીઓને બચાવવા ચૂંટણી લડી રહી છે, એમ મોદીએ કહ્યું હતું. અજમેરમાં એક ચૂંટણીસભાને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસ વંશવાદી અને ભ્રષ્ટાચારી પક્ષ છે જે સિદ્ધાંતો અને નીતિઓથી દૂર થઈ ગયો છે. કૉંગ્રેસ જ્યાં હોય ત્યાં વિકાસ ન હોઈ શકે. કૉંગ્રેસે ક્યારેય ગરીબો, વંચિતો અને યુવાનોનો વિચાર નથી કર્યો.

જનતાને લૂંટવાની બાબતને કૉંગ્રેસીઓ તેમના પૂર્વજોનો વારસાગત અધિકાર સમજે છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે છેલ્લાં દસ વર્ષ દરમિયાન અમારી સરકારે આ બીમારીનો કાયમી ઈલાજ પૂરો પાડ્યો છે. ભાજપ સરકાર ત્રીજી મુદતથી દૂર નથી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ત્રીજી મુદતના પ્રથમ ૧૦૦ દિવસમાં જ સરકાર ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ મોટા નિર્ણય લેશે. કૉંગ્રેસના ચૂંટણીઢંઢેરામાં જે બાકી રહી ગયું હતું તે ડાબેરીઓના ચૂંટણીઢંઢેરામાં સમાવી લેવામાં આવ્યું છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આજે કૉંગ્રેસમાં સિદ્ધાંતો અને નીતિ જેવું કંઈ જ બાકી નથી રહ્યું. એવું જણાઈ રહ્યું છે જાણે કૉંગ્રેસે બધું જ કોન્ટ્રાક્ટ પર આપી દીધું છે અને આખા પક્ષનું આઉટસોર્સિંગ કર્યું છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

જૌહર કરવા જનાર

આવી હતી. જેમાં અમદાવાદની બે મહિલા, સુરેન્દ્રનગરની એક મહિલા તેમજ જામનગરની બે મહિલાઓને ઘરે મૂકવા માટે પોલીસ ખુદ ગઈ હતી. તેમજ મહિપાલસિંહને હેડક્વાર્ટરથી પોલીસની ગાડીમાં અજ્ઞાત જગ્યાએ લઈ જવામાં આવ્યા હતા. મહિપાલસિંહને અજ્ઞાત સ્થળે લઈ જતા ક્ષત્રિય સમાજના લોકો અલગ અલગ ટીમો બનાવી પાછળ ગયા હતા. મહિપાલસિંહને લઈને પોલીસ એરપોર્ટ તરફના રસ્તે ગઈ છે. લોકોની ભીડથી દૂર કરવા મહિપાલસિંહને દૂર લઈ જવામાં આવ્યા છે. બોપલ ચાર રસ્તા પર ક્ષત્રિયોનો વિરોધ જોવા મળી રહ્યો છે. પોલીસે મીડિયાને કવરેજ કરતા પણ રોક્યા હતા. બોપલ તરફના રસ્તાઓ પર ટ્રાફિક જામ સર્જાયો છે. જોકે જાણવા મળતી માહિતી મુજબ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ટીમ મહિપાલસિંહને લઈને રાજસ્થાન જવા રવાના થઈ છે.

શનિવારે સાંજે ચાર વાગ્યે પાંચ ક્ષત્રિયાણીઓએ ગાંધીનગરના કમલમ ખાતે જૌહર કરવાની જાહેરાત કરી હતી. જે બાદ સાં

અમિત શાહનો મહારાષ્ટ્ર પ્રવાસ અચાનક રદ

મોદીની જાહેરસભાની પણ તારીખ બદલાઈ

નાગપુરઃ લોકસભા ચૂંટણીના પ્રચાર માટે ગૃહ પ્રધાન અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના વરિષ્ઠ નેતા અમિત શાહ મહારાષ્ટ્રના પૂર્વ વિદર્ભની મુલાકાત માટે આવવાના હતા. છ એપ્રિલે પૂર્વ વિદર્ભમાં અમિત શાહની પ્રચાર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જોકે તે અંતિમ સમયે રદ કરવામાં આવ્યું હોવાની માહિતી સામે આવી હતી.

લોકસભા ચૂંટણીના પહેલા તબક્કામાં ૧૯ એપ્રિલે પૂર્વ વિદર્ભની પાંચ બેઠક પર મતદાન થવાનું છે. અમિત શાહ પૂર્વ વિદર્ભમાં ગોંદિયા વિસ્તારમાં ભાજપના ઉમેદવાર સુનિલ મેંઢેના ચૂંટણી પ્રચાર માટે આવવાના હતા. એક અહેવાલ મુજબ દિલ્હીથી નાગપુર આવીને ત્યાંથી હેલિકોપ્ટર દ્વારા ગોંદિયા સુધી અમિત શાહ પ્રવાસ કરવાના હતા.

અમિત શાહની સભા માટેની દરેક તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ હતી, પણ છેલ્લા સમયે આ કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો.

અમિત શાહની સભાને શા માટે રદ કરવામાં આવી તે બાબતે ભાજપ તરફથી કોઈપણ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પણ અમિત શાહના સ્વાસ્થ્યને કારણે તેમની મુલાકાત રદ થયા હોવાની ચર્ચા છે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપનો ૪૦૦ સીટ જીતવાનો લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ આઠ એપ્રિલે પૂર્વ વિદર્ભના ચંદ્રપુરમાં એક જાહેર સભાને સંબોધન કરવા મહારાષ્ટ્ર આવવાના છે અને તે બાદ નાગપુર જિલ્લાના રમટેકમાં સભા કરવાના છે. મોદીની આ સભા અગાઉ ૧૦ એપ્રિલે યોજાવાની હતી પણ હવે ૧૪ એપ્રિલના કરવામાં આવી છે, એવી માહિતી મળી છે. ■

એન્ટોપ હિલમાં પૅરોલ પર છૂટેલા રીઢા આરોપીએ મિત્ર પર કર્યો ગોળીબાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જેલમાંથી પૅરોલ પર છૂટેલો રીઢો આરોપી મિત્ર પર ગોળીબાર કરી ફરાર થઈ ગયો હોવાની એન્ટોપ હિલ પરિસરમાં બની હતી. રાતે સાથે દારૂ પીધા પછી નાણાંને મામલે થયેલા વિવાદમાં ગોળીબાર કરાયો હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું. એન્ટોપ હિલ પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ એન્ટોપ હિલ ચર્ચ પાસેના નવતરુણ નાઈક નગર ખાતે બની હતી. ગોળીબાર પછી ફરાર વિવેક ચેટ્ટીયાર (૪૦) વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર એક જ પરિસરમાં રહેતા ચેટ્ટીયાર અને આકાશ કદમ વચ્ચે મિત્રતા હતી. રીઢા આરોપી ચેટ્ટીયાર વિરુદ્ધ નવ ગંભીર ગુના નોંધાયેલા છે, જ્યારે આકાશ પર હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયેલો છે. ગોરેગામમાં ૨૦૧૭માં થયેલી હત્યાના કેસમાં ચેટ્ટીયારને કોર્ટે સજા ફટકારી હતી. કોરોના મહામારીના સમયગાળામાં તે જેલમાંથી પૅરોલ પર છૂટ્યો હતો. પૅરોલ પત્યા પછી જેલમાં પાછો ફરવાને બદલે તે ફરાર થઈ ગયો હતો. ■

મુંબઈ પોલીસે માગી પાકિસ્તાન પોલીસની મદદ

નવ સોમાલી ચાંચિયાને પકડ્યાનો કેસ

મુંબઈઃ ભારતીય નૌકાદળ દ્વારા અરબી સમુદ્ર એન્ટી પાયરસી ઓપરેશન્સ સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહ્યું છે અને ૩૫ સોમાલી ચાંચિયાઓની ધરપકડ બાદ હાલમાં જ હાથ ધરાયેલા બીજા ઓપરેશનમાં નવ સોમાલી ચાંચિયાઓને પકડવામાં આવ્યા હતા. હવે આ નવ સોમાલી ચાંચિયાઓ વિરુદ્ધ યેલો ગેટ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જોકે આ કેસમાં હવે મુંબઈ પોલીસે પાકિસ્તાનની પોલીસની મદદ માગી છે. આ અંગે ભારતના ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા પાકિસ્તાન પોલીસનો સંપર્ક કરી તેમની મદદ લેવામાં આવશે. ■

વિનોદ ખુટેના પરિવારની મિલકત પર બીજે દિવસે પણ ઈડીની ટાંચ કાર્યવાહી

મુંબઈઃ વીઆઈપી ગ્રૂપ-ગ્લોબલ એફિલિએટ બિઝનેસના માલિક વિનોદ ખુટેના પરિવારના સભ્યોની મિલકત પર ટાંચ મારવાની કાર્યવાહી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઈડી) બીજે દિવસે પણ ચાલુ રાખી હતી. ખુટે પરિવાર સંબંધી ૮.૯૮ કરોડ રૂપિયાની મિલકતને ટાંચ મારવામાં આવી હતી, જેમાં પુણેના પાંચ ફ્લૅટ, બે સભાગૃહ, બે ઑફિસ તેમ જ અહમદનગરના પ્લૉટનો સમાવેશ થાય છે. આ મામલે અત્યાર સુધીમાં ૭૦.૮૯ કરોડ રૂપિયાની મિલકત પર ટાંચ મારવામાં આવી હોવાનું ઈડીનાં સૂત્રોએ જણાવ્યું હતું.

રોકાણ પર આકર્ષક વળતરની લાલચે નાગરિકોની છેતરપિંડી કરવા પ્રકરણે વિનોદ તુકારામ ખુટે, સંતોષ ખુટે, મંગેશ ખુટે, કિરણ પીતાંબર અનારસે, અજિંક્ય બડાધે અને અન્યો વિરુદ્ધ પુણેના ભારતી વિદ્યાપીઠ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ગુનાને આધારે ઈડીએ પણ તપાસ હાથ ધરી હતી. ■

ચૂંટણી કાર્યક્રમમાં ૧૯૨ કર્મચારી ગેરહાજર, કાર્યવાહી થશે

મુંબઈઃ ચૂંટણી માટેની તાલીમના કાર્યક્રમમાં ગેરહાજર રહેનારા સરકારી અધિકારી અને કર્મચારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાની જાહેરાત હજી ગુરુવારે જ ચૂંટણી પંચ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી ત્યારે શનિવારે યોજવામાં આવેલા ચૂંટણી તાલીમ કાર્યક્રમમાં ૧૯૨ કર્મચારીઓ હાજર રહ્યા હોવાનું સામે આવ્યું છે. ઉત્તર મુંબઈ મતવિસ્તારમાં ૧૬૭ ક્રમાંકના મતદાર સંઘ વિલેપાર્લે ખાતે માસ્ટર દિનાનાથ મંગેશકર નાટ્યગૃહમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં ૧૨૦૮ કર્મચારીઓએ ચૂંટણી દરમિયાન મતદાન વગેરેની પ્રક્રિયા કઇ રીતે યોજવી તે અંગેની તાલીમ મેળવી હતી. ■

FLAT FOR SALE
Seafront 3 BHK, Jaldarshan, Nepean Sea Rd
Fully furnished 1500 sq. ft., Italian marble flooring, 3 ensuite bedrooms, steam bath, AC, smart locks, living room with high-end furniture, kitchen, servant room, 2 garages about 190 sq. ft. each, parking. CCTV, video phone entry. Opposite Priyadarshini Park. Inquiry welcome.
contact : Pankaj Dalal +91 98201 51430

ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશન
મંત્રાલય MSME (ભારત સરકાર)
સી.બી.કોરા ઇન્સ્ટીટ્યુટ, સીંપોલી વિલેજ, મ્યુનીસીપલ સ્કુલની સામે, બોરીવલી (પશ્ચિમ)
સરકાર માન્ય કોર્સ
ટાય અને ડાય સ્કાર્ફ, સાથે એક્સેસરીજ
શરૂઆત : ૧૪ એપ્રિલ, ૨૦૨૪ પ્રેકટીસ સાથે
હર્ષલા હેમંત સાવંત ૯૮૨૦૮૫૪૫૫૮
૮૬૯૩૦૯૮૧૮૧ / ૯૮૨૦૦૮૪૫૫૮

બર્ફીવાલા બ્રિજ પર અતિક્રમણ

ગોખલે બ્રિજ સાથે ન જોડાતા પાર્કિંગ, ક્રિકેટ રમવા અને કપડાં સૂકવવા માટે થઈ રહ્યો છે ઉપયોગ

મુંબઈઃ અંધેરી પૂર્વ અને પશ્ચિમને જોડનારા ગોખલે બ્રિજ અને બર્ફીવાલા બ્રિજનું બાંધકામ અનેક કારણોને લીધે રખડી પડ્યું છે. આ બ્રિજનું બાંધકામ હજુ સુધી પૂર્ણ થયું નથી, જેને લીધે બર્ફીવાલા બ્રિજ પર સ્થાનિક રહેવાસીઓએ વાહનો પાર્કિંગ કરવાની સાથે બ્રિજના રસ્તા પર ક્રિકેટ રમવાની સાથે અનેક લોકોએ ત્યાં ઝૂંપડાં બાંધીને રહેવાનું શરૂ કર્યું છે અને આ અધૂરા બ્રિજ પર લોકો કપડાં પણ સુકાવી રહ્યા હોવાનું દ્રશ્ય જોવા મળી રહ્યું છે.

મુંબઈ મહાપાલિકા દ્વારા ૨૦૨૨માં ગોખલે બ્રિજની સાથે બર્ફીવાલા બ્રિજને પણ વાહનો માટે બંધ કરવામાં આવ્યો હતો. આ બ્રિજનું કામ છેલ્લા બે વર્ષથી ચાલી રહ્યું છે. જોકે ગોખલે બ્રિજના એક તરફના ભાગને શરૂ કરવામાં આવ્યો છે પણ બર્ફીવાલા બ્રિજને ગોખલે બ્રિજ સાથે કઈ રીતે જોડી શકાશે એ બાબતે વિચાર પાલિકા કરી રહી છે.

ગોખલે બ્રિજ અને બર્ફીવાલા બ્રિજને સાથે જોડવાના કામમાં વિલંબ થતાં લોકોએ તેના પર કબજો કરવાનું શરૂ કર્યું છે. બર્ફીવાલા બ્રિજ અનેક સમયથી બંધ રાખવામાં આવતા લોકોએ ત્યાં કાર, ટ્રક પાર્ક કરવાનું શરૂ કર્યું છે અને આસપાસના વિસ્તારની ઝૂંપડપટ્ટીઓના રહેવાસીઓ ક્રિકેટ રમવાની સાથે ત્યાં કપડાં સૂકવી રહ્યા છે.

બર્ફીવાલા બ્રિજ પર ગેરકાયદેસર રીતે પાર્કિંગ અને અતિક્રમણને લીધે અનેક સ્થાનિક રહેવાસીઓને ત્રાસ સહન કરવો પડે છે. જેથી જ્યાં સુધી ગોખલે બ્રિજનું કામ પૂર્ણ કરીને તેને બર્ફીવાલા બ્રિજ સાથે જોડવામાં નથી આવતો ત્યાં સુધી નાગરિકોને આ મુશ્કેલીનો સામનો કરવો પડશે, એવું એક નાગરિકે કહ્યું હતું. ■

YOUR BELONGINGS ARE IN SAFE HANDS.
Whether you're an individual who's migrating for work, or a business that's looking to expand, we have storage solution for everyone. No matter how big or small a space you need, we'll always be there for you.
Doorstep & 24x7 Hrs Customer Support | Customized Packaging Support
Storage Insurance Cover
GURUKRUPA™
STORAGE & SHIFTING SOLUTIONS
अमानत आपकी. ज़िम्मेदारी हमारी.
9821530702 | 9324254460
To Know more visit : www.gurukrupastoragesolutions.com

૨૦ લાખની લાંચ માગવા બદલ પાલિકાના બે એન્જિનિયરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગેરકાયદે બાંધકામ અને ઈમારતની અગાશી પરની પતરાની શેડ પર કાર્યવાહી ન કરવા માટે ૨૦ લાખ રૂપિયાની કથિત લાંચ માગવા બદલ મુંબઈ મહાનગરપાલિકાના બે એન્જિનિયર સહિત ત્રણ જણની એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી)એ ધરપકડ કરી હતી. દક્ષિણ મુંબઈના મકાનમાલિકની ફરિયાદને આધારે એસીબીએ મહાપાલિકાના બિલ્ડિંગ ઍન્ડ પ્રપોઝલ ડિપાર્ટમેન્ટના એન્જિનિયર મંગેશ ચંદ્રકાંત કાંબળી (૩૭) અને સૂરજ શિવાજીરાવ પવાર (૪૩) તેમ જ પોતાને સમાજસેવક તરીકે ઓળખાવતા નીલેશ જયંતી હોડાર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર ફરિયાદીની ઈમારતના પાંચમા માળે માળિયાનું ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હતું. આ બાંધકામ તોડી પાડવા સંબંધી નોટિસ મોકલવામાં આવી હતી. નોટિસ મળતાં ફરિયાદી ચર્ચા કરવા માટે મરીન લાઈન્સ સ્થિત પાલિકાની સી વૉર્ડની કચેરીમાં ગયા હતા. માળિયાનું બાંધકામ ન તોડવા માટે કાંબળી અને પવારે પાંચ લાખ રૂપિયા, જ્યારે ટેરેસ પરની પતરાની શેડ ન તોડવા ૧૫ લાખ રૂપિયાની માગણી કરી હતી. ફરિયાદીને લાંચ આપવાની ઇચ્છા ન હોવાથી તેમણે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી.

એસીબીએ શુક્રવારે છટકું ગોઠવી લાંચના પ્રથમ હપ્તા તરીકે આઠ લાખ રૂપિયા સ્વીકારનારા હોડારને રંગેહાથ પકડી પાડ્યો હતો. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

લાંચના કેસમાં ઈપીએફઓના બે અધિકારીની ધરપકડ

થાણેઃ વ્યાવસાયિક પાસેથી બે લાખ રૂપિયાની લાંચ માગવાના કેસમાં એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી)એ એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ ઑફિસ (ઈપીએફઓ)ના બે અધિકારીની ધરપકડ કરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ કાર વૉશિંગનો બિઝનેસ ધરાવતા વ્યાવસાયિકની ફરિયાદ બાદ એસીબીએ છટકું ગોઠવી સોશિયલ સિક્યોરિટી ઑફિસર રવિકુમાર તુકારામ તેલવડે અને આસિસ્ટન્ટ ડિરેક્ટર ધીરેન્દ્ર સતેન્દ્ર મિશ્રાની ધરપકડ કરવામાં આવી હતી. ફરિયાદ અનુસાર ફરિયાદીએ તેનો વ્યવસાય બંધ કરી દીધો હતો અને તેની જાણ ઈપીએફઓને કરી નહોતી. એ સિવાય કર્મચારીઓ હિસ્સાનાં પીએફનાં નાણાં પણ જમા કરાવવાનું બંધ કરી દીધું હતું. પરિણામે ઈપીએફઓ દ્વારા ફરિયાદીને ૭,૬૯,૧૦૪ રૂપિયા જમા કરાવવા બાબતે નોટિસ મોકલવામાં આવી હતી. વળી, દંડની રકમ પણ ભરવાનું કહેવામાં આવ્યું હતું.

આ અંગે ચર્ચા કરવા માટે ફરિયાદી શુક્રવારે તેલવડેને મળ્યો હતો. મામલો રફેદફે કરવા માટે ફરિયાદી પાસેથી બે લાખ રૂપિયાની માગણી કરવામાં આવી હતી. તડજોડ બાદ તેલવડે એક લાખ રૂપિયા સ્વીકારવા તૈયાર થયો હતો, પરંતુ ૫૦ હજાર રૂપિયા તાત્કાલિક આપવાનું ફરિયાદીને કહેવામાં આવ્યું હતું.

એસીબીના થાણે યુનિટના ઈન્સ્પેક્ટર સંતોષ અંબિકેએ જણાવ્યું હતું કે ફરિયાદીની ફરિયાદ પછી એસીબીએ છટકું ગોઠવ્યું હતું. તેલવડે ફરિયાદી પાસેથી રૂપિયા સ્વીકારીને મિશ્રાને તેનો હિસ્સો આપવા ગયો ત્યારે બન્નેને પકડી પાડવામાં આવ્યા હતા. આ પ્રકરણે કોપરી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

(પીટીઆઈ)■

Deepak Somaiya

નાયરની હૉસ્ટેલમાં આગ

મુંબઈઃ મુંબઈ સેન્ટ્રલમાં આવેલી મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત નાયર હૉસ્પિટલની હૉસ્ટેલમાં શનિવારે સાંજે અચાનક આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ નાયર હૉસ્પિટલમાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ ૧૧ માળની ડેન્ટલ કૉલેજમાં આગનો બનાવ બન્યો હતો. હૉસ્ટલની ૧૧ માળની બિલ્ડિંગના દસમા માળા પર એક રૂમમાં સાંજે ૬.૪૪ વાગે આગ ફાટી નીકળી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

નાટ્ય દર્પણ

નાટક ધી વજાઇના મોનોલॉગ્ઝને ગુજરાતી દર્શકોએ હોશભેર વધાવ્યું

વજાઇના મોનોલॉગ્ઝ, ઇવ એન્સરનું એક એવું નાટક જેને જોયા પછી દરેક વ્યક્તિ બદલાઇ જાય છે. આ નાટક ભારતમાં ૨૨ વર્ષથી અંગ્રેજી ભાષામાં ભજવાયું છે અને તેના પ્રતિભાવો અકલ્પનિય રહ્યાં છે. હવે આ 'બોલ્ડ' કહી શકાય તેવું પણ સમાજને આયનો દર્શાવતું નાટક ગુજરાતીમાં ભજવાઇ રહ્યું છે.

પૂઅર બૉક્સ પ્રોડકશનનાં એકટર ડાયરેક્ટર મહાબાનુ મોદી કોતવાલ અને તેમના દીકરા કૈઝાદ કોતવાલ જે પોતે અભિનેતા છે અને આ નાટકના સહ પ્રોડયુસર અને સહદિગ્દર્શક છે. તેમણે ૨૨ વર્ષ સુધી આ નાટકના દેશભરમાં અનેક પ્રયોગ કર્યાં.

કૈઝાદ કોતવાલ અને મહાબાનુ મોદી કોતવાલે એવા અનેક પ્રસંગો અવારનવાર ટાંક્યા છે. જેમાં આ નાટક જોયાં પછી સ્ત્રીઓ અને પુરુષો બન્નેના અભિગમમાં ધરમૂળથી ફેર આવ્યો હોય આવા એક ઐતિહાસિક કહી શકાય એવા ગુજરાતી નાટકનો આગલો પ્રયોગ ૭મી એપ્રિલ રવિવારના રોજ ભવન, ચોપાટી ખાતે સાંજે ૭.૩૦ વાગ્યે યોજાશે.

કાકા લાવે કેશ, બધાં કરે એશ

રંગમંચ પ્રોડક્ષન પ્રસ્તુત 'કાકા કો કુછ કુછ હોતા હૈ' આસિફ પટેલ નિર્મિત ઇમ્તિયાઝ પટેલ લિખિત આ રવિવાર તા. ૭ એપ્રિલે બે પ્રયોગ ભજવાશે બપોરે ૩.૩૦ ક. અને સાંજે ૭.૩૦ ક. નહેરૂ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

આર યા પાર

અવની આર્ટસ થિયેટર પ્રા. લિ.સર્જન અમી ત્રિવેદી, કૌસ્તુભ ત્રિવેદી, નિમેષ દિલીપરાય નિર્મિત સંજય છેલ લિખિત 'આર યા પાર'. આ રવિવારઃ તા. ૭ એપ્રિલ સાંજે ૭.૩૦ ક. તેજપાલ હોલ ખાતે ભજવાશે.

ધ વેજાઇના મોનોલોગ્ઝ

પિકચર પરફેક્ટ પ્રોડક્ષન્સ, પુઅર બોકસ પ્રોડકશન્સ અને પ્રણવ ત્રિપાટી પ્રસ્તુત. આ રવિવારઃ તા. ૭ એપ્રિલ સાંજે ૭.૩૦ ક. ભારતીય વિદ્યા ભવન, ઓડિટોરિયમ, ચોપાટી ખાતે ભજવાશે.

મલબાર હિલ રિઝર્વિયરનું ભાવિ નક્કી કરશે આઈઆઈટી-રોરકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલબાર હિલ રિઝર્વિયરનું ભાવી નક્કી કરવા માટે નિષ્ણાતોની પેનલની બે ટીમ તરફથી વિરોધાભાસી અહેવાલ મળ્યા બાદ મુંબઈ મહાનગરપાલિકાએ હવે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (આઈઆઈટી)-રોરકી (ઉત્તરાખંડ)નો સંપર્ક કર્યો છે.

તેમની નિષ્ણાતની ટીમ બે જુદા જુદા અહેવાલનો અભ્યાસ કરશે અને મલબાર હિલ રિઝર્વિયર સાઈટનું નિરીક્ષણ કરશે અને ત્યારબાદ તેને ભલામણ કરશે એવું પાલિકાના સુત્રોએ જણાવ્યું હતું.

પાલિકાએ નવેમ્બર, ૨૦૨૩માં નિષ્ણાતોની એક કમિટી બનાવી હતી, જેમાં આઈઆઈટીના ચાર પ્રોફેસર, આર્કિટેક્ટ, સ્ટ્રક્ચર ઍન્જિનિયર, સ્થાનિક નાગરિકોના પ્રતિનિધિનો સમાવેશ કર્યો હતો.

પાલિકાને ચાર મહિના બાદ બે અલગ અલગ અહેવાલો મળ્યા હતા, તેને કારણે પ્રશાસનની મૂંઝવણ વધી ગઈ છે.

આઈઆઈટી બોમ્બેના નિષ્ણાતોની ટીમે જળાશયના સમારકામ અથવા પુનઃનિર્માણ માટે હાલની ટાંકીને ખાલી કરવા માટે ૫૨.૪૪ મિલિયન લિટર પર ડેની ક્ષમતા ધરાવતી નવી ટાંકી બનાવવાની ભલામણ કરી હતી.

તો નાગરિકોનું પ્રતિનિધિત્વ કરતી અન્ય નિષ્ણાતોની ટીમે જણાવ્યું હતું કે જળાશયની માળખાકીય સ્થિતિ સારી છે અને આગામી ૧૦થી ૧૫ વર્ષ સુધી તેને તોડી પાડવાની અથવા પુનઃનિર્માણની કોઈ જરૂર નથી. નિષ્ણાતો દ્વારા અંતિમ અહેવાલ પાંચ માર્ચના સબમિટ કરવામાં આવ્યો હતો. જોકે વિરોધીભાસી અહેવાલને પગલે પાલિકા કોઈ ચોક્કસ નિષ્કર્ષ પર આવી શકી નથી.

પાલિકાના અધિકારી જણાવ્યા મુજબ તેથી પાલિકાએ હવે ત્રીજા પક્ષ તરીકે આઈઆઈટી રોરકી ઉત્તરાખંડની મદદ લેવાના છે. આઈઆઈટી રોરકીના નિષ્ણાતોની સલાહ લીધી છે.

તેઓ પાલિકાની વિનંતીને માન્ય રાખીને નિષ્ણાતોની પેનલ દ્વારા રજૂ કરાયેલા બે અહેવાલનો અભ્યાસ કરશે. તેમની ટીમ મુંબઈની મુલાકાત લેશે અને મલબાર હિલ જળાશયનું નિરીક્ષણ કરશે. તેમના અભિપ્રાયને કારણે પાલિકા અંતિમ નિર્ણય લઈ શકશે.

હૅંગિંગ ગાર્ડનની નીચે આવેલું ૧૩૫ વર્ષ જૂનું મલબાર હિલ જળાશય દક્ષિણ મુંબઈને દરરોજ ૧૪૭ મિલિયન લિટર પાણી પૂરું પાડે છે.

તેના પુનર્નિર્માણ અને તેની ક્ષમતા વધારવા માટે ફેબ્રુઆરી, ૨૦૨૨માં ૬૯૮ કરોડ રૂપિયાનો અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. જોકે સ્થાનિક રહેવાસી આ પ્રોજેક્ટની વિરોધમાં છે, કારણકે આ પ્રોજેક્ટ માટે ૧૮૯ વૃક્ષોને કાપી નાખવામાં આવવાના છે.

નવી મુંબઈમાં ઘરની છત તૂટી પડતાં ત્રણનો ચમત્કારિક બચાવ

મુંબઈઃ નવી મુંબઈના વાશીમાં એક બિલ્ડિંગમાં એક ફ્લેટનો સિલિંગનો હિસ્સો તૂટીને નીચેના ફ્લેટ પર પડવાની દુર્ઘટના બની હતી, જેમાં ત્રણ બાળકનો ચમત્કારિક બચાવ થયો હતો.

વાશીમાં બે બેડરૂમના ઍપાર્ટમેન્ટમાં શુક્રવારે સિલિંગ તૂટી પડતાં તેમના માળા પર કેક આવી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ બીજા માળ પરના ફ્લેટમાં કામ ચાલી રહ્યું હતું. અને ફ્લોરના કૉંક્રીટ કાઢીને ત્યાં લાદી બેસાડવા માટે પાવરફુલ વાઈબ્રેટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, તેને કારણે ફ્લોર તૂટીને નીચે પહેલા માળે આવેલા ફ્લેટ પર તૂટી પડ્યો હતો.

નવી મુંબઈ મહાનગરપાલિકાનાના જણાવ્યા મુજબ બિલ્ડિંગના બંને અસરગ્રસ્ત પરિવારને તાત્પૂરતા સમય માટે રાજસ્થાન ભવનમાં રહેવા માટે જગ્યા આપવામાં આવી છે.

નવી મુંબઈ ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ વાશીમાં સેક્ટર ૨૯માં પ્લોટ નંબર ૪૯માં સુદામા કૉ-ઑપરેટીવ હાઉસિંગ સોસાયટીમાં છ માળની બિલ્ડિંગમાં આ બનાવ બવ્યો હતો. લગભગ ૧૦ વર્ષ જૂની આ બિલ્ડિંગના બીજા માળે ટુ બેડરૂમના ફ્લેટમાં આ દુર્ઘટના શુક્રવારે સાંજે ચાર વાગે બની હતી.

બીજા માળનો ફ્લોર નીચેના માળા પરના ફ્લેટમાં તૂટી પડ્યો હતો, જેમાં પહેલા માળા પરના ફ્લેટમાં રહેલા ૧૪ વર્ષના રાજવીર ગાયકવાડ એક બેડરૂમમાં સુઈ રહ્યો હતો, તો ૧૦ વર્ષનો તેનો નાનો ભાઈ આર્યવીર અને તેનો મિત્ર અજીત લિવિંગ રૂમમાં રમી રહ્યા હતા. અચાનક તેમને સિલિંગમાં મોટી કેક આવવાની સાથે જ જોરદાર ધડાકાનો અવાજ સંભાળ્યો હતો અને સેકેંડમાં જ લિવિંગ રૂમની સિલીંગ તૂટી પડી હતી. બંને બાળકોના માતા-પિતા દુર્ઘટના સમયે ઓફિસમાં ગયા હતા.

નવી મુંબઈ મહાનગરપાલિકાના એન્જિનિયરોએ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી અને જણાવ્યું હતું કે હજી ચાર મહિના પહેલા જ બિલ્ડિંગનું સ્ટ્રક્ચર ઑડિટ થયું હતું, જેમાં બિલ્ડિંગ સુરક્ષિત જણાઈ હતી. આ દુર્ઘટના બીજા માળા પર કામ કરી રહેલા મજૂરોની ભૂલને કારણે થઈ હોવી જોઈએ. તેઓ અત્યંત પાવરફુલ વાઈબ્રેટરનો ઉપયોગ ફ્લોરનું કૉંક્રીટ કાઢવા માટે કરી રહ્યા હતા અને તેને કારણે કદાચ ફ્લોર તૂટીને નીચેના માળા પર પડ્યો હતો.

ધુળેમાં મહિલાનું ગળું દબાવીને હત્યાઃ પતિ-સસરા વિરુદ્ધ ગુનો

ધુળેઃ ધુળેના શિરપુર તાલુકામાં મહિલાની રસીથી ગળું દબાવી કથિત હત્યા કરવા પ્રકરણે પોલીસે પતિ-સસરા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ધુળે શહેરના નેર તાલુકામાં રહેતી ભારતીબાઈ ભીલનાં લગ્ન ૧૫ વર્ષ અગાઉ શિરપુર તાલુકાના ચાંદસે પરિસરમાં રહેતા ગજેન્દ્ર ભીલ સાથે થયાં હતાં. ગજેન્દ્રને દારૂ પીવાનું વ્યસન હોવાથી વારંવાર તે ભારતીબાઈની મારપીટ કરતો હતો. છ મહિના પહેલાં દંપતી મજૂરી માટે ગુજરાત ગયું હતું. તાજેતરમાં ધુળે પાછા ફર્યા પછી પતિ ગજેન્દ્ર અને સસરા વિજય ભારતીબાઈ પાસેથી મજૂરીનાં નાણાં માગતા હતા. રૂપિયા ન આપનારી ભારતીબાઈની શુક્રવારની સવારે ૧૦ વાગ્યાની આસપાસ હત્યા કરવામાં આવી હતી. ગજેન્દ્ર અને વિજય રસ્સીથી ભારતીબાઈનું ગળું દબાવી રહ્યા હતા ત્યારે તેનો પુત્ર ત્યાં આવી ગયો હતો. ઘરનું દૃશ્ય જોઈ પુત્ર ત્યાંથી ભાગી ગયો હતો. આ પ્રકરણે શિરપુર સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી ડિસેમ્બર ૨૦૨૩ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

વધારાની એક જાહેરાત મફત મેળવો

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

ખાસ નોંધઃ	તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે	
ગુજરાતી અને અંગ્રેજીમાં	રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ)	રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ
સંપૂર્ણ બોલ્ડ	રૂા. ૨૦૦ મિનિમમ	રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ
સબ હેડિંગ (બોલ્ડ)	(મેકસીમમ ૪ શબ્દ)	રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ
ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W	(મિનિમમ ૨૧ સ્કે. સે.મી.)	રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી.
ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour	(મિનિમમ ૨૧ સ્કે. સે.મી.)	રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી.

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૩ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૪ સુધી

સ્કીમ*

ચુકવણી થયેલ જા.ખ.	સમય મર્યાદા
૪	૩૦ દિવસ
૭	૪૫ દિવસ
૧૫	૭૫ દિવસ
૨૩	૯૦ દિવસ
૩૯	૧૬૫ દિવસ
૫૭	૨૦૦ દિવસ
૮૩	૨૩૦ દિવસ
૧૨૨	૨૮૦ દિવસ
૧૮૦	૩૮૫ દિવસ
૩૭૦	૪૭૫ દિવસ

* શરતો લાગુ

કલ્યાણમાં બે આરોપી પકડાતાં ચોરીના ૧૨ કેસ ઉકેલાયા

થાણેઃ કલ્યાણમાં બે રીઢા આરોપી પકડાતાં ચોરીના ૧૨ કેસ ઉકેલાયા હોવાનો દાવો પોલીસે કર્યો હતો. એમએફસી પોલીસે ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ અવિનાશ ધનાજી શિંદે અને સેમસંગ રુબેન ડેનિયલ તરીકે થઈ હતી. ફેબ્રુઆરીમાં કલ્યાણ પરિસરમાં બનેલી ચોરીની એક ઘટનાની તપાસમાં પોલીસ બન્ને આરોપી સુધી પહોંચી હતી.

સિનિયર ઈન્સ્પેક્ટર શૈલેષ સાળવીએ જણાવ્યું હતું કે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે પહેલાં શિંદેને અંબરનાથથી તાબામાં લીધો હતો. તેણે આપેલી માહિતી પરથી કલ્યાણથી ડેનિયલને પકડી પાડવામાં આવ્યો હતો.

પૂછપરછમાં બન્ને આરોપી કલ્યાણ, જળગાંવ અને તેલંગણામાં નોંધાયેલા ડઝન જેટલા ગુનામાં સંડોવાયેલા હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. આરોપીઓ પાસેથી ૩.૬૨ લાખ રૂપિયાની મતા હસ્તગત કરી હતી. (પીટીઆઈ)

યવતમાળના પ્રોફેસરનો ચૂંટણી ફરજનો ઈનકારઃ ગુનો દાખલ

મુંબઈઃ યવતમાળ જિલ્લાના ચૂંટણી અધિકારીએ આગામી લોકસભા ચૂંટણીમાં ફરજ બજાવવાનો ઈનકાર કરનારા કોલેજના પ્રોફેસર વિરુદ્ધ એફઆઈઆર દાખલ કર્યો છે. ઈવીએમ તરીકે ઓળખાતા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન સામે સૈદ્ધાંતિક વિરોધનું કારણ આપી એ પ્રોફેસરે ફરજ અદા કરવાની ના પાડી છે. આગામી લોકસભા ચૂંટણી માટે યવતમાળની અમુલખચંદ કોલેજના પ્રોફેસર સાગર જાધવની નિમણૂક ચૂંટણી કેન્દ્રના મુખ્ય અધિકારી તરીકે કરવામાં આવી હતી. ૧૪ માર્ચે આ સંદર્ભે પત્ર સરકાર દ્વારા શ્રી જાધવને મોકલવામાં આવ્યો હતો. ૧૮ માર્ચના દિવસે શ્રી જાધવે ટપાલમાં પત્ર પાઠવ્યો હતો જેમાં તેમણે લોકસભાની ચૂંટણી ઇવીએમને બદલે મતપત્રકથી કરવાની માગણી કરી હતી. ઈવીએમથી થતી ચૂંટણી પ્રક્રિયા સાથે પોતે સહમત નથી એવો ખુલાસો તેમણે કર્યો હતો. પત્રમાં તેમણે જણાવ્યું છે કે 'ઇવીએમથી થતી ચૂંટણી પ્રક્રિયા ભારતની જનતા માટે ભરોસાપાત્ર નથી. ભારતીય બંધારણની કલમ ૧૯ (૧) (એ) હેઠળ લોકશાહીના હિત અર્થે ઈવીએમ પ્રક્રિયાથી થતી ચૂંટણીમાં સહભાગી થવા સામે મારો વિરોધ છે.' ૨૦૦૪ પછી દરેક ચૂંટણીમાં શ્રી જાધવે ચૂંટણી કેન્દ્રના મુખ્ય અધિકારી તરીકે ફરજ બજાવી છે. પત્રમાં તેમણે વધુમાં જણાવ્યું છે કે 'મેં કાયમ ચૂંટણીમાં ફરજ બજાવી છે. હાલ દેશભરમાં ઈવીએમ સામે સાર્વત્રિક વિરોધ જોવા મળી રહ્યો છે. ઈવીએમ પદ્ધતિ ભારતીય લોકશાહી માટે ખતરો છે એવું જનતા મને છે.' આ સંદર્ભે શ્રી જાધવનો સંપર્ક સાધવાના પ્રયત્નમાં સફળતા નહોતી મળી.

કેસના ભરાવા અને ચુકાદા પર વકીલોની ટિપ્પણી અસ્વસ્થ કરનારીઃ સીજેઆઇ

નાગપુરઃ ન્યાયતંત્ર પ્રશંસા અને ટીકા બંને ખમી શકે છે, પણ કેસના ભરાવા અંગે તેમજ ચુકાદા અંગે વકીલો જે રીતે પ્રતિક્રિયા આપી રહ્યા છે એ બાબત અસ્વસ્થ કરનારી છે એમ ચીફ જસ્ટિસ ધનંજય ચંદ્રચૂડે જણાવ્યું છે. વકીલના વ્યવસાય સાથે સંકળાયેલા પદાધિકારીઓ કે સભ્યોએ ન્યાયતંત્રના ચુકાદા સામે પ્રતિક્રિયા વ્યક્ત કરતી વખતે એ બાબતે સભાન રહેવું જોઈએ કે તેઓ અદાલતના પ્રતિનિધિ છે, સામાન્ય જનતા નથી એમ પણ તેમણે જણાવ્યું હતું. શુક્રવારે ચંદ્રચૂડે ઉપરોક્ત નિવેદન આપ્યું હતું. (પીટીઆઈ)

લોકસભા ચૂંટણીમાં 'મહિલા નિયંત્રિત મતદાન કેન્દ્રો' બનાવાશે

મુંબઈઃ લોકસભા ચૂંટણીમાં મહિલાઓ માટે વિશેષ મતદાન કેન્દ્ર નિર્માણ કરવામાં આવવાના છે. ચૂંટણી પંચ દ્વારા 'મહિલા નિયંત્રિત મતદાન કેન્દ્રો' નિર્માણ કરવામાં આવે એવો આદેશ આપવામાં આવ્યો છે, જેથી આ ચૂંટણી માટે મહારાષ્ટ્રમાં ૪૪૦ મતદાન કેન્દ્રનું સંચાલન મહિલા કરશે.

મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણી પર આખા દેશનું ધ્યાન છે. તાજેતરમાં ચૂંટણી પંચે 'મહિલા નિયંત્રિત મતદાન કેન્દ્રો' નિર્માણ કરવાનો આદેશ આપ્યો હતો. ચૂંટણી પંચને આ દેશનું પાલન કરી મહારાષ્ટ્રના થાણેમાં ૩૬, જળગાવમાં ૩૩, નાશિક અને રત્નાગિરીમાં ૩૦, મુંબઈ અને ઉપનગરોમાં ૨૬ મહિલા નિયંત્રિત મતદાન કેન્દ્રો નિર્માણ કરવામાં આવશે અને વાશીમ, સિંધુદુર્ગ અને ગઢચિરોલી જિલ્લામાં ત્રણ મહિલા નિયંત્રિત મતદાન કેન્દ્રો નિર્માણ કરવામાં આવવાના છે.

આ વિશેષ મતદાન કેન્દ્રોમાં તહેનાત કરવામાં આવેલા દરેક પોલીસ અને ચૂંટણી પંચના અધિકારીઓ અને કર્મચારીઓ મહિલા જ હશે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે આ દરેક મહિલા નિયંત્રિત મતદાન કેન્દ્રોમાં કોઈ ચોક્કસ રંગનો ઉપયોગ કરવામાં આવશે નહીં અને મતદાન કેન્દ્રમાં કોઈ રાજકીય પક્ષના રંગનો પણ ઉપયોગ કરવો નહીં એવો આદેશ આપવામાં આવ્યો છે.

આ બાબતે એક અધિકારીએ કહ્યું હતું કે મહિલા માટે આ પ્રકારના વિશેષ મતદાન કેન્દ્રો નિર્માણ કરવાથી મહિલાઓનો મતદાનમાં સહભાગ વધશે. મહિલાઓની નિમણૂક કરતાં પહેલા કેન્દ્રની સુરક્ષા પર ધ્યાન રાખવામાં આવશે અને આ વિશેષ મતદાન કેન્દ્રો પર પોલીસની પણ નજર રહેશે.

જૈન મરણ

મેંદરડા નિવાસી હાલ દહીંસર દિલીપકુમાર મગનલાલ ધોડાદ્રા (ઉં. વ. ૭૧) તે હર્ષાબેનના પતિ. છાયા હેમલભાઇ જોબાલીયા, કાશ્મીરા નીરવભાઇ દોશી, કેવલના પિતા. રૂચીના સસરા. મહેન્દ્રભાઇના મોટાભાઇ. રૂજલ-સનાયા-શાયનાના નાનાજી. સસુર પક્ષે રતિલાલ માણેકચંદ મહેતાના જમાઇ. તે શનિવાર, તા. ૬-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

દશા શ્રીમાળી સ્થા. જૈન

બાઢડા (સાવરકુંડલા) નિવાસી હાલ બોરીવલી અરુણકુમાર પ્રાણલાલ દેસાઇ (ઉં. વ. ૭૯) તે વિણાદેવીના પતિ. અમીષ, ધવલ, દીશાના પિતા. જીજ્ઞા, પૂજા, જયશીલના સસરા. સ્વ. અશોકભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ, સ્વ.અજીતભાઇ, નિરંજન દેસાઇ, સ્વ. કોકીલાબેન મુકુંદરાય મોદી, સ્વ. નીતા ભૂપેન્દ્ર શેઠના ભાઇ. સાસરા પક્ષે વ્રજલાલ માધવજી અજમેરાના જમાઇ. ખુશી, લહેકના દાદા. તા. ૫-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

વાગડ વિ.ઓ. જૈન

ગામ સુવઈના હિમાબેન સાવલા (ઉં.વ. ૮૮) ગુરુવાર, તા. ૪-૪-૨૪ના અવસાન પામેલ છે. સ્વ. ખીમઈબેન શિવજી વાલજીના પુત્રવધૂ. સ્વ. વિજયારના ધર્મપત્ની. સ્વ. અમરશી, સ્વ. રમેશ, વિસનજી, દામજી શાંતિના માતુશ્રી. દેમાબેન, લક્ષ્મીબેન, નેણશીના સાસુ. જતીન, સ્વ. રોનક, રૂષભ, નીલમ, અમીષા, ઉર્વીના દાદી. સ્વ. કામલબેન પાંચાલાલ મેકણ સત્રાના દિકરી. પ્રાર્થનાસભા રાખેલ છે. પ્રા. તા.: ૭-૪-૨૪, રવિવાર. પ્રા. સમય ૧૦.૩૦થી ૧૨. જાપઃ ૧૨થી ૧૨.૩૦. પ્રા. સ્થળઃ કાંતિ વિસરીયા હોલ, થાણા (વે). લૌકિક વ્યવહાર બંધ છે.

ઝાલાવાડી દશા શ્રીમાળી દેશાવાસી જૈન

રામપુર ભંકોડા નિવાસી, હાલ અંધેરી, સ્વ. ઝવેરીબેન વ્રજલાલ હકમચંદ શાહના સુપુત્ર મહેન્દ્રભાઈ શાહ (ઉં. વ. ૮૦) ૪-૪-૨૪ને ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ભારતીબેનના પતિ. સ્વ. અનિલભાઈ અને નિર્મળાબેન નવીનચંદ્ર ગાંધીના નાના ભાઈ તથા દેવેન, સુનિલ અને હેમા હિતેશકુમાર શાહના પિતાશ્રી. સેજલ અને તેજલના સસરા. જોરાવરનગર નિવાસી, હાલ મુંબઈ સ્વ. હરીલાલ ચુનીલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

દશા શ્રીમાળી વણીક જૈન

મોરબી નિવાસી હાલ મીરારોડ સ્વર્ગીય પ્રદીપ પ્રાણલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. જ્યોત્સ્નાબેન (ઉં. વ. ૭૨) તા.૪-૪-૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે અનીષ તથા રીતેશના માતુશ્રી. હંસાબેન તથા સતીષભાઈના ભાભી. શારદાબેન મોહનભાઇ મેહતાના દીકરી. સુરેશભાઈ, સ્વ.કિશોરભાઈ, દીલીપભાઈ તથા હર્ષિદા બેનના બહેન. પ્રાર્થનાસભા રાખી નથી. લૌકીક વહેવાર બંધ છે.

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

ચોકવાળા (કદમગીરી) હાલ મુલુંડ સ્વ. જેઠાલાલ હરજીવનદાસ દોશીના ધર્મપત્ની ગુલાબબેન (ઉં. વ. ૯૦) તા. ૪-૪-૨૪ને ગુરૂવારના સ્વર્ગવાસ થયેલ છે. તે પ્રવીણભાઈ, હરેશભાઈ, કુસુમબેન જયસુખભાઈ, સ્મિતાબેન રાજેશકુમારના માતૃશ્રી. તે ભારતીબેન, ભાવનાબેનના સાસુ. તે સંજના, ધરા, દેવાંશના દાદી. તે પિયર પક્ષે ગામ પચ્છેગામ નિવાસી હાલ મુલુંડ શાહ અમૃતલાલ જયચંદના દીકરી, તેમની ભાવયાત્રા તા. ૦૯-૦૪-૨૦૨૪ના મંગળવારે ૧૦ થી ૧૨ સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ.

સુરત વિશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જ્ઞાતિ જૈન

શૈલેષભાઈ જવેરી (ઉં. વ. ૭૪) તા.૫/૪/૨૦૨૪ શુક્રવારના દેવગતિ પામ્યા છે. તે સ્વ. ઈન્દિરાબેન સુમતીચંદ જવેરીનાં સુપુત્ર. આશાબેનનાં પતિ. સ્વ. માલવિકા બેન દિલીપભાઈ, માયાબેન સુભાષભાઈ, શરદભાઈનાં ભાઈ. ભાવનાબેનનાં જેઠ. સ્વ ઇન્દિરાબેન શાંતિચંદ જવેરી (દેહલું)નાં જમાઈ. પ્રાર્થનાસભા સોમવાર તા.૮/૪/૨૦૨૪નાં ૪ થી ૬ઃ વનિતા વિશ્રામ સ્કૂલ પ્રાર્થના સમાજ.

શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન

નાની તુંબડીના ઉમરબેન ટોકરશી સાવલા (ઉં. વ. ૯૧) તા. ૩-૪-૨૪ના દેહ પરિવર્તન કરેલ છે. ટોકરશીભાઈના પત્ની. લક્ષ્મીબેન નેણશીના પુત્રવધૂ. દીનેશ, મહેશના માતુશ્રી. ગેલડાનાં લધીબેન ભીમશી સૈયાના સુપુત્રી. કુંવરજી, મોરારજી ભવાનજી ભુજપુરના મણીબેન કાનજીના બેન. પ્રાર્થના : યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, દાદર (ઇ), રવિવાર, તા ૭-૪-૨૪, સમય : ૪.૧૫ થી ૫.૪૫.

હિન્દુ મરણ

ખીમત નિવાસી હાલ મલાડ, ગિરધરભાઈ રતનચંદ શાહનું ૬-૪-૨૪ના અવસાન થયેલ છે. પત્નીઃ શુશીલાબેન. પુત્ર-પુત્રવધૂઃ સંજયભાઈ-ભાવનાબેન, સુનિલભાઈ-સોનલબેન. દીકરી-જમાઈઃ નીતાબેન વસંતકુમાર વારૈયા, રીનાબેન વિપુલકુમાર શાહ. પૌત્ર-પૌત્રવધૂઃ જીમિત-દ્વિશા, પાલમી-કવન, સ્લેશા, કરણ-નતાશા, રાજવી-યશ. ભાઈ-ભાભીઃ સ્વ. પ્રવિણભાઈ-સ્વ. જ્યોત્સનાબેન, અશોકભાઈ-ઈન્દીરાબેન. સ્વસુરપક્ષઃ સ્વ. પ્રેમચંદભાઈ ચુનીલાલ જોગાણી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

સૌરાષ્ટ્ર લેવા પટેલ

ગામ-સુલતાનપુર, હાલ-બોરીવલી સ્વ. ગોરધનભાઈ રણછોડભાઈ ચોવટીયા (ઉં.વ. ૮૬) તા. ૪-૪-૨૪ના ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. તે ગં.સ્વ. મુક્તાબેનના પતિ. સ્વ. અશોકભાઈ, દિલીપભાઈ અને શોભનાબેનના પિતા. ગં.સ્વ. જયશ્રીબેન અશોકભાઈ ચોવટીયા (પટેલ), જ્યોતિબેન દિલીપભાઈ ચોવટીયા અને સુરેશભાઈ ગોંડલીયાના સસરા. મેઘા, સ્નેહા, ધૈર્યના દાદા અને જીતના નાના. પ્રાર્થનાસભા-સોમવાર, તા. ૮-૪-૨૪ના ૪થી ૬. સ્થળઃ દહિસર લેવા પટેલ સમાજ, હનુમાન ટેકરી, અશોક વન, દહિસર (ઈસ્ટ).

નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ

તલગાજરડા હાલ બોરીવલી નિવાસી ગં.સ્વ. રેખાબેન અશોકભાઈ ઓઝા (ઉં.વ. ૬૪) તા. ૬-૪-૨૪ના કૈલાસવાસી થયેલ છે. તે નિલેશભાઈ, દિવાનગીબેન કૌશિક મહેતાના માતુશ્રી. તેમ જ ઠાકર દમવતીબેન રામશંકેર ચકુરામ મહુવાવાળાની દીકરી તેમની પ્રાર્થનાસભા તા. ૭-૪-૨૪ પથી ૭ પ્રાર્થનાસભા સ્થળઃ કચ્છી કડવા પાટીદાર વાડી, દૌલત નગર, ઝવીએસ સ્કૂલની બાજુમાં, બોરીવલી (ઈસ્ટ).

પાટણવાડા લિમ્બચીયા

સ્વ. ચંચળબેન શંભુલાલ લિંબાચિયા (ઉં.વ. ૯૫) ગામ-ઉમતા હાલ-ઘાટકોપર તા. ૫-૪-૨૪ના રામશરણ પામેલ છે. તે જયંતિભાઈ અને સ્વ. રમેશભાઈ, સ્વ. મંજુલાબેન, સરોજબેન અને પ્રવીણાબેનના માતુશ્રી. ચંદ્રેશ, ધીમંત, પ્રજ્ઞેશ, ભાવિનીના દાદીમા અને ચિ. નિમિત, કાર્તિક, અક્ષત, હંસવી અને હિતાંશીના મોટાદાદીમા. તેમ જ સ્વ. દશરથલાલ, બાબુલાલ અને વિષ્ણુકુમારના સાસુમા. તેમની પ્રાર્થનાસભા તેઓના નિવાસસ્થાનઃ બી-૧૦૩, મહાવીર એપ્રેસ, કિરોલ રોડ, ઘાટકોપર (વેસ્ટ) રવિવાર, તા. ૭-૪-૨૪ના ૪.૦૦થી ૬.૦૦.

ઝાલાવાડી સઈ સુતાર જ્ઞાતિ

મૂળગામ હળવદ નિવાસી હાલ નાલાસોપારા સ્વ. નટવરલાલ મોતીલાલ ચૌહાણના ધર્મપત્ની નર્મદાબેન ચૌહાણ (ઉં. વ. ૮૫) ૫-૪-૨૪ના વૈકુંઠવાસ પામેલ છે. કમલેશભાઈ, ભરતભાઈ, વિજયભાઈ, પલ્લવીબેન, ક

ઘૂંટણના ઓસ્ટિઓઆર્થરાઈટીસની અદ્યતન સારવાર

ડૉ. શર્મિલા તુળપુળે
કંસલટન્ટ ઓર્થોપેડિક સર્જન અને ભારતના પ્રથમ યુએસ બોર્ડ સર્ટિફાઈટ રિજનરેટિવ એક્સપર્ટ

શું તમે અથવા તમારા સંબંધી લોકો, ઘૂંટણની ઓસ્ટિઓઆર્થરાઈટીસથી પીડિત છો? શું તમને તેના માટે સર્જરીની સલાહ આપવામાં આવી છે? તો પછી તમારા માટે આ ક્ષેત્રના નવીનતમ વિકાસ અને તે મુંબઈમાં ઉપલબ્ધ છે તે જાણવું મહત્ત્વપૂર્ણ છે. ૧૫ કરોડથી વધુ ભારતીયો ઘૂંટણની સમસ્યાથી પીડાય છે અને ૬૫ વર્ષથી વધુ ઉંમરની ૪૫% સ્ત્રીઓ OA ઘૂંટણના લક્ષણો ધરાવે છે. તેમાંથી ચાર કરોડને ટોટલ ની રિપ્લેસમેન્ટ (TKR)ની જરૂર છે, જે સમાજ અને દેશ પર ભારે સ્વાસ્થ્ય બોજ લાદશે. ઘૂંટણની ઓસ્ટિઓઆર્થરાઈટીસની લાક્ષણિક સારવારમાં પેઈન કિલર અને ફિઝીયોથેરાપી અને અદ્યતન કેસોમાં રિપ્લેસમેન્ટ સર્જરીનો સમાવેશ થાય છે. પરંતુ રિજનરેટિવ મેડિસિન ક્ષેત્રે નવીનતમ પ્રગતિ સાથે, ઘૂંટણના ઓસ્ટિઓઆર્થરાઈટીસની ખૂબ જ અસરકારક રીતે સારવાર કરી શકાય છે અને તે ઉલટાવી પણ શકાય છે, અદ્યતન રિજનરેટિવ થેરાપીઓ વડે જેને ઓર્થો બાયોલોજીક થેરાપી કહેવાય છે.

ત્યાં ઘણી અદ્યતન રિજનરેટિવ સારવારો ઉપલબ્ધ છે જે તમને આર્થરાઈટીસની પ્રગતિને રોકવામાં મદદ કરે છે. અને વારામાં વિલંબ અથવા સર્જરી ટાળી શકાય છે. રિજનરેટિવ મેડિસિન એ દવાની ખૂબ જ અદ્યતન અને તાજેતરની શાખા છે જ્યાં શરીરની પોતાની હીલિંગ પાવર, પ્રોસેસ્ડ લોહી અથવા પેશીઓના રૂપમાં, ડિજનરેશન અથવા ઇજાઓને સાજા કરવા અથવા રિજનરેટ કરવા માટે વપરાય છે.

આ રિજનરેટિવ સારવારના વિવિધ પ્રકારો છે જેનો ઉપયોગ ઘૂંટણની ઓસ્ટિઓઆર્થરાઈટીસની સારવાર માટે થઈ શકે છે, જે આર્થરાઈટીસની ગંભીરતા અને દર્દીની સ્થિતિ અથવા સંકળાયેલ રોગોના આધારે થઈ શકે છે. એવા ઘણા કિસ્સાઓ છે કે જ્યાં રિજનરેટિવ સારવાર ઘૂંટણની ઓસ્ટિઓઆર્થરાઈટીસ, ઘૂંટણની સર્જરીમાં વિલંબ અથવા ટાળવા માટે સક્ષમ છે. તમે રિજનરેટિવ સારવાર માટે ઉમેદવાર છો કે કેમ તે જોવા માટે તમારે તમારી જાતને સંપૂર્ણ રીતે તપાસવી જોઈએ.

ઘૂંટણની આર્થરાઈટીસ માટે રિજનરેટિવ સારવાર બે પ્રકારની છે.

ઓટોલોગસ અને એલજેનિક. ઓટોલોગસ સારવાર દર્દીના પોતાના શરીરના કોષો અથવા રક્ત કોષોનો ઉપયોગ કરે છે કાં તો અસ્થિ મજ્જા અથવા ચરબીમાંથી લણણી કરી શકાય છે અને પછી અસરગ્રસ્ત વિસ્તારમાં ઉપયોગ કરવા માટે પ્રક્રિયા કરી શકાય છે.

નીચેના સ્વરૂપમાં રિજનરેટિવ સારવાર માટે રક્તનો ઉપયોગ કરી શકાય છે.

પીઆરપી અથવા પ્લેટલેટ રિચ પ્લાઝ્મા (જેમાં દર્દીના શરીરમાંથી લોહીની થોડી માત્રા લેવામાં આવે છે, ત્યારબાદ પ્લેટલેટ્સને અલગ અને કેન્દ્રિત કરીને, અને પછી અસરગ્રસ્ત વિસ્તારમાં ઇન્જેક્ટ કરવામાં આવે છે). સામાન્ય રીતે, ઘૂંટણની આર્થરાઈટીસની સારવાર માટે PRPના ત્રણ સત્રો જરૂરી છે.

- સૌથી અદ્યતન GOLDIC થેરાપી (ગોલ્ડ ઇન્જ્યુસ્ડ સાયટોકાઇન થેરાપી), જે દર્દીના પોતાના લોહીને સોનાના ક્ષારનો ઉપયોગ કરીને સક્રિય કરે છે. ગોલ્ડિક થેરાપી સામાન્ય રીતે ૧૨ દિવસમાં ચાર સત્રોમાં કરવામાં આવે છે. તેની ક્રિયાના અદ્યતન પ્રકારને કારણે તેને નેક્સ્ટ જનરેશન સ્ટેમ સેલ થેરાપી તરીકે પણ ઓળખવામાં આવે છે.
- એડિપોઝ સ્ટેમ સેલ થેરાપી જ્યાં દર્દીની ચરબીને સ્ટેમ કોશિકાઓ લણવા માટે પ્રક્રિયા કરવામાં આવે છે, અને રોગના વિસ્તારમાં ઇન્જેક્ટ કરવામાં આવે છે.

મુખ્ય ફાયદા એ છે કે આ સારવારો ખૂબ જ સલામત છે (કારણ કે તેઓ તમારા પોતાના રક્ત અથવા કોષોનો ઉપયોગ કરે છે), તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની અથવા એનેસ્થેસિયાની જરૂર નથી, ન્યૂનતમ અથવા કોઈ આડઅસર નથી, તેઓ સુરક્ષિત રીતે પુનરાવર્તિત પણ થઈ શકે છે અને ખૂબ જ અસરકારક છે. આ સારવારો સાથે, તમે સર્જરીને ટાળી શકો છો અથવા વિલંબિત કરી શકો છો.

- સૌથી અગત્યનું, તમે તમારા કુદરતી સાંધાને જાળવી રાખો છો.
- સામાન્ય રીતે, દરેક સત્ર લગભગ ૩૦-૪૦ મિનિટ લે છે.
- સ્થિતિ પર આધાર રાખીને, ૪ સત્રો સુધી જરૂરી છે.
- સારવાર પૂર્ણ કર્યા પછી, બેડ પર આરામની જરૂર નથી. તમે આરામથી ઘરની આસપાસ ફરી શકો છો અને બીજા દિવસથી જ તમારી દિનચર્યા ફરી શરૂ કરી શકો છો.
- વધુ સારી અને ઝડપી રીકવરી માટે ફિઝીયોથેરાપી દ્વારા પણ સારવાર કરવામાં આવે છે.
- રિજનરેટિવ થેરાપી દ્વારા સારવાર કરાયેલ અન્ય સ્થિતિઓ?
- ઓસ્ટિઓઆર્થરાઈટીસ (ઘૂંટણની સૌથી સામાન્ય)
- પીઠનો નીચેનો દુખાવો (લમ્બર ડિસ્ક પ્રોલેપ્સ)
- ફ્રોઝન શોલ્ડર
- ટેનિસ એલ્બો
- હીલમાં દુખાવો
- ઘૂંટણ, ખભા, એન્કલની સ્પોર્ટસ અને લિગામેન્ટ (અસ્થિબંધન)ની ઇજાઓ
- રુમેટોઈડ અને અન્ય ઓટોઈમ્યુન આર્થરાઈટીસ
- લોંગ કોવિડ અથવા પોસ્ટ કોવિડ સિન્ડ્રોમ.

ક્યાં | ઓર્થોબાયોલોજિક્સ ક્લિનિક
૧૬૭/ઈ, પૂનાવાડી, ડૉ. આંબેડકર રોડ, દાદર (ઈ), મુંબઈ-૧૪
કોલ કરો: 9819377999 / 9920377999
Email: orthobiologixclinic@gmail.com Website: www.orthobiologixclinic.com

યુવાનોમાં વધી રહ્યું છે હૃદયરોગનું પ્રમાણ

ડૉ. જી. પી. રત્નપારખી
ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
MBBS. MD (MEDICINE).
DM (CARDIOLOGY), FESC, FCSI. F.S.C.A.I

હૃદયરોગ, હૃદયરોગનો ઝટકો (Heart Attack) હાર્ટઍટેક, બાયપાસ સર્જરી, એન્જિઓપ્લાસ્ટી આ શબ્દોથી હવે બધા પરિચિત છે. સર્વ સામાન્ય લોકોને પણ આ બીમારી માટે થોડી ઘણી સમજ હોય છેજ, અને સામાન્ય રીતે સર્વ સામાન્ય માણસ આ બીમારીથી ગભરાયેલો રહે છે. અનેકવાર મૃત્યુનું કારણ આ હૃદયરોગનો ઝટકો જ હોય છે. અને આ રોગનું પ્રમાણ વધતું જ જાય છે.

દુનિયાભરના કુલ મૃત્યુમાંથી વધારેમાં વધારે મૃત્યુ હૃદયરોગની બીમારીને કારણે થાય છે અને હૃદયરોગની બીમારીથી મોતના મુખમાં પડવાની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. કેન્સર, એઈડસ, સંસર્ગજન્ય રોગ, અકસ્માત, ખૂન આ સર્વ કારણોથી મરનારા લોકો કરતા હૃદયરોગથી મરનારાની સંખ્યા વધારે છે. હૃદયરોગનું પ્રમાણ ભારતમાં ઝડપથી વધી રહ્યું છે. જો આ પ્રમાણ આવું જ રહ્યું તો ૨૦૨૪માં ભારતમાં સહુથી વધુ હૃદયરોગના દર્દીઓ હશે.

ગ્રામીણ વિસ્તારમાં ઝડપથી શહેરીકરણ થતું હોવાથી આરોગ્ય ઉપર દુષ્પરિણામ થાય છે.

ભારતમાં દર વર્ષે લાખો લોકો હૃદયરોગની બીમારીના ભોગ બન્યા છે. પહેલા આ બીમારી મોટી ઉંમરની વ્યક્તિમાં જણાતી હતી, પણ હવે આ બીમારીનાં મૂળ યુવાન પેઢીમાં પણ જણાય છે.

અથવા ભારતમાં ૩૫થી ૫૦ની ઉંમરના લોકોમાં હાર્ટઍટેક આવવાનું પ્રમાણ ૪૦% ટકા છે, જ્યારે કોઈ ઘરમાં મુખ્ય માણસને હૃદયરોગનો ઝટકો આવે ત્યારે આર્થિક દ્રષ્ટિએ પૂર્ણપણે કુટુંબ બીમાર પડે છે. અસ્વસ્થ થાય છે, નિરાશ થાય છે.

★ યુવાનોમાં હૃદયરોગનું વધતું જતું પ્રમાણ

પ્રત્યેક દેશ ઔદ્યોગિક પ્રગતિની હરીફાઈ જીતવામાં લાગ્યો છે. આમાં યુવાનોનો મોટો સહભાગ છે, પણ ઔદ્યોગિકરણ અને શહેરીકરણને લીધે યુવાનોમાં આહાર, વિહાર અને આચાર-વિચાર બદલાયા છે.

સુખ સુવિધા મેળવવાની પાછળ પ્રત્યેક જણ પ્રયત્ન કરી રહ્યો છે. સફળતા મેળવવાની પાછળ પ્રત્યેક જણ દોડી રહ્યો છે. બધાને જ સફળતા મળશે જ એવી શક્યતા નથી હોતી, તથા જેમને સફળતા મળી છે તેઓને સુખ-શાંતિ છે જ એવું પણ નથી તેને લીધે માનસિકતાણ વધે છે.

ટાર્ગેટ પૂરું કરવા માટે ટંગાયેલી તલવાર આજની કોર્પોરેટ સંસ્કૃતિનો એક ભાગ છે. તેને લીધે સમય કરતાં વધુ કામ કરવું... કામનાં બદલામાં મળનારું વેતન આ કાયમ જ ઓછું લાગે છે. ... કોર્પોરેટ ઓફિસમાં કામ કરવાવાળા હંમેશાં કોઈને કોઈ પ્રકારના તણાવમાં જ રહે છે. નોકરીની જગ્યાએ થતો તણાવ, ધંધામાં નફો તોટો નુકસાન ઘરમાં ખેંચ-તાણ આ બધાનું વિપરીત પરિણામ હૃદય ઉપર થઈને વધુ લોહીનું દબાણ અને હૃદયરોગ થવાની સંભાવના હોય છે.

ભોજનમાં તેલ, ઘી, મસાલાના પદાર્થનો વધારે વપરાશ, પિઝા-બર્ગર, વધુ કેલરીઝ વાળા ઠંડા પીણા, આલ્કોહોલને લીધે શરીરમાં ચરબીનું પ્રમાણ વધી રહ્યું છે.

વધુ બફાયેલા, વધુ તળેલા અને માંસાહારના પદાર્થો વધુ પ્રમાણમાં ખાવાથી કૉલેસ્ટ્રોલનું પ્રમાણ વધી રહ્યું છે. ફળ-ફળાદી, ભાજી, કઠોળ, સલાડનો વપરાશ ઓછો થયો છે. ટીન ફૂડ, પેક બંધ ડબ્બામાંનું અન્ન રોજનું જ થઈ ગયું છે.

શહેરીકરણને લીધે લોકોની રહનસહનનું પ્રમાણ ઊંચે ગયું છે. કોમ્પ્યુટર યુગ આવ્યો છે. વાહનોને લીધે ચાલવાનો વ્યાયામ ઓછો થયો છે. હાડમારીવાળા જીવનને લીધે મનુષ્યને વ્યાયામ કરવા અને મેદાનમાં રમવાનો સમય મળતો નથી.

મનુષ્ય ધૂમ્રપાન, મદ્યપાન બીજા ઉત્તેજકના માર્ગે જતો દેખાય છે. ફેશનના નામે ધૂમ્રપાન અતિરેક થયો છે. આ બધાંના પરિણામ હૃદય ઉપર થાય છે. શહેરીકરણને લીધે સુખ-સુવિધા વધી પણ માનસિક સ્વાસ્થ્ય ખોવાઈ ગયું છે. આ સિમેન્ટનાં જંગલમાં મનુષ્ય ભાવનાશૂન્ય, હૃદયશૂન્ય થયો છે, એકલવાયો થયો છે.

મનુષ્યને બધાં કરતા અલગ તરી આવવાની બાબતે એકાંકીપણું તથા તાણ નિર્માણ કરે સંઘર્ષનો પ્રસંગ આવે છે, ત્યારે પોતાનું એકલાપણું ધ્યાનમાં આવે છે. આ વધેલું એકલાપણું એ આરોગ્ય માટે માનસિક આરોગ્ય માટે ઘાતક છે. એકલાપણાને લીધે ડિપ્રેશન, કાળજી, ભય જેવા નકારાત્મક વસ્તુઓના જન્મ થાય છે. આ બધું જ હૃદયરોગને આમંત્રણ આપે છે.

સંયુક્ત કુટુંબમાં રહેવાવાળા વ્યક્તિઓમાં હૃદયરોગનું પ્રમાણ ઓછું હોય છે. કુટુંબીઓની નજીકતા અને તેમનો મળનારો માનસિક આધાર આ વાતોને લીધે (Catecholamines / Adrenaline) જેવા (હાનિકારક) હોર્મોન્સનું પ્રમાણ ઓછું કરવામાં મદદરૂપ થાય છે. આ હોર્મોન્સ હૃદયરોગ થવાનું કારણ હોય છે...

એકલાપણું એ હતાશી અને ડિપ્રેશનને (Depression) આમંત્રણ આપે છે. હતાશા અને ડિપ્રેશનમાં લોકો વ્યસનનો ભોગ બને છે.

પહેલા મજા આવે પછી તે ક્યારે તે વ્યક્તિ વ્યસની બની જાય તેને ખબર પણ નથી પડતી.

આજની પેઢીમાં તંબાકુ, ધૂમ્રપાન અને મદ્યપાનનું પ્રમાણ પુષ્કળ વધ્યું છે.

આપણા સમાજમાં સૌથી વધુ મૃત્યુ તબાકુના સેવનથી અને ધૂમ્રપાનને લીધે થનારા રોગોથી થાય છે. ધૂમ્રપાન એ આરોગ્ય માટે હાનિકારક છે. આ યુવકોને ખબર હોવા છતાં સમજે છે પણ કરવું નથી. આ વૃત્તિ પ્રમાણે આજના યુવાનો આવા ધૂમ્રપાનને આધીન થયા છે.

તંબાકુ ઉદ્યોગો તંબાકુનો ખપ વધારવા માટે આક્રમક ધોરણ અને લોભામણી સુંદર Advertisingના પ્રચારને લીધે તેના ઉત્પાદનનો ખપ વધારે છે. અને આજની યુવાન પેઢી વ્યસનનો ભોગ બને છે.

બ્રાઉન સુગર, કોકેન, મોર્ફિન, હેરોઈન આના જેવા નશીલા પદાર્થોને લીધે પણ યુવકોના આરોગ્ય ઉપર તથા હૃદય ઉપર વિપરીત પરિણામ થાય છે. યુવકોમાં મદ્યપાનનું પ્રમાણ ખૂબજ વધી રહ્યું છે. Social Drinking આવા મીઠી રીતે શરૂ થયેલું મદ્યપાન Anti Social ક્યારે થાય છે એ યુવકોને ખબર જ નથી પડતી.

કેટલીક પ્રચલિત ગેરસમજણ... જેવી કે "Peg a day keeps Doctors away", Wine is fine for heart .... આને લીધે યુવક ભ્રમિત અવસ્થામાં અજાણતા મદ્યપાનના વ્યસન તરફ વળે છે, લોહીનું દબાણ વધે છે. હૃદયમાં સ્નાયુ પર પરિણામ થઈ સ્નાયુ નબળા પડે છે. તેથી હૃદયનો આકારમાન વધી પંપીંગ ક્ષમતા ઓછી થાય છે તેને ડાયલેટેડ કાર્ડીઓમાયોપથી "Dilated Cardiomyopathy" કહે છે.

ઓફિસની પાર્ટીઓમાં ધૂમ્રપાન અને મદ્યપાન એ ખૂબજ સહજ રીતે જોવા મળે છે. આ પણ યુવકોમાં હૃદયરોગને આમંત્રિત કરે છે.

આવી પાર્ટીઓમાં તળેલા મસાલાવાળા પદાર્થોની ભરમાર (Starters ચકના) વધુ કેલરીઝનાં ઠંડા પીણા, રાત્રે-મધ્યરાત્રે જાગરણ, ફરી બીજા દિવસની દોડધામ આ બધાંને લીધે આ પેઢી શરીરના હાલ કરે છે. આવી જીવનશૈલીના કારણે યુવાન પેઢીમાં હૃદયરોગ વધતો ચાલ્યો છે.

ભારતની ઉચ્ચ સંસ્કૃતિથી ભટકી આપણે વિકૃતિની તરફ ચાલીએ છીએ. યોગવિલાસથી ભટકી ભોગવિલાસ તરફ જઈ રહ્યા છીએ.

આપણે આપણા આચાર.... વિચાર.... આહાર.... વિહાર, આ બાબતમાં સચેત રહેવું જોઈએ, કારણ આ પેઢીનું અનુકરણ આવવાવાળી પેઢી કરે છે.

પહેલા જ વધુ પ્રમાણમાં વંશપરંપરાગત રહેનારા હૃદયરોગને આ બધાં વ્યસનોની અને બીજી બાબતો ઝડપથી વધી રહ્યો છે.

તેથી જ યુવકો જાગૃત થાઓ....
વ્યસન વિરૂદ્ધ એકજૂટ થાઓ....
પ્રમાણિક થાઓ.... હૃદયરોગ ટાળો.... !

ગુરુકૃપા હાર્ટ સેન્ટર, જુહૂ ગલી, અંધેરી (પશ્ચિમ). Call: 8591282831 / 9821156115

MY HEALTH MY RIGHT
WORLD HEALTH DAY
APRIL 07

સ્વસ્થ હૃદય સાથે કાર્ડિયાક બિમારીઓ હરાવો @ ભારતીય આરોગ્ય નિધિ

Your Health We Care

ભારતીય આરોગ્ય નિધિ પાસે ચાર પથારીવાળું CCU (કાર્ડિયાક કેર યુનિટ), સિમેન્સ આર્ટીઝી કેથલેબ અને કાર્ડિયાક ઓપરેશન થિયેટર સાથે કાર્ડિયાક કેન્દ્ર છે. રોટાબ્લેટર/IVUS/FFR મશીન ધરાવતી શહેરની પ્રથમ હોસ્પિટલ હોવાનો BANH ખૂબ જ ગર્વ અનુભવે છે. ૧૫૦થી વધુ પ્રતિષ્ઠિત સલાહકારોની પેનલ સાથે, કાર્ડિયાક યુનિટમાં દરેક દર્દીને ચોવીસ કલાક સઘન, સારી રીતે પ્રશિક્ષિત અને અનુભવી રેસીડેન્ટસ અને નર્સિંગ દ્વારા વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

કાર્ડિયોવેસ્ક્યુલર રોગો (CVDs) એ વિશ્વના અગ્રણી કિલર છે, જેના કારણે દર ત્રણમાંથી એક મૃત્યુ થાય છે. તંદુરસ્ત હૃદય તમને વધુ સુખી બનાવી શકે છે. સ્વસ્થ હૃદય માટે અહીં કેટલીક ટીપ્સ આપી છે:



★ ૧. હૃદયને તંદુરસ્ત રાખે તેવો ખોરાક ખાઓ

હાર્ટ હેલ્ધી ડાયટમાં ફળો, શાકભાજી, આખા અનાજ, કઠોળ અને બદામ સહિતના વિવિધ ખોરાકના મિશ્રણનો સમાવેશ થાય છે. સોયા સોસ, ફિશ સોસ અને કેચઅપ જેવા ઉચ્ચ-સોડિયમ મસાલાઓને બદલે તમારા ખોરાકને સીઝન કરવા માટે કેલામાન્સી જ્યુસ અને વિનેગરનો ઉપયોગ કરો. પ્રોસેસ્ડ, તૈયાર અને ફાસ્ટ ફૂડનો વપરાશ ટાળો. મીઠાઈવાળા નાસ્તા જેમ કે ડોનટ્સ, કૂકીઝ અને તેના જેવા તાજા ફળો અને શાકભાજીથી બદલો અને જો તરસ લાગે, તો મીઠાવાળા પીણાના સોડા અને મીઠાઈવાળા જ્યુસને પાણીથી બદલો.

★ ૨. જો વધારે વજન હોય તો વજન ઓછું કરો

કેન્દ્રીય સ્થૂળતા એ સ્ત્રીઓ માટે ૮૦ સે.મી.થી વધુ અને પુરુષો માટે ૯૦ સે.મી.થી વધુની કમરનો પરિઘ છે. કમરનો ઊંચો પરિઘ વધુ આંતર-પેટની ચરબી તરફ નિર્દેશ કરે છે અને તે કાર્ડિયોવેસ્ક્યુલર રોગ વિકસાવવા માટેના ઊંચા જોખમ સાથે સંકળાયેલ છે. તમારા દૈનિક આહારમાં ૫૦૦ કિલો કેલરી ઘટાડવાનો પ્રયાસ કરો, જે અઠવાડિયામાં સરેરાશ અડધાથી લગભગ ૧ કિલોગ્રામ વજન ઘટાડવામાં મદદ કરશે.

★ ૩. નિયમિત શારીરિક પ્રવૃત્તિ દર અઠવાડિયે ઓછામાં ઓછા ૨.૫ કલાક સુધી વધારવી

શારીરિક પ્રવૃત્તિ બ્લડ પ્રેશરમાં સુધારો, કોલેસ્ટ્રોલ અને અન્ય રક્ત લિપિડના સ્તરમાં સુધારો અને વજન નિયંત્રણમાં ફાળો આપે છે. કંઈજ ના કરતાં કેટલીક શારીરિક પ્રવૃત્તિ વધુ સારી છે. નિષ્ક્રિય લોકો થોડી માત્રામાં શારીરિક પ્રવૃત્તિથી શરૂ કરી શકે છે (તેમની સામાન્ય દૈનિક પ્રવૃત્તિઓના ભાગરૂપે પણ) અને ધીમે ધીમે સમયગાળો, આવર્તન અને તીવ્રતા વધારી શકે છે. પુખ્ત વયના લોકોને અઠવાડિયામાં ઓછામાં ઓછી ૧૫૦ મિનિટની મધ્યમ શારીરિક પ્રવૃત્તિ કરવાની ભલામણ કરવામાં આવે છે (દા.ત. ઝડપી ચાલવું, સીડીઓ ચડવી, નૃત્ય કરવું, બાગકામ કરવું અથવા ઘરનાં કામ કરવા જેના પરિણામે હૃદયના ધબકારા હળવા વધી શકે છે).

★ ૪. તમાકુનો ઉપયોગ કરશો નહીં

તમાકુનો ઉપયોગ અને સેકન્ડ હેન્ડ સ્મોકનો સંપર્ક તમારા હૃદય માટે હાનિકારક છે. તમાકુનો ઉપયોગ છોડવો એ સ્વાસ્થ્યની સૌથી મોટી ભેટ છે જે તમે તમારા હૃદયને આપી શકો છો અને વધુ ૧૦ વર્ષ સુધી જીવવા સહિત તાત્કાલિક અને લાંબા ગાળાના સ્વાસ્થ્ય લાભો ધરાવે છે. છોડ્યાના એક વર્ષ પછી, હૃદયરોગનું જોખમ ધૂમ્રપાન કરનાર કરતાં અડધું છે. છોડવાના પંદર વર્ષ પછી, હૃદય રોગનું જોખમ ધૂમ્રપાન ન કરનારનાં જેટલું જ છે.

★ ૫. આલ્કોહોલનો ઉપયોગ ટાળો

આલ્કોહોલનું સેવન ૨૦૦થી વધુ રોગો અને ઇજાની પરિસ્થિતિઓ સાથે સંકળાયેલું છે, જેમાં કાર્ડિયોવેસ્ક્યુલર રોગોનો સમાવેશ થાય છે. આલ્કોહોલ પીવા માટે કોઈ સલામત સ્તર નથી, તેથી તમારા હૃદયને સુરક્ષિત રાખવા માટે દારૂ પીવાનું સંપૂર્ણપણે ટાળવું વધુ સારું છે.

★ ૬. તમારું બ્લડ પ્રેશર અને બ્લડ સુગર નિયમિતપણે તપાસો

તંદુરસ્ત હૃદય જાળવવાની એક મહત્ત્વપૂર્ણ રીત તમારા બ્લડ પ્રેશર અને બ્લડ સુગરને નિયમિતપણે તપાસવા માટે છે. તંદુરસ્ત હૃદયની તમારી સફરમાં તમારા પ્રિયજનોને સામેલ કરો.

વધુ વિગતો માટે સંપર્ક કરો | ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હોસ્પિટલ
એન. એસ. રોડ ૧૩, ઉત્પલ સંઘવી સ્કૂલ નજીક, જેવીપીડી સ્કીમ, વિલેપાર્લે-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૪૯.
કોલ કરો : +91 81084 39203 022-6948 6060
વેબસાઈટ: www.arogyanidhihospital.com
ઈ-મેઈલ: info@arogyanidhihospital.com

કેન્સરને હરાવો @ ભારતીય આરોગ્ય નિધિ

કેન્સરનું ભારણ વૈશ્વિક સ્તરે વધી રહ્યું છે, વ્યક્તિઓ, પરિવારો, સમુદાયો અને આરોગ્ય પ્રણાલીઓ પર ભારે શારીરિક, ભાવનાત્મક અને નાણાકીય તાણ લાવે છે. ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં ઘણી આરોગ્ય પ્રણાલીઓ આ બોજને સંચાલિત કરવા માટે ઓછામાં ઓછી તૈયાર છે, અને વૈશ્વિક સ્તરે મોટી સંખ્યામાં કેન્સરના દર્દીઓને સમયસર ગુણવત્તાયુક્ત નિદાન અને સારવારની ઍક્સેસ મળતી નથી. જે દેશોમાં આરોગ્ય પ્રણાલીઓ મજબૂત છે, ત્યાં ઘણા પ્રકારના કેન્સરના અસ્તિત્વ દરમાં સુધારો થઈ રહ્યો છે જે વહેલા નિદાન, ગુણવત્તાયુક્ત સારવાર અને સર્વાઈવરશીપ સંભાળને આભારી છે.

કેન્સરના વધતા જતા રોગચાળાને ધ્યાનમાં રાખીને, ભારતીય આરોગ્ય નિધિ પાસે ૨૦૧૬થી કીમોથેરાપી માટે એક વિશિષ્ટ ડે સેન્ટર છે. તમામ પૃષ્ઠભૂમિના દર્દીઓને સહાયતા આપતા, ભારતીય આરોગ્ય નિધિના ઓન્કોલોજી અને ઓન્કોસર્જરી વિભાગનો ઉદ્દેશ્ય શ્રેષ્ઠ સારવાર ખૂબજ પરવડી શકે તેવા દરે પ્રદાન કરીને શક્ય તેટલા વધુ લોકોના જીવન બચાવવાનો છે.

ભારતીય આરોગ્ય નિધિના ઓન્કોલોજી વિભાગમાં ઓન્કો-ફિઝિશિયન, ઓન્કો-સર્જન તેમજ હેડ એન્ડ નેક ઓન્કો-સર્જન, પ્લાસ્ટિક અને રિકન્સ્ટ્રક્ટિવ સર્જન અને પેલિએટીવ કેર નિષ્ણાતોની વિશિષ્ટ વિશેષતા આવરી લેતા બોર્ડ પર બહુવિધ નિષ્ણાતો છે. વિભાગમાં દર વર્ષે સેંકડો કીમોથેરાપી સત્રો છે જે OPD ફોલો-અપ્સ અને આધુનિક ટેકનોલોજી સાથે જરૂરી સર્જરી દ્વારા સમર્થિત છે. વિભાગને અત્યાધુનિક આર્ટ કન્ટેનમેન્ટ બેરિયર આઇસોલેટર (CBI-યુનિડાયરેક્શનલ)નું સમર્થન છે જે દિશાવિહીન હવાના પ્રવાહનો ઉપયોગ કરે છે અને જંતુરહિત વાતાવરણ સાથે દવાઓને અલગ કરવાની સુવિધા આપે છે. આ ઉપકરણ ૯૯.૯૯% કરતા વધુની કાર્યક્ષમતા દર સાથે એસેપ્ટિક પ્રોસેસિંગ સાથે નાના પાયે શક્તિશાળી સામગ્રીના સંચાલનમાં મદદ કરે છે જે ઉચ્ચ સ્તરની સ્વચ્છતા અને દર્દીની સંભાળની ગુણવત્તાને સુનિશ્ચિત કરે છે. ટોચના ડોક્ટરો, ટેકનોલોજી અને સ્ટાફ ઉપરાંત, કીમોથેરાપી દવાઓ ઘરઆંગણે ખૂબજ પરવડી શકે તેવા દરે ઉપલબ્ધ છે.

▶ કેન્સર શું છે?

કેન્સર એ રોગોનું એક મોટું જૂથ છે જે શરીરના લગભગ કોઈપણ અંગ અથવા પેશીઓમાં શરૂ થઈ શકે છે જ્યારે અસામાન્ય કોષો અનિયંત્રિત રીતે વધે છે, તેમની સામાન્ય સીમાઓથી આગળ વધીને શરીરના સંલગ્ન ભાગો પર આક્રમણ કરે છે અને/અથવા અન્ય અવયવોમાં ફેલાય છે.

▶ ભારતમાં કેન્સરનો વ્યાપ

ભારતમાં ૨૦૧૯માં લગભગ ૧૨ લાખ નવા કેન્સરના કેસો અને ૯.૩ લાખ મૃત્યુ નોંધાયા છે, જે તે વર્ષ માટે એશિયામાં રોગના બોજમાં બીજા ક્રમનું સૌથી વધુ યોગદાન આપનાર દેશ બન્યું છે.

વર્ષ ૨૦૨૨ માટે ભારતમાં કેન્સરના કેસોની અંદાજિત સંખ્યા ૧૪,૬૧,૪૨૭ (ક્રૂડ રેટ: ૧૦૦,૦૦૦ દીઠ ૧૦૦.૪) હોવાનું જાણવા મળ્યું હતું. ભારતમાં, નવમાંથી એક વ્યક્તિને તેના/તેણીના જીવનકાળમાં કેન્સર થવાની સંભાવના છે. ફેફસાં અને સ્તન કેન્સર અનુક્રમે પુરુષો અને સ્ત્રીઓમાં કેન્સરના અગ્રણી સ્થાનો હતાં, બાળપણ (૦-૧૪ વર્ષ.) કેન્સરમાં, લિમ્ફોઇડ લ્યુકેમિયા (છોકરાઓ: ૨૯.૨% અને છોકરીઓ: ૨૪.૨%) અગ્રણી સ્થાનો હતાં. ૨૦૨૦ની સરખામણીમાં ૨૦૨૫માં કેન્સરના કેસોમાં ૧૨.૮ ટકાનો વધારો થવાનો અંદાજ છે.

▶ વિશ્વ આરોગ્ય દિવસ ૨૦૨૪

વિશ્વ આરોગ્ય દિવસ ૨૦૨૪નો ઉદ્દેશ આરોગ્યનો અધિકાર છે. તમારું સ્વાસ્થ્ય, તમારો અધિકાર. આ થીમ ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ, શિક્ષણ અને માહિતી તેમજ સલામત પીવાનું પાણી, સ્વચ્છ હવા, સારું પોષણ, ગુણવત્તાયુક્ત આવાસ, યોગ્ય કાર્ય અને પર્યાવરણીય પરિસ્થિતિઓ અને ભેદભાવથી મુક્તિ મેળવવા માટે દરેક જગ્યાએ દરેકના અધિકારને સમજાવે છે. આ વર્ષે, તમારા સ્વાસ્થ્યને પ્રાથમિકતા બનાવો કારણ કે તે ભારતીય આરોગ્ય નિધિ પર તમારો અધિકાર છે કારણ કે તે તમારું સ્વાસ્થ્ય છે અને અમે કાળજી રાખીએ છીએ.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ખંભાળિયામાં ભાજપ સામે ક્ષત્રિયોએ વિરોધનાં ખાંડાં ખખડાવ્યાં

પાટીલના કાર્યક્રમમાં કાળા વાવટા ફરક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટની બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડી રહેલા કેન્દ્રીય પ્રધાન પરસોત્તમ રૂપાલા સામેનો ક્ષત્રિયોનો રોષ શાંત કરવા માટેની ભાજપની અત્યાર સુધીની તમામ કવાયતોને અંતે પણ સૌરાષ્ટ્રમાં રાજપૂતોનો રોષ દિવસેને દિવસે વધી રહ્યો છે. રૂપાલાને રાજકોટમાંથી હટાવવાની માગણી ભાજપે ન સંતોષતા વિરોધની ચિનગારીએ હવે આગનું સ્થાન લીધું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલના કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં ઘસી ગયાં હતા તેમજ રૂપાલા વિરોધી સૂત્રોચ્ચાર કરતા ઘડીભર દોડધામ મચી ગઇ હતી.

જિલ્લા ભાજપ કાર્યાલય શ્રી દ્વારકેશ કમલમનો લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્યાં ઓચિંતા ક્ષત્રિય સમાજના કાર્યકરોએ ઘસી આવી રૂપાલા હાય હાય, રૂપાલાની ટિકિટ રદ કરોના નારા લગાવ્યા હતા. આ કાર્યક્રમમા પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ, સાંસદ પૂનમબેન માડમ, કેબિનેટ મંત્રી મૂળુ બેરા, પ્રદેશ મહામંત્રી રત્નાકરજી, રજની પટેલ, કુંવરજીભાઈ બાવળિયા, આર.સી. ફળદુ, હકુભા જોડેજા, સહિતના નેતાઓ આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સવારે જિલ્લા ભાજપ કાર્યાલય શ્રી દ્વારકેશ કમલમને ખુલ્લું મૂકવા પ્રદેશ પ્રમુખ પાટીલ આવ્યા અને તેમણે લોકાર્પણવિધિ કરી અને ત્યાર બાદ ઉપરના માળે કાર્યાલયનું નિરીક્ષણ કરવા ગયા હતા. તે દરમિયાન ક્ષત્રિય સમાજના કાર્યકરો કાળા વાવટા સાથે ઘસી આવ્યા હતા.

સેંકડોની સંખ્યામાં અહીં આવેલા કાર્યકરોએ હલ્લાબોલ કરીને કાર્યક્રમમાં કાળા વાવટા ફરકાવીને ક્ષત્રિય યુવાનોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ બનાવ બનતા જિલ્લા પોલીસ વડા, ડીવાયએસપી, સાથે એલસીબી, એસ.ઓ.જી., સહિતના પોલીસ સ્ટાફની ટીમે વિરોધ વ્યક્ત કરતા કાર્યકરોને સ્થળેથી દૂર ખસેડી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. આટલી મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના યુવાનો-કાર્યકરો કાળા વાવટા લઈને કાર્યક્રમ સ્થળ સુધી પહોંચી જતા આ બાબતે પણ ભારે ચર્ચા જાગી છે.

રૂપાલા વિવાદ

ભાજપના પ્રદેશ કાર્યાલય પોલીસ છાવણીમાં ફેરવાયું: ઠેર ઠેર નાકાબંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં રૂપાલાના વિવાદની આગ હવે વધુ ભભૂકી ઊઠી છે. બીજી તરફ સાત ક્ષત્રિયાણીઓની જૌહરની ચિમકીના પગલે મોટી સંખ્યામાં પોલીસ કાફલો પ્રદેશ ભાજપના કાર્યાલયે ખડકાયો હતો. બેરિકેટિંગ અને ફાયરબ્રિગેડની ગાડી સ્ટેન્ડ ટુ રાખવામાં આવી હતી.

રૂપાલાને રાજકોટ બેઠક પરથી હટાવવામાં ન આવતાં રાજપૂત સમાજની મહિલાઓએ ગાંધીનગર ખાતેના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે જાહેરમાં જૌહર (આત્મવિલોપન) કરવાની ચીમકી આપતા પોલીસને સ્ટેન્ડ ટુ રાખવામાં આવી હતી તેમ જ બોપલ ખાતે ભેગી થયેલા મહિલાઓને પણ નજરકેદ રાખીને આખા વિસ્તારમાં લોખંડી પહેરો ગોઠવી દેવામાં આવ્યો હતો બીજી બાજુ ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે તેમ જ તેની આસપાસના પાંચ કિલોમીટર સુધીના રસ્તા પર રાતોરાત ચેક પોસ્ટ ઊભી કરીને શંકાસ્પદ જણાતા લોકોને અટકાવીને પૂછપરછ કરવામાં આવી હતી. તેમ જ કમલમ તરફ જતા મોટા ભાગના રસ્તાઓ પર બેરીકેટ લગાવીને આડાસ ઊભી કરી દેવામાં આવી હતી. ગાંધીનગર અને અમદાવાદ એમ બન્ને જિલ્લાઓના પ્રવેશ સ્થાનો પર પણ પોલીસની વોચ ગોઠવી દેવામાં આવી હતી.

દરમિયાન રાષ્ટ્રીય કરણી સેનાના અધ્યક્ષે રાજપૂત વર્સિસ રૂપાલાના જંગમાં ઝંપલાવ્યું છે. કરણીસેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલ સિંહ મકરાણા અમદાવાદ પહોંચ્યા હતા. મકરાણાએ કહ્યું હતુ કે, હવે તો આરપારની લડાઈ થશે. રૂપાલાની ટિકિટ નહીં કપાય તો આરપારની લડાઈ થશે. જો રુપાલાની ટિકિટ નહીં કપાય તો ભાજપને ૪૦૦ નહીં મળે. અમે ઉત્તર ભારતમાં વિરોધ પ્રદર્શન કરીશું. આરએસએસ દરેક જગ્યાએ છે તો કરણી સેના પણ દરેક જગ્યાએ છે. દરેક વખતે અમારી બહેનો પર ટિપ્પણી કેમ? અમારી ઈજ્જત પર પ્રહાર કરે એને અમે માફ નહીં કરીએ.

વિજય રૂપાણી રૂપાલાના સમર્થનમાં મેદાનમાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટની બેઠક ૨૦૨૪ની લોકસભાની ચુટણીમાં ભાજપ માટે માથાનો દુખાવો બની ગઈ છે. વારંવાર પોતાના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાનો બચાવ કરવો પડી રહ્યો છે. ક્ષત્રિયો વિરુદ્ધ ટિપ્પણી કર્યા બાદ ક્ષત્રિયો રૂપાલાની ટિકિટ કેન્સલ કરવાની માગ કરી રહ્યા છે. દરમિયાન ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી ભાજપ તરફથી રૂપાલાના સમર્થનમાં આવ્યા છે. રૂપાલા વિવાદ પર ટિપ્પણી કરતા ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રુપાણીએ જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજ હંમેશાં ક્ષમાશીલ સમાજ રહ્યો છે. રૂપાલાએ પોતાની ટિપ્પણી બદલ બે વખત માફી માગી છે. મને વિશ્વાસ છે કે ક્ષત્રિય સમાજ મોટા મનથી રૂપાલાને ચોક્કસ માફ કરશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કૉંગ્રેસમાં પરેશ ધાનાણીને રાજકોટથી ઉમેદવાર બનાવવાની ચર્ચા ચાલી રહી છે, પરંતુ મારે ધાનાણીને એટલું જ કહેવું છે કે જો તેઓ આ વિવાદનો ફાયદો ઉઠાવવા માગતા હોય તો તેણે આમ કરવું જોઈએ. પણ મારા શબ્દો યાદ રાખજો, તે ખરાબ રીતે હારી જશે. ગુજરાતમાં ભાજપને ફરી ૨૬ બેઠક મળશે.

બનાસકાંઠાથી લઈને ભરુચ સુધી રૂપાલા સામે ક્ષત્રિય સમાજનો રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વિવિધ જગ્યાઓએ ક્ષત્રિય સમાજમાં પરષોત્તમ રૂપાલાને લઈને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. બોટાદના ગઢડામાં ક્ષત્રિય સમાજનો રોષ યથાવત જોવા મળી રહ્યો છે. ગીરાસદાર રાજપૂત સમાજે રેલી યોજી છે. રૂપાલા વિરુદ્ધ સૂત્રોચ્ચાર સાથે આવેદન આપ્યું હતું. ગઢડાના ક્ષત્રિય ગીરાસદાર રાજપુત સમાજે બસસ્ટેન્ડ રોડથી મામલતદાર કચેરી સુધી રેલી યોજી હતી. ગઢાળી, ચિરોડા, વનાળી, બોડકી, અલમપર, ઈશ્વરીયા, નિગાળા સહિતનાં ગામોના ક્ષત્રિય સમાજના આગેવાનો રેલીમાં જોડાયા હતા. રાજકોટ લોકસભાના ઉમેદવાર પરષોત્તમભાઈ રૂપાલાની ટિકિટ ઉમેદવારી રદ્દ થાય તેવી ગઢડા ક્ષત્રિય સમાજે માગ કરી હતી.

પરષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ પરની ટિપ્પણીના પડઘા રાજકોટથી ઝઘડિયા સુધી પહોંચ્યા. ઝઘડિયા તાલુકાના હરીપુરા ગામે ક્ષત્રિય સમાજે પરસોત્તમ રૂપાલાના વિરોધમાં બેનરો લગાવ્યા હતા. ક્ષત્રિય સમાજના લોકો ભેગા થઈ પરષોત્તમ રૂપાલાના પૂતળાંનું દહન કરી વિરોધ નોંધાવ્યો હતો. પરસોત્તમ રૂપાલાની ટિકિટ રદ ના થાય ત્યાં સુધી ભાજપના કોઈપણ કાર્યકર્તાએ હરીપુરા ગામમાં પ્રવેશ કરવો નહીંનાં બેનરો લાગ્યાં. ગામમાં ક્ષત્રિય સમાજની રૂપાલાની ટિકિટ રદ કરવાની માગણી નહીં સ્વીકારાય તો ચૂંટણી બહિષ્કાર અને ગામમાં પ્રવેશબંધીની ઘોષણા કરી દેવામાં આવી છે. પરષોત્તમ રૂપાલાના વિવાદને લઈને અમીરગઢ તાલુકામાં વિરોધ જોવા મળ્યો હતો. અમીરગઢ તાલુકાના આઠ જેટલા ગામડાઓમાં ભાજપને પ્રવેશ બંધી ફરમાવી દેવામાં આવી હતી. ભાજપના નેતા કે કાર્યકર્તાઓને ગામમાં ન પ્રવેશવાના બેનર સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. ક્ષત્રિય સમાજના બહુમતી ધરાવતા ગામડાઓમાં પરષોત્તમ રૂપાલાનો વિરોધ જોવા મળી રહ્યો છે.

૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં શહેરો કરતા આદિવાસી વિસ્તારોમાં વધુ મતદાન થયું હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભાની ચૂંટણીમાં વિવાદો વચ્ચે જાહેર થયેલા ઉમેદવારો દ્વારા પ્રચાર શરૂ કરી દેવાયો છે જેથી મતદારો સુધી પહોંચી શકાય અને પોતાની તરફેણમાં મતદાન થઇ શકે. જો કે લોકસભાની ચૂંટણીમાં રેકોર્ડ બ્રેક સૌથી વધુ મતદાન ૨૦૧૯માં ૬૪.૫૧ ટકા થવા પામ્યું હતું, જેમાં શહેરી વિસ્તારો ધરાવતી બેઠકો સામે આદિવાસી મતદારો ધરાવતી બેઠકોમાં વધુ મતદાન થવા પામ્યું હતું. ૨૦૨૪માં મતદાનની ટકાવારીમાં વધારો થવાની સંભાવના છે.

૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ૪.૫૧ કરોડ મતદારો નોંધાયા હતા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બીજી વખત ગુજરાતમાંથી મોકલવાના ઉત્સાહમાં ભારે મતદાન કરાયું હતું. લોકસભાની તે ચૂંટણીમાં ૧૫ લાખથી વધુથી લઇ ૧૯ લાખથી વધુ મતદારો વિવિધ બેઠક પર નોંધાયા હતા. કુલ ૨.૯૧ કરોડ જેટલા મત પડ્યા હતા. ગણતરીની બેઠકો જ એવી હતી જેમાં ૬૦ ટકા કરતા ઓછું મતદાન થયું હતું, જેમાં કચ્છમાં ૫૮.૭૧ ટકા, સુરેન્દ્રનગરમાં ૫૮.૪૧ ટકા, પોરબંદરમાં ૫૭.૨૧ ટકા, અમરેલીમાં સૌથી ઓછું ૫૫.૯૭ ટકા અને ભાવનગરમાં ૫૯.૦૫ ટકા મતદાન થયું હતું. બાકીની બેઠકો પર ૬૦ ટકાથી લઇ સૌથી વધુ વલસાડ બેઠક પર ૭૫.૪૯ ટકા મતદાન થવા પામ્યું હતું.

જોકે નોંધપાત્ર બાબત એ હતી કે આદિવાસી મતદારો ધરાવતી દક્ષિણ ગુજરાતની બેઠકો પર વધુ મતદાન થયું હતું, જ્યારે અમદાવાદની બન્ને બેઠકો પર મતદાન ૬૨ ટકાથી વધ્યું ન હતું. ગુજરાતમાં ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી માટે મતદાન ૭ મે એ યોજાવાનું છે, પરંતુ ચૂંટણી પ્રચારનો માહોલ મોટાભાગની બેઠકો ઉપર અત્યારથી જામ્યો છે. તેમાં પણ જે રીતે વિવાદો થઇ રહ્યા છે તેના કારણે ચૂંટણી જંગની ઉત્સુકતામાં વધારો થયો છે. હજુ ભાજપ અને કૉંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓના ચૂંટણી પ્રવાસ એપ્રિલ મહિનામાં ઉમેદવારી પત્રો ભરવા સાથે શરૂ થશે તેમ ચૂંટણી પ્રચાર યુદ્ધ વધશે. તેના કારણે ૨૦૧૯ કરતા પણ ૨૦૨૪માં વધુ મતદાન થાય તેવી સંભાવના છે.

આરએસએસના વડા મોહન ભાગવત ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત લોકસભાની ચૂંટણી પહેલા જ આરએસએસ તરફથી તેની પૂર્વ તૈયારીઓ લગભગ છેલ્લા એક વર્ષથી આરંભી દેવાઇ હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંચાલક અને વડા મોહન ભાગવત ચૂંટણી પહેલાં સતત આંતરિક બેઠકો કરીને ચૂંટણી પહેલાનો માહોલ બનાવી રહ્યા હતા. હાલ ઉમેદવારોને લઇને ભાજપમાં નારાજગી ચાલી રહી છે અને શનિવારે ક્ષત્રિય સમાજની વધુ એક બેઠક યોજાઈ શકે છે. ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંચાલક અને વડા મોહન ભાગવત શનિવારથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે છે. આ પ્રવાસ દરમિયાન તેઓ ભરુચ, વડોદરા અને અમદાવાદ શહેરમાં વિવિધ સમાજના નાગરિકોની બેઠકમાં ભાગ લેશે. વડોદરા, સાબરકાંઠા, જૂનાગઢ અને હવે રાજકોટ બેઠક પર ભાજપના ઉમેદવારોને લઇને વિરોધના વંટોળો જોવાયા છે. તેને લઇને મોહન ભાગવતની આ વિઝિટ હોવાનું મનાઇ રહ્યું છે. નાગરિકો સાથે બેઠક કરીને તેઓ જનતાની નાડ પારખવાની કોશિશ કરશે. વડોદરા અને ભરુચ મતક્ષેત્રમાં ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થાય તેના પહેલા આરએસએસ ચીફ મોહન ભાગવતના કાર્યક્રમો નક્કી થયા છે. આરએસએસના ગુજરાત એકમે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ મોહન ભાગવત શનિવારે વડોદરા આવી ગયા છે ત્યાંથી બપોરે ભરુચમાં પ્રબુદ્ધ નાગરિકો સાથે બેઠક યોજશે. ત્યાર બાદ રવિવારે સવારે નર્મદાકાંઠે ગરુડેશ્વર સ્થિત દત્ત મંદિરે દર્શન કરીને વડોદરામાં પણ ગોષ્ઠિ કરશે. એ દિવસ સાંજે તેઓ અમદાવાદમાં હેડગેવાર ભવનમાં રોકાણ કરશે. જ્યાં ભાજપના પદાધિકારી કે સંઘના આગેવાનો સાથે બેઠકનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આગામી શુક્રવારે લોકસભાની ત્રીજા તબક્કાની ચૂંટણી માટે જાહેરનામું પ્રસિદ્ધ થશે. ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થશે તે પૂર્વે મોહન ભાગવતની આ ત્રણ દિવસીય મુલાકાત ઘણી મહત્ત્વની મનાઇ રહી છે.

પાંચ નવી મહાનગરપાલિકાઓના જાહેરનામાં આડે આચારસંહિતાનું નડતર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં હાલમાં આઠ મ્યુનિસિપલ કોર્પોરેશન છે. લોકસભાની ચૂંટણી પછી રાજ્યમાં પાંચ નવા મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઉમેરો થશે. સોમનાથ-વેરાવળ, ભુજ, ભરુચ, પાલનપુર અને હિંમતનગરની નગરપાલિકાઓને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફેરવવા માટે શહેરી વિકાસ વિભાગે કામગીરી શરૂ કરી દીધી છે પરંતુ અત્યારે લોકસભાની ચૂંટણીની આચારસંહિતા હોવાથી જાહેરનામા સહિતની પ્રક્રિયા ખોરંભે પડી છે.

ચૂંટણી પછી થોડા જ દિવસોમાં તેની જાહેરાત થવાની શક્યતા છે. હાલમાં ગુજરાતમાં આઠ મ્યુનિસિપલ કોર્પોરેશન છે. અમદાવાદ, ગાંધીનગર, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર, જૂનાગઢ અને ભાવનગર. કોઈ શહેરને મ્યુનિસિપલ કોર્પોરેશન મળે ત્યાર પછી તેને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પાસેથી વિવિધ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે વધારે ફંડ મળી શકે છે. જોકે, તેની સાથે સાથે લોકો પર ટેક્સનો બોજ પણ વધી જાય છે તે અલગ વાત છે. મ્યુનિસિપલ કોર્પોરેશન બન્યા પછી શહેર પોતાની આવક કઈ રીતે વધારી શકે તેના રસ્તા પણ શોધવામાં આવતા હોય છે અગાઉ સરકારે નવ નવા મ્યુનિસિપિલ કોર્પોરેશન બનાવવા માટેની દરખાસ્તને મંજૂરી આપી દીધી હતી. ત્યાર પછી વધુ પાંચ મહાનગરપાલિકા માટે જાહેરાત કરવાની તૈયારી ચાલે છે.અત્યારની આઠ કોર્પોરેશનને ઉમેરવામાં આવે તો ૧૪ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે ગુજરાતમાં કુલ ૨૨ મહાનગર-પાલિકાઓ બની જશે. એક સિનિયર સરકારી અધિકારીએ જણાવ્યું કે નવા ૧૪ મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપરાંત સરકાર અન્ય એ-ગ્રેડની મ્યુનિસિપાલિટીને પણ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રૂપાંતરિત કરવાનું વિચારે છે. ગુજરાતમાં ત્રણ લાખ કરતાં વધુ વસતી હોય તેવા અને આગામી એક-બે વર્ષમાં ત્રણ લાખની વસતી સુધી પહોંચી જાય તેવાં ઘણાં શહેરો છે.

વડોદરામાં સ્વાઈન ફ્લૂથી વૃદ્ધાનું મોત: વધુ બે દર્દી સારવાર હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેરમાં સ્વાઈન ફ્લૂને પગલે પ્રથમ મોત ગોત્રી હોસ્પિટલમાં નોંધાયું હતું. ૬૭ વર્ષનાં વૃદ્ધાને ગત રવિવારે દાખલ કરાયાં હતાં, તેમનું બે દિવસની સારવાર બાદ મોત થયું હતું. જ્યારે વધુ બે દર્દીઓને સ્વાઈન ફ્લૂ માટે ગોત્રી હોસ્પિટલમાં શુક્રવારે દાખલ કરાયા છે. જ્યારે સયાજી હોસ્પિટલમાં પણ ગુરુવારે શિનોરની એક વર્ષની બાળકીને કોરોના અને સ્વાઈન ફ્લૂ બંને પોઝિટિવ આવતાં આઈસોલેશનમાં સારવાર હેઠળ રખાઈ છે. વડોદરાના અકોટામાં રહેતા મહિલા વૃદ્ધે શનિવારે સ્વાઈનફ્લૂની બીમારીથી અંતિમ શ્વાસ લીધા હતા.

દેશવ્યાપી ૪૯૦૦ કરોડનાં કૌભાંડ મુદ્દે ઈ.ડી. દ્વારા કાસેઝના કેટલાક ઉદ્યોગકારોને સમન્સ પાઠવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ વિભાગ દ્વારા દેશવ્યાપી ૪૫૦૦ કરોડના ઓનલાઇન ગેમિંગ દ્વારા આચરવામાં આવેલા છેતરપિંડીના ચકચારી પ્રકરણમાં હાલ દેશના વિવિધ રાજ્યોમાં દરોડા પાડી કાર્યવાહી કરાયા બાદ ઝડપાયેલા શખ્સ આશિષ ઠક્કર દ્વારા સરહદી કચ્છના કંડલા અને મુંદરા ખાતેના મુક્ત વ્યાપાર કેન્દ્રમાં હવાલા કૌભાંડ આચરાયું હોવાનું સ્પષ્ટ થતાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કાસેઝના કેટલાક ઉદ્યોગકારોને સમન્સ પાઠવ્યા હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે.

વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ દરમ્યાન ભારતમાં ચાલતા વિવિધ સાઈબર ક્રાઈમ અને ઓનલાઈન ગેમિંગ દ્વારા આચરવામાં આવેલા ૪૫૦૦ કરોડના કૌભાંડમાં મુખ્ય આરોપી આશિષ કક્કરની મનીલોન્ડરિંગ એકટ તળે દિલ્હીના પરા સમાન ગુરુગ્રામની હોટેલમાંથી ધરપકડ કરવામાં આવી હતી અને દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણામાં નોંધાયેલી વિવિધ ફરિયાદોના આધારે તપાસ શરૂ કરાઈ હતી. ભેજાબાજ શખ્સે ઠગાઈ કરવા માટે રોકાણ, પાર્ટ ટાઈમ જોબ કોડ, ઓનલાઈન શોપિંગ, લોન સહિતની પદ્ધતિ અપનાવીને ચાર વર્ષ સુધી આચરેલી છેતરપિંડી દ્વારા એકત્ર થયેલી રકમ આરોપી અને તેના સહયોગીઓ દ્વારા ૨૦૦થી વધારે બોગસ કંપનીઓ અને પેઢીઓના ખાતામાં ભરવામાં આવતી હતી.

આ નાણાંને વિદેશમાં મોકલવા માટે કંડલા અને મુંદરા સેઝ ખાતેથી હોંગકોંગ, ચીન, દુબઈથી આયાત કરી અને ત્યાંથી રી-એકસપોર્ટ કરી ૪૫૦૦ કરોડની રકમ વિદેશ મોકલી હતી. જો કે, એકસપોર્ટ સામે કોઈ પૈસા મળ્યા ન હતા. આ શખ્સની તપાસ દરમ્યાન કંડલા અને મુંદરા સેઝના કેટલાક અધિકારીઓના ફોન નંબરો પણ મળ્યા હોવાનું આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું. કચ્છભરમાં ચકચાર જગાવનારા સોપારી કાંડમાં પણ આ આશિષ ઠક્કરની સંડોવણી હોવાનું વર્તુળો જણાવી રહ્યા છે.

મુંદરા ૫.૩૭ કરોડના સોપારીકાંડ: ડીઆરઆઈ દ્વારા મુંબઈથી બે શખ્સની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કરોડોના ડ્રગ્સ, સોપારી સહિતની પ્રતિબંધિત ચીજવસ્તુઓ પકડાવવાની રોજિંદી ઘટનાઓથી ચર્ચાસ્પદ બની ચૂકેલા મુંદરા બંદર ખાતે તાજેતરમાં બહાર આવેલા બિટયુમિનના ચાર ડ્રમ મગાવવાના નામે તેમાં ગેરકાયેદસર રીતે રૂ. ૫.૩૭ કરોડના સોપારી સ્મગલિંગના પ્રકરણની તપાસ કરી રહેલી ગાંધીધામ ડી.આર.આઈ.એ માયાનગરી મુંબઈના બે શખ્સોને અટકમાં લીધા છે. મુંદરા બંદર ખાતે ગત ૩૦મી માર્ચના રોજ ગાંધીધામ ડી.આર.આઈ.એ કાર્યવાહી કરી બિટયુમિન હોવાનું ડિક્લેર કરીને યુનાઇટેડ આરબ અમિરાતથી અહીં આવેલા ચાર શંકાસ્પદ કન્ટેનરને જપ્ત કરી લીધા હતા.

તપાસ દરમ્યાન આ કન્ટેનરોમાં રાખેલા ડ્રમ્સમાં બિટયુમિનના બદલે સફેદ રંગની પીપી બેગ્સ અને જ્યુટ બેગ્સમાંથી ૧૦૨.૧૭૮ મેટ્રિક ટન જેટલો ૫.૩૭ કરોડના મૂલ્યના સોપારીના જથ્થાને જપ્ત કરવામાં આવ્યો હતો. મિસડિકલેરેશનના આ પ્રકરણમાં ડી.આર.આઈ.એ માલ મગાવનારા મુંબઈના અજય દામા અને જાવેદ અંસારીને ઉઠાવી તેમનું ઇન્ટરોગેશન શરૂ કર્યું છે. આ નવા સોપારી સ્મગલિંગ પ્રકરણમાં બિલ ઓફ એન્ટ્રી ન હોવાથી સ્થાનિક સી.એચ.એ.ની કોઈ ભૂમિકા ન હોવાનું જાણવા મળી રહ્યું છે.

અમદાવાદમાં ઉનાળાની અસર: ફળોના ભાવમાં થયો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર એપીએમસી માર્કેટમાં આવેલા ફ્રૂટ બજારમાં શનિવારે ઉનાળું ફળોના ભાવમાં વધારો નોંધાયો હતો, જ્યારે અન્ય ફળોના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યમાં ઉનાળું ફળની વાત કરીએ તો લીલી દ્રાક્ષ, પાકી કેરી, મોસંબી, પપૈયા, લિચી, સીતાફળ, શક્કરટેટી વગેરેના ભાવમાં ૫ થી ૧૦ ટકાનો વધારો નોંધાયો છે, જ્યારે અન્ય ફળોની વાત કરીએ તો સફરજન, કાળી દ્રાક્ષ, સંતરા, નાસપતી, દાડમ, ચીકુ, કેળા, શેરડી, જરદાળુ, કાચી કેરી વગેરે ફળોના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો નોંધાયો છે.

અમદાવાદ શહેરના ફ્રૂટ બજારમાં શનિવારના ફળના ભાવ પ્રતિ કિલોદીઠ વાત કરીએ તો સફરજન ૯૫ રુપિયા, ડ્રેગનફ્રૂટ ૨૩૦ રૂપિયા, કાળી દ્રાક્ષ ૭૦ રૂપિયા, આમળા ૧૨૫ રૂપિયા, લીલી દ્રાક્ષ ૮૫ રૂપિયા, ફણસ ૯૫ રૂપિયા, પાકી કેરી ૯૬ રૂપિયા, મોસંબી ૫૦ રૂપિયા, સંતરા ૪૪ રૂપિયા, પપૈયા ૩૫ રૂપિયા, નાસપતી ૧૦૮ રૂપિયા, પાઈનેપલ ૪૫ રૂપિયા, કેળા ૮૦ રૂપિયાના ડઝન, દાડમ ૧૦૫ રૂપિયા જેટલો ભાવ નોંધાયો છે. જ્યારે ચીકુ ૪૨ રૂપિયા, તડબૂચ ૨૦ રૂપિયા, ૧૨ નંગ કાચા કેળા ૪૩ રૂપિયા, શેરડી ૨૩ રૂપિયા, લિચી ૨૩૦ રૂપિયા, જરદાળુ ૧૫૦ રૂપિયા, સીતાફળ ૬૪ રૂપિયા, કાચી કેરી ૧૧૨ રૂપિયા, શક્કરટેટી ૨૮ રૂપિયા, સ્ટ્રોબેરી ૨૩૦ રૂપિયા અને જામફળ ૪૫ રૂપિયા જેટલો ભાવ નોંધાયો છે.

અમદાવાદ એપીએમસીના એક વેપારીએ જણાવ્યું હતું કે, ઉનાળું ફળોના ભાવમાં વધારો થવાનું કારણ બદલાતા હવામાનની અસર છે, કારણ કે કમોસમી વરસાદ થાય તો તેની સીધી અસર ઉનાળું ફળ પર પડતી હોય છે. જો કે ફળોના ભાવ વાતાવરણમાં થતા ફેરફારની સાથે ટ્રાન્સપોર્ટ ચાર્જમાં થતો વધારો-ઘટાડો, ફળના પાકને જરૂરી ખાતર-પાણીમાં લાગતો ખર્ચ, ફળોનો જથ્થો અને માગમાં થતા વધારા-ઘટાડા વગેરેને આધારે નક્કી કરવામાં આવે છે. ■

બોરસદની કોર્ટમાં જજ પર હુમલો: કેબિનમાં ઘૂસી આવેલા બે યુવકે જાનથી મારી નાખવાની ધમકી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બોરસદની કોર્ટમાં જજ ઉપર હુમલો કરી અજાણ્યા બે શખસો ફરાર થઈ ગયા હતા. જજની પર્સનલ ચેમ્બરમાં ઘૂસી કોર્ટના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જયુડિશયલ મેજિસ્ટ્રેટ એમ.ડી નંદાણી પર હુમલો કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ આણંદ જિલ્લાનાં બોરસદની સિવિલ કોર્ટમાં બે અજાણ્યા શખ્સોએ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટની ચેમ્બર્સમાં પ્રવેશ કરી ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ પર હુમલો કર્યો હતો. જજને અપશબ્દો બોલી, માથામાં મુક્કા મારી તેમના શર્ટનાં બટન તોડી નાખ્યા હતાં. તેમજ તેમની જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બાદ બંને શખ્સ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ઘટનાના પગલે કોર્ટમાં વકીલોનાં ટોળા એકત્ર થઈ ગયાં હતાં અને પોલીસને જાણ કરવામાં આવતા બોરસદ ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી સીસીટીવી કેમેરાનાં ફુટેજની તપાસ હાથ ધરી હતી. આ બાબતે બોરસદ ટાઉન પોલીસે કોર્ટનાં રજિસ્ટ્રાર એલ.એ પંચોલીની ફરિયાદનાં આધારે બે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધી ફરાર આરોપીઓને ઝડપી પાડવાનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં.

ધો.૧૨ના પુસ્તકમાંથી બાબરી ધ્વંસ અને ગુજરાત રાયોટના મુદ્દા હટાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશના ધોરણ-૧૨મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હવે નવા શૈક્ષણિક વર્ષથી પોલિટિકલ સાયન્સના પુસ્તકમાં બાબરી મસ્જિદ, હિન્દુત્વની રાજનીતિ તથા ગુજરાતના ૨૦૦૨નાં તોફાનો વિશે વાંચશે નહીં. એનસીઈઆરટી દ્વારા ધોરણ-૧૨ના પોલિટિકલ સાયન્સના પુસ્તકમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. ફેરફાર અનુસાર જ્યાં ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ બાબરી ઢાંચાને તોડી પાડવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેના બદલે રામમંદિર આંદોલનને વિગતવાર શીખવવામાં આવશે. આ સિવાય સુપ્રીમ કોર્ટે રામ મંદિરને લઈને કયા આધાર પર નિર્ણય આપ્યો હતો તે પણ શીખવવામાં આવશે. પુસ્તકમાં કરવામાં આવેલા ફેરફાર મે મહિનાથી બહાર પડનારા નવા પુસ્તકમાં જોવા મળશે. બાબરી મસ્જિદ ઉપરાંત હિન્દુત્વની રાજનીતિ અને ૨૦૦૨નાં ગુજરાતનાં તોફાનો અંગેના મુદ્દાઓ પણ પુસ્તકમાંથી હટાવાયા હોવાનું જાણવા મળ્યું છે. એનસીઈઆરટીએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે આ ફેરફારો કર્યા છે. આ અંગે સીબીએસઈ બોર્ડને જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. એનસીઈઆરટીએ પ્રકરણ-૮માં મોટા પ્રમાણમ



આપણે જ્ઞાતિવાદને ભૂલી ના શકીએ?

રૂપાલા જેવા જ વિવાદ આપણે ત્યાં સમયાંતરે ઉઠ્યા જ કરે છે ને એ પણ ખાસ તો ચૂંટણી ટાણે જ આવા વિવાદો વધારે ઊભા થાય છે , કેમ કે....

feedback@bombaysamachar.com
કવર સ્ટોરી
વિજય વ્યાસ

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાના કહેવાતા ક્ષત્રિય વિરોધી નિવેદનેના કારણે સળગેલી હોળી ઠરવાનું નામ લેતી નથી. રૂપાલાએ કહેલું કે,બ્રિટિશ શાસન દરમિયાન રાજા-મહારાજાઓએ પણ માથું ઝુકાવીને તેમની સાથે રોટી-બેટીના સંબંધ બાંધ્યા હતા પણ રૂખી સમાજે માથું નમાવ્યું ન હતું. હું તેના માટે તેમને સલામ કરું છું અને તેમના કારણે જ સનાતન ધર્મ જીવંત રહ્યો હતો.....

રૂપાલાનું આ નિવેદન સોશિયલ મીડિયામાં દાવાનળની જેમ વાઈરલ થયું તેમાં ક્ષત્રિય સમાજ મેદાનમાં આવી ગયો. રૂપાલાએ ક્ષત્રિય સમાજનું અપમાન કર્યું એ નહીં ચલાવી લેવાય એવા હુંકાર સાથે રૂપાલાને બદલે રાજકોટ લોકસભા બેઠક પરથી બીજા ઉમેદવારને મૂકવાની માગ કરી છે.

આના પછી પુરુષોત્તમ રૂપાલાએ વીડિયો દ્વારા માફી માગી છે. ભાજપ પ્રદેશ સી.આર. પાટિલે પણ બે હાથ જોડીને માફી માગી છે, પણ બંનેની માફીના અસ્વીકાર સાથે હો-હા ચાલુ છે.

ભાજપે ક્ષત્રિયોને સમજાવવા લીમડીના ડોન જયરાજસિંહ જાડેજાથી માંડીને સાવ ગાય જેવા પ્રદીપસિંહ જાડેજા સહિતના ક્ષત્રિય નેતાઓને મેદાનમાં ઉતારી દીધા પણ કશું વળ્યું નથી.

ભાજપ રૂપાલાને બદલવાનો નથી ને ક્ષત્રિય સમાજને ઘોળે ઘરમેય રાજકોટમાં રૂપાલા જોઈતા નથી તેથી વાત વટ પર આવી ગઈ છે. ક્ષત્રિય સમાજ વાર્યો વળતો નથી ને ભાજપ પણ વટના માર્યો પાછો વળવા તૈયાર નથી એ જોતાં હવે બંનેમાંથી કોણ હારીને પાછા વળે છે એ જોવાનું છે.

ગુજરાતમાં ને ખાસ તો સૌરાષ્ટ્રમાં પાટીદારો અને ક્ષત્રિયો વચ્ચે અંટશ છે એટલે રુપાલાના સમર્થનમાં પાટીદાર સમાજ મેદાનમાં આવી ગયો છે. તેના કારણે આ લડાઈ રસપ્રદ બની ગઈ છે.

પુરુષોત્તમ રૂપાલાએ કોઈ પણ સમાજની લાગણી દુભાય એવું ના બોલવું જોઈએ એ વાત સો ટકા સાચી, પણ એમણે ત્રણ વાર માફી માગી, સી.આર. પાટિલે પણ માફી માગી પછી ક્ષત્રિય સમાજે મોટું મન રાખીને વિવાદ પર પડદો પાડી દેવો જોઈતો હતો એવું મોટા ભાગના લોકો માને છે. તેના બદલે રાજકીય કારણોસર વાતનું વતેસર કરાયું એવો મોટા ભાગનાં લોકોનો મત છે.

રૂપાલા વિવાદ જેવા જ વિવાદ આપણે ત્યાં સમયાંતરે ઉઠ્યા જ કરે છે ને એમાંય ખાસ તો ચૂંટણી ટાણે જ આવા વિવાદો વધારે ઊભા થાય છે કેમ કે જ્ઞાતિના ઠેકેદારોને ચૂંટણી વખતે જ રાજકારણીઓનાં નાક દબાવવાનો મોકો મળે છે. જો કે , રાજકારણીઓ પણ એટલી જાડી ચામડીના થઈ ગયા છે તે એ સિવાય કોઈને ગણકારતા નથી.

રાજકારણીઓએ દેશને મતબેંકના આધારે એ હદે વહેંચી દીધો છે કે, એમને ચોક્કસ જ્ઞાતિ કે ધર્મનાં લોકોની બહુ પરવા નથી રહી. તેના કારણે જે તે જ્ઞાતિ કે ધર્મનાં ઠેકેદારોનું મહત્ત્વ ઘટી ગયું છે. એમને પોતાનું મહત્વ બતાવવાની તક ચૂંટણી વખતે જ મળે છે તેથી ચોક્કસ જ્ઞાતિ માટે અનામત માગવાથી માંડીને લાગણી દુભાવા સુધીના વિવાદ આવા સમયે જ ગજાવવામાં આવે છે.

રૂપાલા વિવાદે આ દેશની બીજી એક મોટી સમસ્યા તરફ લોકોનું ધ્યાન દોર્યું છે ને એ વાસ્તવિકતાનો અહેસાસ કરાવ્યો છે કે, આ સમસ્યા કદી ઉકેલાવાની જ નથી. આ સમસ્યા જ્ઞાતિવાદની છે. જ્ઞાતિવાદભારતનું સદીઓ જૂનું દૂષણ છે ને આ દૂષણના કારણે થયેલા અત્યાચારો અને દમનની વાતો થથરાવી નાંખનારી છે. જ્ઞાતિવાદ આપણા બધા માટે કલંક છે ને આ કલંકથી મુક્ત થવું જરુરી છે, પણ કમનસીબે એવું થતું નથી.

આમ તો જ્ઞાતિવાદનાબૂદીની વાતો વાર-તહેવારે બહુ થાય છે, પણ તેના બદલેભારતમાં ધીરે ધીરેજ્ઞાતિવાદઅત્યંત પ્રબળ બની રહ્યો છે. ચૂંટણી સમયે તો જ્ઞાતિવાદના ઝંડાધારીઓ ખાસ સક્રિય થાય છે.

જ્ઞાતિવાદના કારણે સમાજ નાના નાના ટુકડાઓમાં વહેંચાઈ રહ્યો છે.દેશમાંજ્ઞાતિવાદનાં સમીકરણો એ હદે હાવી છે કે આપણે કોઈ પણ વાતને જ્ઞાતિવાદના ચશ્માંથી જ જોવામાં આવે છે. નેતાઓ પણ જ્ઞાતિવાદના આધારે બોલે છે, લોકોને જ્ઞાતિના ધોરણે મૂલવે છે. રૂપાલાના કેસમાં પણ એ જ થયુંને?બાકી રૂખી સમાજ કે રાજપૂતોની સરખામણી કરવાની જરૂર જ ક્યાં હતી...?

એ વખતે જે થયું એ જોતાં વાત કરવી હોય તો આખા હિંદુ સમાજની કરવી જોઈએ. તેના બદલે એક સમાજ સારો ને બીજો સમાજ ખરાબ એવી વાતો કરીને સમગ્ર સમાજનેજ્ઞાતિવાદના આધારે વિભાજિત કરી દેવામાં આવે છે...

રૂપાલા વિવાદ આ દેશના બધા રાજકારણીઓ માટે પણ બોધપાઠ સમાન છે. કોઈને વખાણવા હોય તો તેના માટે બીજા કોઈની ટીકા કરવી જરૂરી નથી એ સૌથી મોટો બોધપાઠ છે. રૂખી સમાજને બિરદાવવા જતાં ક્ષત્રિય સમાજની ટીકા કરી બેઠા તેમાં રૂપાલા ભેરવાઈ ગયા. કોઈની લીટી મોટી બતાવવા બીજાની લીટી ભૂંસવી જરૂરી નથી.

બીજો મોટો બોધપાઠ એ છે કે, જૂની વાતોને બહુ ઉખેળવી નહીં. પહેલાં મુસ્લિમ આક્રમણખોરો અને પછી અંગ્રેજો આ દેશ પર ચડી બેઠા તેનું કારણ આપણો અંદરોઅંદરનો કુસંપ અને આપણી કાયરતા હતી. મુસ્લિમ આક્રમણખોરો કે મુઠ્ઠીભર અંગ્રેજોનાં આક્રમણોને આપણે ખાળી ના શક્યા કેમ કે આપણે એક નહોતા.

મુસ્લિમ આક્રમણખોરો આવ્યા ત્યારે તો આ દેશમાં હિંદુ, બૌદ્ધ અને જૈન એ ત્રણ જ ધર્મ હતા. આ ત્રણેય ધર્મ ભારતની ભૂમિ પર જ પેદા થયેલા, પણ એક નહોતા. એ વખત જ્ઞાતિવાદના કારણે પણ ભારે કુસંપ હતો.

લોકોને સાચી વાત ગમતી નથી પણ આ વાસ્તવિકતા છે. ઈતિહાસની જૂની વાતોને ભૂલી જવી બહેતર છે કેમ કે એ વાતો કરવામાં કોઠી ધોઈને કાદવ કાઢવા જેવું જ થશે. ને કાદવ કાઢીશું તો બદબૂ જ આવશે. ■

feedback@bombaysamachar.com
મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી

ફેક ન્યૂઝનું ફેક્ટ ચેકિંગ: સુપ્રીમ કોર્ટે કેમ સરકારનું ચેકિંગ કરી નાખ્યું?

વિશ્વભરમાં પત્રકારોના અધિકારો અને આઝાદીનું રક્ષણ કરવા માટે કામ કરતી સંસ્થા 'વોચડોગ કમિટી ટુ પ્રોટેક્ટ જર્નાલિસ્ટ્સ'નો, પાંચ વર્ષ પહેલાં જારી થયેલો એક અહેવાલ કહે છે કે વિશ્વભરની સરકારો અભિવ્યક્તિને સેન્સર કરવાના તેમના પ્રયત્નોમાં વધુ સક્ષમ બની રહી છે. તેમાં, એવા દસ દેશોની યાદી આપવામાં આવી હતી જે અભિવ્યક્તિની આઝાદીનું ગળું ઘોંટવામાં સૌથી વધુ કુખ્યાત છે; ૧. એરિટ્રિયા ૨. ઉત્તર કોરિયા ૩. સાઉદી અરેબિયા ૪. ઇથોપિયા ૫. અઝરબૈજાન ૬. વિયેતનામ ૭. ઈરાન ૮. ચીન ૯. મ્યાનમાર અને ૧૦. ક્યુબા.

કમિટીએ એ અહેવાલમાં એક નવા વલણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી કે દુનિયામાં અનેક સરકારો તેમને ન ગમતી વાતો પર સેન્સરશીપ લાદવા માટે એ જ ઈન્ટરનેટ સંસાધનોનો ઉપયોગ કરી રહી છે, જેનો મૂળ હેતુ જ અભિવ્યક્તિને સરળ બનાવવાનો છે.

ઇન્ટરનેટ સેન્સરશીપને નકામી સાબિત કરી દેશે એવું અનુમાન હતું, પરંતુ એવું નથી થયું. બલ્કે, વિશ્વના સૌથી વધુ સેન્સરવાળા દેશો તેમની ટીકાનું મોઢું બંધ કરવા માટે ઓનલાઈન પર ખૂબ જ સક્રિય છે, તેમ સીપીજેના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જોએલ સિમોને જણાવ્યું હતું, ''આ સરકારો અસહમતીને દબાવવા અને મીડિયાને નિયંત્રિત કરવા માટે જૂની શૈલીની ક્રૂરતાની સાથે નવી ટેક્નોલોજી પણ શોધી લાવ્યા છે. ભારતમાં સરકારની 'સમસ્યા' (જુઓ પાનું ૧૩) ▶▶

neil@veenaworld.com
અરાઉન્ડ ધ વર્લ્ડ

આજ સુધીની સૌથી મોટી ભેટ?

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World

આજે હું ભેટ વિશે વાત કરવાનો છું. છેલ્લાં ૧૦ વર્ષમાં અમને એક વાતની સો ટકા ખાતરી છે કે જો તમે ખરેખર જીવનની ઉજવણી કરવા માગતા હોય અને તમારા વહાલાજનો માટે મજેદાર યાદગીરીઓ બનાવવા માગતા હોય તો હોલીડે સૌથી ઉત્તમ ભેટ છે! વીણા વર્લ્ડના સેંકડો પ્રવાસીઓએ આજ સુધી તેમના વહાલાજનોને વીણા વર્લ્ડ હોલીડેની ભેટ આપી છે.

જોકે આ બધામાં અમારા મહેમાનો સામે હંમેશાં એક પડકાર હોય છે. તેઓ હોલીડેની ભેટ આપવા માગતા હોય છે, પરંતુ તેમના વહાલાજનો કઈ તારીખે અથવા સ્થળે જવાનું પસંદ કરશે તે અંગે મોટે ભાગે અવઢવમાં હોય છે. તેઓ વહાલાજનને આ વિશે પૂછી પણ નહીં શકે, કારણ કે તેઓ ભેટને સરપ્રાઈઝ રાખવા માગતા હોય છે! આથી અમે આ પડકાર ઝીલી લેવાનું નક્કી કર્યું અને વીણા વર્લ્ડ ગિફ્ટ કાર્ડસ રજૂ કર્યું છે. તમે આજે જ veenaworld.com પર નવું ગિફ્ટ અ ટુર ફીચર ઉપયોગ કરીને વીણા વર્લ્ડ ગિફ્ટ કાર્ડ ખરીદી શકો છો.

તમારે બસ આટલું જ કરવાનું છે. તમારી વિગતો ભરો, તમે કાર્ડ જેને ભેટ આપવા માગતા હોય તે વહાલાજનની વિગતો ભરો, તેમને માટે પર્સનલ મેસેજ ટાઈપ કરો, રકમ સિલેક્ટ કરો અને આગળ વધો અને ગિફ્ટ કાર્ડ ખરીદી કરો. હંમેશની જેમ વીણા વર્લ્ડમાં અમે આ બધું જ હાથ ધરીએ છીએ.

તમારા વહાલાજનોને ઈમેઈલ પર ઉત્કૃષ્ટ રીતે ડિઝાઈન કરાયેલું ગિફ્ટ કાર્ડ પ્રાપ્ત થશે અને તેઓ તેમનું સ્થળ અને તારીખ પસંદ કરી શકે છે.જો તમે તે તપાસવા માગતા હોય તો આ ક્યુઆર કોડ સ્કેન કરો:

અને ભેટની વાત નીકળી છે તો હું આજ સુધીની સૌથી મોટી ભેટમાંથી એક વિશે વાત કરવા માગું છું! આપણે બધાએ યુએસએના ન્યૂ યોર્કમાંવસેલા સ્ટેચ્યુ ઓફ લિબર્ટી વિશે સાંભળ્યું જ હશે. તમે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા વિશે વિચારો ત્યારે નિ:શંક રીતે તમારા મનમાં સૌપ્રથમ તે જ આવે છે. જોકે શું તમે જાણો છો કે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પણ ખરેખર યુએસએને ભેટમાં મળ્યું હતું? આટલી વિશાળ ભેટ વિશે જરા કલ્પના કરો!તો આજે આ અતુલનીય ભેટ વિશે વધુ જાણીએ. ન્યૂ યોર્ક હાર્બરમાં લિબર્ટી આઈલેન્ડમાં ઊભેલું સ્ટેચ્યુ ઓફ લિબર્ટી સ્મારકથી પણ વિશેષ છે.

તે આઝાદી અને આશાનું શક્તિશાળી પ્રતિક છે, જેણે સદીઓથી લાખ્ખો મુલાકાતીઓ અને વસાહતીઓ આવકાર્યા છે. યુનાઈટેડ સ્ટેટ્સને ૧૮૮૬માં ફ્રાન્સ દ્વારા અપાયેલી ભેટ આ વિશાળ સ્ટેચ્યુ લોકશાહી અને આઝાદીનું સાર્વત્રિક પ્રતિક આલેખિત કરે છે. દુનિયામાં સૌથી લોકપ્રિય સીમાચિહ્નમાંથી એક સ્ટેચ્યુ ઓફ લિબર્ટી અમેરિકનોની નૈતિકતામાં વિશેષ સ્થાન ધરાવે છે, જે આદર્શ દુનિયાભર સાથે સુમેળ સાધે છે. તો ચાલો, આ પ્રતિકાત્મક સ્મારકના સમૃદ્ધ ઈતિહાસ, પ્રતિકાત્મકતા અને રોચક વારસા વિશે વધુ જાણીએ.

સૌપ્રથમ ઈતિહાસમાં થોડું ડોકિયું કરીએ. સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની વાર્તા ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં શરૂ થઈ હતી, જેનો જન્મ અમેરિકાની આઝાદીનીસોમી સાલગિરેહ અને ફ્રાન્સ તથા યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે મજબૂત મૈત્રીની ઉજવણીમાંથી થયો હતો. ફ્રેન્ચ ઈતિહાસવિદ એડુઅર્ડ રેને દ લેબુલે પહેલાંએ ફ્રાન્સ અને અમેરિકા વચ્ચે ઉદારતા અને લોકશાહીનાં સમાન મૂલ્યોનું પ્રતિકરૂપ ભવ્ય ભેટ આપવાનો વિચાર કર્યો હતો. લેબુલેએ ભવ્ય અને વ્યાપક કાર્યો માટેપ્રસિદ્ધ ફ્રેન્ચ શિલ્પકાર ફ્રેડરિક ઓગસ્ટ બાર્થોલ્ડી સાથે જોડાણ કરતાં આ પ્રકલ્પને ગતિ મળી હતી. બાર્થોલ્ડીએ ફ્રાન્સ અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે મજબૂત મૈત્રીનું પ્રતિક તેમ જ ઉદારતા અને આઝાદી પ્રત્યે તેમની સમાન સમર્પિતતાનું પ્રતિક તરીકે સ્મારકરૂપી સ્ટેચ્યુ નિર્માણ કરવાનો વિચાર મૂક્યો હતો,જેને ભારે આવકાર મળ્યો હતો.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટી સાકાર કરવાની સમજૂતી દાખલારૂપ હતી, જેમાં ટ્રાન્સએટલાન્ટિક સહકાર, ભંડોળ ઊભું કરવાના નોંધપાત્ર પ્રયાસો અને નાવીન્યપૂર્ણ એન્જિનિયરિંગ સમાધાન આવશ્યક હતું. ફ્રાન્સમાં જાહેર ઝુંબેશો, ભંડોળ ઊભું કરવા માટે કાર્યક્રમો અને ફ્રેન્ચ નાગરિકો પાસેથી યોગદાનથી સ્ટેચ્યુનાનિર્માણ માટે જરૂરી ભંડોળ ઊભું થયું. ફ્રેડરિક ઓગસ્ટ બાર્થોલ્ડીએ પછીથી આઈફેલ ટાવર નિર્માણ કરનારા એન્જિનિયર ગુસ્તાવ આઈફેલ સાથેસ્ટેચ્યુની ડિઝાઈન અને માળખા પર સૂઝબૂઝપૂર્વક કામ શરૂ કર્યું. આઈફેલ દ્વારા સ્ટેચ્યુના આંતરિક ફ્રેમવર્કને ખાસ તૈયાર કરાયું હતું,જે સ્થિરતા અને સહનશીલતાની ખાતરી રાખે. સ્ટેચ્યુનું નિર્માણ બહુ જ મુશ્કેલ કામ હતું.

બીજી બાજુ યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા સ્ટેચ્યુની બેઠક માટે ભંડોળ ઊભું કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું, જે કામ પડકારજનક હતું. "ધ વર્લ્ડ" અખબારમાંભંડોળ ઊભું કરવાની ઝુંબેશ થકી જાહેર ટેકો મેળવવા માટે પ્રકાશક જોસેફ પુલિત્ઝર દ્વારા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવામાં આવી હતી.તેમણે અમેરિકનોને ગૌરવ અને દેશભક્તિનું ભાન કરાવતા અનુરોધ કર્યો, જેને આખરે સફળતા મળી અને રાષ્ટ્રભરમાંથી યોગદાન મળ્યું,જેમાં દરેકદરક નાગરિકોએ બેઠકના નિર્માણ માટે નાની નાની રકમોનું યોગદાન આપ્યું.

ટેક્નિકલ પડકારોને પહોંચી વળવા માટે ફ્રેન્ચ અને અમેરિકન ટીમો વચ્ચે જોડાણે ઈનોવેશન અને ખંતમાં ઉમેરો કર્યો હતો. ફ્રાન્સમાં સ્ટેચ્યુનું નિર્માણ થયું,જેમાં બાર્થોલ્ડીએ રિપાઉઝ તરીકે પ્રસિદ્ધ ટેક્નિક સ્ટેચ્યુની ત્વચા રચવા માટે કોપર શીટ્સ પર હથોડો મારવાની અત્યંત મુશ્કેલ પ્રક્રિયા પરબારીકાઈથી નજર રાખી હતી. સ્ટેચ્યુ પૂર્ણ થયા પછી ૩૫૦ નંગમાં છૂટું કરીને ૨૧૪ ક્રેટ્સમાં એટલાન્ટિકથી ન્યૂ યોર્કમાં જહાજ થકી મોકલવામાં આવ્યું હતું.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટી વિધિસર રીતે ૨૮મી ઓક્ટોબર, ૧૮૮૬ના રોજ ખુલ્લું મુકાયું હતું, જે સમારંભમાં ફ્રાન્સ અને યુનાઈટેડ સ્ટેટ્સના માનવંતા મહેમાનો સહિત હજારો લોકોએ હાજરી આપી હતી.

આજે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી જમીનથી મશાલની ટોચ સુધી ૩૦૫ ફીટ (૯૩ મીટર) ઊંચું છે, જે તેના ઉદઘાટનના સમયે સૌથી ઊંચા સ્મારકમાંથી એક હતું. સ્ટેચ્યુના જમણા હાથમાં મશાલ ઉદારતા અને આઝાદીના પંથને પ્રકાશમાન કરતી હોવાનું પ્રતિક છે. મૂળ મશાલ જવાળાઓથી આવરી લેવાયેલા સુવર્ણ પર્ણ સાથે ૧૯૮૬માં ફેરબદલી કરાઈ હતી, જે માઈલો દૂરથી દેખાઈ શકે છે અને તે આશાનું પ્રતિક તરીકે દ્યોતક છે. ડાબા હાથમાં સ્ટેચ્યુ અમેરિકાની આઝાદીની તારીખ (JULY IV MDCCLXXVI)ની ઘોષણાનું લખાણ ધરાવતી ટેબ્લેટ છે. આ કડીઓ સ્ટેચ્યુને યુનાઈટેડ સ્ટેટ્સના જન્મ સાથે પ્રત્યક્ષ જોડે છે, જે આઝાદી અને લોકશાહીના રાષ્ટ્રના મૂળ સિદ્ધાંતો પર ભાર આપે છે.

સ્ટેચ્યુનો તાજ અને તેમાંથી પ્રજ્જ્વલિત થતાં સાત કિરણો સૂર્ય, સાત સમુદ્ર અને સાત ખંડ આલેખિત કરે છે, જે દુનિયા માટે યુનાઈટેડ સ્ટેટ્સનું પ્રતિક ઉદારતાની સાર્વત્રિક સંકલ્પના દર્શાવે છે. સ્ટેચ્યુના પગથિયે તૂટેલી સાંકળો અને બેડીઓ છે, જે જુલમ અને અત્યાચારથી છુટકારાનું પ્રતિક છે. આ શક્તિશાળી કલ્પના આઝાદી અને ઉદારતાના સ્ટેચ્યુના સંદેશને અધોરેખિત કરે છે. બહારી કોપરની ત્વચા ૨.૪ મીમીથી ઓછી ઘટ્ટ છે, જે આશરે બે પેનીની જાડાઈ છે.

વર્ષોનાં વહાણાં વીતવા સાથે સ્ટેચ્યુ ઓફ લિબર્ટીએ તેના મૂળ હેતુને પાર કરીને આજે દુનિયાભરના લોકો માટે આશા અને આઝાદીનું પ્રતિક બની ચૂક્યું છે. આજે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી સ્મારકથી પણ વિશેષ છે, જે દર વર્ષે લાખ્ખો મુલાકાતીઓને આકર્ષવા સાથે અમેરિકન વાર્તાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. સ્ટેચ્યુનો રંગ સમયાંતરે બદલાયો છે. કોપર નૈસર્ગિક રીતે ઓક્સિડાઈઝ થઈને પેટિના રચાયું છે, જે આજે જોવા મળે છે તેમ તેને લીલો રંગ આપે છે. સ્ટેચ્યુ ઓફ લિબર્ટી મ્યુઝિયમ ૨૦૧૯માં ખુલ્લું મુકાયું હતું,જે મહેમાનોને સ્ટેચ્યુનો ઈતિહાસ અને વારસા વિશે ઈન્ટરએક્ટિવ એક્ઝિબિટ્સ થકી ઊંડાણથી સમજ આપે છે. લિબર્ટી આઈલેન્ડ પર ફેરીથી જવાનું હોય છે,જે આ આઝાદીના પ્રતિકને નજીકથી જોવાની અજોડ તક આપે છે. ન્યૂ યોર્ક શહેરની આકાશરેખાનો તે અદભુત નજારો આપે છે.

યુનાઈટેડ સ્ટેટ્સને ફ્રાન્સની આ ભેટ દુનિયામાં સૌથી પ્રતિકાત્મક સીમાચિહ્નમાંથી એક છે, જે આંતરરાષ્ટ્રીય મૈત્રી અને માનવતાની સમાન આકાંક્ષાના જોશને ઉજાગર કરે છે. તો શું તમે આનાથી પણ કોઈ વિશાળ ભેટ હોઈ શકે એવી કલ્પના કરી શકો છો? હું ફક્ત થોડા વધુ વિચારી શકું છું, પરંતુ મને તમારા વિચારો સાંભળવાનું ગમશે. તો મને neil@veenaworld.com પર જરૂર લખો. ત્યાં સુધી જીવનની ઉજવણી કરતા રહો!

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

ગત સપ્તાહના લક્કી વિનર વીણા વર્લ્ડ
નૈનિતાલ મસુરી હરિદ્વાર (NINM)
દેવલ શાહ, સાન્તાક્રુઝ, મુંબઈ
અભિનંદન!



feedback@bombaysamachar.com

નરીમાન પોઈન્ટની પાળેથી

મૂલચંદ વર્મા

કફ પરેડ નામ, મી. ટી. ડબલ્યુ. કફની યાદમાં આપવામાં આવ્યું છે

ગુજરાતીઓ સાહસમૂર્તિ છે અને આજના મહાનગર મુંબઇનું ૧૯૪૭ પછી મહાનગર મુંબઈના નગરસેવકો શહેરના રસ્તા, ચોક, શેરી, ગલીને અપાયેલાં વિદેશીઓનાં નામ બદલવા માટે આદું ખાઈને એવા પાછળ પડી ગયા કે આજે ભાગ્યે જ વિદેશીઓનાં પૂતળાં શહેરમાં જોવા મળે છે. પહેલાં શહેરમાં ઠેર ઠેર હતાં તે એકઠાં કરીને રાણી જીજામાતા ઉદ્યાન-રાણીબાગમાં એક ખૂણે ભંગારના રૂપમાં ખડકી દેવામાં આવ્યાં છે આ નામ બદલવાનું જનૂન ૪૩ વરસો પછીયે ઓસર્યું નથી. વર્તમાન હવામાનમાં જે જાતિવાદ છે, પ્રદેશવાદ છે, સાંપ્રદાયિકતા છે એ જોતાં સહજ એવું લાગી આવે છે કે ભવિષ્યમાં આ ત્રણ વાદના કારણે ભારતીય નેતાઓની પ્રતિમા માહિમની ખાડીના એક ખૂણે પધરાવી દેવામાં આવશે. આટલું બધું થવા છતાંયે નગરસેવકો એક વિદેશી નામને જીભેથી ભૂલ્યા નથી અને તે છે 'કફ પરેડ'.

કફ પરેડ નામ, મી. ટી. ડબલ્યુ. કફ (CUFFE)ની યાદમાં આપવામાં આવ્યું છે. મી. કફ ૧૯૦૧-૨ દરમિયાન મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહ્યા હતા. ઈમ્પ્રુવમેન્ટ કમિટીના સભ્ય તરીકે સડકની ફૂટપાથની ઊંચાઈ અધિક રાખવાની દરખાસ્ત રજૂ કરી હતી કે જેથી ફૂટપાથ અને સડકનો તફાવત સરળતાથી પારખી શકાય અને વાહનચાલકો તથા પદયાત્રીઓને અનુકૂળતા થઈ પડે. મી. કફ 'બોમ્બે લાઈટ હોર્સ'ના કમાન્ડન્ટ હતા. આ માર્ગ પહેલાં કફ પરેડ રોડ તરીકે ઓળખાતો હતો અને પાછળથી રોડ શબ્દ પડતો મુકાયો.

મુંબઈની શેરીઓનાં નામો ચિત્ર-વિચિત્ર છે. ચણા સ્ટ્રીટ, મટન સ્ટ્રીટ, ભાજીપાલા લેન, કોલસા સ્ટ્રીટ, ડુક્કરવાડી, સુથાર સ્ટ્રીટ, હમામ સ્ટ્રીટ, હમાલ સ્ટ્રીટ, તવા લેન, બુચર સ્ટ્રીટ, ભોઈવાડા, કુંભારવાડા એવાં ઘણાં નામો છે કોચીન સ્ટ્રીટ, માંડવી સ્ટ્રીટ એવા ભારતીય શહેરોનાં નામો પણ અપાયાં છે, પરંતુ વિદેશી શહેરનાં નામ અપાયાં નથી. નામ બદલવામાં મુંબઈના જ નગરસેવકો ઉત્સુક રહે છે એવું નથી. પોર્તુગલના પાટનગર લીસ્બનના નગરસેવકોએ શહેરની એક શેરીને 'લંડન સ્ટ્રીટ' નામ આપવાની દરખાસ્ત ૧૯૧૪માં રજૂ કરી હતી. 'લંડન સ્ટ્રીટ' એવું નામ આપવાની દરખાસ્તમાં કારણ પણ જરા વિચિત્ર હતું. ઓલિવર કોયેલ્હો નામનો એક પોર્તુગીઝ નાગરિક પોતાની પત્ની સાથે બ્રિટિશ સ્ટીમરમાં પ્રવાસ કરી રહ્યો હતો અને સ્ટીમર ભરદરિયે હતી ત્યારે એણે પોતાની પત્નીની હત્યા કરી હતી. બ્રિટિશ કાયદા અનુસાર કોયેલ્હોને લીવરપુલ લઈ જઈ અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું. અદાલતે ફાંસીની સજા ફરમાવી. લિસ્બનની સરકારે અરજ કરી કે પોર્તુગલમાં ફાંસીની સજાનો કાયદો નહી હોવાથી એ પોર્તુગીઝ નાગરિકને ફાંસી આપવી નહીં. લંડનની સરકારે ફાંસી કરી નહીં એટલે આભારની સ્મૃતિ તરીકે લિસ્બનમાં 'લંડન સ્ટ્રીટ' નામ રાખવાની દરખાસ્ત રજૂ કરાઈ હતી.

વડાલા પરિસરમાં એન્ટોપ હિલ છે. આ એન્ટોપ નામ કોઈ પોર્તુગીઝ નામ હોય એવું લાગે છે. વાસ્તવમાં આ નામ એક ભારતીય હિન્દુનું છે અને તે નામ છે અંતોબા. અંતોબા વડાલા, વરલી, ગિરગાંવ ખાતે જમીન ધરાવતા હતા અને વડાલાનો આ ડુંગર અંતોબા ડુંગર તરીકે ઓળખાતો હતો. પોર્તુગીઝનો કબ્જો જ્યારે મુંબઈ પર ૧૫૩૫માં થયો અને પોર્તુગીઝ અમલદારો અંતોબાને એન્ટોપ તરીકે ઓળખવા લાગ્યા અને કાળાંતરે અંતોબા ડુંગર એન્ટોપ હિલ અંગ્રેજી રાજમાં બની ગયો.

ચર્ની રોડ પણ વિદેશી નામ લાગે છે, પણ એવું નથી. લોકમાન્યતા એવી રહી છે કે અહીં ઢોરોને ઘાસ ચરવા માટેની જગ્યા હતી. ઢોરોને ચરવાની જગ્યાને ચરાણ કે ચરિયાણ તરીકે ઓળખવામાં આવે છે. આ ચરિયાણ ઉપરથી અંગ્રેજોએ 'ચર્ની' શબ્દ અપનાવ્યો. નજીકમાં ગાયવાડી છે એટલે માની શકાય કે અહીં ચરિયાણ હશે.

બીજી માન્યતા એવી છે કે થાણે રેલવે સ્ટેશન નજીક એક પરિસર 'ચેન્દની' નામની ઓળખાય છે. આ ચેંદની પરિસરના લોકો ગિરગાંવ ખાતે આવીને સ્થાયી થયા અને એ જગ્યાને ચેંદજી તરીકે ઓળખવા લાગ્યા અને સમય જતાં ચેંદનીનું 'ચની' થયું.

એવું જ એક બીજું નામ છે ખંબાલા હિલ કે જેને અંગ્રેજીમાં Cumballa Hill લખવામાં આવે છે. ગુજરાતમાં મૃત વ્યક્તિ માટે પાળિયા ઊભા કરવામાં આવે છે. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં મૃત વ્યક્તિ માટે થાંભલો ઊભો કરે છે અને તેને 'ખતરા' કહે છે. મુંબઈના આદિવાસીઓ આ પ્રથા અનુસાર થાંભલો ઊભો કરતા અને તેને ખંભ કે ખાંભ રહેતા. ખંભાલા હિલની જગ્યાએ ડુંગર તો હતો જ, પણ આસપાસ જંગલ હતું. અહીં વસતા આદિવાસીઓ તેમના ભગત-ભૂવા-બૂવાના કહેવા પ્રમાણે ખંભ ઊભા કરતા. અહીં વનમાં ખેરના ઝાડની વિપુલતા હતી એટલે ખેરનાં મજબૂત લાકડાંના થાંભલા મૃત વ્યક્તિ માટે ઊભા કરાતા હતા અને એ ડુંગરને ખંભા ડુંગર કે ખંભા ટેકરી તરીકે ઓળખતા હતા. આ રીતે 'ખંબાલા હિલ' શબ્દ પ્રચલિત બન્યો. શ્રાદ્ધના દિવસોના આદિવાસીઓ આ ખંભાની પૂજા કરતા હતા.

દાદર એ બહુ જાણીતું મથક છે, પણ દાદર નામ કેવી રીતે આવ્યું એ જરા વિચિત્ર લાગે છે. દાદરનો અર્થ મરાઠીમાં સીડી એવો થાય છે, ત્યારે દાદર એવું નામ કેમ હશે એવો પ્રશ્ન ઉપસ્થિત થાય એ સ્વાભાવિક છે.

જ્યારે મુંબઈ માત્ર ટાપુ હતું અને નગર બન્યું નહોતું ત્યારે માહિમ નગર હતું. મહિષ્કાવતી નામે એ રાજા ભીમદેવ સોલંકીની રાજધાની હતી અને માટુંગા ખાતે હાથીઓની ગજશાળા હતી. હાથીઓની ગજશાળાને 'માતંગાલય' (હાથીઓના સ્થળ = માતંગ + આલય) તરીકે ઓળખવામાં આવતો હતો. આ માતંગાલય ઉપરથી માટુંગા શબ્દ અવતર્યો.

મુંબઈના મૂળ વતનીઓ નગર કે ગામના પાદરે વસતા લોકોની વસતીને 'દાદર' કહેતા હતા. પશ્ચિમ રેલવે પર આવેલા 'કેલવા રોડ' સ્ટેશનના કેલવા ગામના પાદરે કોલીઓ રહે છે તે પરિસરને 'દાદર' તરીકે ઓળખવામાં આવે છે. આ રીતે મહિષ્કાવતીના પાદરે રહેતી વસતીને 'દાદર' તરીકે ઓળખવામાં આવતી હતી. આ ઉપરથી દાદર શબ્દ પ્રચલિત બન્યો. (ક્રમશઃ) ■

ખાખી મની-૨૩

અનિલ રાવલ
anil.rawal@bombaysamachar.com

'મેડમ, આ અમન રસ્તોગી હતો તો મને પત્રકાર અમન રસ્તોગી છું એમ કહીને મળવા આવેલો એ કોણ હતો.?' પાટીલનું મોં આશ્ચર્યથી ખુલ્લું રહી ગયું.

'મેડમ, હું અમન રસ્તોગી. ફ્રીડમ એક્સપ્રેસ.'

સાંભળીને અંદરથી હચમચી ગયેલી લીચી બેફિકરાઇ બતાવવા જરા આલરીને બેઠી. બંધ ઓરડામાં પાંચ સેકન્ડનો પોઝ પથરાઇ ગયો. ન લીચીની આંખ ઝબકી...ન ચહેરાના હાવભાવ બદલાયા...

'હું લીચી પટેલ. સબ ઇન્સ્પેક્ટર. બોલો.' લીચીના ચહેરા પર હવે આછું સ્મિત ફરક્યું.

એક મુસળધાર વરસાદની રાત. સૂમસામ હાઇવે. સીસીટીવી કેમેરા બંધ. વીજળી ગૂલ. બધું જ ઠપ. હાઇવે પર એક કાર નીકળી. પોલીસની એક ટુકડીએ એને રોકી. ચેકિંગ કર્યું. કારમાંથી કાંઇક મળી આવ્યું. પોલીસ ડ્રાઇવરને ઊંચકીને લઇ ગઇ. પછી એજ કાર અને મૃત ડ્રાઇવર મહારાષ્ટ્રની હદમાં આવેલી ઝાડીમાંથી મળી આવ્યા. સદનસીબે એનું મર્ડર નથી થયું, એનું મોત હાર્ટ અટેકથી થયું

હોવાનું પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં આવ્યું. કેસની તપાસ અલિયાપુર પોલીસ ચોકીના ઇન્ચાર્જ કરી રહ્યા છે.'

'આ બધી વાર્તા મને શા માટે કહો છો.?'

'કારણ કે હું પણ આ કેસની પાછળ છું. અને સાચી માહિતીની શોધમાં અહીં સુધી પહોંચ્યો છું. પર્સનલી મને આ કેસ ગમે છે એનું એક રસપ્રદ કારણ પણ છે.'

'શું ?' લીચીએ પૂછ્યું.

'રાતે ધોધમાર વરસતા વરસાદમાં કારને અટકાવીને ચેકિંગ કરનારી પોલીસ ટીમમાં એક લેડી પોલીસ ઇન્સ્પેક્ટર હતી.' રસ્તોગીએ કહ્યું.

'ઓહ, એટલે તમારો કહેવાનો મતલબ કે એ લેડી પોલીસ ઇન્સ્પેક્ટર હું છું?' ખુરસી પર આરામથી બેઠેલી લીચી અદબ વાળેલા બંને હાથ ટેબલ ગોઠવીને હસવા લાગી. પત્રકાર મહોદય, અમારી પોલીસ ચોકી ગુજરાતની હદમાં...હાઇવેથી થોડે દૂર અંદરની સાઇડમાં છે. અને એક વાત તમે ભૂલો છો કે વાહનોનું ચેકિંગ કરવાનું કામ હાઇવે પોલીસનું છે. એવું પણ બની શકેને કે આ કામ કોઇ બનાવટી પોલીસ ટીમનું હોય અને એમાં કોઇ લેડી પોલીસ ઇન્સ્પેક્ટર હોય.?'

'તમે ડ્યૂટી પર હતાં એ રાતે.?' રસ્તોગીએ પૂછ્યું.

'હા, હતી અને મારી સાથે બીજા ત્રણ જણ હતા...મારા સિનિયર અને બીજા બે જણ.' લીચી બોલી.

'ઘટના ગુજરાત-મહારાષ્ટ્રની બોર્ડર પર ગુજરાતની હદમાં બની છે અને તમારી પોલીસ ચોકી બોર્ડરથી સૌથી નજીકમાં છે.' રસ્તોગીએ કહ્યું.

'કેમ મહારાષ્ટ્રની હદમાં પણ બની ન શકે.?' લીચીએ કહ્યું.

'અલિયાપુર પોલીસ ચોકીમાં કોઇ લેડી પોલીસ ઇન્સ્પેક્ટર નથી. અને કાર ગુજરાત સાઇડથી આવી રહી હતી.'

'બનાવટી પોલીસ કોઇપણ દિશામાંથી આવી જઇ શકે કે નહીં.' લીચીએ ખભા ઉછાળતા કહ્યું.

'તમે બનાવટી પોલીસ ટીમની કેમ વાત કર્યા કરો છો.?' રસ્તોગીએ પૂછ્યું.

'કારણ કે તમે મારા પર શંકા કરી રહ્યા છો અને કાલ સવારે અખબારમાં છાપી મારશો.' લીચી બોલી.

'મેં તમારી પર શંકા કરી નથી...હું તો જે બન્યું એનું બયાંન કરું છું. કદાચ તમે આ કેસ પર કોઇ પ્રકાશ પાડી શકો.'

'હું શું પ્રકાશ પાડું. અમારી ચોકી હાઇવેથી અંદરની સાઇડમાં આવેલી છે....હાઇવે પર શું બન્યું એની અમને ખબર કેમ પડે.?'

મેડમ, હું માત્ર એટલું શોધવા નીકળ્યો છું કે કારમાં એવી કઇ કિંમતી વસ્તુ હતી કે જેને લૂટી લેવાઇ એટલું જ નહીં પણ ડ્રાઇવરના મોતનું કારણ બની....ને કારને મહારાષ્ટ્રની હદ માં ઝાડીમાં ત્યજી દેવામાં આવી.'

'એ તો જેણે આ પરાક્રમ કર્યું હોય એ જ કહી શકે.' લીચીએ કહ્યું.

'મેડમ, પરાક્રમ કરનારાઓ ક્યારેક ક્રમ ભૂલી જતા હોય છે. તમારી જાણ ખાતર કહું તો.....ચેકિંગ ચાલતું હતું ત્યારે પાછળથી એક કાર પસાર થઇ હતી. કારમાંથી કોઇએ વીડિયો ઉતાર્યો હોઇ શકે...ફોટા પાડ્યા હોઇ શકે.'

લીચીને ઝટકો લાગ્યો. એને પાટીલે કરેલી કારની વાત યાદ આવી.

'ખૈર, આ કેસમાં વધુ પ્રકાશ પાડવો હોય તો મને યાદ કરજો..' કહીને રસ્તોગી પોતાનું વિઝિટિંગ કાર્ડ ટેબલ પર મુકીને જતો રહ્યો.

****

લીચી બહાર આવીને પાટીલ પર ભડકી.

'તમારે મને એ જ વખતે કારની વાત કરવી જોઇને...ફુલેકું વાજતેગાજતે આવી પહોંચ્યું પોલીસ ચોકી પર.'

'લીચી, શું થયું.?' ઉદયસિંહે પૂછ્યું ને લીચી તાડૂકી.

'હમણાં ગયો એ એની બાયડીની ફરિયાદ કરવા નહોતો આવ્યો..અમન રસ્તોગી હતો. પત્રકાર.'

'મેડમ, આ અમન રસ્તોગી હતો તો મને પત્રકાર અમન રસ્તોગી છું એમ કહીને મળવા આવેલો એ કોણ હતો.?' પાટીલનું મોં આશ્ચર્યથી ખુલ્લું રહી ગયું.

'તમને ખબર.' લીચી બોલી.

'મેડમ, મને લાગે છે કે પાટીલને રસ્તોગી બનીને મળેલો માણસ ગજાનન હોવો જોઇએ.' ઉદયસિંહે કહ્યું.

'એ જે હોય તે....આ માણસ પત્રકાર અમન રસ્તોગી હતો.' વિફરેલી લીચી ખિસ્સામાંથી રસ્તોગીનું વિઝિટિંગ કાર્ડ કાઢીને ટેબલ પર ફેંકતા બોલીઃ 'કારની જડતી લેતી વખતે પસાર થયેલી કારમાંથી કોઇકે આપણને જોઇ લીધા છે.' પોલીસ ચોકીમાં સોપો પડી ગયો. ઉદયસિંહ, કનુભા અને પાટીલના ચહેરા પર ચિંતા ઘસી આવી.

'સર, મારે તમારી સાથે વાત કરવી છે. પ્લીઝ. અંદર આવોને.' લીચી બોલી. બંને અંદર ગયા.

મેં દીકરીને પરણાવવાની લાલચમાં કુંડાળામાં પગ મૂકી દીધો. પકડાયો તો કોઇને મોઢું બતાવવાને લાયક નહીં રહું.' પાટીલ માથું પકડીને બેસી રહ્યો.

'પાટીલ, તમે મુંઝાવમાં. કાંઇક રસ્તો નીકળશે.' કનુભાએ બીડી પેટાવતા ધીરજ બંધાવી.

'સર, તમારે રસ્તોગીનું મોઢું બંધ કરવું પડશે.' લીચી ધીમેથી બોલી.

'લીચી, એ પત્રકાર છે. એ શક્ય નથી.'

'એને સમજાવો...પૈસાની લાલચ આપો. પત્રકાર છે પટી જશે. અને ન માને તો ખતમ કરો.'

'હું નહીં કરું. તું કર....ખેલ તેં શરૂ કરેલોને.' ઉદયસિંહે મક્કમતાથી કહ્યું.

'ઓકે...તો હું રસ્તોગીને ફોન કરીને તમારું નામ આપી દઇશ કે તમારા કહેવાથી અમારે આ કામ કરવું પડ્યું હતું. અને પૈસાની બેગ મારા ઘરે છે જેમાંથી બે કરોડ તમે ઉપાડીને જગ્ગીને આપ્યા....તમારા ડ્રગ્સના ડીલ માટે.'

'ઓહ, તો વાત બ્લેકમેઇલ સુધી પહોંચી ગઇ.' ઉદયસિંહ મનમાં બબડ્યો.

'હું એને પૈસાની લાલચ આપી જોઉં છું....પછી શું થાય છે તે જોઇએ.' ઉદયસિંહ ટાઢે કોઠે બોલ્યો.

'...અને ન માને તો.?' લીચીએ પૂછ્યું.

'....તો હું એજ કરીશ જે તું કરવા માગે છે.' ઉદયસિંહે ઝડપથી કંઇક વિચારીને કહ્યું.

'પાટીલને બોલાવો.' લીચીએ કહ્યું. ઉદયસિંહે પાટીલને હાક મારીને બોલાવ્યો.

'પાટીલ, તમારે સરની સાથે રહેવાનું છે...રસ્તોગીનું મોઢું બંધ કરવાના કામમાં.' લીચીએ કહ્યું. મોઢું બંધ કરાવાની વાત સાંભળીને પાટીલના પગ ઢીલા પડી ગયા. એણે નહીં હકારમાં કે નહીં નકારમાં માથું ધૂણાવ્યું ને નીકળી ગયો.

****

અભિમન્યુ સિંહ ઓફિસમાં પહોંચ્યા ત્યારે એમના ટેબલ પર કોન્ફિડેન્શિયલ લખેલું એક કવર પડ્યું હતું. એમણે કવર ખોલ્યું. વાંચીને કોલ લગાડ્યો.

'મિ. કુમાર, ટુમોરો આઇ એમ કમિંગ ટું મુંબઈ.' ફોન કાપીને અભય તોમારને કોલ કર્યો. સર, એક અરજન્ટ કામથી મુંબઈ જાઉં છું.'

બીજે દિવસે અભિમન્યુ સિંહ અને એજન્ટ કુમાર ફાઇવ સ્ટાર હોટેલની કોફી શોપમાં બેઠા હતા અને ટેબલ પર પડ્યા હતા અમન રસ્તોગીએ હાઇવેની ઘટનાના છાપેલા અખબારી કટિંગ્સ.

'સર, રસ્તોગીના એન્ગલથી જોઇએ તો મુસળધાર વરસાદમાં ગુજરાતથી નીકળેલી કારમાં ડ્રગ્સ, પૈસા અથવા શસ્ત્રો હોવા જોઇએ. આઇ થિન્ક એમાં પૈસા ભરેલી બેગ હોવી જોઇએ અને એ બેગ અવસ્થી દિલ્હી લઇ જવાનો હશે. કેમકે એણે મુંબઈ-દિલ્હી માટે હેલિકૉપ્ટર બુક કરાવેલું...પણ કદાચ વરસાદને લીધે કે બીજા કોઇ કારણસર કેન્સલ કર્યું. ત્યારબાદ કાર અને મૃત ડ્રાઇવર મહારાષ્ટ્રની હદમાંથી મળી આવ્યા, પણ એમાં પૈસાની બેગ નહતી.

'કુમાર, રહસ્યમય મુદ્દો એ છે કે ડ્રાઇવરનું મર્ડર થયું નથી ને પૈસાની બેગ ગૂમ છે.' અભિમન્યુ સિંહે કહ્યું.

'સર, પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ એનું મોત હાર્ટઅટેકથી થયું છે.'

'એક સીધુસાદું તારણ બાંધી શકાય કે કોઇએ લૂટ ચલાવી અને દરમિયાન ડ્રાઇવર મરી ગયો પછી મૃત ડ્રાઇવર સાથે કારને ઝાડીજંગલમાં છોડી દીધી.' અભિમન્યુ સિંહે કહ્યું.

'અલિયાપુર પોલીસ ચોકી કે જેની હદમાંથી કાર મળી આવી..એણે પહેલાં તો મામૂલી ઘટના ગણી, પણ રસ્તોગીના અહેવાલને આધારે થાણેની ક્રાઇમ બ્રાન્ચને કોઇ મોટું કૌભાંડ લાગતા મધુકર રાંગણેકરને અલિયાપુર પોલીસ ચોકીમાં તપાસ કરવા મોકલ્યા. રાંગણેકર અલિયાપુરમાં ડેરાતંબુ તાણીને બેઠા છે અને પોલીસ ચોકી ઇન્ચાર્જ સોલંકીની મદદથી તપાસ ચાલુ છે...તપાસમાં તેમને ખાસ્સી માહિતી મળી હોવાનું મને જાણવા મળ્યું છે, પણ કારમાં શું હતું એનો ભેદ ઉકેલાયો નથી. ઇન શોર્ટ સર, રાંગણેકર અને રસ્તોગી બંને આ કેસની પાછળ છે.'

'કારમાં પૈસા હોવાની થિયરી મનમાં બેસે છે. એ પૈસા શસ્ત્રો ખરીદવા માટેના હતા.' અભિમન્યુ સિંહે કહ્યું.

'શસ્ત્રોશસ્ત્રો શા માટે સર.?'

ખાલિસ્તાની મૂવમેન્ટ માટે.....થોડા દિવસ પહેલાં જ આપણે પંજાબમાંથી શસ્ત્રોનો મોટો જથ્થો પકડ્યો છે. કમનસીબે એનો સૂત્રધાર ત્રાસવાદી ગુરચરનસિંઘ પોલીસ સાથેની અથડામણમાં માર્યો ગયો.'

'સર, પણ મને એ નથી સમજાતું કે પૈસાની બેગને વ્હીલ કેમ આવી ગયા...અને શા માટે.?' કુમારે કહ્યું.

'કુમાર, પૈસાની લૂટનું કોઇ તો કનેક્શન છે. આ કેસ સપાટી પર દેખાય છે એનાથી દસ ગણો ઊંડો છે. કારમાં પૈસા હોય તો એ પૈસા ગુજરાતથી આવતા હતા....ગુજરાતમાંથી ખાલિસ્તાની મૂવમેન્ટને પૈસાની મદદ કોણ કરે.? કેમ કે ત્યાં શીખોની સંખ્યા ઘણી ઓછી છે...તો એને મદદ મળી કોની.?' અભિમન્યુ સિંહ પોતાના દિમાગને ખોતરી રહ્યા હતા.

'ગુજરાતીઓ ખાલિસ્તાની ત્રાસવાદને ટેકો ન આપે.' કુમારે કહ્યું.

મુસ્લિમો....કદાચ આ કોમ હોઇ શકે. કારણ કે પંજાબમાં પકડાયેલાં શસ્ત્રો સરહદ પારથી જ આવેલા

(જુઓ પાનું ૧૩) ▶▶

feedback@bombaysamachar.com

ટૂંકી વાર્તા

મધુ રાય

ટેબલ એપલ પેની

ન્યુરોલોજિસ્ટ ડોક્ટર ખાને હરિલાલને કહ્યું કે હું તમને ત્રણ વર્ડ્ઝ આપું છું. થોડા વખત પછી પૂછીશ કે ક...યા/ ત્રણ વર્ડ/ હતા...?

હરિલાલે માથું હલાવ્યું, ઓક્કે. ડોક્ટરે મુઠ્ઠી વાળીને એક-એક આંગળી ખોલતાં કહ્યું, ટેબ...લ, / એપ...લ,/ પે...ની!

હરિલાલ અમસ્તાં ડાક્ટરને કહેવા લાગ્યા, ઈ તો આજથી દસ વરસ પછી બી તમે પૂછશો તો હું રાઈટવે કહી શકીશ ટેબલ એપલ પેની. પોબલેમ સું છે કે નોરમલ કોર્ષમાં કોઈ પોતાનું નામ કહે તો બે મિનિટમાં હું ભૂલી જાઉં છું. હમણાં જ તમારી રિસેપ્શનિષ્ટનું નામ પૂછેલું પણ એણે જેની કહેલું કે જાસ્મિન કે જેસિકા ઘેટ આઈ ફરગેટ.

ડો. ખાને હરિલાલની ખોપરી તરફ ઈશારો કરતાં જોક્સ મારી, કે દાદા, ઈ તો એઈજની વાત છે, યાહ? જુવાનીના ટાઈમમાં તો તમને આખે આખી નોવેલ યાદ રહી જતી હશે. હરિલાલને ગુસ્સો આવ્યો, કોઈ બી ડોક્ટર પાસે કાંઈ બી વાત લઈને જાઓ ત્યારે મારા બેટા ઈ બધા ઈલાજ કરવાને બદલે તમારી એઈજની પત્તર ફાડે.

ખોરાક ઓછો થઈ ગયો છે?

હવે ઉમ્મર થઈને, સાહેબ.

રાતે બહુવાર ઊઠવું પડે છે?

આ એઈજમાં પછી એવાં બધાં કોમિક થવાનાં.

પેચોટી ખસી ગઈ છે.

દાદા, હવે ગઢપણમાં સહેજ ઓગણીસવીસ તો રેવાનું.

હાળાં તમે કોય ગૈઢા નથી થા+તા? હરિલાલને હજીયે સિનેમાના ડાયલોગ ટોપટુબોટમ મોઢે રહી જાય છે. ક્યા તુમ્હારા ખૂન ખૂન હૈ ઓર હમારા ખૂન પાની? અનારકલી કો રિહા કર દિયા જાય! ગાઈડ મૂવીના સીનબાયસીન ડાયલોગ ટોટલ બાયહાર્ટ. હજી ત્રણચાર માઈલ ચાલવામાં કોઈ પોબલેમ નથી. ને આ એક શોર્ટટાઈમ મેમોરીનો બાવો તો લોન્ગટાઈમથી ઘૂણે છે. ગયા સનિવારે કેનેડાથી ગ્રાન્ડસન પહેલીવાર પગે લાગવા આવેલો તો એનું નામ જ યાદ ન આવે. બેટા બેટા કહીને કેરિઓન કરવું પડેલું.

ડાક્ટર સાહેબ, હરિલાલે લાફિંગલી લાફિંગલી કહ્યું, ડાક્ટર સાહેબ, તમને યાદ નહીં હોય પણ બે વરસ પહેલાં હું તમારી પાસે આવેલો. ને તમારી ભેગી એક ધોળી છોકરી ડોક્ટર પણ તમારા ભેગી ઈન્ટર્નનું કરતીતી. ઈ વાત વાતમાં મારા સાથળ ઉપર થાપો મારતીતી.

વ્હૂ? વેરોનિકા? ડાક્ટરે સહેજ ઝંખવાણા થઈને કહ્યું. ને મનમાં કહ્યું, હા હા, ઈ તનેયે જલસા કરાવતી હસે, ડામીચ. ડામીચે હરિલાલને ગૈઢો કહ્યાનું વેર વળી ગયું.

તો હવે? હરિલાલે પૂછ્યું. મેમોરીનું સું કરસું?

ડાક્ટરે કમ્પ્યુટરના માઉસને સહેજ અડી લીધું. તમે ક્રોસવર્ડ પઝલ કરો. મેમોરીની ગેઈમ્સું રમો. કોઈનું નામ પૂછો એની સાથે કાંઈક જોડીને યાદ રાખ રાખો. નામ હોય રોબર્ટ તો યાદ રાખવું કે લાઇક રોબર્ટ કેનેડી. નામ હોય જેની, તો યાદ રાખવું જેની લાઇક પેની.

ઈ બધું થઈ ચૂઈકું છે, ડાક્ટર.

વેલ, તો પછી મગજનો એમારાઈ કરાવો. અંદર કાંઈ ઓર્ગેનિકલી રોંગ હોય તો ખબર પડે, યુ નો? ડોક્ટરે પોતાના મગજ ઉપર ચળ કરી. ધત્ત! હજાર ડોલરનું આંધણ? ફરગેટ ઈટ! હરિલાલે મનમાં ને મનમાં ડોક્ટરની બહેનને બેડ વર્ડ કહ્યા.

તેનું મોઢું જોઈને ડોક્ટર ખાનગી વાત હોય તેમ બોલ્યા, તમારે હજાર ડોલર ન ખરચવા હોય તો એક લેટેસ્ટ ટેક્નોલોજીનો ઉપાય છે પણ ઈ હજી સરકારે એપ્રૂવ કર્યો નથી, ઓકે? તમે ઇચ્છો તો એના ટેસ્ટિંગમાં ભર્તી થઈ શકો, પણ ઈ આપણું ટોપ સિક્રેટ, હોંકે? હરિલાલે માથું હલાવ્યું, હોંકે.

આજુબાજુ જોઈને ડોક્ટરે હરિલાલને ફિંગડી પકડીને ઊભા કર્યા. અંદરના રૂમમાં લઈ જઈને કહે કે એ ઈલાજનું નામ છે, ડીએનએ સ્પ્લાઈસિંગ. હરિલાલને ખબર હતી કે ડીએનએ શું હોય પણ ડીએનએનું સ્પ્લાઈસિંગ થાય?

ઓહ યસ, ડોક્ટરે ઇંગ્લિસમાં હા પાડી. તમે જોજોને, થોડા ટાઈમમાં યુ કેન ચેન્જ યોર આઈ કલર, યોર હેર, ઈવન યોર હાઈટ. હરિલાલની હાઈટ બાબત કોઈ બોલે તો બી એને માઠું લાગી જતું. પણ હમણાં લેટગો કર્યું.

ડોક્ટરે ઇંગ્લિસમાં ચાલુ રાખ્યું કે એક બેક્ટિરિયા બેઈઝ્ડ જિન થેરેપી છે જેને 'ક્રિસ્પર' કહેવાય છે, સી.આર.આઈ.એસ.પી.આર, ક્રિસ્પર. ડોક્ટરે એક મેગેઝિન બતાવ્યું. એમાં એની ડિટેલ્સું હતી. હવે પછીના જમાનામાં માણસ જન્મે એવો ને એવો જ આખી જિંદગી સફર કરે; ઓલ ઘેટ વિલ બી આઉટડેટેડ. તમારા ડીએનએ'ને કટ એન્ડ પેસ્ટ કરીને યુ કેન ડુ એની થિંગ. યુ કેન બી એનીથિંગ. યુ કેન લુક લાઈક હૃત્તિક રોશન. ને મજા ઈ છે, કે તમારા જે-તે ડીએનએ ગડબડ કરતા હોય તેને કાપીને એમાં સુધરેલા ડીએનએ જોડી દઈએ એટલે ઐશ્વર્યા રાય તમારી વાંહે વાંહે ફરવા લાગે. હરિલાલને 'કોઈ જે-તે' જેવા વર્ડઝ વાપરે તો કંટાળો આવતો. પણ આ ઐશ્વર્યાવાળી વાત ગમી.

ડોક્ટરે પંજો ગોળ ફેરવી ઉમેર્યું, ને યુ નોવ વ્હોટ? તમારા સુધરેલા ડીએનએ'ઝ આર પરમેનન્ટલી યોર્સ. તમારાં બેબીઝ બી બધા હૃત્તિક રોશનના કાકા જેવા બ્યૂટિફુલ થાય, હોંકે? ''હ્યુમન્સ વર્ઝન ૨.૦.''

તો બધા ઈ ક્રિસ્પર કેમ નથી કરાવતા?

બાબા, કરાવે છે, સિક્રેટલી! સ્ટ્રોકથી અપંગ થઈ ગયેલા હોકી પ્લેયર્સ મેક્સિકો જઈને એના સ્પાઈનલ કેનાલમાં સ્ટેમ સેલના ઈન્જિક્સન લ્યે છે. બાયડીયું બોટુલિનમ ટોક્સિનના રગડા ચહેરામાં કે કુલામાં પંપ કરાવે છે. કોકોક વાર એની સિમેન્ટનું પોયઝન હોરર મૂવી જેવું કામ કરે છે. ઈ રિસ્ક રહે છે. એટલે વાયડા અમેરિકાવાળા કહે છે કે કુદરત સાથે એવા અખતરા ન કરાય. સુપર રેઈસ બુપર રેઈસની મથાકૂટ થાય. કોઈ ગેરલાભ લ્યે. સાચા હૃત્તિકને બદલે ડુપ્લિકેટ હૃત્તિક ઐશ્વર્યાને બાયણે ઊભો રહે ને એવું બધું. ઈ ટ્રીટમેન્ટ ટોટલી સેઈફ ન થાય ત્યાં સુધી સરકાર રજા ન આપે.

હરિલાલ ડાક્ટરની સામું જોઈ રહ્યા.

ડોક્ટરે દોસ્તારીના અવાજે કહ્યું: અરે મુંઝાવ નહીં, જિગર! બ્રિટનમાં એક લાયલા નામની એક વરસની છોકરીને લ્યુકેમિયા થયેલો. કોઈ ઈલાજમાં સકસેસ ન મળતાં ડોક્ટરોએ જિન થેરેપી કરીને તો સાજી થઈ ગઈ છે. ને ચીનમાં જિન થેરેપીથી એક કૂતરાને દારાસિંગ જેવા મસલ્સવાળો કરી દેવાયો છે. ને દુનિયાભરના એથલીટ વાટ જોવે છે કે અમારો વારો ક્યારે આવશે! એકાદ બે વરસમાં બ્લાઈન્ડનેસનો ઈલાજ પણ હાથવેંતમાં હશે. ડોન્ટ વરી, ડોન્ટ વરી. (ક્રમશઃ) ■

henry.shastri@bombaysamachar.com

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી

પડ્યા ચભાડ પાંચશો, સોઢા વીશુ સાત, એક તેતરને કારણે અળ રાખી અખિયાત

ડહાપણભરી અનેક વાતો સૂત્ર રૂપે સુભાષિતમાં રજૂ થાય છે. કવિ તેમાં ગાગરમાં સાગર ભરવા જેવું કાર્ય કરે છે. એમાં કાવ્યતત્ત્વની ઉપસ્થિતિ પણ અપેક્ષિત હોય છે. જીવન જીવવાના માર્ગ સૂઝાડતા સિદ્ધાંતો તેમાં હોય છે, જે મનુષ્યને અવારનવાર ખપ લાગે છે. તેમાં વ્યંગ્ય, કટાક્ષ ઉપરાંત જીવનને જોવાની એક આગવી દૃષ્ટિ પણ મળતી હોય છે. કવિશ્વર દલપતરામ (દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડી)ની કેટલીક કૃતિઓ ચિરંજીવી છે તો કેટલીક અત્યંત માર્મિક છે, પણ કાળાંતરે વિસરાઈ ગઈ છે. તેમની સંશોધન રચના 'રત્નમાળા'માં 'મુળીના પરમારો'ની વાત આલેખવામાં આવી છે. દુષ્કાળને કારણે સોઢા - પરમાર મૂળી (સુરેન્દ્રનગર જિલ્લાનો તાલુકો) આગળ આવી વસ્યા. સુરેન્દ્રનગર જિલ્લો જૂના ધ્રાંગધ્રા, સાયલા, વઢવાણ, લીંબડી, લખતર તેમજ ઝાલા રાજપૂત દરબારોના રજવાડા અને મૂળી પરમાર રાજપૂત દરબારના રજવાડાઓનો બનેલો જીલ્લો હતો. સોઢા ખૂબ મહેનતુ અને વીર પ્રજા હતી. સાયલામાં શૂરવીર ચભાડોનું શાસન હતું. જો સોઢાઓ મૂળીમાં ઝાઝો વખત રહેશે તો પોતાની જાગીરને અડચણ ઊભી થશે એવો

કલ્પિત ભય ચભાડોને ઘેરી વળ્યો. એ સમયે વઢવાણ રિયાસતમાં વિશળદેવનું શાસન ચાલતું હતું. વિશળદેવની બીજી પત્ની સોઢાઓની તરફની જોઈ ઈર્ષ્યાથી બળવા લાગી. સીધી રીતે સોઢાઓનો વાળ પણ વાંકો કરી શકાય એમ ન હોવાથી રાણીએ શિકાર કરવાને બહાને સોઢાઓને હેરાન કરવાની યોજના બનાવી. એક વેળાએ સૈનિકો અને મોટી સંખ્યામાં શિકારીઓ લઈ સોઢા પરમારની સીમા તરફ શિકાર કરવા ગયા. એક તેતર દેખાતા શિકારીએ તીર છોડ્યું જે તેતરને વાગ્યું પણ એ તેતર ઉડતા ઉડતા સોઢા પરમારની હદમાં આવીને પડ્યું. તેતરને શોધતા રાણીના માણસો થોડી વારમાં ત્યાં આવી પહોંચ્યા અને 'અમારો શિકાર અમને સોંપી દો' એવી માગણી કરી. આ સાંભળી ચભાડનાં રાણી બોલ્યા કે 'આ પક્ષી અમારે શરણે આવ્યું છે અને શરણે આવેલાનું રક્ષણ કરવું એ રાજપૂતનો ધર્મ છે.' અકળાયેલા વિશળદેવનાં રાણીએ યુદ્ધ છેડ્યું પણ સોઢા પરમારના લડવૈયાની વીરતા સામે વિજય મેળવવો મુશ્કેલ લાગતા સોઢા પરમારના કુંવર મુંજાજીને છળકપટથી માર્યા. આજુબાજુના સોઢા પરિવારને જાણ થતા એ પણ દોડી આવ્યા અને ઘમાસાણ યુદ્ધમાં ૧૪૦ સોઢા અને ૫૦૦ ચભાડો મૃત્યુ પામ્યા. શરણે આવેલાની રક્ષા કાજે રાજપૂતોએ પ્રાણનું બલિદાન આપ્યું. આ ઇતિહાસની ગાથા પરથી શ્રી દલપતરામની કલમમાંથી સલામ કરતી પંક્તિઓ અવતરી છે કે પડ્યા ચભાડ પાંચશો, સોઢા વીશુ સાત, એક તેતરને કારણે અળ રાખી અખિયાત. અળ એટલે ભૂમિ, અખિયાત એટલે હેમખેમ, સહી સલામત, વીશુ સાત એટલે વીસ ગુણ્યા સાત બરાબર એકસો ચાલીસ - ૧૪૦. (કેટલા વીશે સો થાય છે? કહેવત જાણીતી છે).

ENગ્લિશ વિંગ્લિશ — BARK and BARK

સાંભળવામાં આવેલી વાત કાયમ સાચી જ હોય એ જરૂરી નથી. તમને જો ફોનમાં કોઈ કહે કે સાહેબ બગીચામાં મરવા પડ્યા છે તો તમે મૂંઝાઈ જાવ કે ચિંતામાં પડી જાવ અથવા ગભરાઈ જાઓ એવી સંભાવના છે. જોકે, પછી ખુલાસો થાય કે વાત એમ હતી કે 'સાહેબ, બગીચામાં મરવા પડ્યાં છે.' વાત એમ હતી કે બગીચામાં મરવા એટલે કે આંબાના ઝાડ પર આવતા ફૂલ કે ફૂલમંજરી નીચે પડ્યા હોવાની માહિતી તમને આપવામાં આવી હતી. અંગ્રેજીમાં Homograph તરીકે ઓળખાતા શબ્દો છે જેના સ્પેલિંગ સરખા હોય છે પણ એના અર્થ અલગ અલગ હોય છે. જો સાંભળ્યા પછી ચોકસાઈ ન રાખવામાં આવે તો દ્રોણાચાર્ય જેવી ગફલત થઈ શકે છે. Bark એટલે શ્વાનના ભોંકવાનો અવાજ પણ થાય અને Bark એટલે વૃક્ષની ચાલ એવો પણ અર્થ થાય છે. એટલે એના વપરાશના આધારે જ હોમોફોન્સના અર્થ સમજવા જોઈએ. નહીં તો વૃક્ષમાં શ્વાનના ભૂંકવાનો અવાજ સંભળાવા લાગે. કેટલાક ઉદાહરણ તપાસીએ. BEAR શબ્દથી શરૂઆત કરીએ. આ શબ્દનો એક અર્થ થાય છે રીંછ નામનું પ્રાણી. Bears are aggressive towards humans. રીંછ મનુષ્ય પ્રતિ અત્યંત આક્રમક જોવા મળે છે. આ જ શબ્દનો બીજો અર્થ થાય છે સહન કરવું. I can't Bear the hot weather of summer. ઉનાળાની ગરમી મારાથી સહન નથી થતી. ધારણ કરવું એવો પણ એનો અર્થ થાય છે. She cannot

bear children. એ ગર્ભ ધારણ નથી કરી શકતી. I put an end to that relation. મેં એ સંબંધનો અંત લાવી દીધો. હવે બીજા હોમોગ્રાફ CLOSEની વાત કરીએ. આ શબ્દનો એક અર્થ છે બંધ કરી દેવું કે અંત લાવી દેવો. When I reached your office, it was close. હું તમારી ઓફિસે પહોંચ્યો ત્યારે એ બંધ થઈ ગઈ હતી.. The hotel is Close to the station. અહીં ક્લોઝનો અર્થ નજીક એવો છે. હોટેલ સ્ટેશનની નજીક છે. They are standing Close to each other. બંને જણ એકબીજાની નજીક ઊભા છે. FAIRના બે અર્થ છે. એક અર્થ ગોરું કે રૂપાળું એવો થાય છે. Your daughter has a very Fair complexion. તમારી દીકરી બહુ રૂપાળી છે કે એનો વાન ગોરો છે. બીજો અર્થ યોગ્ય, બરાબર એવો પણ થાય છે. I didn't get Fair treatment in your house. તમારા ઘરમાં મારી સાથે યોગ્ય વર્તન ન થયું. FINE પણ જાણવા જેવો હોમોગ્રાફ છે. અલબત્ત એના બંને અર્થ અત્યંત પ્રચલિત છે. I hope you all are Fine. અહીં ફાઈન શબ્દનો અર્થ થાય છે મજામાં કે આનંદમાં. હું આશા રાખું છું કે તમે બધા મજામાં હશો. The driver had to pay a heavy Fine for rash driving. ખરાબ રીતે વાહન ચલાવવા બદલ ડ્રાઈવરને ભારે દંડ ચૂકવવો પડ્યો. આવા અનેક હોમોગ્રાફસ અંગ્રેજી ભાષામાં જોવા મળે છે.

સગ્ગી બહિણ — તૂ કા આઈ - તુકાઈ

બોલાતી ભાષામાં સ્થળ સાથે બદલાવ આવે એ આપણે જાણીએ છીએ. એટલે જ મુંબઈના ઢોકળા સુરતમાં ઈંદડા બની જાય છે. કોઈ શહેરમાં ગળી રોટલી પૂરણપોળી તરીકે પીરસાય તો કોઈ બીજી જગ્યાએ એ જ ગળી રોટલી વેડમી બની જાય છે. સ્થળ ઉપરાંત સમય સાથે પણ કહેવત કે રૂઢિપ્રયોગ સંક્ષિપ્ત રૂપ ધારણ કરે એવા ઘણા ઉદાહરણ છે. આ સંદર્ભમાં રામાયણનો એક સરસ પ્રસંગ સમજવા જેવો છે. આપણે ત્યાં રામાયણના અનેક સ્વરૂપ જોવા મળે છે. એમાંના એક સ્વરૂપની કથા જાણવા જેવી છે. રાવણ સીતાજીનું અપહરણ કરી તેમને લંકા લઈ ગયો એ પછી ભગવાન શ્રી રામ ખૂબ અસ્વસ્થ થઈ ગયા હતા. સીતાજીને ગોતવા, એમને શોધવા ચારેકોર પ્રયાસ કરવા લાગ્યા હતા. શ્રી રામની આ અવસ્થા જોઈ પાર્વતી મૈયા (મહારાષ્ટ્રના તુળજા ભવાની) વ્યથિત થઈ ગયા. રામનું દુઃખ હળવું કરવા પાર્વતીજી સીતાનું સ્વરૂપ ધારણ કરી રામ પાસે પહોંચી ગયા. જોકે શ્રી રામ તરત તેમને ઓળખી ગયા. રામ ઉદાસપણે મ્હાણાલે, 'તૂ કા આઈ' મ્હણજેચ 'આઈ તૂ કા આલીસ? યામુળેચ આજહી આપણ તુળજા 'તુકાઈ' યા નાવાનેચ સંબોધતો. ઉદાસ ચહેરે એટલું જ બોલી શક્યા કે 'મા, તું કાં? મતલબ કે મા, તું કેમ આવી? મરાઠીમાં તૂ કા આઈ સંબોધન પછી તુકાઈ બની ગયું. એટલે આજે પણ તુળજા ભવાની માતાને 'તુકાઈ' તરીકે સંબોધન કરવામાં આવે છે.

રાષ્ટ્રભાષા — ગુજરાતી કહાવત હિંદી મેં

હિન્દી આપણી રાજભાષા છે.સરકારી કાર્યાલયમાં કામકાજ માટે હિન્દીને રાજભાષાનો દરજ્જો ૧૯૪૯માં આપવામાં આવ્યો છે. જોકે, ઉત્તર પ્રદેશમાં બોલાતી હિન્દી અને ગુજરાતમાં જે રીતે બોલાય છે એમાં ખાસ્સો ફરક હોય છે. એમાંય બમ્બૈયા હિન્દી તરીકે ઓળખાતી ભાષાની ફ્લેવર તો એકદમ અનોખી હોય છે. જોકે, ગુજરાતી કહેવત હિન્દીમાં જન્મ લે છે ત્યારે ભાષા શુદ્ધતા એમાં ભારોભાર જોવા મળતી હોય છે. દૂઝણી ગાયની લાત પણ સારી કહેવત તમે સાંભળી હશે. ફાયદો કરાવી આપનારના દોષ સહન કરી લેવા એવો એનો ભાવાર્થ છે. હિન્દીમાં આ કહેવત માત્ર ભાષા ફેર સાથે અને કોઈ પણ બદલાવ વિનાના દુઘારુ ગાય કી લાત ભલી સ્વરૂપમાં એ જોવા મળે છે. સીંદરી બળે પણ વળ ન છોડે કહેવતમાં જિદ્દી સ્વભાવની વ્યક્તિ ગમે એવું નુકસાન થાય એ સહન કરી લે પણ પોતાનો સ્વભાવ ન છોડે એ ભાવ છે. હિન્દીમાં પણ આ કહેવત કોઈપણ વળ વિના સીધી દોરી જેવી રસ્સી જલ ગઈ પર ઐઠન ન ગઈ તરીકે નજરે પડે છે. ઐંઠન એટલે મરોડ અથવા વળ. આગળ ઉલાળ અને પાછળ ધરાળ ન હોવો કહેવત ગામડાના લોકો તરત સમજી જાય. બળદોને ધૂંસરીએ જોડવામાં આવતા હોય છે. જો ધૂંસરી તરફ વજન વધારે હોય તો બળદ થાકી જાય. ધૂંસરીનું દબાણ આવે. આ સ્થિતિને ધરાળ કહે છે. જો એવું વજન પાછળ આવી જાય તો તેને ઉલાળ કહેવાય છે. કોઈ પણ જવાબદારી લેવાનો નકાર કે પરવા ન હોવી એ દર્શાવવા આ કહેવત વપરાય છે. આ કહેવત હિન્દીમાં આગે નાથ ન પીછે પગહા એવા અલગ સ્વરૂપે નજરે પડે છે. અર્થમાં પણ થોડો ફરક છે. નાથ એટલે ધણી અથવા માલિક અને પગહા એટલે પશુના ગળામાં બાંધવાનું દોરડું. આગે નાથ ન પીછે પગહા કહેવતમાં પશુનો કોઈ માલિક નથી કે એના ગળામાં દોરડું પણ નથી બાંધેલું એવી અવસ્થા છે. મતલબ કે કોઈ નિયંત્રણ નથી. કોઈ વ્યક્તિ જેને કોઈ દરકાર ન હોય કે કોઈની પરવા ન હોય એવા માણસ માટે આ કહેવત વપરાય છે. ■

praful.shah@bombaysamachar.com

વિશ્વના યુદ્ધવીર

પ્રફુલ શાહ

દુર્ગાદાસની મહાનતા પર થઈ ગયો ઔરંગઝેબ ઓળઘોળ

(૩૯)

ક્રૂર, સ્વાર્થી, ધર્માંધ અને સત્તા-લાલસી ઔરંગઝેબની નજર સામે જે આવ્યું કે કલ્પનાતીત હતું. દુર્ગાદાસ રાઠોડ જેવો દુશ્મન આટલો બધો માનવતાવાદી અને સર્વધર્મમાં માનનારો? પોતે દુશ્મનોને સપરિવાર રહેંસી નાખનારો અને તેણે તો મારા પરિવારજનોને આશ્રય, જીવન અને અમારા જ ધર્મનાં સંસ્કાર આપવાની જોગવાઇ સુધ્ધાં કરી?!

અંદરનો માનવી વધુ જાગે અને વિચારે એ અગાઉ બાદશાહે એના પર તરાપ મારી. છતાં દુર્ગાદાસ રાઠોડથી પ્રભાવિત તો થયો જ, તેણે ઇશ્વરદાસ નાગરને માન-ઇનામ-આકરામ આપીને સૂચના આપી કે તાત્કાલિક દુર્ગાદાસ રાઠોડ અને શાહઝાદા મિર્ઝા મોહમ્મદ અકબરના દીકરા બુલંદ અખ્તરને મારી પાસે લાવવાની તજવીજ કરવા માંડો.

અંતે ઇ. સ. ૧૬૯૮ની ૨૦મી મેના રોજ ઇસ્લામપુરીમાં દુર્ગાદાસ રાઠોડ બાદશાહની શિબિરમાં પહોંચી ગયા. ઔરંગઝેબની છાપ ભયંકર ખરાબ હતી. છતાં દુર્ગાદાસ લેશમાત્ર ડર્યા નહીં. મુલાકાતના સમયે દુર્ગાદાસને શસ્ત્રો બહાર મૂકીને અંદર જવા જણાવાયું ને સમજદાર દુર્ગાદાસે હિમ્મતભેર એ સ્વીકારી લીધું, પરંતુ ઔરંગઝેબે આદેશ આપ્યો કે એમને શસ્ત્રો સાથે અંદર આવવા દો. દુશ્મન પર કેવો અનન્ય ભરોસો? ઔરંગઝેબે પોતાના ખાસ માણસને આગળ જઇને દુર્ગાદાસને અંદર લઇ આવવાનો આદેશ આપ્યો. આ કોઇ રાજા-મહારાજાને જ મળે એવું દુર્લભ સન્માન હતું.

ઔરંગઝેબે તો દુર્ગાદાસ પર એકદમ સમરકંદ બુખારા ઓવારી ગયો હોય એમ મોતીઓની માળા, અશ્વો અને મનસબ ભેટરૂપે આવ્યા. મનસબમાં એમની જાગીરમાં જોધપુર રાજ્યનું મેડતા, સિવાના અને જૈતરણા નામના પરગણા તથા ગુજરાતના રાણપુર, ધંધુકા, ઇસ્લામનગર, ઉપરાંતના ગામ આપ્યા. એટલું જ નહીં, દુર્ગાદાસના ભાઇ ખેમકરણ, પુત્ર તેજકરણ અને અભયકરણ અને પૌત્ર અનુપસિંહ ઉપરાંત કેટલાંય રાઠોડ સરદારોને મનસબ આપ્યા.

આ સાથે ઔરંગઝેબે મહારાજા અજિતસિંહને પણ પાંચસો અશ્વ સવાર અને જાલૌર-સાંચોરની જાગીરદારી પણ સોંપી. એકાદ સપ્તાહ બાદ દુર્ગાદાસ રવાના થયા, ત્યારે ભાવિના ગર્ભમાં કંઇક ભળતું જ રોપાઇ ચૂકયું હતું. ઔરંગઝેબે ખરેખર દિલથી દુર્ગાદાસને ઘણું બધુ આપ્યું હતું? એની સામે મહાન અજિતસિંહને ઇરાદાપૂર્વક ઓછું આપ્યું હતું? આ બન્ને વચ્ચે ખટરાગ ઊભો કરીને દુર્ગાદાસને પોતાની છાવણીમાં ખેંચી લેવાની ગંદી રમત હતી?

ખેર, મહારાજા અજિતસિંહને પહેલીવાર બાદશાહ ઔરંગઝેબ તરફથી સ્વીકૃતિ અને મનસબ મળ્યા હતા. તેમણે જાલોર અને સાંચૌર પર કબજો જમાવી દીધો. આને પગલે પાંચેક વર્ષ બન્ને છાવણીમાં શાંતિ રહી. દુર્ગાદાસ રાઠોડ સહિતના બધા રાઠોડ સરદારો પોતપોતાની જાગીર સાચવવામાં વ્યસ્ત થઇ ગયાં.

પણ ઇ.સ. ૧૭૦૦ની નવમી નવેમ્બરે કંઇક નવું બનવાનું શરૂ થયું. ઔરંગઝેબે મહારાજા અજિતસિંહને શાહી સેવામાં હાજર થવાનું ફરમાન મોકલ્યું. બહુ સમયથી ઘર્ષણમાં ઉતરવાનું નહોતું થયું પણ ઔરંગઝેબ પર જરાય વિશ્વાસ નહોતો. અલગ-અલગ કારણ અને માંગણી સાથે અજિતસિંહ જવાનું ટાળતા રહ્યાં. ઔરંગઝેબે કેટકેટલીયવાર કહેણ મોકલ્યા પણ એક તો એના પર પૂરેપૂરો અવિશ્વાસ અને સલાહકારોને લીધે મહારાજા અજિતસિંહ ધરાર ઔરંગઝેબને મળવા ન ગયા. શું આ શાંતિના અંતના પગરવ હતા? શત્રુતાની સિકવલની શરૂઆત હતી? આમાં દુર્ગાદાસ રાઠોડે ફરી મહત્ત્વની ભૂમિકા ભજવવાનો સમય નજીક આવી રહ્યો હતો. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

ભારતીય દૃષ્ટિએ ઈતિહાસ

ડૉ. રાજેશ ચૌહાણ

શક્તિશાળી ને સક્ષમ રાષ્ટ્રના નિર્માણમાં ઈતિહાસ સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે

''તમે ઇતિહાસ સાંભળો, મેં મારા પિતા વ્યાસજી, દેવર્ષિ નારદ અને મહર્ષિ દેવલ પાસેથી વિધિપૂર્વક સાંભળ્યું હતું.'' - મહર્ષિ શુકદેવજી

આજની પેઢી ઈતિહાસ વિષયને નકામો ગણે છે. અમુકને તો પ્રશ્ન થાય કે, ઇતિહાસ ભણવાથી કે જાણવાથી શું ફાયદો? ભૂતકાળમાં જે બન્યું તેની વર્તમાન સમયમાં ચર્ચા શા માટે કરવી જોઈએ? આવો પ્રશ્ન સાંભળીએ ત્યારે ખૂબ દુખ થાય. ભૂતકાળ પરથી જ વર્તમાન અને ભવિષ્ય ઉજળું બનતું હોય છે. એ બાબતે પ્રશ્ન કરનાર અજ્ઞાની છે. ખરેખર પ્રજાએ ઇતિહાસમાંથી થોડોક પણ બોધપાઠ લીધો હોત તો વિશ્વમાં જે યુદ્ધો, હુમલા થઈ રહ્યા છે એ ન થાય અથવા તેને અટકાવી શકાય. ભૂલોમાં ઊંડા ઊતરીશું તો એવો જ નિષ્કર્ષ નીકળશે કે આ તો આપણી ભૂતકાળની ભૂલોનું જ પરિણામ છે.

શક્તિશાળી અને સક્ષમ રાષ્ટ્રના નિર્માણમાં ઇતિહાસ સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઉચ્ચ માનવીય ગુણો અને દેશભક્તિથી ભરેલી યુવા પેઢી માટે આપણા પૂર્વજોના ગૌરવપૂર્ણ કાર્યોનું જ્ઞાન, પ્રેરણા અને માર્ગદર્શનનું કામ કરે છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં સંસ્કારોનું બીજારોપણ પરંપરાગત રીતે મહાપુરુષોની ગૌરવગાથા, મહાન નાયકોના મહાન કાર્યો દ્વારા કથા/વાર્તાઓથી થતું રહ્યું છે.

છગનલાલ બોહરા પોતાની એક શોધમાં જણાવે છે કે, વેદ, પુરાણ, મહાભારત, શ્રીમદ્‌ભાગવત, જૈનઆગમ, રામાયણ વગેરે ઇતિહાસનો ભંડાર છે. સૃષ્ટિના આરંભથી અત્યાર સુધીની ઐતિહાસિક માહિતી અને કાળક્રમના જ્ઞાનથી સમૃદ્ધ છે. દરેક ગામમાં તેનું પારાયણ પ્રજાની સામે વિદ્વાન કથાકારો, ઉપદેશકો, સંતો અને ઋષિમુનિઓ દ્વારા હજારો લાખો વર્ષોથી ચાલતુ આવ્યું છે. શ્રીમદ્‌ભાગવતમાં મહર્ષિ શુકદેવજી રાજા પરીક્ષિતને કહે છે, ''તમે ઇતિહાસ સાંભળો.''

મેં તેને મારા પિતા વ્યાસજી, દેવર્ષિ નારદ અને મહર્ષિ દેવલ પાસેથી વિધિપૂર્વક સાંભળ્યું હતું.'' તેમાં વર્ણિત પૂર્વજોનો મહાન ઇતિહાસ અને ઉત્કૃષ્ટ જીવન ચરિત્રનું વર્ણન સમાજને માર્ગદર્શન આપતું રહ્યું છે અને ભારતીય સમાજને એક શ્રેષ્ઠ સમાજ અને વિશ્વ નેતા તરીકે સ્થાપિત કરવા માટેનું મૂળ કારણ રહ્યું છે. આ જીવનશક્તિ હતી જેના બળ પર બર્બર વિધર્મી આક્રમણો દરમિયાન પણ ભારતીય સંસ્કૃતિ ટકી રહી અને વિશ્વની સામે મજબૂત રીતે ઊભી છે, જ્યારે અનેક દેશો બર્બર આક્રમણોથી નાશ અને ભ્રષ્ટ થયા.

જો તમારે કોઈ દેશને ગુલામ બનાવી રાખવો હોય તો સૌથી પહેલા તેના ઈતિહાસનો નાશ કરો. વિદેશી શાસકોએ આ હકીકતને ઓળખી અને ભારતીય પ્રજાની શ્રેષ્ઠતાના સ્ત્રોત એવા ભારતના ઉજ્જ્વળ અને ઉત્તમ ઈતિહાસને ખોટો, બનાવટી અને કાલ્પનિક કહીને નકારી કાઢ્યો. તેના બદલે, તેમણે વિકૃત ઇતિહાસ અભ્યાસક્રમોમાં શીખવવાનું શરુ કર્યું. આ વિકૃત ઈતિહાસના સર્જન માટેનું ષડયંત્ર હતું જેમાં ભારતીયોને હંમેશા હારેલા, શોષિત, વિશ્વાસઘાત અને રાજદ્રોહી તરીકે દર્શાવવામાં આવ્યા. આપણા યુવાનોના મનમાં એક હીનતા, વ્યક્તિની જાતિ, સમાજ, ભાષા, પહેરવેશ, ખોરાક, રીતરિવાજો, દેવતાઓ, મહાપુરુષો અને દેશભક્તો પ્રત્યે ઉપેક્ષા અને હીનતાની લાગણી પેદા કરે છે. બાળકોના મનમાં સારા સંસ્કારો અને સદગુણોને બદલે ગુલામીની લાગણીઓનો ભાવ જન્માવે છે. વિદેશી શાસકોને ગુલામી માનસિકતા ધરાવતા ભારતીયોની જરૂર પોતાનું શાસન ચલાવવા અને ગુલામ રાખવા માટે આ ષડયંત્રમાં અમુક અંશે સફળ પણ થયા હતા.

ધમાર્થ કામમોક્ષાણામુપદેશ સમાન્વિતમ્
પૂર્ણ કથાયુક્તમિતિહાંસપ્રચશતે

ભારતીય ઋષિઓએ ઈતિહાસને પાંચમો વેદ માની તેને જ્ઞાન પ્રાપ્તિ માટેનું શ્રેષ્ઠ માધ્યમ ગણાવ્યું છે. જીવનના ચાર પુરુષાર્થ - ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સાધના કરવાવાળા ઉપદેશ યુક્ત પ્રાચીન કાળની શ્રેષ્ઠ ઘટનાઓ અને જીવનના પ્રેરણાદાયી ચરિત્રોથી લોકોને સંસ્કારિત કરવાવાળો ભારતીય ઈતિહાસ પાંચમો વેદ છે.

ભારતીય સાહિત્ય ગ્રંથોના લેખકો તેમની પહેલાં બનેલી ઘટનાઓ, પ્રાચીનકાળના મહાપુરુષો, નાયકો અને અવતારોનો ઉલ્લેખ કરતા હતા. મહાભારત, રામાયણ, શ્રીમદ્ ભાગવત, જૈન પુરાણ વગેરે પુસ્તકો તેમના ઉદાહરણો છે. બ્રહ્માંડમાં બનેલી તમામ મુખ્ય ઘટનાઓનું વર્ણન આ ગ્રંથોમાં સંક્ષિપ્તમાં અથવા વિગતવાર રીતે ઉપલબ્ધ છે. વર્તમાન સૃષ્ટિના આરંભથી લઈને સમગ્ર કાલગણના, કલ્પ, મન્વતરો, યુગો, ત્યાગ/બલિદાનની ગણતરી અને આ સમયચક્રની મધ્ય પૃથ્વી પર થઈ રહેલા ફેરફારો, મનુષ્ય, દેવતા અને સમગ્રજીવની સૃષ્ટિ પર થનાર અસરોનું વર્ણન આપણા ધાર્મિક ગ્રંથોમાં જે વાસ્તવમાં ઈતિહાસના ગ્રંથો છે, જેમાં ઉપલબ્ધ છે જેના અભ્યાસ અને શિક્ષણ આપણી પ્રાચીન શિક્ષણ પદ્ધતિનો મૂળ આધાર હતો. જીવન માટે જરૂરી અન્ય તમામ જ્ઞાનવિદ્યાઓ, વાણિજ્ય, વેપાર, ખેતી, ચિકિત્સા, તીરંદાજી, યુદ્ધ, શસ્ત્ર, તંત્ર, હસ્તકલા, કળા, કૌશલ્ય, સમાજશાસ્ત્ર અને જીવનના સૌથી સૂક્ષ્મ જ્ઞાનનું શિક્ષણ આ ધાર્મિક ઇતિહાસ ગ્રંથોની આસપાસ, ગુરુકુળો અને ઋષિમુનિઓના આશ્રમોમાં અપાતું/મળતું હતું. મનુષ્યને જીવનના તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ જ નહી, પરંતુ નર થી નારાયણ સુધીનો માર્ગ બતાવનાર શિક્ષણ પદ્ધતિ આપણી સંસ્કૃતિને અકબંધ રાખવાવાળી જીવન શક્તિ હતી. મહાભારતમાં વીર માતા વિદુલાની એક ઘટના છે, તેનો પુત્ર સંજય યુદ્ધમાં પીઠ બતાવીને ભાગી ગયો. ત્યારે માતા વિદુલા તેને તેના પૂર્વજોના પરાક્રમી કાર્યોની યાદ અપાવે છે. સંજયની બહાદુરી અને આત્મસન્માન જાગે છે અને તે સિંહની જેમ દુશ્મન પર ત્રાટકીને વિજય હાંસલ કરે છે. (મહાભારત ઉદ્યોગ -પર્વ) વિદુલા સંજયના આ વૃતાંત દ્વારા માતા કુંતી પાંડવો માટે ક્ષાત્રધર્મનું પાલન કરવા યુદ્ધ માટે તૈયાર રહેવાનો સંદેશ શ્રીકૃષ્ણના માધ્યમથી મોકલે છે.

મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ જયારે ગુરુ વશિષ્ઠ પાસે અભ્યાસ કરવા જાય છે, ત્યારે ગુરુ વશિષ્ઠજી તેમને તેમના પૂર્વજો મનુ, ઋષભદેવ, ભરત, હરિશ્ચંદ્રથી લઈને રઘુ અને દશરથ સુધીના તમામ મહાપુરુષોનો ઈતિહાસ સંભળાવી તેમના શ્રેષ્ઠ માનવીય ગુણો અને મહાન કાર્યોની યશોગાથાઓથી તેમને પ્રેરણા આપે છે. યોગીરાજ શ્રી કૃષ્ણના જીવનમાં શ્રી ઋષિ સાંદીપનિએ ભૂતકાળમાં ધ્રુવ, પ્રહલાદ, શ્રીરામ, હનુમાન વગેરે જેવા અનેક મહાપુરુષોના વૃતાંત સંભળાવી તેમની શ્રેષ્ઠતાને જાગૃત કરી. છત્રપતિ શિવાજીને માતા જીજાબાએ રામાયણ અને મહાભારતની શૌર્ય કથાઓ સાંભળાવી તો જીવન શોર્યમય બન્યું.

इदं पुसधनं चैव वीरा जनमेध च।
अमिक्ष्णं गभिणी श्रुत्व ध्रुवं प्रजयेस ।।
(મહાભરત-ઉદ્યોગ ૧૩૩ વં અધ્યય)

સદ સંસ્કારના બીજ બાળકોના હૃદયમાં આ પ્રકારે શૌર્યપૂર્ણ ઈતિહાસ કથાઓ સંભળાવીને કરી શકાય છે. મહાત્મા ગાંધીના બાળમાનસ પર સત્યવાદી હરિશ્ચંદ્રના જીવનની એવી અસર પડી કે તેમણે જીવનભર સત્યનું આચરણ કરવાનું વ્રત સ્વીકાર્યું.

અંગ્રેજો ભારતમાં સ્થાપિત થયા. તેમણે ભારતીય શિક્ષણને નષ્ટ કરી પશ્ચિમી શિક્ષણ, વિકૃત ઇતિહાસ અને વિકૃત સંસ્કૃતિનું શિક્ષણ આપવાના વિચારથી નવી શિક્ષણ પ્રણાલી લાગુ કરી અને ભારતીય શિક્ષણ પ્રણાલી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. અંગ્રેજી માધ્યમ અને અંગ્રેજી શિક્ષણ પધ્ધતિથી ભણનારાઓને સરકારી નોકરીઓ, ઉચ્ચ હોદ્દાઓ, વિવિધ પ્રકારના હોદ્દા, રાય બહાદુર, સર, સાહેબ બહાદુર, અંગ્રેજોની સભા, મંડળીઓ અને ક્લબનું સભ્યપદ, લશ્કરી વહીવટ વગેરે સારી પોસ્ટની લાલચમાં ફસાવવામાં આવતા. અંગ્રેજ સ્ત્રીઓ સાથેના લગ્ન સંબંધો અને તેમાંથી જે નવો વર્ણસંકર એંગ્લો-ઇન્ડિયન વર્ગ તથા સાહિત્યકારો અને ઇતિહાસકારોનો એક વર્ગ ઊભો થયો જે અંગ્રેજ અને અંગ્રેજી માનસિકતાથી જોતા અને વિચારતા થયા.

બ્રિટિશ ઈતિહાસકારોએ આર્યો મધ્ય એશિયામાંથી ભારતમાં આવવાનો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો જેનો હેતુ ભારતની લાખો વર્ષ જૂની ઐતિહાસિક પરંપરા જે મનુ-ઋષભ-ભારત-સગર-હરિશ્ચંદ્ર, ભગીરથ, મહાવીર, રામકૃષ્ણથી આજ સુધી ચાલુ છે, તેને અસત્ય સાબિત કરીને ભારતીય સંસ્કૃતિનું મૂળ મધ્ય એશિયા અને યુરોપમાં સ્થાપિત કરવાનું હતું. તેમના મતે આર્યો મધ્ય એશિયામાંથી ભારતમાં આવ્યા અને ભારતીયોને સુશિક્ષિત કર્યા તેઓ પણ યુરોપમાંથી આવ્યા અને ભારતને સંસ્કારી અને શિક્ષિત બનાવી રાખ્યા; આર્યો, શક, હુણ, કુષાણ, મોંગોલ, તુર્ક, મુઘલો બધા બહારથી આવીને અહીં રાજ કર્યું તો તેઓ યુરોપમાંથી આવીને રાજ કરતા હોય તો એમાં ખોટું શું છે? ભારત અનેક દેશોના લોકો અને ઘણા દેશોની સંસ્કૃતિથી બનેલું છે. કાફિલે જુડતા ગયા કારવા ચલતા ગયા.

યુરોપીય સમાજની નિર્લજ્જ જીવનશૈલી યુરોપ, અમેરિકા અને રશિયાની આર્થિક ઔદ્યોગિક અને ટેક્નિકલ પ્રગતિના મૃગજળમાં તેઓ ભારતની પ્રાચીન શિક્ષણ પ્રણાલી, સદ્સંસ્કાર, મહાપુરુષ, ધર્મ અને આધ્યાત્મિકતાને રૂઢિચુસ્ત અને માનતા હતા. તેમણે ''નેશન ઇન મેકિંગ'' ની ફળસ્વરૂપના પ્રભાવથી ભારતની આત્માને નષ્ટ કરી. તેના પરિણામે આજે આપણે સામાજિક જીવનના દરેક ક્ષેત્રમાં જીવનમૂલ્યોના પતન દેખાઇ રહ્યું છે. ભ્રષ્ટાચાર, અનૈતિકતા, અસંવેદનશીલતા, આદર્શોનો અભાવ, દેશદ્રોહ, માનવ જીવનના શાશ્વત મૂલ્યોની અવગણના, ચારિત્રહીનતા અને આધ્યાત્મિકતા પ્રત્યેની ઉદાસીનતા જે આપણી યુવા પેઢીમાં ફેલાયેલી છે, આ બધું એ જ બિનરાષ્ટ્રીય, વિદેશી શિક્ષણ પદ્ધતિ અને ઈતિહાસ પ્રતિ બિનરાષ્ટ્રીય વિદેશી વલણનું પરિણામ છે.

વિદેશીઓનો પોતાનો સ્વાર્થ હતો કે તેઓ દેશને ગુલામ રાખવા માંગતા હતા. ક્રૂરતા, છેતરપીંડી અને ચાલાકી દ્વારા રાજ્ય કબજે કર્યાનું તેને ઘ

sanjay.chhel@bombaysamachar.com

મિજાજ મસ્તી

સંજય છેલ

વિચારોના વંટોળમાં ક્યા સોચતે હો?

ટાઇટલ્સ:
વિચાર ને વર્તન, સિક્કાની બે બાજુ.
(છેલવાણી)

એક ચિત્રકાર અને કવિ બંને ગાઢ મિત્રો. એમાં ય કવિ તો એની કવિતાઓ કરતાં યે ખૂબ જ સુંદર. કવિનો ચિત્રકાર મિત્ર, હંમેશાં કવિને કહેતો:

'આહા! તેં તો ચંદ્રનું રૂપ નીચોવી લીધું છે, યાર!'

વરસોથી એ ચિત્રકારને, કવિમિત્રનું યાદગાર ચિત્ર રચવાની ઇચ્છા હતી પણ કવિ હંમેશાં વાત ટાળીને કહેતો:

'કેમ? તારા વિચારોમાં બીજું કોઇ ચિત્ર, નથી આવતું?'

પછી તો એ ચિત્રકારનું જગતભરમાં નામ ગુંજયું અને રાજાએ એને રાજદરબારમાં ચિત્રો કરવા બોલાવી લીધો. ચિત્રકાર, રાજમહેલમાં રહેવા તો ગયો પણ ત્યારે કવિને 'વિચાર' આવ્યો કે એણે સૌંદર્યના સાચા ઉપાસક, જેવા ચિત્રકાર મિત્રને એણે ખોઈ નાખ્યો અને કવિનું દિલ ડંખ્યું કે: 'મેં એને મારું ચિત્ર કેમ કરવા ન દીધું?'

પછી ચિત્રકારની કલા, રાજમહેલના વૈભવમાં ગૂંગળાવા લાગી. ચિત્રકારને એક જ વાત ખટકતી કે એણે ઐયાશ રાજાની અનેક ઉપ-પત્નીઓ કે તવાયફોનાં શરીરોનાં ઝળહળતાં સૌંદર્યોની ચિત્રમાળા તૈયાર કરી નાખેલી, પણ મહારાજની પટરાણીનું ચિત્ર બનાવવાનું સૌભાગ્ય એને મળ્યું નહોતું. પછી વરસો બાદ મહારાજે ચિત્રકારને સૌંદર્યથી છલકાતી માદક મહારાણીનું ચિત્ર બનાવવાનો એકાંતમાં મોકો આપ્યો. પરંતુ આખરે જ્યારે મહારાજ પટરાણીનું ચિત્ર જોવા આવ્યા તો ચોંકી ઉઠ્યા.

કેન્વાસ પર રાણીને બદલે કોઈ બીજાનું જ ચિત્ર હતું!

મહારાજે ચિત્રકારને ધમકાવ્યો ત્યારે એની તંદ્રા તૂટી અને કેન્વાસ પરનું ચિત્ર જોઇને એ ખુદ ચોંકી ઉઠ્યો! આખરે મહારાજાએ ચિત્રકારને રાજદરબારમાંથી બરતરફ કરીને દંડ આપ્યો.

ચિત્રકાર તો ખુશ થઇ ગયો કે- 'હાશ, એને રાજમહેલની રૂપાળી જેલમાંથી મુક્તિ તો મળી.'

આખરે ચિત્રકાર પોતાનાં ગામ પાછા ફરીને તરત કવિમિત્રને મળવા ગયો.

વરસો બાદની પહેલી મુલાકાતમાં જ કવિએ ચિત્રકારને પૂછયું, 'બોલ, હવે તો મારું ચિત્ર દોરીશને?'

'તારું ચિત્ર તો તૈયાર છે.' ચિત્રકારે પેટી ખોલીને પેલું ચિત્ર કવિને આપ્યું. કવિ, ચિત્ર જોઇને સ્તબ્ધ થઇ ગયો કે એણે અસંખ્યવાર ખુદને આયનામાં જોયો હશે છતાં યે પોતાનાં આવાં રુપનો સાક્ષાત્કાર એને કદી યે નહોતો થયો. કવિએ ગદગદ થઇ ચિત્રને છાતીએ લગાડ્યું.

ત્યારે ચિત્રકારે કહ્યું, અરે..પણ આ તસ્વીર હજી અધૂરી છે!'

'ના ના. આને પૂરી કરવા જઇશ તો બગડી જશે.'કવિએ કહ્યું.

'અરે, પીંછીનાં ૪-૫ લસરકાઓ જ કામ બાકી છે. લાવ, પૂરું કરી આપું.'

'ના, તો આમાં મારા વિશે, તારા વિચારોની સુંદરતાનું જે અધૂરું રહસ્ય છે ને એ જ મરી જશે!' કવિએ સામી જિદ કરી. પછી આજન્મ સતત કવિ ને ચિત્રકાર પોતપોતાનો 'વિચાર' સમજાવવા મથામણ કરતા રહ્યા પણ એકમેકને કદી યે ના સમજી શક્યા કે ના સમજાવી શક્યા, કારણ કે એક કવિ હતો ને બીજો ચિત્રકાર. એક રંગ-આકારનો કલાકાર, બીજો શબ્દોનો. એકના વિચારમાં અક્ષર' હતા ને બીજાનામાં 'આકાર';. ફરક 'વિચાર' ની રજૂઆતની રમ્યતાનો છે.

બાય ધ વે, હમણાં 'ઇંટરનેશનલ થિંકિંગ ડે' ગયો. વિચાર';ને ઉજવવાનો પણ કોઇ એક દિવસ હોય- એ પણ વિચારવા જેવી વાત છેને?

ઇંટરવલ:
ખયાલોં મેં કિસી કે ઇસ તરહ આયા નહીં કરતે,
કિસી કો બેવફા, તડપાયા નહીં કરતે!
(કેદારનાથ શર્મા)

મહદ્‌અંશે, ચિત્રને ઘરમાં કે સ્ટુડિયોનાં એકાંતમાં કેન્વાસ પર ઉતારી શકાય છે, પણ કવિતા, શિસ્તની ગુલામ નથી. રસ્તો ક્રોસ કરતી છોકરીનાં સ્માઇલમાં કે બાળકની ડગમગતી ચાલમાં ક્યાંય પણ કવિતાનો વિચાર સ્ફૂરી શકે. ઓશોએ મીરાબાઇ વિશે કહેલું: 'મીરાંને કભી અપની રચનાએં ટેબલ-કુર્સી પર બૈઠ કે નહીં લિખી. મીરાં, તો ચલતી ગઈ, ઔર ગીત ઉસ કે પદચિહ્ન બનતે ગયે. મીરાં રોતી રહી, ગીત ઉસકે આંસુમેં ઝલકતે રહે...' અહીં બંધિયાર 'જગતનાં ' 'વિચાર' સામે રખડતા રઝળતા વિહારની જીત છે. એક 'વિચાર' ને કાગળ કે લેપટોપ કે કંપ્યુટર પર લખી શકાય છે, પણ ખરેખર જે ક્ષણે મન, હૃદય ને આંખનો ત્રિવેણી સંગમ થઈને કશુંક લખાય ત્યારે જ એમાં લેખકનું 'વિચાર-વિશ્વ ' આપોઆપ પ્રગટે છે. એ ક્ષણે કોઇ વિચાર વૈભવમાં કોઇ ગરીબ લેખક પણ ઘડી-બેઘડી, રાજપાઠમાં હોય છે. ક્યારેક 'વિચારો'નાં આવેગમાં લેખક, એકીશ્વાસે અમર રચના લખી નાખે છે તો ક્યારેક વરસો સુધી ગયાં જનમનાં ડૂમાંઓ જેવી લાગણીઓમાંથી ધીમે ધીમે, એની રચના સર્જાતી રહે છે.

'મરીઝ' જેવા ગુજરાતીનાં મહાન શાયર, સિગરેટનાં ઠૂંઠા પર ગઝલ સૂઝે તો લખી નાખતા તો વળી કવિ વેણીભાઈ પુરોહિતને મુંબઇની લોકલ ટ્રેનમાં કવિતાનો વિચાર આવતો તો કહેતા, 'મારે હવે તરત લખવું પડશે, હું ગાભણો (પ્રેગ્નંટ) થયો છું!' રહસ્યકથાઓની જગવિખ્યાત લેખિકા અગાથા ક્રિસ્ટીએ કહેલું: 'ખરેખર તો લખવા કરતાં વિચારોને મઠારવું કે ફરી ફરીથી લખવું વધુ અઘરું છે. તમે કપડાંને જેટલું વધારે ધૂઓ એટલાં જ એ વધુ ચમકે, એમ વિચાર પરથી જન્મેલા લાંબા લખાણને પણ ફરી ફરીને લખવું જોઈએ. કોઇપણ વિચારને એક યાદગાર રચના બનાવવા, રંધો મારવો પડે! '

એક બાળક, તળાવમાં સતત કાંકરાઓ ફેંક્યા જ કરતો હતો. આ જોઇને ત્યાં હાજર વૈજ્ઞાનિકે બાળકને આમ કરવાનું કારણ પૂછ્યું તો બાળકે કહ્યું: 'હું પથ્થર ફેંકું છું

તો પાણીમાં હંમેશ વર્તુળ જ થાય છે. ચોરસ કેમ નહી?'

ત્યારે વૈજ્ઞાનિકે કહ્યું, 'બેટા...પાણીમાં વર્તુળ તો ગોળ જ થશે પણ તારો વિચાર ખૂબ મૌલિક છે. બસ, આવા વિચારોને જીવનમાં કદી છોડતો નહીં'

આજના સમયમાં સમાજ, સત્તા કે સિસ્ટમ સામે 'વિચારવું' ને રજૂ કરવું એ પણ પાણીમાં પથ્થર ફેંકીને ચોરસ બનાવવા જેવી જ અઘરી વાત છેને?

એંડ-ટાઇટલ્સ:

આદમ: મને એક વિચાર આવ્યો છે.

ઈવ: તારું દિમાગ ખાલી જોઇને જતો રહેશે. ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી

'ગરીબ કન્યા': દિલીપ કુમારની ફિલ્મની પ્રેરણા



સોજીત્રામાં 'સજ્જન કોણ'?, 'માયાના રંગ' જેવાં સામાજિક નાટકો કર્યા. દરેક કલાકાર કોઈપણ કથાવસ્તુ ધરાવતું નાટક સમર્થપણે રજૂ કરવા કાયમ થનગનતો હોય છે. નાટકમાં ઐતિહાસિક કથાવસ્તુ હોય કે પછી પૌરાણિક વાર્તા હોય કે સામાજિક, દરેક ભૂમિકા એક ચેલેન્જ હોય છે, એક પડકાર હોય છે. મને અંગત રીતે સામાજિક નાટકોમાં કામ કરતી વખતે વધુ આનંદ અને સંતોષ મળ્યા છે, કારણ કે જૂની રંગભૂમિનાં સામાજિક નાટકો જોવા આવેલા દર્શકનું મનોરંજન તો થતું જ હતું, સાથે સાથે નાટકના કોઈ તંતુ સાથે એનું જીવન તેને સંકળાયેલું લાગતું અને નાટક જોયા પછી પોતે કશુંક પામ્યો છે એવી લાગણી તેને થતી. કોઈપણ કળાનો ઉદ્દેશ માનવ જીવનને એક પગથિયું ઉપર ચડવામાં મદદરૂપ થાય કે નિમિત્ત બને એવો હોવો જોઈએ એવું કાયમ હું માનતી આવી છું. સોજીત્રામાં નાટકો કરી સંતોષનો ઓડકાર ખાઈ નાટક કંપની ખેડા પહોંચી. અહીં પહેલું નાટક અમે કર્યું 'ગરીબ કન્યા'. ગયા હપ્તામાં મેં કહ્યું હતું ને કે જૂની રંગભૂમિનાં નાટકોની કથા ઘણી સશક્ત હતી એનું સમર્થન 'ગરીબ કન્યા'ની કથા દ્વારા મળી જશે. એક વરિષ્ઠ પોલીસ અધિકારી હોય છે જેમનો પુત્ર એક વકીલ હોય છે. આ વકીલ પાશવી લોકોના સકંજામાં સપડાયેલી લક્ષ્મી નામની એક અનાથ યુવતીને બચાવી પોતાના ઘરે લઈ આવે છે. વકીલનું સગપણ થઈ ગયું હોય છે, પણ ઘરે આવેલી સૌંદર્યવતી કન્યા માટે તેને આકર્ષણ જાગે છે અને અનૈતિક સંબંધ બંધાય છે. ક્ષણિક સુખનો પ્રદેશ બાળકે પકડેલી આંગળી જેવો હોય છે. બાળકની પકડમાં આવી ગયા પછી એ તમને ક્યાંય પણ દોરી જઈ શકે છે, પણ તમારું પ્રમાણભાન ક્યાં જવાય અને ક્યાં જતા અટકી જવાય એ સમજાવે છે. વકીલ પ્રમાણભાન ગુમાવી બેસે છે અને ભાન આવે છે ત્યારે મોડું થઈ ગયું હોય છે. કન્યા ગર્ભવતી બનશે એ વિચાર વકીલને થથરાવી દે છે. એટલે એને અનાથ આશ્રમમાં મોકલી દેવાની વાત કરે છે. એ સમયે ઘરકામ કરતા એક મુરબ્બી તેને કહે છે કે 'કન્યા તો એક ચુંગાલમાંથી ઊગરી ને બીજી ચુંગાલમાં ફસાઈ. શું ગરીબનું કોઈ બેલી નથી હોતું?' કન્યાને અનાથ આશ્રમમાં મોકલી દેવામાં આવે છે જ્યાં તે એક બાળકને જન્મ પણ આપે છે. આ આશ્રમમાં જયંત નામના એક સુધારાવાદી અને ક્રાંતિકારી વિચાર ધરાવતા યુવાનને લક્ષ્મીની બેહાલીની જાણ થાય છે અને મામલો કોર્ટમાં જાય છે. પોલીસ અધિકારી વકીલ પુત્રને આદેશ આપે છે કે 'એ છોકરીને ગુનો કબૂલ કરવા સમજાવ. પુત્ર લક્ષ્મીને સમજાવવા આવે છે ત્યારે લક્ષ્મી એને સંભળાવી દે છે કે 'અનૈતિક સંબંધ બાંધ્યા પછી પણ જે માણસ પોતાનું મોઢું સંતાડી રહ્યો છે એવા કાયર અને ડરપોક માણસની મારા બાળકના પિતા તરીકે ઓળખાણ આપવા માગતી જ નથી. મને જે સજા કરવી હોય એ કરો.' અંતે વકીલ કબૂલ કરે છે કે લક્ષ્મીના સંતાનનો પિતા પોતે જ છે, પોલીસ અધિકારી પિતા હોદ્દો છોડે છે અને લક્ષ્મી વકીલના જીવનમાં ગૃહલક્ષ્મી બની જાય છે. ન્યાયની દેવીની આંખો પર બાંધવામાં આવતી કાળી પટ્ટીનું અર્થઘટન અનેકવાર ખોટી રીતે થતું હોય છે. આંખો પરની પટ્ટીનો અર્થ એવો જરાય નથી કે એને કશું દેખાતું નથી. બલ્કે એનો અર્થ એવો છે કે ન્યાય તોળતી વખતે એ વ્યક્તિના સ્થાન, સંપત્તિ કે સત્તાને નજર અંદાજ કરી સત્યની પડખે રહી ન્યાય આપે છે. 'ગરીબ કન્યા'માં પાવરફુલ પરિવારના પુત્રને દોષી ઠેરવી ગરીબ - નોધારી કન્યા સાથે સાચો ન્યાય થાય છે. મહિલા અધિકાર, સશક્તિકરણની આજે બહુ ચર્ચા થાય છે અને એને કેન્દ્રમાં રાખી નાટકો - ફિલ્મો બનાવવાને પ્રાધાન્ય અપાઈ રહ્યું છે.

૫૦ - ૬૦ વર્ષ પહેલા ગુજરાતી નાટકમાં આ વાત લક્ષ્મી જેવા સશક્ત પાત્ર દ્વારા કેવી પ્રભાવી રીતે કહેવામાં આવી છે. 'ગરીબ કન્યા' જેવાં નાટકો સામાજિક જીવન માટે પોષક દ્રવ્ય સાબિત થતા હતા. જાણવા જેવી વાત એ છે કે ૧૯૫૪માં રિલીઝ થયેલા મેહબૂબ ખાનના 'અમર' (દિલીપકુમાર, મધુબાલા અને નિમી) ચિત્રપટમાં પણ આ જ કથા હતી. મેં 'ગરીબ કન્યા' ૧૯૬૦ના દાયકામાં ભજવ્યું હતું, પણ એની પ્રથમ ભજવણી અનેક વર્ષો પહેલા થઈ હતી. આ નાટકની કથા જાણ્યા પછી 'અમર'ની સ્ટોરી લખાઈ હોય એ સંભાવના ખરી. 'અમર' સિવાય દેશી નાટક સમાજની ઘણી કથા પરથી હિન્દી ફિલ્મો બની છે. આગળ જેમ જેમ નાટકની વાત આવશે એમ એમ જાણકારી વાચકોને મળતી રહેશે. 'ગરીબ કન્યા' નાટકની કથાની શ્રીમંતાઈ લોકોને આકર્ષી ગઈ અને એને સારો આવકાર મળ્યો. સળંગ વીસેક દિવસ સુધી એના શો થયા. આસપાસના ગામના લોકો પણ એ જોવા આવ્યા હતા. એના પછી અમે 'ભાવના બી.એ.' નાટક કર્યું જે પણ લોકોને ગમ્યું. આ બે નાટકોને મળેલા આવકારથી કંપની અને કલાકાર બંને હરખાયા અને પોરસાયા પણ. કોઈપણ કલાકાર માટે પ્રેક્ષકોનો ઉમળકાભર્યો પ્રતિસાદ સર્વોચ્ચ હોય છે. એમાં બે વાત છે. એક તો એ કે પ્રેક્ષકોની ઉપસ્થિતિ જ નાટકને સફળ બનાવે છે અને કલાકાર- કંપનીની આર્થિક જરૂરિયાત સંતોષાઈ જાય છે, પણ એથીય વિશેષ વાત એ છે કે રાજી થયેલા પ્રેક્ષકને સંતોષનો જે ઓડકાર આવે છે એનો રાજીપો વધારે હોય છે. 'ભાવના બી.એ.'ના શો થઈ રહ્યા હતા એ અરસામાં શ્રી દેશી નાટક સમાજ કંપની એનાં નાટકોની ભજવણી માટે નડિયાદ આવી હતી. એ લોકોને ખબર પડી કે અમારી કંપની ખેડામાં નાટકો કરી રહી છે એટલે એક દિવસ દેશીના સિદ્ધહસ્ત કલાકાર માસ્ટર રમણ અને અન્ય કોઈ કલાકાર ખેડા આવ્યા અને અમારું 'ભાવના બી.એ.' નાટક જોયું. નડિયાદ અને ખેડા વચ્ચે બહુ કંઈ અંતર નહોતું એ ખરું, પણ આવા મોટા કલાકાર માત્ર નાટક જોવા ખેડા આવે એ માનવા હું તૈયાર નહોતી. જરૂર કોઈ વાત હોવી જોઈએ એના પડઘા મારા દિલ - દિમાગમાં પડતા હતા. મારું અનુમાન સાવ સાચું સાબિત થયું જ્યારે નાટકનો શો પૂરો થયા પછી માસ્ટર રમણ મને મળવા આવ્યા અને મને કહ્યું કે...

સવારે લખાણ, બપોરે રિહર્સલ, સાંજે રજૂઆત

બીજા વિશ્વયુદ્ધ પછીના સમય વિશે ગુજરાતના સમર્થ નાટ્યકાર અને નાટ્યવિદ ચંદ્રવદન મહેતાએ તેમના પુસ્તક 'રેડિયો ગઠરિયા'માં 'ન્યૂઝ - પ્લે'ના સંદર્ભમાં એક સરસ વાત રજૂ કરી છે. ચં. ચી.એ લખ્યું છે કે 'ફૌજી અંગ્રેજ જવાનોને રમાડવા, હસાવવા, પટાવવા, એમનો જીવ બહેલાવવા ઈંગ્લેન્ડથી કલાકારો આવે અને પહેલા બ્રોડકાસ્ટિંગ મથક પર પહોંચી જાય. કવિઓ અને લેખકો પણ આવતા. આકાશવાણી પર અડ્ડો જમાવે અને ગોષ્ઠિ કરે. એક દિવસ રોજ રાત્રે ૧૫ મિનિટનો 'ન્યૂઝ - પ્લે' કરવાનો ઠરાવ રજૂ થયો અને તાબડતોબ પાસ પણ થઈ ગયો. રોજ સવારે પોણા નવ વાગ્યે જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલરના કોઈ ચાળા અથવા એમના લશ્કરી વ્યૂહ પર કે પછી એમના જૂઠાણાંની શૈલી પર નાટક લખવાની શરૂઆત થઈ જાય. બપોરે ત્રણ કે ચાર વાગ્યા સુધીમાં લખાઈ જાય એટલે રિહર્સલ શરૂ કરી દેવામાં આવે અને સાંજે રજૂ કરી રેકોર્ડ પણ કરી લેવામાં આવે. પછી એના ગુજરાતી અને મરાઠી ભાષામાં અનુવાદ થવાની શરૂઆત થઈ. રશિયાથી ભરચક સામગ્રી ટાઈપ થઈને આવતી. આ સિવાય છાપાં તેમજ ચોપાનિયાં આવતા, જાતજાતની વીર કથા આવતી જેને આધારે 'ન્યૂઝ -પ્લે'ના પ્રયોગો ચાલતા રહ્યા. એક ફેરફાર એ થયો કે વિલિયમ શેક્સપિયરની અનેક ઉક્તિઓ રેકોર્ડ કરી રાત્રે ૧૧ વાગ્યે રજૂ કરવામાં આવતી જે 'એપિલોગ' તરીકે પ્રખ્યાત થઈ.' *(સંકલિત)*

feedback@bombaysamachar.com

ટૅક વ્યૂહ

વિરલ રાઠોડ

આને સે ઉસકે આયે બહાર, જાને સે ઉસકે જાયે બહાર....

મોબાઈલની દુનિયામાં જે કંઈ નવા-જૂની થાય છે - ભલે, એક ચોક્કસ વર્ગથી શરૂ થતી હોય તો પણ સમયાંતરે આખા સમૂહને આવરી લે છે.

એન્ડ્રોઈડ આવ્યું ત્યારે સેમસંગ કંપનીએ એક જ પ્લેટફોર્મ પર ધમાકેદાર સર્વિસ આપી હતી. એ પહેલા નોકિયાનો દબદબો હતો. એની મોનોપોલી એ હતી કે, એના દરેક ડિવાઈસમાં કંઈક નવું હતું, પણ એન્ડ્રોઈડે એના ફ્યુચર પ્લાનના અરમાનો પર ટેકનોલોજીનો નાળીયેર જેવો મજબૂત ઘા મારીને ભૂક્કા કાઢી નાંખ્યા. જેના પર સાવરણો મારવાનું કામ કર્યું વનપ્લસ અને એમઆઈ જેવી કંપનીએ.

હવે 'ટેકવ્યૂહ રિડર્સ, તમે કહેશો આમા શું નવું છે? જે અપડેટ આવે એ ચાલે આઉટડેટેડ ફેંકાય જાય....' પણ વાત એ કરવાની છે કે, હવે જે મોબાઈલના વિશ્વમાં વૈવિધ્યની અપડેટ આવી રહી છે એ ભલભલાની ચોટલી ખીતો કરી દેશે. બેશક યુવાનોને ગમશે અને બિઝનેસવાળાને થોડી પિંજણ લાગશે. જેમ એન્ડ્રોઈડ મોબાઈલ સિસ્ટમ આવી એ સાથે એપલે પણ પોતાનું મસ્ત માર્કેટ બનાવ્યું. લેટેસ્ટ અપડેટ પ્રમાણે કહીએ તો મોટું ડિવાઈસ, મસ્ત કેમેરો અને સેવિંગની મસ્ત સર્વિસથી આઈફોને પોતે એક સેલિબ્રિટી જેવું સ્ટેટસ બનાવ્યું.

હવે જેની પાસે આઈફોન હોય એનો વટ સેલિબ્રિટી જેવો પડે છે. જો કે, બીજી મર્યાદા અંડરલાઈન કરી લેજો કે, જે નવી અપડેટ્સ અને ટેકનોલોજી આવે છે એ સ્પીડથી આઈફોન અપડેટ થતા નથી. ફીચર્સની ઢગલાબંધ રંગબેરંગી સિરીઝ એન્ડ્રોઈડમાં પહેલા આવે છે. આ કારણ કે, સૌથી વધારે એન્ડ્રોઈડ પ્લેટફોર્મ ભારતમાં છે. અર્થાત્ આ ઓએસ વાપરનારા આઈફોન કરતાં વધારે છે. iOS18 માં AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ફિચર ઈન્ટ્રોડ્યુસ કરવામાં આવ્યું છે. આ કોઈ પ્રોજેક્ટનો પ્રચાર નથી ,પણ હકીકત છે. જો આ અપડેટ આવી તો અમુક iphone રમકડાના થઈ જવાના. અર્થાત એની મર્યાદિત અપડેટ આવશે, પણ એમાં એઆઈ જેવા ફીચર્સ નહીં મળે. આ વાત જ્યારે અમેરિકામાં જાહેર થઈ ત્યારે કેટલાક લાલ કપડું જોઈને આખલો ભડકે એમ ભડકવા લાગ્યા. ઈનસિક્યોરિટી થવા લાગી. પણ ભારતમાં કોઈનું રૂંવાડું ન ફરક્યું કારણ કે, આપણી પબ્લિક જુગાડુ છે !

જૂન મહિનામાં એપલ કંપની પોતાની અત્યાર સુધીની લેટેસ્ટ ઑપરેટિંગ સિસ્ટમ લાવવાની તૈયારીમાં છે. હાલ ટેસ્ટિંગનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે, જેમાં એઆઈ ફીચર આપવામાં આવ્યું છે, પણ આ ફીચર સાથે બધા આઈફોન પર કામ નહીં કરે. કારણ કે, એઆઈ માટે ખાસ ગ્રાફિક્સની જરૂર હોય છે. ૨૦૧૮ પહેલાંના SE સિરીઝના અથવા ૮ પ્લસ મોડેલ આઈફોનમાં એ નહીં ચાલે. કારણ કે, ગ્રાફિક્સનું હાર્ડવેર નવા એઆઈ ફીચર્સ સાથે સેટ થતું નથી. ટૂંકમાં જૂના ડિવાઈસના ગ્રાફિક્સ ચિપ્સ સાથે એઆઈનો મેળ નથી ખાતો , કારણ કે એઆઈ પોતાની એક સ્પીડ અને ફિચર્સ ટેકનોલોજી સાથે કામ કરે છે. જ્યારે જૂના મોબાઈલમાં એને જોઈએ એટલી સ્પેસ કે સ્પીડ નથી મળતી. આ કારણ તે જૂના ડિવાઈસ પર નહીં ચાલે.

સ્લો પ્રોસેસર અને મર્યાદિત મેમરી સાઈઝ સાથે AI મેચ થતું નથી. ખાસ વાત તો એ છે કે, ગૂગલનું જે જેમિની ફીચર્સ છે એ આ નવી અપડેટમાં આવી રહ્યું છે. જેમાં કોઈ પણ ઈમેજને એડિટ કરવી એ માત્ર વોઈસ નોટથી શક્ય બનશે. જ્યારે વોઈસ ટુ ટેક્સમાં બીજી ભાષાને પણ સપોર્ટ મળશે. બાય ડિફોલ્ટ ઈંગ્લીશ તો રહેશે હો....એવું બિલકુલ નહીં થાય કે, બધું જ ગુજરાતીમાં મળે. જેમાં મીઠાઈ પ્રેમીઓને મિષ્ઠાન મળે તો એની જીભને જલસો પડી જાય એમ ટેકનો તથા AI માં કંઈક નવું શીખીને અખતરા કરનારા માટે ટેસડો પડી જવાનો છે.

કંપની પહેલી વખત ચેટ ડેટા સાથે એઆઈ ફીચર્સ લોંચ કરી રહી છે એટલે જેટલા યુઝર્સ થનગને એટલી કંપની ઉત્સાહિત થશે.

આ નવી અપડેટના કેટલાક ફિચર્સ કંપની ૧૦ જૂને થનારી વર્લ્ડ વાઈડ ડેવલપર્સ મિટમાં જાહેર કરશે. ટીવી અને આઈપેડ સિવાય પણ બીજા કોઈ ડિવાઈસ માટે ફીચર્સ લાવવાનો કંપનીનો ઈરાદો છે. વ્યૂ વગર રિવ્યૂ ન લખી શકાય એમ અત્યારે આ નવી અપડેટ વિશે આનાથી વધારે કહેવું અંધારામાં તીર મારવા જેવું છે. કંપની રિપોર્ટ અનુસાર એના રિસર્ચર એવું કહે છે, ભૂતકાળમાં ઘણા એવા ડિવાઈસ રહ્યા છે જેમાં પ્રોસેસર આવનારી ટેકનોલોજીને મેચ થાય એવું નથી. ઈનહાઉસ ટેસ્ટમાં પાસ થયા બાદ આ ડિવાઈસ કે અપડેટ જાહેર કરવામાં આવશે. કંપની હવે જૂના મોબાઈલ જે લોંચ થઈ ચૂક્યા છે એમાં નાણાં નાખવા માગતી નથી. તો હવે? કંઈ નહીં કાળની કચરાપેટીમાં ડિવાઈસ ફેંકવાના. અથવા તો સાચવી રાખવાના. આટલી અપડેટ આઈફોન અને આવનારી અપડેટ વિશે વાંચ્યા બાદ કોઈ એવું કહે કે, ડિવાઈસને કશું થવાનું નથી તો એમની સલાહને શટડાઉન મોડમાં માનવી. કંપની દાવા સાથે કહે છે કે, તે કંઈક એવું મોટું કરવા જઈ રહી છે કે, મોબાઈલની દુનિયા નવો વળાંક લેશે. કંપની કહે છે કે, સીરી અને જેમિનીનું કંમ્બાઈડ મોડેલ રહેશે. રિસ્પોન્સમાં એક્યુરેસી રહેશે. મેસેજ લખવાની મજા એ પડશે કે, આમા ઓટો કમ્પલિટ સેન્ટેન્સ ફીચર છે. (અંગ્રેજી લખતા હોવ તો ...ગુજરાતીમાં ન મેળ આવે).

આ ઉપરાંત ગૂગલ બોર્ડ, એઆઈ, ચેટજીટીપી અને મિની ઓફિસ જેવા ફીચર્સ પણ મળશે. આ ઉપરાંત નાનકડું જોખમ એ પણ છે કે, જો આ રેન્ડમલી રન થશે તો ધીંગાણા કરાવશે. જો કે, એ લેવલ સુધી તો કોઈ પહોંચે એ પહેલા એની લિમિટેશન આવશે. હા, ઓટો જનરેટેડ પ્લેલિસ્ટ કરશો તો ગીત અને મેપમોડ કરશો તો ગમે ત્યાંથી તે શોર્ટકટ બતાવશે. ...

આઉટ ઓફ ધ બોક્સ

અપડેટ હોય કે જીવન, જે સામે આવે એને સમજવાનો પ્રયાસ કરજો પારખવાનો નહીં. લાગણીઓ જ્યારે સ્વાગતમાં ઊભી હોય ત્યાં જ દિલના દરવાજા ખૂલતા હોય છે. ■

રાજકીય દૃષ્ટિએ ઈતિહાસ (નવમા પાનાનું ચાલુ)

કંઈ છે તેને ખોટું સાબિત કરવા માટે ષડયંત્ર અથવા શિક્ષણ પદ્ધતિને નષ્ટ કરી યુરોપિયન શિક્ષણ પ્રણાલીને લાગુ કરવાનું હતું. ઈતિહાસને વિકૃત કરી તમામ સ્તરે અભ્યાસક્રમમાં તેનો અમલ કરવો. દેશ તેમના દુષ્ટ વર્તુળમાં ફસાઈ ગયો. સૌથી દુઃખદ પાસું એ છે કે આઝાદી પછી પણ આ ચાલુ રહ્યું. આ સૌથી મોટી વિડંબના હતી.

આઝાદી પછી ભારતમાં ભારતીય રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલી લાગુ થવી જોઈતી હતી. શિક્ષણનો ઉદ્દેશ્ય દરેક સ્તરે આત્મનિર્ભરતા, સ્વ-ભાષા, સ્વ-સંસ્કૃતિ, સ્વદેશી જીવનશૈલી માટે ઉત્કૃષ્ટ દેશભક્તિ સ્રોત બનીને સારા નાગરિકો બનાવવાનું માધ્યમ બનેત. તમામ પ્રકારનું ઉત્પાદન આપણે અને આપણી ટેક્નોલોજી થાય, આપણી પોતાની ચિકિત્સાપધ્ધતિઓ, સ્વદેશી ન્યાય પ્રણાલી, સ્વદેશી ટેક્નોલોજીથી કૃષિ ઉત્પાદન, દેશી ગાય સંવર્ધન, સૌર ઊર્જા અને પવન ઊર્જાનો વિકાસ કરીને ઊર્જાની સમસ્યા નિરાકરણ થયું હોત. પેટ્રોલિયમ પેદાશો માટે વિદેશીઓને પૈસા ચૂકવવા ન પડતા પરંતુ વિદેશી વિચારસરણીએ દરેક સ્તરે યુરોપિયન શૈલીનો અમલ કર્યો. શિક્ષણ વ્યવસ્થા ધાર્મિક આધાર વગરની હોવાને કારણે આજે સમાજમાં નૈતિક ચારિત્ર્યનો અભાવ વધી રહ્યો છે. વ્યક્તિ 'હું અને મારો સ્વાર્થ' જીવનને આ દૃષ્ટિકોણથી જોઈ રહ્યો છે. સમાજ અને રાષ્ટ્રનું હિત તેમનાથી દૂર જતું રહ્યું. કુદરતી સંસાધનોની ફાળવણીમાં, સંરક્ષણ, શિક્ષણ, રમતગમત, સેવા ક્ષેત્રના મોટા કૌભાંડો અને રમતગમતમાં જીત-હાર પણ વેચાવા લાગી છે. સામાજિક જીવનની આ તમામ ન્યૂનતા અને હ્રાસનું કારણ જો આપણે જોઈએ તો આપણી પેઢીઓને ઈતિહાસનું વિકૃત શિક્ષણ મળ્યું તે છે.

જો ઉજ્જ્વળ અને ગૌરવશાળી ઈતિહાસનું શિક્ષણ આપ્યું હોત તો વિશ્વનું શ્રેષ્ઠ ચારિત્ર્યવાન અને શક્તિશાળી રાષ્ટ્ર બની શકયું હોત. ■

ક્રાઈમ સીન (આઠમા પાનાનું ચાલુ)

અને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઇએસઆઇ કેનેડાના ખાલિસ્તાનીઓને શસ્ત્રોની તાલીમ અને શસ્ત્રો પૂરાં પાડે છે. કુમાર, મને લાગે છે....તોફાની વરસાદની રાત, કાર, પૈસાની બેગની લૂટ, મૃત ડ્રાઇવર, અવસ્થી, ખાલિસ્તાની મૂવમેન્ટ...આ બધાના તાર જોડાયેલા છે. અભિમન્યુ સિંહે કહ્યું.

'સર, તો આપણે રાંગણેકર અને રસ્તોગીને આપણા કેસમાં ઇન્વોલ્વ કરીએ.?' કુમારે પૂછ્યું.

'ના...બિલકુલ નહીં. આપણાં મિશનની કોઇને ભણક સુધ્ધાં ન આવવી જોઇએ.

ગુજરાતમાં ખાલિસ્તાનીઓના સિમ્પથાઇઝર કોણ છે...કોણ અવસ્થીનો ઉપયોગ કરે છે. એના પર ફોકસ કરો. બાકીના તાર આપોઆપ જોડાઇ જશે.'

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

સુખનો પાસવર્ડ

આશુ પટેલ

બુદ્ધિ ગિરવે ન મુકાય...!

આવી ભૂલની ક્યારેક આકરી કિંમત પણ ચૂકવવી પડે છે

આપણી લોકસભાની ચૂંટણીઓની જાહેરાત થઈ એ સાથે પ્રિન્ટ - ઈલેક્ટ્રોનિક ને સોશિયલ મીડિયામાં ઝેર ઓકવાનું શરૂ થઈ ગયું છે.

તમામ રાજકીય પક્ષો કોઈ પણ પ્રકારની મર્યાદા રાખ્યા વિના એકબીજા પર આક્ષેપો કરવામાં વ્યસ્ત થઈ ગયા છે. જો કે , આપણા દેશમાં આ કોઈ નવીનવાઈની વાત નથી. આપણા રાજકીય નેતાઓ ન બોલવાનું બોલી નાખે કે ગપગોળા ચલાવે, સાવ વાહિયાત વાતો કરે, એકબીજા પર દોષારોપણ કરે એનાથી હવે કોઈને આશ્ચર્ય થતું નથી, પરંતુ દરેક નવી ચૂંટણી વખતે રાજકીય પક્ષો નવા રેકોર્ડ્સ સ્થાપિત કરતા જાય છે અને એમાં આઘાતજનક વાત એ છે કે દેશના બૌદ્ધિકો પણ ભાન ભૂલીને અવિચારી રીતે સરકારની તરફેણમાં કે સરકારની વિરુદ્ધમાં અકલ્પ્ય હદ સુધી પહોંચી જાય છે. એમાંના કેટલાક સરકાર વિરોધી બૌદ્ધિકો તો સરકારનો વિરોધ કરવા માટે દેશની ઘોર ખોદવા સુધી તત્પર બની જાય છે અને સરકાર સમર્થકો પણ વિવેકભાન ભૂલીને મેદાનમાં ઊતરી પડે છે. સાથેસાથે ભારતીય પ્રજા પણ જુદી જુદી દિશામાં વિભાજિત થતી જાય છે. નાગરિકો વિવેકભાન ભૂલીને સોશિયલ મીડિયા પર બેફામ પોસ્ટ્સ મૂકતા થઈ જાય છે અને ચૂંટણીઓ આવે એટલે સરકાર વિરોધીઓ અને સરકાર સમર્થકો સાનભાન ભૂલીને સરકારની વિરુદ્ધમાં અને સરકારની તરફેણમાં લડવા સજ્જ થઈ જાય છે. એમાં ઘણા તો સમાજમાં, દેશમાં ઝેર ઘોળવા માટે તત્પર બની જાય છે તો

કેટલાક ઝનૂનપૂર્વક પોતાનાથી વિરુદ્ધ વિચારસરણી ધરાવતી વ્યક્તિઓ સાથે ઝઘડા કરી બેસે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર બેફામ ગાળો પણ લખી નાખે છે. કોઈ પણ પ્રજા પોતે સુખી થવું કે દુઃખી થવું એ નિર્ણય જાતે લઈ શક્તી હોય છે અને અત્યારે આપણા દેશના સંખ્યાબંધ નાગરિકો પોતાનું મગજ ગીરવે મૂક્યું હોય એ રીતે છીછરી માનસિકતાનું પ્રદર્શન કરતા જોવા મળે છે.

સોશિયલ મીડિયા પર હમણાં કેટલીક પોસ્ટ્સ જોઈને આઘાત લાગ્યો. સોશિયલ મીડિયાને કારણે લોકોના વ્યક્તિગત સંબંધોમાં તિરાડ પડવા માંડી છે તો ક્યાંક એ તૂટવા લાગ્યા છે. કેટલાક કિસ્સામાં અંગત મિત્રો દુશ્મન બની જાય છે.

હમણાં સરકારતરફી અને (કહેવાતી) સરકારવિરોધી આઈડિયોલોજીને કારણે બે અંગત મિત્રોની દાયકાઓ જૂની દોસ્તીનો અંત આવ્યો.

આ જાણીને સ્વાભાવિક રીતે દુઃખ થયું. મેં એ બંનેને સમજાવવાની કોશિશ કરી. એક મિત્ર તો માનવા તૈયાર પણ થયો કે સંબંધો આઈડિયોલોજીથી પર હોવા જોઈએ, પણ બીજો મિત્ર જીદે ચડેલો છે કે હું જ સાચો છું અને હું આ લડાઈમાં પાછો હટવાનો નથી.

મેં એને સમજાવ્યો કે આ લડાઈ રાજકીય પક્ષોની છે. તને ગમે

એ રાજકીય પક્ષને તું મત આપ. પેલા મિત્ર એને જે રાજકીય પક્ષ ગમતો હોય એને મત આપે. એમાં અંગત સંબંધો પૂર્ણવિરામ મૂકી દેવાની ક્યાં જરૂરત છે? જો કે એના પર મારા શબ્દોની કોઈ અસર થઈ નહીં.

આવા માહોલમાં મને બુદ્ધના જીવનનો એક કિસ્સો યાદ આવી ગયો.

વૈશાલીમાં સુશાસન હતું. એક વાર મગધના રાજાના મનમાં વિચાર જાગ્યો કે વૈશાલી સમૃદ્ધ રાજ્ય છે. એ રાજ્ય જીતીને એના પર આધિપત્ય જમાવવું જોઈએ.

બુદ્ધને કોઈએ કહ્યું કે મગધનો રાજા વૈશાલી પર ચડાઈ કરીને તેને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દેવા ઈચ્છે છે.

બુદ્ધ ઇચ્છતા હતા કે આવી કોઈ લડાઈ ન થાય. કારણ કે કોઈ પણ લડાઈમાં નિર્દોષ વ્યક્તિઓએ ભોગવવું પડતું હોય છે.

બુદ્ધે મગધના રાજાને સવાલ કર્યોઃ કે તમે વૈશાલી પર આક્રમણ કરવાનું વિચારી રહ્યા છો?

મગધના રાજાએ કહ્યુંઃ હા, ભગવંત.

બુદ્ધે એને કહ્યું કે મારા થોડા સવાલોના જવાબ આપશો?

જરૂર , ભગવંત...

બુદ્ધે પ્રથમ સવાલ કર્યોઃ વૈશાલીના લોકો થોડા થોડા સમયના અંતરે એકઠા થઈને ચર્ચાવિચારણાઓ કરે છે ખરા?

મગધના રાજાએ જવાબ આપ્યોઃ હા, ભગવંત. મેં તપાસ કરાવી છે અને મને ખબર પડી છે કે વૈશાલીના લોકો સમયાંતરે ભેગા થાય છે અને ચર્ચાઓ કરે છે. વૈશાલીને વધુ સમૃદ્ધ બનાવી શકવા શું કરી શકાય એ અંગે વિચારોનું આદાન-પ્રદાન કરે છે.

બુદ્ધે બીજો સવાલ કર્યો : વૈશાલીના લોકોની સભામાં બધાના મત એકસરખા હોય છે ખરા કે લોકો ભિન્ન મત દર્શાવતા હોય છે?

મગધના રાજે કહ્યું : હા, વૈશાલીના લોકો મળે ત્યારે મતમતાંતરો તો વ્યક્ત થતા રહેતા હોય છે.

બુદ્ધે પૂછ્યું : વૈશાલીના લોકો સભા કરે એ પછી સભા વિખેરાય ત્યારે સભામાં થયેલી ચર્ચાના ફળ સ્વરૂપે એમના મનમાં કડવાશ ઉત્પન્ન થાય છે ખરી કે એ છૂટા પડે ત્યારે પણ એમનામાં સભા અગાઉ હતો એવો જ વિશ્વાસ એકબીજા પર હોય છે?

મગધના રાજાએ કહ્યું : વૈશાલીના લોકો સભા યોજે અને મતમતાંતરો સાથે ઉગ્ર ચર્ચાઓ પણ કરે, પરંતુ સભા વિખેરાય ત્યારે સૌ હસતા હસતા છૂટા પડતા હોય છે. એ લોકો કોઈ ચોક્કસ નિર્ણય પર આવતા હોય છે અને એકવાર એ નિર્ણય લેવાઈ જાય પછી એ નિર્ણય વિરુદ્ધ હોય એવા લોકો પણ વૈશાલીના હિતમાં એ નિર્ણયનું સમર્થન કરતા હોય છે આમ એમનો એકબીજા પ્રત્યેનો વિશ્વાસ અકબંધ રહે છે.

બુદ્ધે આગળ પૂછ્યું : વૈશાલીના લોકો કાયદા અને કાનૂનનો પોતાને ગમે એવો અર્થ કરીને વૈશાલીના કાયદાઓનો, કાનૂનનો ભંગ કરતા હોય છે ખરા?

મગધના રાજાના કપાળ પર કરચલીઓ ઊપસી આવી : નહીં, ભગવંત. વૈશાલીમાં એવું તો કોઈ કરતું નથી.

બુદ્ધે કહ્યું : તો પછી તમે વૈશાલી પર ચડાઈ કરવાનું આક્રમણ કરવાનું માંડી વાળો, કારણ કે તમે વૈશાલી કોઈ કાળે જીતી નહીં શકો.

આ કિસ્સો કદાચ રમણલાલ સોનીના કોઈ પુસ્તકમાં વાંચ્યો હતો. સોશિયલ મીડિયા પર પાગલની જેમ નફરત ફેલાવતી મંદબુદ્ધિની વ્યક્તિઓથી માંડીને દૃષ્ટ વ્યકિતઓ સુધીની વ્યક્તિઓને નિત્ય પ્રાતઃકાળે આવા કિસ્સાઓનું સાત વખત પઠન કરવાની ફરજ પાડવી જોઈએ.

રાજકીય પક્ષો તો સત્તા મેળવવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે, પરંતુ આપણે નીરક્ષીર છૂટા પાડીને જોવાનું શીખવું જોઈએ અને બુદ્ધિ ગિરવે મૂકવાની ભૂલ તો ન જ કરવી જોઈએ... ■

feedback@bombaysamachar.com

વલો કચ્છ

પૂર્વી ગોસ્વામી

વેપારી પરિવારમાં જન્મ, પણ કર્યો પુણ્યનો વેપાર

મકરંદભાઈની જ એક કવિતામાં છે : ફકીરી જેને પડી ગઈ છે કોઠે, ભલા એને બીજી કઈ રીતે ગોઠે. તેમની ફકીરી અને ફનાગીરી વિશેષ હતી. બંધાવું તે તેમના સ્વભાવમાં નહીં, સતત વહેતા રહેવું. પણ તેમની મૂળ નિસબત ગરીબ અને ગામડું. એ ગાંધી-વિનોબાથી તેમને મળેલી દીક્ષા અને દિશા. અને એટલે જ તેમને હૈયે હમેશાં રમતી અને ગમતી વાત હતી ગ્રામસ્વરાજની. આઝાદી તો આવી, પણ તેનો રેલો ગામડાં સુધી, ગ્રામપ્રજા સુધી કેમ પહોંચે તે તેમનાં ચિંતા અને ચિંતન હતાં. આઝાદી પછીના એ ગાળામાં અને પછીના ત્રણ-ચાર દાયકા સુધી ગુજરાત અને દેશ આવા ગાંધીજનોથી રળિયાત હતો. ગુજરાતમાં અને દેશભરમાં વિવિધ સેવાકાર્યો - રચનાત્મક કાર્યોની ધૂણી ધખાવી સેંકડો કાર્યકરો બેઠેલા, અને જે-તે ક્ષેત્રમાં કશીય એષણા વિના ખૂંપી ગયેલા વ્યક્તિ પૈકીના એક એટલે મણિભાઇ સંઘવી. તાજેતરમાં મોરારિબાપુના વ્યાસાસને રવેચીધામે રામકથા યોજાઇ. કથા નિવાસની યજમાન બનેલી પ્રકૃતિની ગોદમાં આવેલી ગ્રામ સ્વરાજ સંઘ- સોનટેકરીની મુલાકાતે સ્વ. મણિભાઈ સંઘવી વ્યાખ્યાનમાળાના બીજા મણકામાં મોરારિબાપુએ ભાવસંબોધન કર્યું હતું. આ મણિભાઇ એટલે કોણ? સહેજે પ્રશ્ન થાય તો આ લેખ વાંચવો.

તેઓ પોતાને 'ગામડિયો', 'અણઘડ' કહેતા. ''સ્વભાવે જેમ હું અણઘડ હતો, તેમ અકોણાઈ અને કટ્ટરતા પણ મારામાં હતાં.'' તેમના પત્રોમાં, સંભારણામાં, વાતોમાં તેમણે એકાધિક વેળા આ વાત લખી-કહી છે. લખે છેઃ મારા માટે કંદમૂળ સિવાયનું બીજું શાક બનતું, પણ મને એટલેથી સમાધાન ન થતું. જે હાંડલીમાં બટાટાનું શાક કર્યું હોય તે હાંડલીમાં બીજે દિવસે પણ મારા માટેનું શાક તેમાં ન થવું જોઈએ. પોતાના માટે શાકની હાંડલી અલગ જ રહેવી જોઈએ તેવો જડબેસલાક આગ્રહ. પણ માંડવી ખાતે નિવાસ દરમિયાનમાં જ માવજીભાઈ વેદનો સંસર્ગ સાંપડ્યો અને એ કટ્ટરતા, ચોખલિયાવેડા, અકોણાઈ ક્યાંય ગાયબ થઈ ગયાં! કદી સામે પૂરે તરનાર, કદી વહેતાં પાણીને પરાર્થે વાળનાર. તેમનામાં એક નિઃસ્પૃહ વ્યાવહારિક આધ્યાત્મિકતા હતી. જીવન જેવું છે, સામેની વ્યક્તિ જેવી છે તેવી રીતે જ તેનો સ્વીકાર.

હજુ વીશીમાં પણ નહોતા પ્રવેશ્યા ત્યાં ખાદી-ગ્રામોદ્યોગ અને ગ્રામહાટ જેવાં કાર્યોનો પ્રારંભ કર્યો, જન્મગામ ફતેગઢથી. પછી તો ખાદીવિદ્યાના નિષ્ણાત બન્યા. એ માટે ખાસ વેડછી જુગતરામકાકા પાસે વર્ષથી પણ વધારે રહ્યા. પછી વિનોબાજીની અહાલેક સાંભળી ભૂદાન અને પછી ગ્રામદાનનાં કાર્યોમાં પૂરી તન્મયતા અને શક્તિથી ઝુકાવ્યું. જન્મ વેપારી પરિવારમાં, પણ કર્યો પુણ્યનો વેપાર. ગાંધીજીનો તો અપ્રત્યક્ષ સંસર્ગ રહ્યો, પણ વિનોબાજીનો તો ભલે થોડો પણ પ્રત્યક્ષ સંસર્ગ અને સંસ્પર્શ રહ્યો. વિનોબાજીએ ભૂદાન-આંદોલન શરૂ કર્યું. ત્યારથી જ તે કાર્ય સાથે જોડાયા. અને કચ્છમાં તેમજ કચ્છ બહારની ભૂદાન-ગ્રામદાન વાત્રાઓ, સર્વોદય સંમેલનો, ચિંતન શિબિરો, કાર્યકર મિલનો બધામાં સક્રિયતાથી ભાગ લીધો. સંતબાલજી, રવિશંકર મહારાજ અને બબલભાઈ મહેતાની યાત્રાઓ પણ કચ્છમાં ગોઠવી.

કૂવા ઊંડા ગળાવવા, કૂવા રિચાર્જ કરવા, સિંચાઈ માટે ધોરિયા પાઈપલાઈન, ખેતતલાવડી, તળાવો ઊંડાં કરવાં અને મરામત કરાવવી, સાથે વૃક્ષારોપણ, ગોવંશને બચાવવા રાહતભાવે ખાણદાણ વિતરણ, નીરણ કેન્દ્રો ચલાવવાં, ખેડૂતો પાસે ઘાસ ઉગડાવવું. અતિવૃષ્ટિ કે અન્ય આપદામાં રાહતકાર્યો, મોરબી પૂરરાહત માટે તુરત પહોંચી જવું, પંજાબમાં કે અયોધ્યામાં શાંતિયાત્રા, કટોકટી વખતે જયપ્રકાશજીનાં રેકોર્ડેડ વ્યાખ્યાનો અને વાતો વ્યાપક રીતે પહોંચાડવાં. - કટોકટી વખતે સ્વ. કાન્તિપ્રસાદ અંતાણી સાથે મણિભાઇ રાપર તાલુકાના ગામડાંઓમાં ફર્યા હતા. આ બધું જીવનનો સહજ ક્રમ અને ઉપક્રમ બની રહ્યાં.

સ્વૈચ્છિક ગરીબી તેમણે સ્વીકારેલી એટલે લાલચ-આકર્ષણોથી, અપેક્ષાથી મુક્ત રહી શક્યા. જીવન એક ખેડૂતના જેવું, ઘર કે ઘરવખરી પણ એવાં. સ્પષ્ટવક્તા છતાં કડવાશ જરા પણ નહીં. તેમનું અવસાન થયું ૨૦૦૮માં. તેમની શતાબ્દીએ સંસ્થા પરિવારે 'ગ્રામસ્વરાજના સમર્પિત યાત્રી' નામક સ્મૃતિગ્રંથ વર્ષ ૨૦૨૨માં પ્રગટ કરેલો, તેમના પુત્ર રમેશભાઇએ રજૂ કરેલા સંસ્મરણો સાદરભાવે.

ભાવાનુવાદઃ મકરંદભાજી લિખલ કાવજા સબધ ઐંઃ ફકીરી જેને પડી ગઈ છે કોઠે, ભલા એને બીજી કઈ રીતે ગોઠે. ઇનીજી ફકીરી નેં ફનાગીરી ખાસ હુઇ. બંધાઇણું ઇ ત ઇનીજે સ્વભાવમેં ન વો, વઇધા રોણું. પ ઇનીજો મેન મતલબ ત ગરીબ નેં ગામડો. ઇ ગાંધી-વિનોબાસે જુડલ સિખ નેં ડિસતે હલ્યા હોઆ. નેં ઇતરે જ ઇનીજે ધિલમેં હિકડી જ ધૂન સવાર હુઇ ગ્રામસ્વરાજ'જી. આજાધિ ત આવઇ, પ તેંજો રેલો ગામડે તઇં પુગ્યો, ગામડેજી પ્રિજા વટ કીં પુજે ઇ ઇનીજી ચિંધા નેં ચિંતન હુવા. આજાધિ પોયજે ટાણેમેં નેં પૂંઢીયાજે ત્રે -ચાર ડાયકે સુધિ ગુજરાત નેં ડેસ ઐડે ગાંધીજનેંસે' ભરલ હો. ગુજરાતમેં નેં સજ્રેડેસમેં નિડારા - નિડારા સેવાકાર્ય - રચનાત્મક કમજી ધૂણી ધખાઇઅને કિઇક કાર્યકર વિઠલ વા, નેં જિત-તિત કો પ તમના રખે વિગરમચી પેલ માડૂ મિંજાનુ હિકડા ઇતરે મણિભાઇ સંઘવી. હેવર જ મોરારિબાપુજી વ્યાસ આસનતે રવેચી ધામમેં રામકથા યોજાણી હુઇ. કથા રેણાકજી યજમાન ભનલ પ્રિકૃતિજે ખોરેમેં આવલ ગ્રામ સ્વરાજ સંઘ- સોનટેકરી' જી મુલાકાતમેં સ્વ. મણિભાઈ સંઘવી વ્યાખ્યાનમાડાજે બ્યે મણકે મેં મોરારિબાપુ ભાવસંબોધન ક્યો હો. હી મણિભાઇ ઇતરે કેર? જરા પ સવાલ થિએ ત હી લેખ વાંચણું.

''હિની પિંઢકે 'ગામડિયો', 'અણઘડ' ચોંધા વા. સ્વભાવે જેમ હું અણઘડ હતો, તેમ અકોણાઈ અને કટ્ટરતા પણ મારામાં હતાં.'' ઇનીજે પત્રમેં, જાધગીરીયુંમેં, ગાલીયુંમેં ઇની હિકડેસે વધુ ફેરા હી ગાલ લિખી-ચિઇ આય.

મડઇ ખાતેજે નિવાસ સમોમેં જ માવજીભા વેદજો સાથ જુડ્યો નેં ઇ કટ્ટરતા, ચોખલિયાવેડા, અકોણાઈ કિતક ગાયબ થિઈ વ્યા! કડેક સામે પૂરતે તરીંધલ, કડેક વઇધે નીરકે બ્યેલા કરે વારીંધલ. ઇનીમેં હિકડી અજાઇ વ્યવારિક આધ્યાત્મિકતા હુઇ. જીયણ જેડો આય, સામેજો વ્યક્તિ જેડો આય તેડી રીતે જ ઇનજો સ્વીકાર.

અનાં વિસીમેં આયા પ ન હૂંધા ઉત ખાદી-ગ્રામોદ્યોગ નેં ગ્રામહાટ જેડા કમેંજી સરૂઆત કિઇ, જિત જન્મ્યા ઇ ફતેગઢ ગોઠનું કરેને પોય ખાદીવિદ્યાજા માસ્તર ભન્યા. ઇનલા ખાસ વેડછી જુગતરામકાકા વટ વરેનું પ વધારે વખત સુધી રયા. પોય વિનોબાજીજી હાક સુણી ભૂડાન નેં પોય ગામડાનજે કમેમેં સચી લગન નેં શક્તિસે ખૂંપી રયા. જનમ ત થ્યો હો વેપારી પરિવારમેં, પ ક્યોં પુનજો વેપાર. ગાંધીજીજો ત પરોક્ષ સંસર્ગ રયો, પ વિનોબાજીજો ત ભલે થોરો પ રુભરુ સાથ નેં સહકાર રયો વો. વિનોબાજી ભૂડાન- ચડવડ સરૂ ક્યોં. તેરનું જ જઇ કમમેં જુડાજી વ્યાવા. નેં કચ્છમેં તીં કચ્છ બારાજી ભૂડાન-ગામડાન જાત્રાઉં, સર્વોદય સંમેલન, ચિંતન સિબિરું, કાર્યકર મિલન મિડેમેં ભાગ ગિડો. સંતબાલજી, રવિશંકર મહારાજ ને બબલભાઈ મહેતાજી જાત્રાઉં પ કચ્છમેં ગોઠવેં.

કૂવા ઊંના કરાઇણા, કૂવા રિચાર્જ કરાઇણા, સિંચાઈલા ધોરિયા પાઈપલાઈન, ખેતતલાવડી, તરા ઊંના કરાઇણા નેં મરામત કરાઇણી, ભેરો વૃક્ષારોપણ, ગોવંશકે ભચાઇણા રાહતભાવમેં ખાણડાણજો વિતરણ, નીરણ કેન્દ્ર હલાઇણા, ખેડૂતેં વટ ઘા ઉગાડાઇણું. ડુકાર ક બિઇ મુસિભતુંમેં રાહતજા કમ, મોરબી પૂર હોનારત ટાણે તેરંઇ પુજી વ્યાવા, પંજાબમેં ક અયોધ્યામેં શાંતિજાત્રા, કટોકટી ટાંણે જયપ્રકાશજીજા રેકોર્ડેડ વ્યાખ્યાન નેં ગાલીયું જો વ્યાપ વધારણું. - કટોકટી ટાંણે સ્વ. કાન્તિપ્રસાદ અંતાણી ભેરા મણિભા રાપર તાલુકેજે ગામડેમેં ફર્યા વા. હી મિડે ઇનીજે જીયણજો સહજ ક્રમ નેં ઉપક્રમ ભની રયા.

'સ્વૈચ્છિક ગરીબી' ઇની સ્વીકાર ક્યોં હો ઇતરે લાલચ-આકર્ષણેસે, કે આસાઉં મિંજા મુક્ત ભનીને રિઇ સગ્યા. જીયણ હિકડે ખેડૂ જેડો વો, ઘર ક ઘરવિખરી પ એડા જ. ચોખા બોલા વા છતાં કડાવાસ જરા પણ નં. ઇનીજો અવસાન થ્યો ૨૦૦૮મેં. ઇનીજી શતાબ્દી તે સંસ્થા પરિવાર 'ગ્રામસ્વરાજના સમર્પિત યાત્રી'નાંલે 'સ્મૃતિગ્રંથ' વરે ૨૦૨૨મેં પ્રિગટ કેંવે, ઇનીજા પુતર રમેશભાજા રજૂ કેલ જાધગીરી સાદરભાવે. ■

ટ્રાવેલ સ્ટોરી (બારમા પાનાનું ચાલુ)

જીવનને મેડિટેશન તરફ વાળીને એક અદભુત બ્રેક લઈ શકાય. આ સિવાય અહીં હોસ્ટેલ કલ્ચર છે જ્યાં માત્ર ૨૦૦ રૂપિયા આસપાસ બેડ અને બ્રેકફાસ્ટ, જાતે રાંધી શકાય એવું રસોડું વગેરે સરળતાથી મળી રહે છે. પ્રવાસીઓ માટેનું આકર્ષણ અહીંનું રિવર રાફ્ટિંગ છે. અહીં શિવપુરીમાં ગંગાજીના ધસમસતા પ્રવાહમાં રાફ્ટિંગ કરવું એ યાદગાર અનુભવ બની રહેશે. એ સિવાય અહીં ફ્લાયિંગ ફોક્સ, બંજી જમ્પિંગ જેવી એડવેન્ચર એક્ટિવીટીઝ છે જે જીવનમાં યાદગાર ક્ષણોની ભેટ આપે છે. ઋષિકેશ રેલ અને વિમાન માર્ગે સરળતાથી પહોંચી શકાય. ઋષિકેશથી માત્ર ૧૫ કિમી દૂર જોલી ગ્રાન્ટ એરપોર્ટ છે અને નજીકનું રેલવે સ્ટેશન હરિદ્વાર છે. ગુજરાતમાંથી યોગા એકસપ્રેસ ડાયરેક્ટ હરિદ્વાર સુધી જાય છે એ સિવાય દિલ્હીથી સરળતાથી બસ અને ટેક્સી પણ મળી રહે છે. જીવનને શ્રેષ્ઠ ક્ષણોની ભેટ આપવી હોય તો એક વાર નહીં પણ વારંવાર ઋષિકેશની મુલાકાત લેવી જ જોઈએ. અહીં બેકપેકર્સ અને યોગાનાં રસિયાઓની અલગ જ દુનિયા છે. ટૂંકમાં અહીં દરેક ઉંમરના સભ્યો માટે કઈક ને કઈક તો છે જ જે તેમને માનસિક શાંતિ પ્રદાન કરે છે.

ગંગાજીને અહીં હિમાલય વિદાય આપીને ભારતનાં વિશાળ મેદાનોમાં, જંગલોમાં મુક્ત મને વહેવાનો માર્ગ બતાવે છે. બીટલ્સ આશ્રમમાં આમતેમ દોડતા વિચારો સ્થિર થતા અનુભવાશે, સાંઈ ઘાટ પર જાતને મળ્યા હોય એવો અનુભવ થશે, લક્ષ્મણ ઝૂલા પર પોતાનાંમાં રહેલું બાળક જીવંત થશે, ત્રિવેણી ઘાટ પર પોતાની જાત સાથે ઊંડો સંવાદ થશે તો લિટલ બુદ્ધ કેફેમાં દોડતી જિંદગીને જરાક સ્લો મોશનમાં મહાલતી દેખાશે.

ગંગાજીનો વહાલ દરેક ઘાટ પર અનુભવાશે દોસ્ત. ઋષિકેશ સ્થળ નહિ પણ સ્વર્ગનું ઉંબર છે. ■

feedback@bombaysamachar.com

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી

કન્ઝ્યુમરને સમજી બ્રાન્ડ બનાવો

માર્કેટિંગ અને બ્રાન્ડ બિલ્ડિંગમાં સૌથી મહત્ત્વનું પાસું છે કન્ઝ્યુમર. જ્યારે કોઈ નવી બ્રાન્ડ લોંચ કરવાનું વિચારતું હોય કે પછી નવી પ્રોડક્ટ વિશે વિચારતુ હોય ત્યારે પહેલો પ્રશ્ન આવે કે કોના માટે આ બ્રાન્ડ કે પ્રોડક્ટ બની રહ્યું છે...?

કન્ઝ્યુમરનો વિષય ઘણો મોટો છે. વય, વ્યવસાય, આવક, ભૌગોલિક વિસ્તાર, લિંગ , વગેરે જેવાં ઘણાં પરિબળોના આધારે તે નક્કી થાય છે. આપણે જાણીયે છીએ કે જો બ્રાન્ડ અમુક રીતે વર્તે અથવા પ્રમોટ કરે, કન્ઝ્યુમરને ધ્યાનમાં રાખે તો બ્રાન્ડ કન્ઝ્યુમરના દિલોદિમાગ પર રાજ કરશે. અંતે જો કન્ઝ્યુમર ખુશ હશે તો માલ વેચવો આસાન થશે. આપણે જાણીયે છીયે કે કન્ઝ્યુમરને ખુશ કરવો અઘરું કામ છે , પણ તેનાથી અઘરુ કામ છે કન્ઝ્યુમરને સમજવો એ. જો કન્ઝ્યુમરને સમજી શકાય તો એને ખુશ કરવાનું કામ આસાન થઈ જાય. આજનો કન્ઝ્યુમર અલગ છે, જમાનાની સાથે તે પણ ઇન્વોલ્વ થયો છે, દુનિયા એણે જોઈ ને જાણી છે. પોતાના હક્ક એને ખબર છે. આવા સમયે આ કન્ઝ્યુમરને જાણવો અને સમજવો વધુ આવશ્યક છે. કન્ઝ્યુમરની રહેણીકરણીની સાથે એની વિચારધારા, ગમા-અણગમા, કઇ વાતને એ પ્રાધાન્યતા આપે છે તેનો અભ્યાસ પણ આવશ્યક છે. આ અભ્યાસના આધારે બ્રાન્ડને તક મળી શકે છે કન્ઝ્યુમરને ગમતી વિચારધારાના સહારે પોતાની બ્રાન્ડ પ્રમોટ કરવાની.

આજનો કન્ઝ્યુમર નોલેજેબલ છે, એની પાસે માહિતી છે ત્યારે એ રિયલ લાઇફની વાતો અને વિચારધારાથી પ્રભાવિત થશે, જેમ કે સેલિબ્રિટી સાથે જો બ્રાન્ડ પ્રમોટ થશે તો એ સેલિબ્રિટીની ક્રેડિબિલિટી અને રિયલ લાઇફ ઇમેજ અને ગુણોના સહારે તેને અપનાવશે. ફક્ત સેલિબ્રિટી છે તેથી એને જોઈને તે પ્રમોટ કરે તે બ્રાન્ડ એ નહિ ખરીદે. આજનો કન્ઝ્યુમર કોસ્મોપોલિટન કલ્ચરમાં ઉછરી રહ્યો છે. એ વિવિધ પ્રાંતમાં જઈ અભ્યાસ અને નોકરી કરે છે આથી સ્વાભાવિક છે કે એ બીજા લોકોના સંપર્કમાં આવશે, એ લોકોની સંસ્કૃતિ, વિચારધારા જાણશે અને એમની સાથે સંબંધ બાંધશે. આવા ઘણા ઉદાહરણ આપણે જોઈ શકીયે છીએ , જ્યાં બ્રાન્ડ કન્ઝ્યુમરની આ મુક્ત વિચારધારાને માન આપી એને પોતાની તરફ આકર્ષવા, પોતાની બ્રાન્ડ પર્સનાલિટી તે રીતે પ્રોજેક્ટ કરે છે.

આજના કન્ઝ્યુમરના ટ્રેંડના અમુક પાસાને જાણવાનો પ્રયત્ન કરીએ. આજનો કન્ઝ્યુમર સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપે છે. પોતાની લાઇફસ્ટાઇલ જે રીતે બદલાઈ રહી છે ત્યારે પોતે જે પ્રોડક્ટ્સ વાપરે છે તેના માટે એ ઘણો સજાગ છે. નેચરલ અને ઑર્ગેનિક પ્રોડક્ટ્સ તરફ એનું વલણ વધી રહ્યું છે. ફક્ત ખાદ્ય પદાર્થોમાં નહીં, પણ પર્સનલ કેર પ્રોડક્ટમાં પણ એ ઑર્ગેનિક અને નેચરલ વસ્તુની ઈચ્છા રાખે છે, જેથી સ્વાસ્થ્ય સલામત રહે. આથી આ વાતને ધ્યાનમાં રાખી બ્રાન્ડે પોતાનામાં બદલાવ લાવવો પડશે. આજે મોટી મોટી વિદેશી કંપનીઓ પણ આયુર્વેદના નેજા હેઠળ ટૂથપેસ્ટ, હેર ઓઈલ, ક્રીમ, લોશન્સ વગેરે બનાવી રહી છે. બીજી કેટેગરી પણ સ્વાસ્થ્યના આધારે પોતાને પ્રમોટ કરતી રહી છે. બીજુ, આજનો કન્ઝ્યુમર ભારતીય મૂળને અપનાવવા માગે છે, દેશ, સંસ્કૃતિ અને વારસાગત વાતો તરફ તેનું વલણ વધી રહ્યું છે. આથી ફક્ત ભારતીય નામ બ્રાન્ડને આપી નહીં ચાલે. પ્રોડક્ટ જે ડેવલપ થાય તેનો સંદર્ભ, તેના મૂળ, આપણા વારસાને અનુરૂપ છે કે નહી તે મહત્ત્વનું છે. આપણે હમણાં જોયું તેમ ટૂથપેસ્ટ પણ આયુર્વેદના અભ્યાસ પછી તેના આધારે બનાવવામાં આવી છે. ત્રીજું પાસું, કન્ઝ્યુમર આજે ઑથેન્ટિસિટીને માને છે.

ઑનલાઇન રિસર્ચ કર્યા બાદ પણ પ્રોડક્ટ જે દાવો કરે છે તેના પર આંધળો વિશ્વાસ નથી કરતો. તેથી બ્રાન્ડ ફક્ત શું આપે છે તેનાથી એ સંતુષ્ટ નહીં થાય પણ કેવી રીતે તે પ્રોડક્ટ બનાવવામાં આવે છે થી લઈને સ્ટોરના શેલ્ફ સુધી પહોંચે છે ત્યાં સુધીની ઓથેંટિક-અધિકૃત માહિતી મેળવશે. ચોથું, રિલેટેબિલિટી- પોતાની સાથે સુસંગત બેસતી બ્રાન્ડને તે ન્યાય આપશે. ઉપરોક્ત જોયુ તેમ કોઈ સેલિબ્રિટી પ્રમોટ કરે છે તેથી હું માની લઈશ તેમ નહીં, પણ મને જોઈએ છે અને મારા માટે છે, મારી વિચારધારાને અનુરૂપ છે તો જ હું બ્રાન્ડને અપનાવીશ.

પાંચમી વાત આજના ડિજિટલ યુગમાં કન્ઝ્યુમરનું અટેન્સન સ્પેન ઓછું થતું જાય છે. એ લોકો એમને મળતા મેસેજ અને માહિતીઓ ક્ષણના છઠ્ઠા ભાગમાં કેપ્ચર કરે છે. આવા સમયે માર્કેટીયરે પણ પોતાની ગતિ વધારવી પડશે. શબ્દો કરતાં રિલેટેડ ઇમેજ અર્થાત્ત ઇમેજ જોતા બ્રાન્ડ શું કહેવા માગે છે તે ખબર પડી જાય. ઇમેજ દ્વારા કમ્યુનિકેશન વધુ સશક્ત બનાવવું પડશે. આનું ઉદાહરણ એટલે આજનું જનરેશન ઈન્સ્ટાગ્રામ પર વધુ દેખાય છે. આથી માર્કેટીયરે પણ કન્ઝ્યુમર સાથે પોતાની ગતિ વધારવી પડશે પોતાની બધીજ બ્રાન્ડ ઍક્ટિવિટીમાં.

આથી આગળ, એ સમાજના બદલાવ પર પણ ધ્યાન આપે છે. તે બદલાવનો હિસ્સો બનવા માગે છે. મીડિયા આમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. ટીવી ઉપરાંત વેબ બેસ્ડ મીડિયા એમને સામાજિક વાતોથી જાગૃત રાખે છે. આથી માર્કેટીયરે, બ્રાન્ડે સામાજિક બદલાવની વાતોના સહારે પોતાના કેંપેન ડેવલપ કરવા પડશે. ઉદાહરણ તરીકે. 'ટાટા ટી જાગો રે 'ની વાતો કરે છે. સવારે ફક્ત ઉઠો નહીં પણ જાગો. સામાજિક મુદ્દાઓની સામે જાગો. પોતાના પ્રોડક્ટને આની સાથે સહજતાથી વણી લીધુ. સાતમી વાત. આજનો કન્ઝ્યુમર ડિજિટલી સેવી છે. માહિતીથી ખરીદી સુધી બધુ ડિજિટલી થાય છે તો બ્રાન્ડે પણ આ પ્લેટફોર્મ પર પોતાની બ્રાન્ડ પ્રમોટ કરવી પડશે. કન્ઝ્યુમર આજે વધુ સાહસિક છે. પોતાના મનમાં જે છે તે કરે છે. આજનો કન્ઝ્યુમર તે બ્રાન્ડ સાથે સંબંધ રાખશે જે લેવડદેવડથી પરે જઈ ઈમોશનલ લેવલ પર એની સાથે બંધાય

feedback@bombaysamachar.com

આજે આટલું જ

શોભિત દેસાઈ

ગઝલની મેં પકડી લીધી આંગળી...

આ શિર્ષક એટલે મારી આત્મકથા... આ ૧૩ અક્ષરો એટલે મારા - શોભિત દેસાઈના સત્યના પ્રયોગો... આ પાંચ શબ્દો એટલે મારી વિલાસયાત્રા.

And what a journey it is ! Unbeleivable... ૫૦ વરસ થઈ ગયાં, સાહેબો! અને હજી સફરમાં જ છું... તંદુરસ્ત, મનદુરસ્ત અને ઘણું ગુમાવી દીધા બાદ પણ બચેલા ધનદુરસ્ત... ૧૯૬૭ (પોદાર સ્કૂલ)થી ૧૯૭૩ (એન. એમ. કૉલેજ) સુધી વકતૃત્વ સ્પર્ધામાં ઈનામો જીતેલાં જ, ૧૯૬૮થી શાસ્ત્રીય અને સુગમ સંગીતમાં પારંગતતા તરફ પ્રયાણ હતું જ, ૧૯૭૩માં પરેશ રાવલ સાથે અભિનયની શરૂઆત થઈ જ ગયેલી, ગોખણપટ્ટીના ગોરખધંધામાં પ્રવીણ્યને કારણે શૈક્ષણિક સડસડાટપણું હતું જ... નહોતી તો માત્ર નાણાકીય દુરસ્તી, રહેવાલાયક ઘર અને ભૌતિક સમૃદ્ધિથી અંજાઈ જતી દુનિયાનો આદરભાવ... પણ બે ભાઈઓ અને મા-બાપ કેવાં!!!

આ બધા વચ્ચે એક બુલબુલ, જેનું નામ ગઝલ, આવીને બેસી ગઈ ખભા પર, અંજાઈ ગઈ આંખમાં, પથરાઈ ગઈ અસ્તિત્વ પર. મે પૂછ્યું: તારું નામ? તો કહે: બરકત વિરાણી 'બેફામ'...

પ્રણયમાં મેં પકડ્યા તમારા જે પાલવ,
પ્રણયની પછી પણ મને કામ આવ્યા
પ્રસંગો ઉપરના એ પરદા બન્યા છે,
ઉમંગો ઉપરનાં કફન થઈ ગયાં છે.

મળ્યો મારા પ્રેરણાપુરુષને... કહ્યું: બેફામસાહેબ! બધા 'મરીઝ'ને બહુ પ્રશંસે છે... મને તમારા જેટલા અને જેવા કેમ નહીં લાગતા હોય!! એમણે કહ્યું: તારી કાચી સમજણ... મેં એક મુશાયરાનું સંચાલન કરતાં 'મરીઝ'ને છેલ્લા રજૂ કર્યા હતા, આ શબ્દો સાથે: 'તમે બધાએ અમને સાંભળ્યા. હવે અમે જેમને સાંભળવા આવ્યા છીએ એમને સાંભળો: 'મરીઝ'... ત્યાંથી શિખવા મળ્યો સહોદરો પ્રત્યેનો નિર્વ્યાજ આદરભાવ...

એ ખુશનસીબ પ્રેમીને મારી સલામ હો
જેનો સમયની સાથે હૃદયભાર પણ ગયો
'મરીઝ'

દર મહિને પગાર મળે જ એવી યુનિયન બૅન્ક ઑફ ઈન્ડિયાની નોકરીને હજી માંડ ૬ મહિના થયા હશે અને દિલીપ ધોળકિયાએ ઓળખાણ કરાવી કૈલાસ પંડિત સાથે. મહાનતા અને Middle class લાચારીનું મૂર્તિમંત સ્વરૂપ. એણે જ કરાવ્યો મુશાયરા પ્રવેશ અને પછી તો કેવડો અંગત મિત્ર... ઠેઠ ગયો ત્યાં સુધી...

મેં કફન માનીને લીધું હાથમાં
એ સુખી માણસનું પહેરણ નીકળ્યું...

April ૧૯૭૬ના, પ્રા. બકુલ રાવલના પુસ્તક ઉદ્ઘાટનના મુશાયરામાં એક સાથે મળ્યા કેટલા બધા શાયરો, પ્રાતઃસ્મરણીયો, પૂર્વસૂરિઓ... એમાંય સૈફ પાલનપુરી તો અનહદ... નવા ટચૂકડા બચૂકડાને કેવો પ્રોત્સાહિત કરે!

મિત્રો બનાવવામાં રહ્યો સૈફ હું અને
બહુ સારા સારા દુશ્મનો બીજે સરી ગયા

અને અહીંયા 'કવિતા'ના અંકોમાં રમેશ પારેખનો છાક (તોર, મિજાજ, નશો, કેફ) ભાષાને, સમગ્ર ભાષાને અભાન બનાવતો જ જાય...

સ્વપ્નમાં અત્તરની શીશી રોજ ફૂટી જાય છે
એટલે ખુશ્બુમાં તિરાડો મને દેખાય છે.

અને આવે સાહેબ! ગઝલ વિશ્વ વિદ્યાલયના વાઈસ ચાન્સેલર શૂન્ય પાલનપુરી... માયાળુ સૌમ્યતા અને ગઝલની ગંજાવર શાસ્ત્રીયતાનું ગજબનું નરમ-કડક મિશ્રણ. ઉમર ખય્યામનો એમનો ગુજરાતી અનુવાદ વિશ્વમાં, જી હા વિશ્વમાં બેજોડ. એડવર્ડ ફિટ્ઝરાલ્ડે તો ખય્યામ અંગ્રેજીમાં નીચો પાડી દીધો છે.

ડંખ દિલ પર કાળ-કંટકનાં સહન કીધા વગર
પ્રેમ કેરા પુષ્પને ચૂમી શકે ના કો અધર
કાંસકીને જો! કે એના તનના સો ચીરા થયા
ત્યારે પામી સ્થાન જઈને એ પ્રિયાની ઝુલ્ફ પર

૧૯૭૭ માર્ચમાં કૈલાસ - સૈફના આયોજનમાં કલકત્તા જવા મળે છે. શૂન્યસાહેબ ટ્રેન ઉપડવાની પાંચ મિનિટ પહેલાં જ મન અને તન ડોલાવતા હાવરા મેલના સેકન્ડ ક્લાસના ડબ્બામાં આવે અને સ્વયમ્ અમૃત ઘાયલ, સાક્ષાત્, ઊભા થઈને એમના ૩૫ વર્ષ જૂના સહકર્મી અને સહશાયરને એમ કહીને બિરદાવે... આઈયે ઉસ્તાદ!!!

તુમ આ ગયે, જહે કિસ્મત, તુમ્હારી ઉમ્ર દરાઝ
તુમ્હારા નામ લિયા થા અભી અભી મૈને
(અજ્ઞાત)

અને ઉસ્માન બલોચ 'શૂન્ય' અમૃત ભટ્ટ 'ઘાયલ'ને કહે: અરે વાહ વાહ મારા ભાઈ! કેમ છો?

ન હિંદુ નીકળ્યા, ન મુસલમાન નીકળ્યા
કેવળ જો માપ્યું વહાલ તો ઈન્સાન નીકળ્યા
અમૃત ઘાયલ

અને પયગમ્બરી નામના સંસ્થાગત માળખા સામે વારંવાર વિદ્રોહનો ઊહાપોહ ઉઠાવનાર જલન માતરીને તો તમે ઓળખો છો ને! હા હા એ જ જલન માતરી જેની પાસે અનેક દલીલો છે ખુદાઈને ખરલમાં ખાંડવાની...

સતાવ્યા સારા ઈન્સાનોને તેં પયગમ્બરી દઈને
તને શું શોભતું'તું આવું કરવાનું ખૂદા થઈને?!

તો મંગળવારે, ગૂડી પડવાના દિવસે મુંબઈમાં આ બધા મારી આત્મકથાના પાનાઓનું હું કંઈ કમાલનું પઠન કરવાનો છું! ગઝલની ગુંજતી સરગમ એ નામથી. ક્યારેક આ બધા વિષે ખોલીને વાત કરું, તમને જણાવું કે ક્યાં છે આ બધું, એવી ઈચ્છા પણ ખરી... પણ અત્યારે તો તમારે તમારા ગુપ્તચરોને કામે લગાડવા પડે એ બધું જાણવા...

એ છે ગુજરાતી ગઝલનું એવું સાજ
એકલો છે આખી સેનાનો અવાજ

આજે આટલું જ... ■

feedback@bombaysamachar.com

ઈકો સ્પેશિયલ

જયેશ ચિતલિયા

મિશન વિકસિત ભારત- ૨૦૪૭: ટિઝર- ટ્રેલર

ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું મિશન- ૨૦૪૭ શરૂ થયું છે, ચૂંટણી પહેલાં જ આ મિશનનો તખ્તો તૈયાર કરી દેવાના લક્ષ્ય સાથે વર્તમાન સરકાર કાર્યરત થઈ છે આર્થિકથી લઈને બધે મોરચે.. ત્યારે આ સામેના પડકારો પણ સમજી લેવા જોઈશે.

અહીં આપણે રાજકરણની વાત નથી કરવી,છતાં એનો સહજ ઉલ્લેખ જરૂરી છે.

બધા વિરોધ પક્ષો એક જ એજન્ડા ચલાવી રહયા છે : મોદી હટાઓ- ભાજપ હટાઓ... જ્યારે ભાજપ સરકાર દેશ આગે બઢાઓ- દેશને વૈશ્વિક તખ્તા પર ઉચ્ચ સ્થાને લઈ જાઓ... ગ્લોબલ લેવલે ટોચનું અર્થતંત્ર બનાવો.

આ માત્ર નારા નથી. એક ચોક્કસ વિચારધારા સાથે એક ચોક્કસ દિશામાં કાર્ય થઈ રહ્યું છે. એ વાત શાસન-વિરોધીઓએ પણ સ્વીકારવું જોઈશે.

આ બધા શોર-બકોર વચ્ચે વિકાસની દિશામાં ગાડી આગળ વધી રહી છે. ગ્લોબલ ઈમેજમાં સતત સુધારો થઈ રહ્યો છે. આ વિકાસની નોંધ વિશ્વએ તો ક્યારની લીધી છે, પણ....

ખેર, હવે અર્થતંત્રની વાત પર આવી જઈએ તો સરકારે હાલ જે એકશન પ્લાન તૈયાર કર્યો છે

તેમાં દરેક મંત્રાલયને પાંચ વરસની તેમની બજેટની જરૂરીયાત જણાવવા કહ્યું છે. બીજું, દેશમાં આર્થિકની સાથે-સાથે સામાજિક સુધારા માટે પણ આહવાન આપ્યું છે. દરેક મિનિસ્ટ્રીના બજેટના પરિણામ સ્વરૂપે શું પ્રાપ્ત થશે તેનો ચિતાર પણ રજૂ કરવા કહ્યું છે. આ કાર્યપદ્ધતિ સરકારની વ્યૂહરચના, કટિબદ્ધતા અને વિઝનની પારદર્શકતા દર્શાવે છે. અગ્રતાના ધ્યેયોમાં શું છે?

બાય ધ વે, સરકારના અગ્રતાના ધ્યેય શું છે?, ડિજિટલ વ્યવહારોને મહત્તમ પ્રાયોરિટી, સ્ટાર્ટઅપ્સને વેગ, સ્ટીલના વપરાશમાં વધારો, ઝડપી માઈનિંગ ઓપરેશન, ઈ-વેસ્ટ અને વેહિકલ રિસાઈકલિંગ, ગ્રીન રિવોલ્યુશન, રિન્યુએબલ એનર્જીના વપરાશમાં વધારો, ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સતત સુધારો, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, ટેક્સ કમ્પલાયન્સ મેક ઈન ઈન્ડિયાને બુસ્ટ, સીધા વિદેશી રોકાણને આકર્ષવું, ચીનના વર્તમાન વિપરિત સંજોગોનો લાભ લેવો, આયાત નિર્ભરતા ઘટાડવી અને સાતત્યપૂર્ણ રીતે નિકાસવૃદ્ધિ હાંસલ કરવી, રોડ-હાઈવેઝ, ટ્રાન્સપોર્ટ, એરપોર્ટ, વગેરે સહિતની સુવિધામાં નિરંતર સુધારા કરવા.... ભારતને ડિજિટલ હબ બનાવવા ઉપરાંત ટુરિઝમ સ્પોટ તરીકે વિશ્વભરમાં તેનું નામ કરવું, ઈત્યાદિ-ઈત્યાદિ જેવાં અનેક ઊંચાં લક્ષ્યો રાખવામાં આવ્યાં છે.

પીયુષ ગોયલે કહ્યું કે...

તાજેતરમાં કોમર્સ મિનિસ્ટર પીયુષ ગોયલ મુંબઈ આવ્યા હતા ત્યારે એમની સાથે થયેલી વાતચીતમાં ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાની દિશામાં કઈ રીતે પ્લાન થઈ રહ્યા છે તેના સંકેત એમણે આપ્યા હતા. બિનઔપચારિક વાતચીતમાં એમણે કહ્યું કે સરકાર ત્રણ વિભિન્ન તબક્કા તૈયાર કરીને આખો કાર્યક્રમ અમલમાં મુકી રહી છે, શોર્ટ ટર્મ-મિડિયમ ટર્મ અને લોંગટર્મ. આ ત્રણેયનું લક્ષ્ય એક જ છે અને તે છે ભારતનો આર્થિક વિકાસ, આ વિકાસ સાથે દરેક વર્ગનો સર્વસમાવેશ, રોજગાર સર્જન, સામાજિક વિકાસ, પર્યાવરણ, સારું ગવર્નન્સ, વગેરે સામેલ રહેશે.

એક નોખો અને રસપ્રદ દાખલો આપતા પીયુષજીએ કહ્યું કે અમારા એક મિનિસ્ટર મોદીજી પાસે પોતાના મંત્રાલયના પ્લાનનું પ્રેઝન્ટેશન રજૂ કરવા ગયા ત્યારે મોદીજીએ થોડીવાર સુધી કોઈ પ્રતિભાવ ન આપ્યા, પણ જ્યારે પ્રધાને પૂછયું ત્યારે મોદીજીએ એમ જ કહ્યું : તમે હમણાનું અથવા પાંચ વરસનું જ વિચારો છો, હું તો અત્યારથી જ ૨૦૪૭નું વિચારું છું....!

યાદ રહે, ૨૦૪૭ એ ભારતની આઝાદીનું ૧૦૦મું વરસ છે. ચૂંટણીનાં પરિણામની રાહ જોયા વિના મોદી સરકારે એની ટીમને વર્તમાન જવાબદારીઓ સાથે-સાથે મિશન ૨૦૪૭' માટે સતત કાર્યરત રહેવાનું કહી દીધું છે. અનેકવિધ પડકારો પણ ખરા... ૨૦૪૭ સુધીમાં ભારતનું અર્થતંત્ર ૩૦ લાખ કરોડ ડોલરનું થઈ જાય એવું લક્ષ્ય છે, જે હાલમાં ૩.૪ લાખ કરોડ ડોલર જેટલું છે. નાણાં પ્રધાન નિર્મલા સિતારમણે પણ તાજેતરમાં કરેલા નિવેદન મુજબ ચૂંટણી બાદ આ જુલાઈમાં જાહેર થનાર બજેટમાં સરકાર ૨૦૪૭ના વિઝનની સંપૂર્ણ રૂપરેખાને સ્પષ્ટ રજૂ કરશે. આ યાત્રાની ઝલક બજેટમાં ઘણેખરે અંશે સ્પષ્ટ થશે એવી આશા છે.

જો કે આવા પ્લાન બનાવવા એક વાત હોય છે, જ્યારે તેનો અમલ કરવો બીજી વાત હોય છે. મોદી સરકારે આ વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવા ૩૬૦ ડિગ્રીના સ્તરે અમલ કરવાનો થશે. સરકાર સામે આ દિશામાં ચોક્કસ પડકારો છે જ અને હજી આવશે. ઉદાહરણ તરીકે... પ્રદૂષણ, પર્યાવરણ (કલાઈમેટ ચેન્જ), બાયોડાઈવર્સિટી, ગ્લોબલ અનિશ્ચિતતા (જિયોપોલિટિકલ સમસ્યા) ઓનો સતત સામનો કરવાનો રહેશે. સરકારે પ્રજાનું જીવન ધોરણ સુધરે તેની પણ તકેદારી-કાળજી લેવાની રહેશે. છેલ્લા દસ વરસમાં ભારતમાં જ નહીં, વિશ્વ સ્તરે પણ ઘણાં પરિવર્તન આકાર પામ્યા છે. વિકસિત દેશો સામે પડકારો વધતા રહ્યા છે. ખાસ કરીને ઈકોનોમિક ક્રાઈસિસના. યુરોપ, યુએસ, ચીન સહિતના દેશો તેમાં આવી જાય છે. બાકી પાક, બંગ્લાદેશ, શ્રીલંકા વગેરેની દશા અને દિશા જાહેર છે. વિકસતા દેશોમાં ભારત ઘણીબધી દ્રષ્ટિએ બહેતર સંજોગોમાં છે.

આમ છતાં, ભારતે ચીન, પાકિસ્તાન સહિત કેટલાંક વિકસિત રાષ્ટ્રોની ઈર્ષ્યા અને સ્પર્ધાનો પણ સામનો કરવાનો રહેશે. ભારત આગળ ન વધે અથવા તેમનાથી આગળ ન વધી જાય એ માટે ઘણાં વિરોધી તત્ત્વો-પરિબળો - સ્થાનિક અને અને ગ્લોબલ સ્તરેથી સક્રિય છે અને રહેશે. ટૂંકમાં ભારતને અંદર અને બહાર દુશ્મનોની કમી નથી, ફરક એ પડ્યો છે કે હવે ભારતનું રાજકીય નેતૃત્વ વધુ સુદ્રઢ અને સક્ષમ થયું છે, જેની નોંધ જગતે લેવી પડી છે.ભારત બ્રાન્ડ હવે વૈશ્વિક બ્રાન્ડ બનતી જાય છે. ભવિષ્યમાં ભારતીય રૂપિયો પણ કરન્સી તરીકે ગ્લોબલ સ્તરે સ્વીકાર્ય બનતો જશે એવી તૈયારી સરકાર કરી રહી છે. છેલ્લા દસ વરસમાં ભારતે ઘણું પુરવાર કર્યુ છે, કરીને બતાવ્યું છે. તેમ છતાં હજી મંઝિલ લાંબી છે અને હજુ પણ ચઢાણ કપરાં છે.. ■

feedback@bombaysamachar.com

ટ્રાવેલ સ્ટોરી

કૌશિક ઘેલાણી

વિશ્વનું ખ્યાતનામ યોગા નગર અને આપણું આધ્યાત્મિક કેન્દ્ર એટલે દેવોની ભૂમિનું દ્વાર : રોમાંચક ઋષિકેશ.

કોઈ પણ સ્થળની મુલાકાત લઈએ તો એ સ્થળ આપણા માનસપટ પર કોઈ આગવી છાપ છોડીને જાય અને સ્થળ છોડીએ ત્યારે એ સ્થળ આપણાથી લેશમાત્ર પણ ન છૂટે અને આપણાં મનમાં કાયમ માટે જગ્યા બનાવી લે... દેવોની ભૂમિ ઉત્તરાખંડમાં સ્વર્ગના દ્વાર તરીકે ઓળખાતું ઋષિકેશ કઈક આવી જ વિશિષ્ટતા ધરાવે છે. ઋષિકેશ એ કોઈ સ્થળ નહીં પણ એક ભાવના છે. ઋષિકેશ કે જયાં હિમાલયમાંથી કૂદતાં, ઊછળતાં, પોતાના મૂડમાં વહેતાં ગંગાજી શાંત અવસ્થામાં હિમાલયના પહાડોમાંથી ભારતમાં વિશાળ મેદાન વિસ્તારમાં આવીને વહે છે એવા ઋષિકેશની ધરતીનું સત્ત્વ જ કંઈક અલગ છે. ઋષિકેશમાં આધ્યાત્મિક અને માનસિક શાંતિનો અનોખો સંગમ છે. અહીંના કણ કણમાં મેડિટેશન રહેલું છે અને જીવમાત્ર એને કોઈ વિશેષ કોશિશ વિના અનુભવી શકે છે. અદ્દલ એમ જ કે જાણે હમણાં જ સ્થિર પ્રવાહમાં આવેલા ગંગાજી દરેકનો તણાવ હરીને મનની સ્થિરતા આપતા જતા હતા. જ્યારે જીવન અટકતું જણાય, જીવનમાં ક્યાંક મૂંઝવણ જણાય, ક્યારેય કઇ જ ન કરીને ખાલી બેસી રહીને જિંદગીના દિવસોને વીતી જતા જોવાનું મન થાય ત્યારે ઋષિકેશ આંટો મારવો. બધા જ રસ્તાઓ આપોઆપ મળશે. અહીં જીવનમાં મૂંઝવતા સવાલનાં જવાબ મળે કે ન મળે પણ અહીં આવીને તમામ પ્રશ્નો આપોઆપ શૂન્ય થઈ જાય છે.

ઉત્તરાખંડમાં ગઢવાલ વિસ્તારમાં આવેલ ઋષિકેશ સમગ્ર વિશ્વમાં હિન્દુ ધર્મનું મુખ્ય આસ્થા કેન્દ્ર અને યોગા કેપિટલ છે. હિમાલયની તળેટીમાં આવેલ આ સ્થળ અવનવા આકર્ષણ ધરાવે છે એટલે જ ઋષિકેશમાં દિવસો નહીં પણ મહિનાઓ પણ સરળતાથી વિતાવી શકાય. શહેરની કોલાહલથી દૂર ઋષિકેશનું તપોવન વિસ્તાર માંસ-મદિરા ફ્રી ઝોન છે અને અહીં વિવિધ દેવી દેવતાઓનાં મંદિરો તથા આશ્રમો આવેલાં છે. ગંગાજીના ઘાટ પર અલગ અલગ કેફે અહીંનું મુખ્ય આકર્ષણ છે. અહીં કોઈ પણ કેફેમાં બેસીને જીવનની ક્ષણોને જાણે સ્લો મોશનમાં માણી શકાય છે. તપોવનનું મુખ્ય સ્થળ લક્ષ્મણ ઝૂલા છે જેની આસપાસ લગભગ તમામ કેફે આવેલા છે અને ચાલીને આ વિસ્તાર ફરી શકાય છે. અહીં ઠેર ઠેર મળતી લિજ્જતદાર ચાટ, ભેળ જીભને સ્વાદની ચટપટી સફર કરાવશે જ અને એ સ્વાદની લિજ્જત વારંવાર માણવા જેવી ખરી. આજકાલ જૂના લક્ષ્મણ ઝૂલાને બંધ કરીને નવો ઝૂલા બનાવવામાં આવી રહ્યો છે. ગઢવાલ ઉત્તરાખંડમાં ક્યાંય પણ ફરવા જવું હોય ઋષિકેશ એનું મુખ્ય મથક છે. ઋષિકેશથી હિમાલયનાં દરેક સ્થળે જઈ શકાય, એટલે જ તો આ શહેરને સ્વર્ગનાં ઉંબર તરીકે ઓળખાય છે. વિદેશીઓના ભારતીય સંસ્કૃતિ તરફનાં આકર્ષણને લીધે અહીં વિદેશી લોકોને છાજે તેવો માહોલ અનુભવી શકાય. અહીંનું કેફે કલ્ચર ખૂબ જાણીતું છે. અહી લક્ષ્મણ ઝૂલા પાર કરતાં જ વિશ્વ પ્રસિદ્ધ લિટલ બુદ્ધા કેફે છે જ્યાં બેસીને ગંગાજીમાં ડૂબતાં સૂરજની સોનેરી રોશનીનાં સૌંદર્યને આંખોથી પાન કરી શકાય. અહીંનું સ્વાદિષ્ટ સલાડ કે અહીંની વિશિષ્ટ કોફીના ઘૂંટડા ભરતા ભરતા મનમાં શાંતિનો ગજબ એહસાસ થાય. લિટલ બુદ્ધા કેફેમાંથી ગંગાજીનાં ઘાટ પર શ્રદ્ધાળુને જોઈ શકાય, તરતી રાફ્ટમાં ખુશમિજાજ જનોની ખુશીને સ્પષ્ટ રીતે જોઈ શકાય, લક્ષ્મણ ઝૂલા પરથી પસાર થતા લોકોને જોઈ શકાય અને અસંખ્ય પક્ષીઓ ગંગાજીની સપાટી પર મહાલતા જોઈ શકાય. ગંગાવ્યુ કેફેના રૂફટોપ પરથી વહેતા ગંગાજીને શાંતિથી બેસીને જોવું તે એક લ્હાવો છે.આ બધી નાની નાની ક્ષણો કોઈપણને પોતાનાં જીવનમાંથી ખુશીઓનો ખજાનો શોધવાનો મોકો આપે જ છે.

લક્ષ્મણ ઝુલાથી ચાલતા રામ ઝૂલા તરફ જઈએ કે અલગ અલગ મેડિટેશન આશ્રમ, યોગા શીખવતાં યોગગુરુઓ, રસપ્રદ સંગીતનાં સાધનોનું એક આગવું બજાર, હેંડીક્રાફ્ટનું બજાર, ખાણી પીણીનું બજાર વગેરે વચ્ચેથી પસાર થઈએ કે ફરી એક વાર બાળક બની જઈએ. એ સિવાય અલગ અલગ ગંગા ઘાટ તો ખરા જ જ્યાં વિશાળ પટમાં ગંગાજી મુક્તપણે વહેતાં હોય ત્યારે મનમાં ક્યાંક ભગીરથ રાજા ચાલતા દેખાય અને પાછળ પાછળ ગંગાજી. લક્ષ્મણ ઝૂલા પાસે સાંઈ ઘાટ છે જ્યાંથી ખૂબ જ ઓછી ભીડમાં ગંગાજીની કંપની માણી શકાય. અહીં જૂજ લોકો આવે છે. લક્ષ્મણ ઝૂલા પર આવતા જ અહીંના નટખટ વાંદરાઓ તમારું સ્વાગત કરવા તૈયાર હોય છે. હાથમાં કોઈ ફળ ફળાદી હશે તો બસ હકથી એ છીનવી લેશે અને તમારી સામે જ વટથી આરોગવા લાગશે. ઋષિકેશ સાથે અનેક પૌરાણિક કથાઓ જોડાયેલી છે. એવું કહેવામાં આવે છે કે સમુદ્રમંથન બાદ મહાદેવએ અહીં જ વિષપાન કરેલું અને તે નીલકંઠ કહેવાયા. તેની યાદમાં અહીં પૌરાણિક નીલકંઠ મહાદેવનું મંદિર આવેલું છે. રામાયણ સાથે પણ આ સ્થળ જોડાયેલું છે. વનવાસ દરમિયાન ભગવાન શ્રી રામે અહીં પણ થોડો સમય એકાંતમાં વ્યતીત કરેલો અને તે જ સમયમાં શ્રી લક્ષ્મણજી દ્વારા પ્રભુને ગંગાજીને સામે કાંઠે જવા માટે એક પુલનું નિર્માણ કર્યું જે આજે લક્ષ્મણ ઝુલા તરીકે ઓળખાય છે.

આશરે નવમી સદીમાં આદિ શંકરાચાર્યએ વસાવેલું આ નગર આમ તો દેશનું આધ્યાત્મિક કેન્દ્ર અને હિન્દુ સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે. આદિગુરુ શંકરાચાર્ય દ્વારા નિર્મિત ભરત મંદિર, લક્ષ્મણ મંદિર, શત્રુઘ્ન મંદિર જેવાં પૌરાણિક



મંદિરો પણ અહીં આવેલા છે. અહીં સાંજ ઢળે કે પરમાર્થ આશ્રમનાં ઘાટ પર ગંગાજીની સંધ્યા આરતીની તૈયારીઓ શરૂ થાય અને બધા લોકો અહીં હોશે હોશે ગોઠવાય જાય. આરતીની પાવક જ્યોતિનું વિશાળ પ્રતિબિંબ જયારે ગંગાજીના પટ પર દેખાય ત્યારે જાણે એમ લાગે કે મા ગંગા જીવમાત્રને પોતાના વાત્સલ્યથી ભીંજવી રહી છે. એ જ રીતે ત્રિવેણી ઘાટની આરતી પણ મુખ્ય આરતી તરીકે આગવું આકર્ષણ ધરાવે છે. ત્રિવેણીઘાટ એ ત્રણ પવિત્ર નદીઓના સંગમ પર આવેલો છે જેથી શ્રદ્ધાળુઓ પોતાના પાપોને ધોવાના ભાવથી શ્રદ્ધાની ડૂબકી લગાવે છે. અહીં સ્નાન કરનારાનાં પાપોનું ગંગાજી પોતાનાં પ્રવાહમાં હરણ કરી લે છે એવી માન્યતા પુરાતન કાળથી ચાલતી આવે છે જેથી અહીં યાત્રાળુઓ શ્રદ્ધાની ડૂબકી અચૂક લગાવે છે. વૈદિક મંત્રોચ્ચાર સાથે કલાક જેટલો સમય ચાલતી આ આરતી જીવનમાં એક વાર અચૂક માણવી જોઈએ. આપણા ભુલાયેલાં નૈતિક મૂલ્યો, આધ્યાત્મિક ચેતના વગેરે ક્ષણ માત્રમાં જાગ્રત થઈ જાય છે. હિન્દુત્વનાં સાત્ત્વિક મૂલ્યોથી પ્રભાવિત થઈને ઘણા વિદેશીઓ પણ પોતાનું સઘળું વેચીને અહીં આધ્યાત્મિક જીવન વિતાવતા ધન્યતા અનુભવે છે. અહીં વિશ્વ પ્રસિદ્ધ બેન્ડ બીટલ્સ પણ આકર્ષાયું હતું અને અહીં જ સાધના કરી હતી. મહર્ષિ મહેશ યોગી દ્વારા સ્થાપિત આશ્રમમાં તેઓ ૧૯૬૮માં મેડિટેશન માટે આવ્યા હતા અને ત્યાર બાદ ચોર્યાસી કુટિયા તરીકે ઓળખાતી આ જગ્યા બીટલ્સ આશ્રમનાં નામથી પ્રસિદ્ધ થઈ. પ્રાકૃતિક સુંદરતાથી ભરપૂર આ આશ્રમ આજે રાજાજી નેશનલ પાર્કનો હિસ્સો છે અને અહીંયા પણ કલાકો વિતાવી શકાય છે. બીટલ્સ આશ્રમ ઉપરાંત અહીં સ્વર્ગાશ્રમ , મુનિ કી રેતી, ઓમકારનંદ આશ્રમ, મૂજી આશ્રમ, પરમાર્થ આશ્રમ, ઓશો આશ્રમ જેવા અલગ અલગ આશ્રમ આવેલા છે જે આધ્યાત્મિક મૂલ્યોને જાળવી રાખવા વિવિધ પ્રકારનાં મેડિટેશન અને આધ્યાત્મિક અભ્યાસક્રમ ચલાવે છે. આ ઉપરાંત ઋષિકેશમાં હેલ્થ સ્પા, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનું આયુષ કેન્દ્ર પણ છે. જ્યાં પ્રાકૃતિક સારવાર લઈ શકાય છે. અહીં શિરોધારા પણ ખૂબ જ જાણીતું છે.

કુંજાપુરી મંદિર જ્યાંથી સુંદર નજારાઓ માણી શકાય તેવું વાતાવરણ , વશિષ્ઠ ગુફા કે જ્યાં ગુરુ વશિષ્ઠએ ધ્યાન કર્યું હતું એવાં અઢળક સ્થળો ઋષિકેશને માત્ર એક સ્થળ નહીં પણ જીવનનો હિસ્સો બનાવે છે અને અહીં વધુ ને વધુ સમય વિતાવવાનાં કારણો આપે છે. હાલના ઋષિકેશનું વાતાવરણ એવું ગણી શકાય કે અહીં આજનો યુવાન હોય કે કોઈ વયસ્ક હોય દરેકને પોતાની જરૂરિયાત મુજબનો માહોલ અહીં મળી રહેશે. આધ્યાત્મ, શાંતિ , સૂકુન, એડવેન્ચર એક્ટિવિટીસ, યોગા, શાંત નદી કિનારો, પ્રાકૃતિક વાતાવરણ જેવું બધુ જ મળી રહે તેવું સ્થળ. આધ્યાત્મિક સ્થળો, યોગનાં કેન્દ્રો અને સરસ કેફે દરેક સાથે ગંગાજીનું સાંનિધ્ય એથી વિશેષ શું જોઈએ બ્રેક માટે?

ઋષિકેશમાં લોકો લાંબા સમય માટે રહેતા હોય છે. અહીં ઘણાં આશ્રમ છે જ્યાં રહીને

(જુઓ પાનું ૧૧) ▶▶

feedback@bombaysamachar.com

ત્રિકોણનો ચોથો

વિક્રમ વકીલ

ધ્યાન- મેડિટેશન ને હોર્મોન્સ... કેટલી હદે કામયાબ?

ફેઇથ હીલિંગ એટલે કે શ્રદ્ધાવડે બીમારની સારવાર કરવાની એક પદ્ધતિ. આપણા દેશમાં અને વિદેશમાં પણ આ કન્સેપ્ટ નવો નથી. દેશમાં જ્યારે કોરોનાનો વ્યાપ ખૂબ વધારે હતો ત્યારે એવી ચર્ચાએ જોર પકડ્યું હતું કે,જે કોરોનાથી સતત ડરતા નથી કે હકારાત્મક વલણ રાખે છે એમાંથી મોટા ભાગના કોરોનાથી પ્રભાવિત થયા નથી.

આ સાબિત કરવાના કોઈ ડેટા આપણી પાસે જો કે નથી. આમ છતાં આ તબક્કે ફેઇથ હીલિંગ વિશે પુર્નઃવિચાર કરવો જરૂરી બને છે.

થોડાં વર્ષ પહેલાં અમદાવાદમાં એક ૫૫વર્ષના બહેનને મળવાનું થયું હતું. એ અપરિણિત હતાં ને એકલાં રહેતાં હતાં. એમને એક ગુરુમાતા પર ખૂબ જ વિશ્વાસ-શ્રદ્ધા વાતચિત દરમિયાન એમણે કહ્યું હતું કે

'હું સતત એવી ફિલિંગ રાખું છું કે મારી સાથે મારા ગુરુમા હંમેશાં રહે છે. એ મારું રક્ષણ કરે છે. મારા મા-બાપના મૃત્યુ પછી જ્યારે પણ હું સંકટમાં હોઉં છું કે તબિયત ખરાબ થાય છે ત્યારે હું સતત ગુરુમાનું રટણ કરું છું. એ રીતે હું સંકટોમાંથી બહાર આવી શકું છું...' અહીં સવાલ એ છે કે શું શ્રદ્ધાથી કે પ્રાર્થનાની મદદથી આપણી શારીરિક તંદુરસ્તી સુધરી શકે છે?અમેરિકા જેવા દેશમાં તો મોટાભાગની હોસ્પિટલોમાં હવે ફેઇથ હીલિંગ' તરીકે ઓળખાતી શાખા પણ શરુ કરવામાં આવી છે. 'આત્માની સંભાળ' જેવાં નામોથી અમેરિકાની કેટલી તબીબી કોલેજોમાં અભ્યાસક્રમ પણ ચાલી રહ્યો છે. ફેઇથ હીલિંગ બાબતે રિર્સચ કરતા અમેરિકાના ડો. રિચાર્ડ ગ્રિફિથનું માનવું છે કે,શારીરિક અને માનસિક રીતે બીમારીથી ત્રસ્ત થઈને લોકો ડોક્ટર પાસે જતા હોય છે. કેટલાક દર્દીઓ આધુનિક વિજ્ઞાનની મદદથી સારા થઈ શકતા નથી આવા દર્દીઓ વૈકલ્પિક સારવાર પસંદ કરે છે અને આધ્યાત્મિક ગુરુઓને શરણે જાય છે. થોડાં વર્ષ પહેલાં દક્ષિણ અમેરિકાના એક મેડિકલ સેન્ટર ખાતે સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. હાર્ટ સર્જરીના કુલ૧ ૬ ૨કેસમાંથી ફેઇથ હીલિંગ પર શ્રદ્ધા રાખનારાઓ કરતા આ પદ્ધતિ પર શ્રદ્ધા ન ધરાવનારા દર્દીઓમાં મૃત્યુનું પ્રમાણ ઘણું વધારે જોવા મળ્યું હતું.



મુંબઈની એક જાણીતી હોસ્પિટલમાં છેલ્લાં ઘણાં વર્ષોથી ફેઇથ હીલિંગ દ્વારા સેવા આપતા એક ડોક્ટરની નિમણૂંક કરવામાં આવે છે. અહીંના ડોક્ટર દર્દીને માથા પર હાથ ફેરવીને આશીર્વાદ આપે છે અને દર્દીને એના દર્દમાં ઘણી રાહત પણ લાગતી હોવાનું મનાય છે.

જો કે ફેઇથ હીલિંગમાં પ્લેસીબો ઇફેક્ટની અગત્યતા ઘણી છે. એક જાણીતા મનોચિકિત્સક કહે છે કે 'દર્દી પોતાને અપાતી સારવારમાં જો સંપૂર્ણ શ્રદ્ધા રાખતો હોય તો કેટલાક કિસ્સાઓમાં એક સામાન્ય દવાથી પણ સારો થઈ શકે છે. શ્રદ્ધાની આ સારવારને 'પ્લેસીબો ઇફેક્ટ' પણ કહેવામાં આવે છે. કેટલાક દર્દીને ગળામાં માદળિયુ બાંધવાથી કે મંત્ર દ્વારા સિદ્ધ કરેલી વિંટી પહેરવાથી પણ તબિયતમાં સુધારો થતા હોવાના કિસ્સા જોવા મળે છે. વૈજ્ઞાનિક રીતે પણ આ વિશે અભ્યાસ થઈ રહ્યો છે. જો કે હજી સુધી એ પુરવાર થયું નથી કે ભગવાન કે બીજા ચમત્કારોમાં શ્રદ્ધા રાખનારાઓ મજબૂત મનોબળને કારણે સારા થાય છે કે પછી એ એક ભ્રમણા જ છે.' જાણીતા લેખક ડો. હર્બટ બેન્સનના પુસ્તક 'ધ રિલેક્સેશન રિસ્પોન્સ'માં લે છે કે,કોઈ એક જ અવાજ કે કલ્પના પર ધ્યાન કેન્દ્રીત કરવાથી શરીરમાં તણાવ ઉત્પન્ન કરતા હોર્મોન્સ ઓછા થઈ શકે છે. નિયમિત ધ્યાન કરવાથી અનિંદ્રાના રોગીઓ વગર દવાએ ઊંઘ મેળવતા થયા છે. ઘણી બાળક વાંચ્છું સ્ત્રીઓ ગર્ભવતી થઈ છે અને૪ ૩ટકા જેટલા લોકોએ પેઇનકિલર દવાઓનો ઉપયોગ ઓછો કરી નાખ્યો હોય એવું પણ ધ્યાનમાં આવ્યું છે. લેખક બેન્સને એમના બીજા પુસ્તકનું નામ 'ટાઇમલેસ હીલિંગ'રાખ્યું છે. એ તો ત્યાં સુધી માને છે કે 'માણસનું બંધારણ જ ધાર્મિક આસ્થાના આધારે ઘડાયેલું છે.'

આ છે અજબ ગજબની મજાર

મજાર પર જૂતાં મારવાથી મનની મુરાદ પૂરી થાય તેવું તમે ક્યાંય સાંભળ્યું છે?

જો કે , એવી એક મજાર છે જેને લોકો હોશેહોશે જૂતાં મારે છે. એ મજારનું નામ છે 'ચુગલખોર કી મજાર.'

ઉત્તર પ્રદેશમાં ઇટાવા-ફરુખાબાદ પર આવેલી આ મજાર વિશે એવી માન્યતા પ્રવર્તે છે કે ચુગલખોરની આ મજારને જે માણસ પાંચ વાર બૂટ-ચંપલ-સ્લિપર મારશે એના મનની ઇચ્છા પૂરી થશે. અહીંના એક ચુગલખોરની ચુગલીને કારણે અહીંના રાજાએ યુદ્ધમાં ઘણું નુકસાન ખમવું પડેલું. એ માણસને સજારૂપે મારી નાખવામાં આવ્યો અને ચુગલીની સજા કેવી આકરી હોય છે તે વાત લોકોને યાદ રહે એ માટે રાજાએ મજાર પર મોટી ઇમારત ચણાવી અને ત્યાં એવો શિલાલેખ કોતરાવ્યો કે જે કોઈ આ મજાર પર પાંચ વાર જૂતાં મારશે તેની મનોકામના પૂરી થશે.....!

feedback@bombaysamachar.com

શરદ જોશી સ્પીકિંગ

ભાવાનુવાદઃ સંજય છેલ

આપણી ભાષાઓનો ઝગડોઃ જાણે દરિયામાં દીવાલ

આપણે ત્યાં લોકો ધર્મ પર લડીને કંટાળે પછી ભાષા કે પ્રદેશ પર ઝગડે છે. ગમે તે થાય પણ આપણને ઝગડવું તો છે જ! અને એમાં ય હવે તો ભાષાને પોતાના વિશે બોલવાની સાચી ભાષા પણ નથી આવડતી, બોલો. લંગડી ભાષા પોતે જ પોતાના ગુણ કે અવગુણનું બરોબર વર્ણન પણ નથી કરી શકતી. ભાષાની પાસે સ્વ-ટીકાનાં સાચા શબ્દો અને સમજ નથી. કોણ જાણે કેમ પણ ભાષા, પોતાના વિશે વાત , વર્ણન કે વખાણ કરવામાં બહુ નબળી હોય છે.

લગભગ આવું બધી જ ભાષાઓનું છે. તમે કોઇ ભાષા પર ભાષણ આપીને તો જુઓ. એના વિશે જૂઠાં કે બણગાં કે અભિમાન વગર તમે બોલી જ ન શકો,કારણ કે ભાષા વિશેની વાતમાં મુદ્દાની વાત કે વિષય ઓછા હોય છે અને અભિમાન કે ફાંકા ફોજદારી વધારે હોય છે. એમાં ય સાંસ્કૃતિક અને ઐતિહાસિક ગૌરવ બહુ મદદ કરે છે. મોટાં મોટાં નામોની રેડીમેઇડ હેલ્પ મળી રહે છે. તમે હિન્દી પર બોલવા જશો તો ૨-૪ લાઇન પછી સૂરદાસ, તુલસીદાસ અને નિરાલાના નામનો જાપ જપવા માંડશો. બંગાળી ભાષા પર વાત કરતાં કોઈને સાંભળશો તો તરત જ રવીન્દ્રનાથ ટાગોર અને શરદચંદ્રની પ્રશંસા કરવા માંડશે. આ તો થઈ કવિઓ અને લેખકોની પ્રશંસા, તમે ભાષાની વાત કરો. એના ગુણ ગણાવો કે કહી

સંભળાવો, કંઇ પણ બોલોને? શું ફરક પડે છે?- ખરેખર તો આપણે ત્યાં ભાષાઓ વિશે કોઈને કંઇ ખબર નથી. બધા વક્તાઓ બસ, પોતાની ભાષા બોલનારાઓની સંખ્યા જણાવે છે. એનાથી શું થાય? બિચારી ભાષાને પોતાને જ નથી ખબર કે એણે પોતાના જ ગુણગાન કેવી રીતે ગાવાના?

જો કોઈ ભાષા માત્ર ભાષાના સ્તર પર પોતાની ખાસિયત શોધે તો એને એ જાણીને આઘાત લાગશે કે જે ગુણ એનામાં છે, એ બીજી અનેક ભાષાઓની ઘણી પણ હોય છે. એવામાં પોતાની ભાષાનો ગર્વ લેવા જેવું કંઈ છે નહીં... પણ આમ કોઇ માની લે તો પછી મતભેદો ને વિવાદો કઇ રીતે જાગે ? ભેદભાવ અને ઊંચ-નીચની રાજનીતિ કેવી રીતે થશે?

એટલે ભારતની બધી ભાષામાં રહેલ સમાનતાને ઓળખવાનું કે એ વિ શે બોલવાનું જોખમ ટાળવામાં આવે છે. ભાષાઓમાં જે વિવિધતા છે એ વિશે સહેલાઇથી ભરડી શકાય છે, કારણ કે કોઇ એક કહે કે અમારી પાસે તો ગાલિબ છે. બીજો કહેશે કે ટાગોર અમારી ભાષામાં છે. ત્રીજો કહેશે કે- શું તમારી પાસે કોઈ જ્ઞાનેશ્વર છે? અને ચોથો દિલ્લીવાળો તરત તુલસીદાસની વાત કરવા લાગશે!

હવે લેખક કે કવિને પોતાનું સંગીત રચવા માટે કોઈ ભાષાના રમકડાંની જરૂર નથી. જે કોઈ પણ વ્યક્તિ જે જગ્યાએ જન્મ્યો છે,

એના પરિવારની ભાષા, એના મહોલ્લા કે સમાજની ભાષાના શબ્દો અને શિક્ષણથી શીખેલી ભાષાની દ્વારા તે ખુદને વ્યક્ત કરવા લાગે છે. લેખકની કોઈ ભાષા કે નીતિ નથી હોતી. એમાં ય ખાસ કરીને એક લેખક લખવાનું શરૂ કરે ત્યારે તો નહીં જ. એને જે વાજું મળ્યું, એમાં એણે એને જ મીઠડા સૂરમાં વગાડવાનું શરૂ કર્યું. લગભગ બધાં ભોળા લેખકોને એમની ભાષા બહુ વહાલી લાગે છે, પણ એને પોતાનું ઘર, પોતાનું ગામ, એનાં ગામની નદી , જગત આખામાં ખૂબ જ સુંદર લાગે છે. એને લીધે એ બીજા કોઇ લેખકને કે જેને એનું ઘર, એનું ગામ અને એનાં ગામની નદી ખૂબ ગમતી હોય તો એને કેવી રીતે હડધૂત કરી શકે? આવા પ્રયત્ન કરવાથી કંઈ મળવાનું નથી. કમસેકમ ભાષાને તો નહીં જ.

જો કોઈ મરાઠી કે બંગાળી, જો મને કહે કે 'મારી ભાષા બહુ સુંદર અને સારી છે ' તો હું એની સાથે મૂંગે મોઢે હા-માં હા કહીને સંમત થવા સિવાય બીજું કરી યે શું શકું? એ એનું ગામ, એની નદી, એનું વાજું છે. મારે એનું સંગીત સાંભળવું જ પડે અને જો મને સંગીત સારું નહીં લાગે એમાં એના વાજિંત્રનો શું વાંક?

ગઈ કાલે મેં એક વાક્ય વાંચ્યું- 'ભાષાની દીવાલો.' મને હસવું આવ્યું કે કેટકેટલું કહી જાતી ભાષા, પોતાની બાબતમાં યોગ્ય વિશેષણ પણ પસંદ કરી શકતી નથી. કન્યાકુમારીના છેલ્લા પથ્થર પર ઊભા રહીને તમે એક વિશાળ દરિયાને જુઓ. જમણી તરફ અરબી સમુદ્ર, સામે હિન્દ મહાસાગર અને ડાબી બાજુ બંગાળની ખાડી છે. ત્રણેય મહાસાગરનું પાણી જોડાયેલું છે. બસ, નામ જ અલગ અલગ છે. એ જ રીતે વિશાળ

લોકસાગરમાં પણ ભાષાઓ જોડાયેલી રહે છે. આપણે સમજીએ છીએ કે આ બધાંની વચ્ચે દીવાલો છે... પણ ના, આ એક ભ્રમ છે. કદાચ આ કોઇ ખોટી ઉપમાનું સાચું ઉદાહરણ છે,પણ વાત તો સાચી જ છેને?! ■

feedback@bombaysamachar.com

આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે

પ્રતિભા, તું મારી શક્તિ છે

(આ વાત છે વીસેક વર્ષ પહેલાંની છે.)

ભાયંદરમાં રહેતા મધ્યમ વર્ગના રમણભાઈ પરમારના આનંદનો આજે કોઈ પાર ન હતો. તેમના એક ના એક દીકરા અજીતે આજે એલ.એલ.બી.ની પરીક્ષા પાસ કરી હતી. અજીતે પપ્પાના ચરણસ્પર્શ કર્યા અને બાજુમાં ઊભેલા પાડોશી દેસાઈ અંકલને પ્રણામ કર્યા.

રમણભાઈએ હરખાતા પોતાના મિત્રને કહ્યું- મારો અજીત પહેલેથી જ ખૂબ મહેનતુ અને હોશિયાર, આપણે તો વનરૂમ કિચનની ચાલી સીસ્ટમમાં રહીએ, પણ, અજીતે મારું નામ ઉજાળ્યું. મારો દીકરો આજે વકીલબાબુ બની ગયો. દેસાઈ અંકલે અજીતને કહ્યું- બેટા ખૂબ ખૂબ અભિનંદન.પણ, હવે પ્રેકટીસ ક્યાં શરૂ કરીશ? અંકલ, મારા પ્રોફેસરે બે-ત્રણ સિનિયર એડવોકેટના નામ આપ્યા છે, અને જ્યાં મેં વેકેશનમાં કામ કર્યું હતું એ એડવોકેટ જોશીજીને પણ મળીશ. અજીતે કહ્યું.

વેરી ગુડ, અજીત. જરૂર હોય તો જણાવજે. મારા એક મિત્રની ફોર્ટમાં મોટી ઓફિસ છે. દેસાઈએ કહ્યું. જી કાકા. અજીતે નમ્રભાવે કહ્યું. ઉપરની વાતને એક વર્ષ થઈ ગયું. અજીત પોતાના સરે આપેલા વકીલોની ઓફિસમાં ત્રણ-ચાર વખત મળી આવ્યો પણ તેને જુનિયર વકીલ તરીકે કોઈ કામ ન મળ્યું.

નિવૃત્ત પપ્પા અને હૃદયરોગના બે હુમલા સહન કરી ચૂકેલી અશકત માતા. પપ્પાના પેન્શનની ટૂંકીઆવક, ડોકટરની દવાઓનો ખર્ચ, ભણતર પછી પણ કામ ન મળવું, અને આર્થિક મુશ્કેલીઓથી અજીત હતાશા તરફ ધકેલાવા લાગ્યો. તે મનોમન વિચારવા લાગ્યો- શું ગરીબોનું નસીબ પણ ગરીબ જ હોય છે, કે પછી મારી પાસે કોઈની લાગવગ નથી તેથી ? ૨ ૩વર્ષનો ભણેલો- હોશિયાર હોવાં છતાં મારી આ દશા?

ભાયંદરમાં જ એણે એક ખૂણામાં ટેબલ મૂકી કાનૂની સલાહ આપવાનું, લીગલ લેટર લખવા માટે નાની ઓફિસ શરૂ કરી. પણ, લોકલ એરિયાને લીધે કોઈ નાનો કે મોટો કેસ ક્યાંથી મળે?થોડી લીગલ એડવાઈઝ કે પ્રાથમિક મેટરના કોરસપોડેંસમાં વધુ પૈસા ન મળે. આખરે અજીતે દેસાઈ અંકલને વિનંતી કરી- કાકા, મેં ઘણા પ્રયત્ન કર્યા પણ, કોઈ સારી તક મળતી નથી. આ ઓફિસમાં પણ ઝાઝું કામ મળતું નથી. તમારા મિત્રને કહો મને એમની સાથે કામ કરવાની તક આપે. હું બેસ્ટ કામ કરીશ.

દેસાઈના મિત્ર એડ.મધુકર યાજ્ઞિકે અજીતને પોતાની ઓફિસમાં જુનિયર વકીલ તરીકે રાખ્યો. હવે તે કલાયંટની કેસ મેટર તૈયાર કરવી, દરેક કેસની ફાઈલ મેન્ટેન કરવી વગેરે કામ કરતો. અજીતને કાનૂની દુનિયાનો પ્રત્યક્ષ અનુભવ મળતો. યાજ્ઞિક સાહેબ કોઈ ખાસ કેસની ચર્ચા કરતા હોય તો અજીત તે મુદ્દા નોંધી લેતો. સિનિયર આસિસ્ટંટ બીજા કોઈ કેસમાં બિઝી હોય તો યાજ્ઞિક સાહેબ અજીતને સાથે રાખતા.

એક વાર હાઈ કોર્ટમાં પ્રોપર્ટી અંગે એક કેસમાં યાજ્ઞિકસાહેબે જે રીતે પ્રતિવાદી વકીલ સાથે દલીલ કરી અને કેસને અસીલના પક્ષમાં આણ્યો. આ જોઈને અજીતે મનોમન નક્કી કર્યું કે હું પણ સાહેબ જેવો બાહોશ લોયર બનીશ. હું ખૂબ મહેનત કરીશ. પણ એને માટે મારે લોની માસ્ટર ડિગ્રી મેળવવી જોઈએ. હમણાં તો સાહેબ પાસે પગાર વધારો ન મંગાય,પણ હું આગળ ભણીશ.

તે દિવસે અજીત ઘરે ગયો, ત્યારે વડોદરાથી તેના કાકા અને કાકી પણ આવ્યા હતા. રાત્રે

જમીને બધા બેઠા હતા, ત્યારે પપ્પાએ જ કહ્યું- કાકા તારા માટે સરસ કન્યાનું માગું લઈ આવ્યા છે. વલસાડમાં રહેતા કૃષ્ણકાંત ખત્રીની દીકરી, પ્રતિભા એનું નામ છે. બારમું ધોરણ પાસ છે.

પપ્પા, હજુ મારી પ્રેકટીસ જામી નથી, એટલે હમણાં મેરેજ કરવાનો મારો જરા ય વિચાર નથી. અજીતે કહ્યું. લે, મુંબઈમાં મોટા સાહેબની ઓફિસમાં જાય છે. પ્રેકટીસ તો કરજે ને, કોણ ના પાડે છે. કાકાએ કહ્યું. અજીત, મેં છોકરી જોઈ છે, ઘરના કામકાજમાં હોશિયાર છે. દેખાવમાં થોડી શામળી છે, પણ ખૂબ ગુણિયલ અને સંસ્કારી છે. કાકીએ ટહુકો પૂર્યો.

મારે એક સરસ ફ્લેટ લેવો છે, એના માટે મોટી લોન લેવી પડે. લોનના હપ્તા ભરવા પડે. કાકા બેત્રણ વર્ષ પછી. અજીતે કહ્યું. તે બે-ત્રણ વર્ષ કોણે દીઠા, અમે ખરતું પાન. બે એટેક તો આવી ગયા, મારી દીકરી તો ભરયુવાનીમાં ઉપર ગઈ. શું મને વહુનું મોં જોવા નહીં મળે. કહેતાં કમુબેનની આંખ ભરાઈ આવી. બેટા, આપણે વલસાડ જઈએ, તને ગમે તો આગળ વાત કરીશું. રમણભાઈએ તોડ કાઢ્યો.

અજીત તેના પપ્પા અને કાકા સાથે વલસાડ ગયો. મુંબઈમાં ઉછરેલા અજીતે માતાની ઈચ્છાને માન આપી સમાધાન કર્યું, કે ગૃહકાર્યમાં કુશળ પ્રતિભા ભલે ઓછું ભણેલી છે પણ મારાં મા-બાપને સાચવશે. ત્રણ મહિનામાં જ લગ્ન લેવાઈ ગયાં. કમુબેનના આનંદનો કોઈ પાર ન હતો.

લગ્ન પછી અજીતે મિત્રો સાથે નાની પાર્ટી રાખી ત્યારે પ્રતિભાએ પહેરેલી લાલ ભડક સાડી અને ભારે મેકઅપને લીધે રીના અને મેરી માટે હાસ્યાસ્પદ બની ગઈ. વળી ગામઠી ભાષામાં હી.. હી.. કરીને વાત કરતી હતી. પ્રતિભાને જોઈ અજીત ક્ષોભ અનુભવવા લાગ્યો. એણે મનોમન નક્કી કર્યું કે આ મોડેલને ઘરમાં જ રખાય.

આમ જોઈએ તો અજીત અને પ્રતિભાના લગ્ન તો સંજોગો સાથેનું સમાધાન હતું. પ્રતિભાને મુંબઈમાં રહેવાનો શોખ હતો જયારે અજીતને પત્ની કરતાં પણ વધારે માતા-પિતાની કાળજી લે અને ઘર સાચવે તેવી કોઈ સ્ત્રીની જરૂર હતી. પતિપત્નીના સુખદ સાહચર્ય વગર ગાડું ચાલતું હતું.

પ્રતિભા સૂકા નાસ્તાના ઓર્ડર લઈને, સાડીના ફોલ બિડિંગ કરીને, ડ્રેસ સિલાઈ કરીને થોડી આવક ઊભી કરતી. કોઈ પણ જાતની ફરિયાદ વગર પ્રતિભા ઘર ચલાવતી હતી. કોઈ રાતે થોડું પતિસુખ મળે પણ સવાર પડતાં એ જ ઉપેક્ષા. એ ઝંખતી હતી, પતિના પ્રેમને, પણ એ સુખ તેના માટે મૃગજળ સમાન હતું.

બીજી તરફ અજીતને આગળ ભણીને યાજ્ઞિક સાહેબ જેવા મોટા વકીલ થવું હતું. યાજ્ઞિક સાહેબની દીકરીના લગ્નની કંકોતરી ટેબલ પર પડી હતી તે હાથમાં લઈને પ્રતિભાએ કહ્યું- તમારા સાહેબની દીકરીના લગ્નમાં આપણે માટુંગા જઈશું ને?

ના, તું નહીં આવે. મારે એકલા જ જવાનું છે.

પણ, કંકોતરી પર મિસ્ટર-મિસિસ લખ્યું છે ને. મને લઈ જાઓ.

ના, તારી જરૂર નથી, અકળાઈને બોલતાં અજીત જતો રહ્યો.

એક દિવસ સાહેબનો સારો મુડ જોઈ અજીતે કહ્યું- સાહેબ, મારે એલ.એલ.એમ.નો અભ્યાસ કરવો છે,

આય એમ વેરી હેપી. યુ આર બ્રાઈટ- યુ કેન ડુ ઈટ. પણ, યુ હેવ ટુ બી સીન્સીયર ઈન ઓફિસવર્ક ટુ. યાજ્ઞિક સાહેબે પીઠ થાબડતાં કહ્યું.

યસ, સર આય વીલ. અજીતે કહ્યું.

હવે આગળ અભ્યાસ માટે ફી ભરવાના- ૬૦૦૦ રૂપિયા ક્યાંથી લાવવા એ ચિંતા હતી.

પોતાના સપનાને સાકાર કરવા મથતા અજીતે પહેલીવાર પત્ની સાથે મીઠાશથી વાત કરી- પ્રતિભા તું ખૂબ સમજુ અને ડાહી છે. એક મનની વાત કહું? (સાંભળતા જ એ તો નાજુક વેલની જેમ શરમાઈ ગઈ, મીઠા સ્પંદનો જાગ્યાં) મીઠું સ્મિત આપતાં હકારમાં માથું નમાવ્યું.

મારે મોટા વકીલ થવા આગળ અભ્યાસ કરવો છે. મારે ફી ભરવા માટે ૬૦૦૦ રૂપિયાની જરૂર છે. તું મને મદદ કરી શકે, તારી પાસે બચતની કોઈ રકમ હશે.

જુઓ, હું તો બાર ચોપડી જ ભણી છું. પણ તમે ભણીગણીને મોટા વકીલ થાઓ તો મને ખૂબ ગમે. મારી પાસે સોનાના બે કંગન છે. એ વેચીને તમે ફી ભરો. પ્રતિભાએ હૂંફાળા સ્વરે કહ્યું.

ના,ના, તારા કંગન કેવી રીતે વેચાય- અજીતે કહ્યું.

આ બંગડી છે ને, પહેરવા માટે. અને જયારે તમે ખૂબ કમાઓ ત્યારે મને બે ને બદલે ચાર કંગન અપાવજો. પ્રતિભાએ કહ્યું.

અજીત અહોભાવથી પ્રતિભાને જોઈ રહ્યો.

અજીતને હિંમત આવી, તેણે કંગન વેચીને ફીની રકમ ભરી દીધી. ખૂબ મહેનતથી ભણવા લાગ્યો.

તેવામાં કમુબેનને પેરેલેસિસનો એટેક આવ્યો. ખડે પગે દીકરીની જેમ સેવા કરી રહેલી પત્નીને જોઈ પ્રતિભાને આલિંગન આપતાં તેણે કહ્યું- પ્રતિભા, આય લવ યુ, તું મારી શક્તિ છે. ■

મોર્નિંગ મ્યૂસિંગ (સાતમા પાનાનું ચાલુ)

ઊંધી છે. તેની ફરિયાદ એવી છે કે અભિવ્યક્તિની આઝાદીના નામે, સોશિયલ મીડિયા પર કેન્દ્ર સરકારની કામગીરીઓને લઈને 'ગેરમાહિતી' અને 'ફેક ન્યૂઝ' ફેલાવામાં આવે છે. આવી પ્રવૃત્તિને રોકવા માટે સરકારે ગયા વર્ષે ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટમાં સુધારો કરીને ફેક્ટ ચેક યુનિટનું સર્જન કર્યું હતું.

પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો અંતર્ગત આવતા આ યુનિટનું કામ, સરકારની નીતિઓ, પહેલ અને યોજનાઓ પર ઓનલાઈન થતી ટીકા-ટિપ્પણીઓ પર નજર રાખવાનું અને 'ખોટી માહિતી'ને જવાબ આપવાનો અને તેને ઉતારી લેવા માટે આદેશ જારી કરવાનું હતું. પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરોએ જારી કરેલી માર્ગદર્શિકામાં તેણે નાગરિકોને પણ ઈજન આપ્યું હતું કે તેઓ તેમના વાંચવામાં આવેલી 'વાંધાજનક' માહિતી અંગે બ્યુરોને જાણ કરી શકે છે.

જે લોકોને આ સરકારી ફેક્ટ ચેક યુનિટમાં બદઈરાદાની ગંધ આવતી હતી તેમણે તેનો વિરોધ કરીને કહ્યું હતું કે સરકાર ઇન્ટરનેટ પર સેન્સરશીપ લાવવા માગે છે અને 'સાચા' સમાચાર કોને કહેવાય અને 'ખોટા' સમાચાર કોને કહેવાય તે હવે આ ફેક્ટ ચેક યુનિટ નક્કી કરશે.

ઓનલાઈન સમુદાયોમાં તો સરકારના આ નિર્ણયની ટીકા થઇ હતી, તે ઉપરાંત દેશમાં સમાચાર સંપાદકોના સંગઠન એડિટર્સ ગિલ્ડ ઓફ ઇન્ડિયાએ કહ્યું કે ફેક ન્યૂઝ કોને કહેવાય તે નક્કી કરવાનો અધિકાર માત્ર સરકારના હાથમાં ન હોવો જોઈએ, નહીં તો એમાં પ્રેસ સેન્સરશીપ આવશે.

સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં કહ્યું હતું, ''આ યુનિટ અભિવ્યક્તિની સ્વતંત્રતાની વિરુદ્ધ છે. કોર્ટે કહ્યું હતું કે હાઈ કોર્ટ આ યુનિટની બંધારણીયતા પર નિર્ણય ન કરે ત્યાં સુધી યુનિટનો અમલ નહીં થાય.

કેન્દ્ર સરકાર થોડા સમયથી આ યુનિટની રચનાની વાત કરતી હતી. સરકારનું કહેવાનું હતું કે તેનો ઉદ્દેશ ખોટી માહિતી પર અંકુશ મૂકવાનો છે. સરકારે આ યુનિટના બચાવ કરતાં કહ્યું હતું કે ''ખોટા સમાચારો ગંભીર સંકટ, જાહેર વ્યવસ્થા અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો'' પેદા કરી શકે છે. સરકારનું કહેવું છે કે આ નિયમો કોઈ વ્યક્તિની વાણી અથવા અભિવ્યક્તિની સ્વતંત્રતાને પ્રતિબંધિત કરતા નથી.

એ નોંધવા જેવું છે કે સુપ્રીમ કોર્ટના તાજેતરમાં જે બે મોટા ફેંસલા આવ્યા છે તે નાગરિકોના બંધારણીય અધિકારોના રક્ષણ માટે આવ્યા છે. 'વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા' એ લોકશાહી માળખામાં કોઈપણ દેશના નાગરિકો માટેનો સૌથી મહત્ત્વપૂર્ણ મૂળભૂત અધિકાર છે. જ્યારે પણ કોઈ સરકાર આ અધિકારનું મહત્ત્વ ઘટાડે છે, ત્યારે તે બંધારણનું મહત્ત્વ ઘટાડવા જેવું છે.

ચૂંટણી બોન્ડ યોજનામાં પણ આવો જ પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમાં નાગરિકોના જાણવાના અધિકારોનું ઉલ્લંઘન થતું હતું. સરકારે ચૂંટણી બોન્ડમાં કોણે કોને કેટલું દાન આપ્યું તે ગુપ્ત રાખ્યું હતું. સુપ્રીમ કોર્ટે આ યોજનાને ગેરબંધારણીય ગણાવીને રદ કરી નાખતાં કહ્યું હતું કે નાગરિકોને જેમ ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારને મત આપતાં પહેલાં તેની તમામ બાબતો જાણવાનો અધિકાર છે તેવી રીતે કોઈ પક્ષને મત આપતાં પહેલાં તે પક્ષને લગતી તમામ માહિતી જાણવાનો હક્ક છે.

કોર્ટ જાણવાના અધિકારને અભિવ્યક્તિના અધિકાર હેઠળ જ ગણે છે. તેના અગાઉના એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૯ની વ્યાખ્યા કરતાં કહ્યું હતું કે બંધારણે દેશના દરેક નાગરિકને જનહિતની બાબતો પર બોલવાની આઝાદી અને માહિતી પ્રાપ્ત કરવાની તથા તેનો પ્રસાર કરવાની છૂટ આપેલી છે.

ફેક્ટ ચેક યુનિટના નવા નિયમથી એવી સંભાવના બનતી હતી કે પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો સરકારી કામગીરીની ટીકા કરતી પોસ્ટ્સ અથવા સમાચારોને દૂર કરવા માટે નિર્દેશ આપે અને એવું ન કરવામાં આવે તો કાનૂની પગલાં ભરે. ડર એવો છે કે ફેક્ટ ચેક યુનિટ પ્રેસની સ્વતંત્રતાને મર્યાદિત કરવા તેમજ દેશના દરેક નાગરિકના મૂળભૂત અધિકારોને નબળા પાડવા માટે એક શક્તિશાળી સરકારી સાધન બની શકે છે.

સુપ્રીમ કોર્ટે આ યુનિટ પર મનાઈ હુકમ મુક્યો છે તે આવકાર્ય છે કારણ કે ફેક ન્યૂઝ કોને કહેવાય તેની સ્પષ્ટ કાનૂની વ્યાખ્યા નથી. તેવી સ્થિતિમાં ફેક્ટ ચેક યુનિટ મનસ્વી રીતે નિર્ણય લઈને કારવાઈ કરી શકે છે. ■

ટ્રાવેલ સ્ટોરી (બારમા પાનાનું ચાલુ)

જીવનને મેડિટેશન તરફ વાળીને એક અદભુત બ્રેક લઈ શકાય. આ સિવાય અહીં હોસ્ટેલ કલ્ચર છે જ્યાં માત્ર ૨૦૦ રૂપિયા આસપાસ બેડ અને બ્રેકફાસ્ટ, જાતે રાંધી શકાય એવું રસોડું વગેરે સરળતાથી મળી રહે છે. પ્રવાસીઓ માટેનું આકર્ષણ અહીંનું રિવર રાફ્ટિંગ છે. અહીં શિવપુરીમાં ગંગાજીના ધસમસતા પ્રવાહમાં રાફ્ટિંગ કરવું એ યાદગાર અનુભવ બની રહેશે. એ સિવાય અહીં ફ્લાયિંગ ફોક્સ, બંજી જમ્પિંગ જેવી એડવેન્ચર એક્ટિવીટીઝ છે જે જીવનમાં યાદગાર ક્ષણોની ભેટ આપે છે. ઋષિકેશ રેલ અને વિમાન માર્ગે સરળતાથી પહોંચી શકાય. ઋષિકેશથી માત્ર ૧૫ કિમી દૂર જોલી ગ્રાન્ટ એરપોર્ટ છે અને નજીકનું રેલવે સ્ટેશન હરિદ્વાર છે. ગુજરાતમાંથી યોગા એકસપ્રેસ ડાયરેક્ટ હરિદ્વાર સુધી જાય છે એ સિવાય દિલ્હીથી સરળતાથી બસ અને ટેક્સી પણ મળી રહે છે. જીવનને શ્રેષ્ઠ ક્ષણોની ભેટ આપવી હોય તો

૪. ધાર્મીક સંબંધી

■ કથા, રાંદલ, લગ્ન, વાસ્તુ, મરણ વિધિ માટે ફોન કરો - 9820718979. (બી-૧૪૦૩૩)

૫. અંગત

આર. કે. એન્ટિંગ શોપ

ઓલ્ડ બ્રિટિશ નોટ કોઈન મંડળ ઈન્ડિયા એક બે પાંચ દસ ૧૦૦ મંડળ ઓલ્ડ પારસી ગુજરાતી જરી સાડી રેસમ કોર ગારા પટોડા ઘરજોડા ઓલ્ડ સિલ્વર ગોલ્ડ ઓલ્ડ વોચ ટેબલ કલોક પોકિટ વોચ ઓલ્ડ સ્ટેમ્પ ગ્રામોફોન રેકોર્ડ ફસ્ટડે કવર ઓલ્ડ એન્ટિંગ સામાન સંપર્ક: 9769881863/ 9619765498. જુનું ફર્નિચર પણ. (હોમ ફ્રી સરવીસ). (૧૫૦)

૯. લગ્ન સંબંધી

વૈષ્ણવ યુવક

મુંબઈ-વિલેપાર્લે સ્થિત 32/5-7" પોતાનો બિઝનેસ, BMS, MMS ડીગ્રી હૉલ્ડર, ખાનદાની વૈષ્ણવ સુખી પરિવાર માટે ગુજરાતી વૈષ્ણવ / જૈન / બ્રાહ્મણ કન્યાના વડીલ વિગત સાથે લખશો. સંપર્ક : 9833910903. (દહેજ નહીં). (બી-૧૪૦૯૪)

શ્રી લોહાણા સમાજ - નવી મુંબઈ

દ્વારા આયોજીત શ્રી લોહાણા સ્વયંસેવક મંડળના સાંનિધ્ય સથવારે લગ્નોઉત્સુક યુવક-યુવતીઓ માટે ૧૩મો પરિચય મિલન મેળાવડો બુધવાર તા. ૧-૫-૨૦૨૪ મહારાષ્ટ્ર ડે જાહેર રજાના દિવસે. ફોર્મ- મુંબઈ, થાણા, કોંકણ વિભાગ અને મહારાષ્ટ્રનાં તમામ મહાજન કાર્યાલયોમાંથી મળશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૩-૪-૨૦૨૪. વધુ માહીતી માટે સંપર્ક - 9833314514. (દહેજ નહીં). (૧૪૩૪૭-એફ)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963 (દહેજ નહીં). (૧૪૩૧૨-એ)

રીધ્ધી સીધ્ધી

ખારમાં 1981, એમ.બી.એ. સ્માર્ટ કપોળને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૦૯૧)

રીધ્ધી સીધ્ધી

સાન્તાક્રુઝમાં 1980, સી. એ. બ્રાહ્મણ ડાયવોર્સીને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૦૯૧)

રીધ્ધી સીધ્ધી

ફોરેનમાં, બહારગામ, મુંબઈના સર્વ ગુજરાતી જ્ઞાતિના યુવક, યુવતી આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૪૦૯૧)

ગુજરાતી બેચલર્સ

યોગ્ય જીવનસાથી માટે લગ્ન સંસ્થા છોકરીઓ માટે મફત રજિસ્ટ્રેશન. સંપર્ક: 09152021575. (દહેજ નહીં). (બી-૧૪૦૪૦)

પરિચય મેળાવડો

07/04/2024 રવિવારે, સમસ્ત ગુજરાતી / કચ્છી / જૈન જ્ઞાતીના 30 થી 45 વર્ષના, કુંવારા, છુટાછેડા, વિધવા, વિધુર યુવક/ યુવતીઓ માટે મુંબઈમાં રાખેલ છે. શ્રીહરિ ઈચ્છા ફાઉન્ડેશન - મુકેશભાઈ મજીઠિયા - 9082825482, 9321693211. (દહેજ નહીં). (૧૩૪૯૧-એ)

■ વિધવા, વિધુર, કુંવારા લગ્ન ઈચ્છુક, સુંદર ભાઈ - બહેનો તુરંત જ મળો. 9867510027, 9377992110. (દહેજ નહીં). (બી-૧૪૦૪૪)

SAPTPADI

Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (14294-A)

૧૦. મહિલાઓ માટે

દવા વગર

સાંધાના, કમરના દુઃખાવા, ફ્રોઝન સોલ્ડર, સંધીવા, શરીરની દરેક તકલીફ દૂર, પાઈનગર બોરીવલી. 9930332471. (૧૩૪૯૧-બી)

શીખો

બ્યુટી પાર્લર/ હેર સ્ટાઈલ/ મેકઅપ ડિપ્લોમા કોર્સ. બોરીવલી વેસ્ટ - 9920672072. (જેપી-૪૯૦૬-એ)

મહેમાનોનો ઉતારો

રોજના ધોરણે બથ્ર્ડે, સગાઈ, પાર્ટી કલાસીસ. બોરીવલીમાં બાપલી બંગલો 9821112796. (૧૪૩૧૨-સી)

૧૧. પ્રદર્શન

અમે ખરીદશું

જૂના સિક્કા, નોટ (ઈન્ડિયન/ ફોરેનના), ફર્સ્ટ ડે કવર, પોસ્ટલ સ્ટેમ્પ, બ્લેન્ક સ્ટેમ્પ પેપર લઈશું. ''ગંગર'' - 9321530449. (૧૪૩૦૪-એ)

૧૨. યાત્રા સહેલગાહ

શ્રી ગણેશ યાત્રા

અયોધ્યા, કાશીવિશ્વનાથ, પ્રયાગ, ચિત્રકૂટ, સાથે / સિવાય નેપાળ પશુપતિનાથ, દિવસ 8/13 Deluxe હોટલ, અષ્ટવિનાયક, દિવસ 3. ગ્રુપ બુકિંગ આવકાર્ય. 9820164007, 9892268667. (૧૪૩૫૦-એ)

૧૨. યાત્રા સહેલગાહ

■ ચારધામ 36000/- ટ્રેનમાં, 45000/- પ્લેનમાં, 54000/- કસ્ટમાઈઝ, ગ્રુપ સ્પેશ્યલિસ્ટ. 9833009445. (૧૩૪૯૧-ડી)

Travel Xpress 9044448727
એર ટિકિટ, ૩* હોટેલ, ભોજન, વિઝા, સાઈટસીન.

સિંગાપુર ૫ દિવસ Rs.75000	દુબઈ-અબુધાબી Rs.60000
આસામ/મેઘાલય Rs.56000	સિંગાપુર-મલેશિયા Rs.98000
વિયેતનામ Rs.87000	બેંગકોક-પટાયા Rs.51000
બેંગકોક-ફૂકેટ-કાબી Rs.78000	મૈસુર,ઉટી, કુર્ગ કોડાઈકનાલ Rs.35000
કેરલા : કોચીન, મુન્નાર, થેક્કડી, અલપ્પે, કોવલમ Rs.37000	કાશ્મીર, શ્રીનગર, ગુલમર્ગ,પહેલગામ Rs.51000
નૈનીતાલ,કૌસાની, રાનીખેત, મસૂરી Rs.37000	સિમલા,મનાલી, કુફરી Rs.35000
દાર્જિલિંગ: ગંગટોક, લાચુંગ, પેલિંગ Rs.52000	નેપાલ: કાઠમંડુ, પોખરા,ચિતવન, ભક્તપુર Rs.55000
આંદમાન : પોર્ટ બ્લેર, હેવલોક, નીલ આઈલેન્ડ Rs.49000	ચારધામ Rs.30000

(બી-૧૩૯૫૧)

૧૪. નોકરી ખાલી છે

■ **જૈન સમુદાયના અગ્રણી ચેરિટેબલ ટ્રસ્ટને બોરીવલી (વેસ્ટ) ખાતે કન્યા છાત્રાલય માટે અનુભવી રહેણાંક ગુજરાતી લેડી વોર્ડનની જરૂર છે. કૃપા કરીને તમારો બાયોડેટા educationjainjagruti@gmail.com અથવા What's App નંબર - 8779695306 પર મોકલો. (બી-૧૪૦૭૩)**

''ફીમેલ સ્ટાફ...''

કાંદિવલીમાં: Calling માટે જોઈએ છે. સંપર્ક: ''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ'' - 9619315362. (૧૪૩૨૫/એ)

JOIN LIC AGENCY, PART/ Full Time. Unlimited + Lifelong Income. SSC Pass. Terminated Agent also Call: 9224346388 / 9869860743. (B-14029)

૧૬. પેઈંગ ગેસ્ટ

પેઈંગ ગેસ્ટ

વર્કિંગ, વેજીટેરીયન જેન્ટસ માટે બોરીવલી (વેસ્ટ) તીરૂમાલા સામે, ગુરૂજી 9321910004. (૧૪૩૧૯-એ)

૧૭. જગ્યા આપવી છે

પાર્લા (વેસ્ટ)

ગુલમોહર રોડ, 12th રોડ, 3 બેડરૂમ, સાઉથ-વેસ્ટ ઓપન. વિનોદભાઈ- 8097960449, ભાવેશભાઈ- 9324001110. (૧૪૨૬૮-એ)

પાર્લા (વેસ્ટ)

4 બેડરૂમ, બંધાતામાં, સ્ટેશન, માર્કેટ, મંદિર નજીક. વિનોદભાઈ - 8097960449, ભાવેશભાઈ - 9324001110. (૧૪૨૬૮-સી)

કાંદીવલી (વેસ્ટ)

3 બેડરૂમ, સ્ટેશન, માર્કેટ, દેરાસર નજીક. વિનોદભાઈ- 8097960449. (૧૪૨૬૮-ઈ)

ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ

રાજાવાડી, એમ. જી. રોડ, ૬૦', ૯૦', ગારોડિયા, પંતનગર, ૧ થી ૫ બેડરૂમના ફ્લેટ્સ તથા ઓફિસ, રેડી - બંધાતામાં લેવા વેચવા ભાડેથી હિતેશભાઈ - 9820008003/ 9920927958. (૧૪૩૦૦-એ)

ઘાટકોપર (ઈસ્ટ)

વેચાણથી હિંગવાલા 72 પાર્ક, ૧, ૨, ૩ બેડરૂમ, મોર્ડન એમેનીટીઝ, ગેટેડ કોમ્યુનિટી, તુરંત કબજો. પ્રીફ્ડ ચેનલ પાર્ટનર- "J.K. Real Estate" 9920378464, 9326085381. (૧૪૧૯૯-એ)

ઘાટકોપર (ઈસ્ટ)

આરાધ્ય વન અર્થ, એડન, ફન, ગ્રુવ IVY, ૨, ૩, ૪ બેડરૂમ, જોડી શક્ય લેવા-વેચવા પ્રીફ્ડ ચેનલ પાર્ટનર- "J.K. Real Estate" 9920378464, 9326085381. (૧૪૧૯૯-ઈ)

''બોરીવલી વેસ્ટ''

L.T. રોડ - પોશ એરિયામાં હેવી ડિપોઝીટથી 1 BHK કન્વર્ટેડ ભાડેથી આપવાનો છે: 9323180130. (૧૪૩૪૩-બી)

ઘાટકોપર (ઈસ્ટ)

OC RECEIVED રેડી કબજો. વલ્લભબાગ લેન, વોરા એપાર્ટમેન્ટ, 2 BHK 753'/કૈલાશ આશિષ, ૯૯% કામ થઈ ગયુ છે. ૬૦ ફીટ રોડ, દેરાસર લેનની સામે, 1/2/3 BHK 506-735-985. RERA No. P51800045948. DNK Developers: મોબાઈલ: 9821238408. (કેપી/ ૨૫૨૦-એ)

''લોઢા પાર્ક''

જોઈએ છે ક્લાઈન્ટ માટે 3 બેડરૂમ માસ્ક્યૂરીસ, અલુરા, પાર્કસાઈડ, ટ્રમ્પટાવર (દલાલ નહીં). શ્રદ્ધા 9870573648 સુશાંત 8657424755. (૧૪૩૩૨-એ)

વિલેપાર્લે વેસ્ટ

3 માસ્ટર બેડરૂમ, 1 કોમન બાથરૂમ. 1500 કારપેટ ફ્લેટ (ફર્નિશ For Rent 1,75,000) ગુલમહોર રોડ, કિશોરકુમાર પાર્ક પાસે - 9653303523. (એસડીબી-૧૮૩૮)

૧૭. જગ્યા આપવી છે

ઘાટકોપરમાં ગેરંટી

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી. બજાર ભાવે, સોદાની ગેરંટી ભિમાની - 9920814333 - 9820814333. (૧૪૦૮૭-એ)

ઘાટકોપર (ઈસ્ટ)

રેડી નવા બંધાતા બિલ્ડિંગમાં, 2 થી 4 બી.એચ.કે., 700' થી 2400' કાર્પેટ, સારા ભાવમાં મળશે. ''મિતુલ શાહ'' - 9969080029. (૧૪૨૮૪-એ)

પરેલ / શિવરી

અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા / વેચવા / ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૩૭૮૯)

સાંતાક્રુઝ (વેસ્ટ)

૩ બેડરૂમ હોલ કિચન ૩ વોશરૂમ, લિફ્ટ, હવા ઉજાશવાળો ૮૫૦ કારપેટ એરિયા. ૧ પાર્કિંગ ફક્ત ૪.૨૫ કરોડ શ્રી કુથુંનાથ જૈન દેરાસર પાસે આઉટ રાઈટથી વેચવો છે. સંપર્ક:- સુનિલ સાવલા 9869351233. (એસડીબી-૧૮૩૨)

કાંદિવલી (વેસ્ટ)

કમલા આશિષ બિલ્ડિંગ નં-4-2 બેડરૂમ સેમી ફર્નિશ યૂઝેબલ કાર્પેટ 725 મહાવીર નગરના પ્રાઈમ લોકેશનમાં રેડી પઝેસન ઓનર 9321994554 - 9821379418. (જેપી-૪૯૧૧-ડી)

મલાડ (વેસ્ટ) લીબર્ટી ગાર્ડન

2 બેડરૂમ, 700' કારપેટ, નવામાં, (WITH OC) હાયર ફ્લોર, PARKING. 9821113355 / 9920148262. (૧૪૩૪૧-સી)

દેવલાલી

શ્રી પાર્શ્વનાથ દેરાસર/6 NO નાકાની ગલીમાં, ૨ બેડરૂમનાં ફ્લેટો, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર, અંડર કન્સ્ટ્રકશન, બુકીંગ માટે પરેશ - 9930803959, 9930106054. (૧૪૩૦૧-ઈ)

ફાર્મ હાઉસ વેચવાનું
5 BHK પાલઘર

અમદાવાદ મુંબઈ હાઈવે, ધ ફન હોટલની પાસે, વરઈ પોલીસ ચોકીથી 1 KM
Call 9925914512

(૧૪૩૫૧-એ)

વોર્ડન રોડ

'નાનીક નિવાસ' લિવલાયસંસ વેસ્ટર્લિ 3 BHK સર્વન્ટસ રૂમ વેલ ફર્નિશ્ડ ક્લોઝ ગેરેજ ભાડું 3,00,000/- રેડી કબજો 9820296693 'એજંટ'. (૧૪૩૨૨-એ)

અંધેરી (વેસ્ટ)

યારી રોડ, વેચાણથી. બે બેડરૂમ, ૯૫૦ બિલ્ટઅપ, ફૂલ્લી સીવ્યૂ, સેમી ફર્નિશ્ડ, હાયર ફ્લોર, એક પાર્કિંગ. દીપક ઠક્કર: ૯૮૨૦૯૨૯૪૨૬. (૧૪૩૦૬-એ)

ચેમ્બુર/ઘાટકોપર

રેસીડન્ટશ્યલ કોમર્શિયલ જગ્યા લેવા - વેચવા - ભાડેથી પ્રેમદાસભાઈ - 9324023466, દિનેશભાઈ - 9892544207. (૧૪૨૩૫-એ)

દેવલાલી

૧, ૨, ૩ બેડરૂમનાં ફ્લેટો, ૨, ૩, ૪ બેડરૂમનાં બંગલા વેચાણથી/ ભાડેથી. ''પરેશ'' 9930803959, 9930106054. (૧૪૨૩૫-સી)

પાર્લામાં/જુહુ/ ગુલમોહર રોડ

૨/૩ બેડરૂમ જોડીમાં/ સિંગલ, તૈયારમાં/ બુકીંગમાં તથા ૧૨૫૦' રેસીડેન્સ કમ કોમર્શીઅલમાં મળશે. જયંતભાઈ ભાલરિયા- ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૪૨૭૦-એ)

પાર્લા (વેસ્ટ)

ભાડેથી: ત્રણ બેડરૂમ, ૪૬૦ કોમર્શીઅલ, ૨૬૦ દુકાન, વેચાણથી: બે/ત્રણ બેડરૂમ. ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૪૨૯૩-સી)

અંધેરી ઈસ્ટ

પંપહાઉસ વાસ્તુ સિદ્ધિ સોસાયટીમાં 2 બેડરૂમ 650' ગ્રાઉન્ડ ફ્લોર OC સાથે 1.35 Cr ફાઈનલ ''નવકાર'' 9619674640. (જેપી-૪૯૧૨-સી)

"GOLDEN OPPORTUNITY"

''બોરીવલી ઈસ્ટમાં રીવાલી પાર્કમાં'' ''બોરીવલી વેસ્ટમાં કલ્પતરુમાં'' બુકિંગમાં ''શ્રીજી'' - 9820045571. (જેપી-૪૯૧૨-ડી)

વિદ્યાવિહાર ઈસ્ટ વેચાણથી

૧ બેડરૂમની જોડી કુલ ૩.૫ બેડરૂમ, સ્ટેશન નજીક ૨ કાર પાર્કિંગ સાથે વેચાણથી ઓનર 8369260126. (૧૪૩૩૮-બી)

ભુજ-કચ્છ

ક.વી.ઓ. તથા દેરાસર નજીક. 2 BHK, 2 બાલ્કની, લિફ્ટવાળા બિલ્ડીંગમાં, ત્રણ સાઈડ ખુલ્લો ફ્લેટ વેચવાનો છે. કલ્પેશભાઈ - 9825122956. (૧૪૩૪૬-એ)

ઘાટકોપર (ઈસ્ટ)

ભાડેથી. નિલકંઠવેલી ૧ બેડરૂમ, હોલ, કિચન/ઓડિયન, રાજાવાડી - ૨ બેડરૂમ, હોલ, કિચન. બ્રોકર (મુકેશભાઈ) 9323030141, 81690 19857. (૧૪૩૩૬-બી)

નાનાચોક

2 બેડરૂમ- 865'- કાર્પેટ- પાર્કિંગ - 4,75,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૩/એ)

૧૭. જગ્યા આપવી છે

ગામદેવી

2 બેડરૂમ - 825' - કાર્પેટ - પાર્કિંગ - 3,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૩-બી)

ગોવાલીયા ટેંક

2.5 બેડરૂમ- 910'- કાર્પેટ - પાર્કિંગ - 5,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૩-સી)

મલાડ (વેસ્ટ), ગોરસ વાડી

૧ અને ૨ બેડરૂમ - હૉલ - કીચન
ટેરેસ ગાર્ડન અને ફીટનેસ સેંટર
દેરાસર અને હવેલી નજીક
આર-સી-સી ફ્રીનીશ
પજેશન ટૂંક સમયમાં
Project approved by
SBI, BANK OF INDIA, HDFC, BAJAJ FINANCE
A PROJECT BY
N. PRAJAPATI REALTY LLP
+91 98200 50303 | +91 98200 90390
MAHARERA NO.- P51800048440

(એસડીબી-૧૮૪૦)

તારદેવ

3 બેડરૂમ - 1600' - કાર્પેટ - પાર્કિંગ - 7,35,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૩૪૯૩/ડી)

2 BHK FULLY FURNISHED Sea View Near Mahalaxmi Temple. One Reserve Car Parking. Only Vegetarians. Brokers Welcome. Contact: 9820044764 / 9820244764. (B-14064)

VILEPARLE EAST

2 BHK-650' @ 2.08 Cr +++. & 685' @ 2.19 Cr +++ "Navkar Estate" - 9869108628. (JP-4912-B)

VILE PARLE (WEST)

2 BHK, 700' Carpet, available on Rent, Spacious, fully furnished, Prime Location, East-West at Sanyash Asram Compound. Call: Viraj: 9892666070, Hitesh: 9892892434. (14316/E)

OUTRIGHT

3 BHK Starting from 2.35 Cr, Kandivali West Paresh C H Kadecha - 9223512511. (13491/E)

SALE VILE PARLE (WEST)

S. V. Road, Near Jain Mandir, 3 BHK, 1050 sq. ft., 2 Car Park, 4.30 Cr. Owner: 9820912133. (SDB-1789)

SION, TALLEST TOWER

Sheth Beaumonte, All Amenities, Pool, Club Party Hall, ready OC Flat 3 BHK fully furnished 7.45 Cr. + Taxes. 97698 84999. (B-13937)

MATUNGA

Most Iconic Project, 7 Star Amenities, 5.30 acres Land, Possn in Oct 26, Duplex Penthouse 2500 + 500 terrace - 13.15 Cr. + Tax P51900049433 3, 4 BHK 4.99 Cr. +, 4 BHK 6.98 Cr. + Exclusive Financial yr End Price - Brokers excuse 9004078342. (B-13900)

WADALA EAST

7 Star Amenities 5 acres Plot, Possn 1-2 yrs 2 Bed 2.45 - 2.99 Cr. ++ Actual Tower inspection possible, special offer Stamp Duty Free Pooja - 8976102382. (B-13938)

DADAR EAST,

Prime Location, 3-4 mins from Station, 6 mts possession, Sample Flat ready, 2 Bed 670 cpt. 2.85 Cr. ++ 9773038617. (B-13936)

PRABHADEVI,

New Bldg, by Sugee Low Maintenance, Higher Floor, Good Views Play area, quiet location, 2 Bed 1 Car Park 3.21 Cr. +98191 37982, +99203 20535. (B-13934)

SEWRI, CELESTIAL SPACES,

All amenities, 5 acre plot Lots of open spaces, Ready OC Flats 2 BHK 3.70, Cr. 3.5 BHK Serv room 5.75-6 Cr. 98190 82468. (B-13935)

LNT CRESCENT BAY, PAREL

Fully Furnished Interiors High Floor, Sea Views 3 Bed, 1500+ cpt with Decks 6.40 Cr. nego +91-98192 27923. (B-13674)

ASHOK TOWERS, PAREL

Furnished Large Spacious 2 Bed with Serv Room, 1000 cpt All Amenities 6.25 Cr. 9920320535. (B-13675)

૧૮. જગ્યા જોઈએ છે

લીવ લાઈસન્સ

નવજીવન સોસાયટી લેમિંગ્ટન રોડ 2 બેડરૂમ ભાડેથી જોઈએ છે. સંપર્ક કિરીટ + 91 9819968298 / 9821138298. (જી - ૨૪૯૨-એ)

૧૯. ફેક્ટરી વર્કશોપ

વસઈ - કામણ

સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)

વસઈ

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા વેચવા ભાડેથી રુષભ ઉપાધ્યાય:- 9049625073 હિતેષ ઉપાધ્યાય:- 9326470109. (એસડીબી-૧૮૪૨)

PREMIUM INDUSTRIAL PLOT FOR sale in GIDC SAVLI Area 75,000 & 1,40,000 SqFt Large Frontage, Suitable for Pharma Company Whatsapp: 63549 78009. (B-14093)

૨૦. ધંધાદારી જગ્યા

ઘાટકોપર (ઈસ્ટ)

90' રોડ કમર્શિયલ કાયવાળા બિલ્ડિંગમાં ઓફિસ વેચાણ/ભાડેથી ઉપલબ્ધ 986' કાર્પેટ 2 વોશરૂમ, 1 પાર્કિંગ રેડી પઝેશન સંપર્ક (માલિક) 9324000632 - 8454862773. (૧૪૩૪૪-એ)

ગોદામો, મસ્જિદબંદર (વેસ્ટ)

દરિયાસ્થાન સ્ટ્રીટ, કાળીસૈયદ સ્ટ્રીટ, એરિયા ૧૫૦૦ થી ૨૫૦૦ RCC મકાનમાં ભાડેથી/ લીવલાયસંસથી લેવા મળો મહેશ શાહ ૯૮૨૦૨ ૫૩૦૨૬, ૨૩૪૨૨૨૬૧/ ૨૩૪૩૭૭૭૭. (જી-૨૪૯૨-બી)

પ્રીન્સેસ સ્ટ્રીટ

દવા બજાર ૨૬૦' કારપેટ દુકાન/ ગોડાઉન સેલ્ફ કન્ટેઈન્ડ, ઓનરશીપ વેચાણથી. સંપર્ક: ૯૮૨૦૧૬૦૩૪૬. (બી-૧૪૦૬૭)

OFFICE SALE

Borivali (West) area 338' to 4800' Rs. 1.18 Cr. onwards New Tower, Glass Facad, Rooftop Amenities @ S. V. Road, Near Station & Mc'Donalds, best for Investment M. G. Realtors - 9820964062. (JP/4906-C)

SHOWROOM AVAILABLE ON LEASE

Nariman Point 2500' + 4000', Fort 5000', Mahim Matunga 13000' Vile Parle East 2500', 3500', Andheri 2000', 2600', 2840', 9000', Goregaon 13000', Vashi 38000', Airoli 30000' Belapur 9000' Contact: Naresh Kanani: 9322257207 / 9987763404. (14293-A)

FAMILY SHIFTING ABROAD HOT Commercial Property for Sale in the Posh Area of PRAHALAD NAGAR 2997 Sqft SB and 1798 sqft carpet area, Ground Floor Main Road East Facing Vasta Perfect Shop in Highly Developing City Ahmedabad Having Good Branded Showroom Neighbourhood, Contact 7311131511. (B-14079)

૩૧. નાણાંકીય

■ શેરનાં ડીમેટ / IEPF / ડુપ્લીકેટ / ટ્રાન્સમીશનની સર્વિસ આપશું. / ખરીદશું. - 9619315362, 8291225710. (૧૪૩૨૫-બી)

૩૨. જમીન-મિલકત

FAMILY SHIFTING ABROAD HOT GIDC Industrial Property for Sale 585 Sq yard North and East Facing Corner Plot Engineering zone having GIDC VATVA Phase 2, Main Roads on both sides vastu perfect in Highly Developing city of Ahmedabad year 2026 Ahmedabad Mumbai Bullet Train Travel in 2.5 Hrs Contact 7311131511. (B-14080)

DISTRESS SALE, KANAKIA Zillion, LBS Marg, Kurla, commercial property 1700 carpet, Contact owner 9967580213. (B-14078)

૩૩. ધંધાદારી

''પ્રતાપ પેકર્સ-મુવર્સ''

48 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૮૮-એ)

ડિસ્ટ્રીબ્યુટર - (દુકાન)

મુંબઈના દરેક પરામાં સીંગ/તલ/કોપરેલ/રાઈ/ એરંડીયું/બદામ સનફ્લાવર કચ્છીઘાણીનું (ફિલ્ટર વગરનું કોલ પ્રેસ) તેલ માટે નીમવાના. રવજીભાઈ 9820000473, શૈલેશ 9327755577. (૧૪૩૧૨-ડી)

એકાઉન્ટન

કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર તાત્કાલિક તૈયાર કરીને આપીશું. જીએસટી/ ઈન્કમટેક્ષ/ ટીડીએસ રીટર્ન/ બેન્ક લોન. ડેટા એન્ટ્રી ફાઈનલાઈઝેશન સુધી. પાર્થ: ૯૯૨૦૩૪૮૨૫૮ / 40047681. (બી-૧૩૭૪૮)

''પાણીની ટાંકીઓ''

''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ'' - 9820776583 / 9892298963. (૧૪૨૨૦-સી)

''પાણીની ટાંકીઓ''

''મશીનથી કૂવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ.'' - ''યોગી એન્ટરપ્રાઈઝ'' - 9820776583 / 9892298963. (૧૪૩૫૦-સી)

એકાઉન્ટ

કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૪૦૯૨)

૩૫. જ્યોતિષ ભવિષ્ય

શ્રીચામુંડા જ્યોતિષ

લગ્નમાં રૂકાવટ, ખવડાવેલુ, પિવડાવેલુ, જૂની બીમારી, સંતાન ચિંતા, લવમેરેજ, પતિદુખ, છુટાછેડા, શત્રુથી પરેશાન, પારસ નગર, જૈન દેરાસર પાસે, શંકરગલી કાંદિવલી (વેસ્ટ). 9157999811/022-31970731. (૧૪૩૩૪/એ)

૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

ઘરનું / ઓફિસનું: 'INTERIOR' કરાવી...

સુંદર ઘરનું-ઓફિસનું સપનું સાકાર કરો.. (ફર્નિચરથી પેઈન્ટિંગ વિગેરે...) 'ISHITA' - 9167299961. (૧૪૩૨૫/ડી)

FREE DESIGNING

[Flats, Offices, Restaurants] Civil, Furniture, Plumbing, Electrical, Ceiling, Painting. 8879430789. (14254-A)

૪૬. વોટર પ્રુફિંગ

SWAMINARAYAN WATERPROOFING

ટેરેસ, સોસાયટી, બંગલો, છજ્જા, આઉટ-ઈન વોલ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટર, પેન્ટીંગ, બાથરૂમ, વોટરપ્રુફીંગ. 9321784252/ 9967832871. (૧૩૪૯૫-એ)

LAST DAY — THE MOST AWAITED PROPERTY EXPO IS BACK!
Dimples Group — Shaping your dream home — PRESENTS
HOT PROPERTY EXHIBITION
IN PARTNERSHIP WITH RAGHAV REALTY
KORA KENDRA
GROUND 1, BORIVALI (W)
FRI 05 | SAT 06 | SUN 07
APRIL 2024 | 10AM-7:30PM
WESTERN SUBURBS — THE JEWEL OF MUMBAI
30+ Developers | 100 + Projects | 10,000+ Homes
AC DOME | ENTRY FREE
AFFORDABLE, LUXURY, WEEKEND HOMES OR COMMERCIAL PROPERTIES, ALL UNDER ONE ROOF!
FOR MORE DETAILS CONTACT : SATYAM : 98235 32897

(B-14071)

આર્જેન્ટિનામાં ડેન્ગ્યૂ ફાટી નીકળ્યો

બ્યુનોસ એરેસઃ દક્ષિણ અમેરિકન દેશ આર્જેન્ટિના ડેન્ગ્યુ તાવના સૌથી ખરાબ પ્રકોપનો સામનો કરી રહ્યું છે. તાજેતરમાં દેશની કટોકટી મચ્છર ભગાડનાર સાધનોની ભારે અછત છે. આ સિઝનની હોટ-ટિકિટ આઇટમ બગ સ્પ્રે બન્યો છે.

આ સ્પ્રેની માંગ એટલી વધી ગઇ છે કે તે બ્યુનોસ એરેસના મોટાભાગના સ્ટોર્સમાં તાત્કાલિક વેચાઇ જાય છે અને ઓનલાઇન ઊંચી કિંમતે વેચવા મુકાય છે. કેટલાક કિસ્સાઓમાં છૂટક મૂલ્યના ૧૦ ગણા વધુ ભાવ સાથે વેચાતા જોવા મળે છે. એના ઇન્ફન્ટ નામની એક મહિલા જણાવે છે કે મચ્છરોના ત્રાસથી તેની પુત્રીઓને બચાવવા તે મચ્છર ભગાડનાર સાધનો ખરીદવા તે આખા શહેરમાં ઓછામાં ઓછી ૩૦ ફાર્મસીઓ ફરી વળી, પરંતુ ક્યાંય કંઇ બચ્યું નથી. બેફામ સંગ્રહખોરી અને વધતી કિંમતોએ નિરાશા ફેલાવી છે.

આરોગ્ય પ્રધાન માસિયો રસોએ ગુરુવારે ડેન્ગ્યુ ફાટી નીકળ્યા પછીના તેમના પ્રથમ ટીવી સાક્ષાત્કારમાં સ્થાનિક ચેનલને જણાવ્યું હતું કે અમે નિર્માતાઓ સાથે વાત કરી હતી. તેમણે અમને કહ્યું હતું કે તેઓએ ઉત્પાદન કરવાની તેમની ક્ષમતામાં ફેરફાર કર્યો છે. તેઓ તેમની મહત્તમ ક્ષમતા પર કામ કરી રહ્યા છે.

બ્રાઝિલ અને કોલંબિયા જેવા દેશોમાં મચ્છરજન્ય બીમારી લાંબા સમયથી સ્થાનિક રહી છે, પરંતુ નિષ્ણાતો ચેતવણી આપે છે કે આર્જેન્ટિનામાં બગડતા પ્રકોપનો અર્થ એ છે કે એડિસ ઇજિપ્તી મચ્છર તેની શ્રેણીને વિસ્તૃત કરી રહ્યા છે. ■

૪૬. વોટર પ્રુફિંગ

વોટર પ્રુફિંગ

છજ્જા, બિલ્ડીંગ રીપેરીંગ, પેઈન્ટીંગ, ખાત્રીથી કરાવો. 7718032111 / 7718809123 / 7045025782. (૧૪૩૪૯-એ)

બિલ્ડિંગ રિપેરીંગ

ટેરેસ, સોસાયટી ટાવર, બંગલો, ઈન્ડસ્ટ્રીયલ, પોડિયમ એરિયા, આઉટસાઈડ વોલ, છજ્જા, બિંબ કોલમ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટરિંગ, પેઈન્ટીંગ, વોટર પ્રુફીંગ. 9320210293. (૧૪૨૫૪-ડી)

૪૭. હેલ્થ અને ફિટનેસ

તંદુરસ્ત-ચુસ્ત-ખુશ રહો

(Be Healthier-Happier & Fit...) વધુ વિગતાર્થે સંપર્ક: ''હરીશ'' - 9427516111. (૧૪૨૭૫-બી)

૫૨. કુરીઅર્સ

દુનિયાભરમાં પાર્સલ

મેંગો, નાસ્તો, મસાલા, કપડાં બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર, હોંગકોંગ. 9769691025 - 26822572. (બી-૧૪૦૩૫)

પરદેશમાં પાર્સલ

Western Air International, USA, UK, Canada, New Zealand, Dubai, Singapore તમામ દેશમાં પાર્સલ મોકલવા - 9820605632, 9820875

રણસંગ્રામ IPL-2024

કોહલી ૨૦૨૪ની આઈપીએલનો પ્રથમ સેન્ચુરિયન

ટૂર્નામેન્ટમાં હાઈએસ્ટ આઠમી સદી ફટકારીને બેન્ગલૂરુને મુશ્કેલીમાંથી બચાવ્યું

જયપુરઃ વિરાટ કોહલી (૧૧૩ અણનમ, ૭૨ બૉલ, ચાર સિક્સર, બાર ફોર)એ આઇપીએલની ૧૭મી સીઝનમાં પંજાબ સામે ૭૭ રન અને કોલકાતા સામે અણનમ ૮૩ રન બનાવ્યા પછી હવે રાજસ્થાન સામે સદી ફટકારવામાં સફળતા મેળવી અને એ સાથે તે ૨૦૨૪ની આઇપીએલનો પ્રથમ સેન્ચુરિયન બન્યો છે. આઇપીએલના ઇતિહાસમાં તેના નામે હવે કુલ આઠ સદી છે જે વિક્રમ છે. ક્રિસ ગેઇલ છ સદી સાથે બીજા નંબરે અને જૉસ બટલર પાંચ સેન્ચુરી સાથે ત્રીજે છે.

કોહલીએ ૬૭ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી. (iplt20.com)

કોહલીએ ૩૯ બૉલમાં હાફ સેન્ચુરી અને ૬૭ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી.

રૉયલ ચૅલેન્જર્સ બૅન્ગલુરુએ શનિવારની એકમાત્ર મૅચમાં રાજસ્થાન રૉયલ્સે બૅટિંગ આપ્યા બાદ ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૮૩ રન બનાવ્યા હતા જેમાં કોહલીના અણનમ ૧૧૩ રન ઉપરાંત કૅપ્ટન ફાફ ડુ પ્લેસીના ૪૪ રન સેકન્ડ-બેસ્ટ હતા. ડુ પ્લેસીએ ૩૩ બૉલમાં બે સિક્સર અને બે ફોરની મદદથી ૪૪ રન બનાવ્યા હતા. તેની અને કોહલી વચ્ચે ૧૨૫ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી જે આ વખતની આઇપીએલનો નવો વિક્રમ છે. તેમણે પંજાબના શિખર-બેરસ્ટૉની ૧૦૨ રનની ભાગીદારીનો રેકૉર્ડ તોડ્યો છે. માત્ર ઓપનિંગ પાર્ટનરશિપ નહીં, પણ તમામ વિકેટો માટેની ભાગીદારીઓમાં આ બેસ્ટ છે.

ગ્લેન મૅક્સવેલ (૧) અને નવોદિત સૌરવ ચૌહાણ (૯) સારું નહોતા રમી શક્યા, જ્યારે કૅમેરન ગ્રીન પાંચ રન બનાવીને અણનમ રહ્યો હતો.

રાજસ્થાનના બોલર્સમાં યુઝવેન્દ્ર ચહલે સૌથી વધુ બે વિકેટ તથા નેન્ડ્રે બર્ગરે એક વિકેટ લીધી હતી. સોમવારે વાનખેડેમાં મુંબઈની ટીમના ટોચના ત્રણ બૅટરને ગોલ્ડન ડકમાં (તેમના પ્રથમ બૉલમાં) આઉટ કરનાર ટ્રેન્ટ બૉલ્ટને બેન્ગલૂરુ સામેની મૅચમાં ૩૦ રનમાં એક પણ વિકેટ નહોતી મળી. અશ્વિન, આવેશ અને રિયાન પરાગને પણ વિકેટ નહોતી મળી. ■

ચિયરલીડર્સને કેટલા પૈસા મળે છે જાણો છો?

મુંબઈઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) એટલે ક્રિકેટ અને મનોરંજનનો સંગમ. ક્રિકેટજગતની સૌથી મોટી અને સમગ્ર ખેલજગતની ટોચની લીગ સ્પર્ધાઓમાં ગણાતી આઇપીએલની દરેક મૅચ મોટા ભાગે છેલ્લી ઓવર સુધી રમાય છે અને એમાં ઑલમોસ્ટ દરેક ઓવરમાં ચોક્કા-છગ્ગાની રમઝટ બોલાવવામાં આવે છે અને વિકેટ પણ પડતી હોય છે. આ સ્થિતિમાં સ્ટેડિયમના હજારો પ્રેક્ષકોને અને કરોડો ટીવી-દર્શકોને ભરપૂર રોમાંચ અને મનોરંજનનો અનુભવ થાય છે. જોકે

સેલિબ્રેશનની દરેક પળ વખતે સ્ટેડિયમમાંના કેટલાક સ્ટેજ પર ચિયરગર્લ્સ (...અને હવે તો ચિયરબૉય્સ પણ) ડાન્સ કરવા આવી જાય છે. મ્યૂઝિક પ્લે થતું રહે ત્યાં સુધી ચિયરલીડર્સ પર્ફોર્મ કરતી રહે છે. એ જ તો તેમની ડ્યૂટી છે.

બૉલીવૂડના ઍક્ટર્સ-ઍક્ટ્રેસીસ ઓપનિંગમાં અને ક્લોઝિંગમાં થોડા સમય સુધી ડાન્સ કરીને લાખો-કરોડો રૂપિયા કમાઈ લે છે, પણ દરેક મૅચમાં કલાકો સુધી પર્ફોર્મ કરતી ચિયરલીડર્સને ખાસ કંઈ પૈસા નથી મળતા હોતા. જોકે આઇપીએલ જેવી સર્વોચ્ચ બ્રૅન્ડની ટૂર્નામેન્ટમાં પર્ફોર્મ કરવા મળે એને તેઓ લહાવો અને તક ગણતી હશે એમાં કોઈ શંકા નથી.

ચિયરલીડર્સ મોટા ભાગે અમેરિકા, રશિયા તથા બીજા દેશોની હોય છે. જોકે દેશી સ્ટાઇલમાં ડાન્સ કરવા માટે સજ્જ મૂળ ભારતીય પર્ફોર્મર્સ પણ ઘણી વાર જોવા મળે છે.

ચિયરલીડર્સ આઇપીએલને ગ્લેમર ટચ આપે છે, પણ એ માટે તેમણે માર્ચ, એપ્રિલ, મેની ગરમીમાં ખૂબ મહેનત કરવાની હોય છે. બૅટર જેવો છગ્ગો-ચોક્કો ફટકારે અથવા બોલર જેવી વિકેટ લે એટલે ચિયરલીડર્સે ક્ષણવારમાં પર્ફોર્મન્સ શરૂ કરી દેવો પડે છે.

કોઈને થતું હશે કે અદ્‌ભુત માહોલમાં કલરફુલ કપડાંમાં સજ્જ ચિયરલીડર્સને આ પર્ફોર્મન્સ માટે મસમોટી રકમ મળતી હશે. જોકે એ માન્યતા સાચી નથી. કેટલાક અહેવાલો મુજબ દરેક ચિયરલીડરને એક મૅચના ૧૫,૦૦૦થી ૨૫,૦૦૦ રૂપિયા મળે છે. એ મૅચ દરમ્યાન તેમણે અનેક વાર ડાન્સ કરવા સ્ટેજ પર આવવું પડે છે. નજીકમાં બેઠેલા પ્રેક્ષકોની અસભ્ય ટિપ્પણીનો પણ તેમણે ક્યારેક સામનો કરવો પડે છે તો અસહ્ય ગરમીમાં ફ્રૅન્ચાઇઝીની અપેક્ષા જેવું પર્ફોર્મ કરવું પડે છે. તેમને માટે મૅચના સ્થળે રહેવાની, ખાવા-પીવાની તથા મુસાફરીની વ્યવસ્થા તેમને જે ફ્રૅન્ચાઇઝીએ બોલાવી હોય તેમના તરફથી કરવામાં આવે છે.

એવું મનાય છે કે કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)નું ફ્રૅન્ચાઇઝી ચિયરલીડરને એક મૅચમાં પર્ફોર્મ કરવાના ૨૪,૦૦૦થી ૨૫,૦૦૦ રૂપિયા આપે છે અને જો કેકેઆરની ટીમ સારું રમી હોય અને જીતી હોય તો ચિયરલીડર્સને બોનસ પણ આપવામાં આવતું હોય છે. ■

સૂર્યકુમારનું આગમન મુંબઈનો વિજયોદય કરાવી શકે

ટી-૨૦ ઇન્ટરનૅશનલનો વર્લ્ડ નંબર-વન બૅટર કમબૅક માટે તૈયારઃ આજે બપોરે ૩.૩૦ વાગ્યાથી વાનખેડેમાં તળિયાની બે ટીમ મુંબઈ-દિલ્હી વચ્ચે ટક્કર

મુંબઈઃ ટી-૨૦ની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઘણા મહિનાઓથી વર્લ્ડ નંબર-વનના સ્થાને જામી ગયેલો સૂર્યકુમાર યાદવ પગની ઘૂંટીની ઈજામાંથી મુક્ત થયા પછી લગભગ પૂરી ફિટનેસ સાથે શુક્રવારે પ્રૅક્ટિસ કરવા મેદાન પર પાછો આવ્યો અને હવે રવિવારે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) વાનખેડે સ્ટેડિયમમાં દિલ્હી કૅપિટલ્સ સામે રમાનારી મૅચથી ફરી રમશે એવી પાકી સંભાવના છે. હાર્દિક પંડ્યાના સુકાનમાં મુંબઈની ટીમને અત્યારે પિંચ-હિટરની અને પહેલા વિજયની ખાસ જરૂર છે જે કામ સૂર્યકુમાર આવતાવેંત પૂરું કરી શકે એમ છે.

રવિવારની ડબલ-હેડર (બે મૅચ)માંથી પ્રથમ મૅચ મુંબઈ-દિલ્હી વચ્ચે અને બીજી મૅચ (સાંજે ૭.૩૦ વાગ્યાથી)લખનઊમાં લખનઊ-ગુજરાત વચ્ચે રમાશે.

૧૦ ટીમના પૉઇન્ટ્સ-ટેબલમાં મુંબઈ છેક દસમા સ્થાને અને દિલ્હી નવમા સ્થાને છે. ગઈ કાલની બેન્ગલૂરુ-રાજસ્થાનની મૅચ પહેલાં કોલકાતા, રાજસ્થાન, ચેન્નઈ અને લખનઊ ટૉપ-ફોરમાં હતા.

દિલ્હી એક મૅચ જીતી ચૂકી છે, પણ મુંબઈના નસીબમાં હજી સુધી એક પણ વિજય નથી આવ્યો. દિલ્હીએ એકમાત્ર જીત ૩૧ માર્ચે ચેન્નઈ સામે ૨૦ રનથી મેળવી હતી.

મુંબઈ-દિલ્હી વચ્ચે આઇપીએલના ઇતિહાસમાં કુલ ૩૩ મૅચ રમાઈ છે જેમાંથી ૧૮ મૅચ મુંબઈએ અને ૧૫ દિલ્હીએ જીતી હોવાથી મુંબઈનો હાથ થોડો ઉપર છે એમ કહી શકાય.

સૂર્યકુમારના આગમનથી ટીમનો આત્મવિશ્વાસ ઘણો વધી જ ગયો છે, પ્લેઇંગ-ઇલેવનમાં સમાવેશ થતાં જ સાથીઓનો જુસ્સો બુલંદ થઈ જશે. સૂર્યાને જો ઇલેવનમાં સમાવાશે તો વનડાઉનમાં સાધારણ પર્ફોર્મ કરી ચૂકેલા નમન ધીરને પડતો મૂકવામાં આવશે.

બીજી તરફ, દિલ્હીની ટીમ ત્રીજી એપ્રિલે કોલકાતા નાઇટ રાઇડર્સ સામે ૧૦૬ રનના તોતિંગ માર્જિનથી હારીને મુંબઈ આવી છે એટલે રિષભ પંતની એ ટીમના ખેલાડીઓમાં આત્મવિશ્વાસ થોડો ઘટી ગયો હશે અને યજમાન મુંબઈના મેદાન પર એના હજારો પ્રેક્ષકો વચ્ચે રમવાનું હોવાથી થોડા માનસિક દબાણ હેઠળ પણ રમશે. જોકે રિષભ પંતે સતત બીજી હાફ સેન્ચુરી ફટકારી હોવાથી એ રીતે દિલ્હીની ટીમનો આત્મવિશ્વાસ પાછો આવી શકે એમ છે.

મુંબઈએ ઓપનિંગમાં આ વખતે વારંવાર નિરાશ થવું પડ્યું છે એટલે જો સૂર્યા રમવાનો હશે તો તેની પહેલાં રોહિત શર્મા અને ઇશાન કિશને સારું સ્ટાર્ટ અપાવવું પડશે.

મુંબઈના બોલર્સ ખાસ કરીને પંત તેમ જ ડેવિડ વૉર્નરથી સાવચેત રહેશે. એ ઉપરાંત મુંબઈ શહેરનો પૃથ્વી શો પણ હવે દિલ્હી વતી (મુંબઈના ક્રાઉડ સામે) મોટી ઇનિંગ્સ રમશે તો નવાઈ નહીં લાગે. ટ્રિસ્ટેન સ્ટબ્સ તથા અભિષેક પોરેલ તેમ જ જેક ફ્રેઝર-મૅકગર્ક પણ દિલ્હીને ઉપયોગી યોગદાન આપી શકે એમ છે. ખરેખર તો જસપ્રીત બુમરાહ અને રિષભ પંત વચ્ચેની ટક્કર જોવા જેવી બનશે. જોકે રોહિત શર્મા અને અક્ષર પટેલ વચ્ચેનો મુકાબલો પણ જોરદાર થઈ શકે, કારણકે અક્ષરની બોલિંગમાં રોહિત બહુ સારું નથી રમી શક્યો, નવ ઇનિંગ્સમાં તેના ૬૧ બૉલમાં માત્ર ૫૧ રન બનાવી શક્યો છે અને બે વાર આઉટ થયો છે.

મુંબઈના ૩૦ વર્ષના પેસ બોલર આકાશ મઢવાલની વાનખેડેમાં ૧૧.૧ની બોલિંગ ઍવરેજ છે. તેણે આ મેદાન પર ચાર મૅચમાં ૧૦ વિકેટ લીધી છે અને દિલ્હીને પણ ભારે પડી શકે.

વાનખેડેની પિચ પર જો રાજસ્થાન રૉયલ્સ સામેની મૅચમાં વપરાયેલી પિચ જ રવિવારે ઉપયોગમાં લેવાશે તો હાઈ-સ્કોરિંગ મૅચની સંભાવના ઓછી છે, કારણકે મૅચની શરૂઆતમાં સીમ મૂવમેન્ટ સારા મળતા હતા અને બૅટર્સે રનમશીનને સતત ચાલુ રાખવા ખૂબ સંઘર્ષ કરવો પડ્યો હતો. ■

ઓસ્ટ્રેલિયન ક્રિકેટરોએ દાદરમાં સાબુદાણા વડા ને થાલીપીઠની જયાફત માણી

મુંબઈઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની જોરદાર શરૂઆત થઈ ગઈ છે. આઇપીએલમાં રમવાથી ભારતના ખેલાડીઓ સાથે વિદેશી ખેલાડીઓને પણ ઘણી પ્રસિદ્ધિ મળે છે. દરેક ટીમ તેમના વિદેશી ખેલાડીઓના ઇન્ડિયન ફૂડની મોજ માણવાથી લઈને અનોખા કપડાં પહેરવાની અનેક તસવીરો અને વીડિયો પોસ્ટ કરે છે, જે લોકોને ખૂબ જ ગમવાની સાથે વાઇરલ પણ થાય છે.

મુંબઈમાં આઇપીએલની મેચ જોવા માટે આવેલા બે ઓસ્ટ્રેલિયન ખેલાડીઓએ મુંબઈની એક પ્રખ્યાત હોટેલમાં ઇન્ડિયન ફૂડનો આનંદ માણ્યો હતો. આ ખેલાડીઓની તસવીર સોશિયલ મીડિયા પર જોરદાર વાઇરલ થઈ રહી છે.

આઇપીએલમાં કોમેન્ટરી માટે મુંબઈ આવેલો ઓસ્ટ્રેલિયન ખેલાડી સ્ટીવ સ્મિથ અને ઇંગ્લૅન્ડનો સ્ટુઅર્ટ બ્રોડ દાદરની એક હોટેલમાં જમવા માટે પહોંચી ગયા હતા. આ હોટેલમાં સ્ટીવ સ્મિથ અને સ્ટુઅર્ટ બ્રોડે થાલીપીઠ, સાબુદાણા વડા અને લસ્સીનો ઓર્ડર કર્યો હતો અને બંને આ સ્વાદિષ્ટ વાનગીઓને મજાથી ખાઈ રહ્યા હોવાની તસવીરે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે.

ઇન્સ્ટાગ્રામ પર શૅર કરવામાં આવેલી આ તસવીરમાં જોવા મળી રહ્યું છે કે એક શૂટિંગ માટે સ્ટીવ સ્મિથ અને સ્ટુઅર્ટ બ્રોડ દાદરની એક જૂના અને પ્રખ્યાત હોટેલમાં જઈને ઇન્ડિયન ફૂડની જ્યાફત ઉડાવી રહ્યા છે. જોકે એક અહેવાલ મુજબ સ્ટીવ સ્મિથ અને સ્ટુઅર્ટ બ્રોડ અનેક વખત આ હોટેલમાં જઈને ત્યાં પોતાની મનપસંદ વાનગીઓનો આનંદ માણી ચૂક્યા છે. ■

ગાંગુલીએ ક્રિકેટ ફૅન્સને કહ્યું, 'જરા સમજો, હાર્દિકનો કોઈ વાંક નથી'

મુંબઈઃ મુંબઈ ઇન્ડિયન્સની ફરી એક મૅચ નજીક આવી ગઈ એટલે હાર્દિક પંડ્યાના વિરોધીઓ તેને નિશાન બનાવવાની તૈયારી કરી રહ્યા હશે. ૨૪મી માર્ચે ગુજરાત ટાઇટન્સ સામેની મૅચ વખતે અમદાવાદના સ્ટેડિયમમાં, ૨૭મી માર્ચે સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની મૅચ વખતે હૈદરાબાદમાં અને પહેલી એપ્રિલે રાજસ્થાન સામેની મૅચ વખતે વાનખેડે સ્ટેડિયમમાં હાર્દિકનો હુરિયો બોલાવવામાં આવ્યો હતો. ઑલરાઉન્ડર હાર્દિક આ સીઝન પહેલાં અચાનક જ ગુજરાત ટાઇટન્સની સફળ ટીમ છોડીને મુંબઈ ઇન્ડિયન્સમાં પાછો જોડાઈ ગયો અને તેને રોહિત શર્માના સ્થાને કૅપ્ટન બનાવાયો એ રોહિત-તરફી અનેક ક્રિકેટચાહકોને નથી ગમ્યું એટલે તેઓ હાર્દિક જ્યાં પણ રમવા જાય છે ત્યાં તેનો હુરિયો બોલાવે છે.

રોહિત-હાર્દિકની આજે ફરી કસોટી. ગાંગુલી-સચિન ગઈકાલે વાનખેડેમાં પોતાની ટીમના પ્રેક્ટિશ સેશન વખતે હાજર હતા.

મુંબઈની ટીમ પહેલી ત્રણેય મૅચ હારી ગઈ એને પગલે હાર્દિક સોમનાથદાદાના આશીર્વાદ લેવા પ્રભાસ પાટણ ગયો હતો અને મહાદેવના સૌથી મોટા મંદિરમાં ઘણી વાર સુધી તે રહ્યો હતો અને પૂજા-વિધિમાં ભાગ લીધો હતો.

રવિવારે (સાતમી એપ્રિલે) વાનખેડેમાં મુંબઈની દિલ્હી કૅપિટલ્સ સામે મૅચ (બપોરે ૩.૩૦ વાગ્યાથી) રમાશે. ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન અને બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીની નિયુક્તિ દિલ્હીની ટીમના ડિરેક્ટર તરીકે થઈ છે. ગાંગુલીએ મુંબઈમાં દિલ્હીની ટીમના પ્રૅક્ટિસ-સેશન દરમ્યાન પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, 'લોકોએ હાર્દિકનો હુરિયો ન બોલાવવો જોઈએ. આ ઠીક ન કહેવાય. હાર્દિકને મુંબઈના ફ્રૅન્ચાઇઝીએ કૅપ્ટન બનાવ્યો છે. ખેલકૂદમાં આવું જ બનતું હોય છે. કોઈ ખેલાડી ભારતનો સુકાની હોય કે કોઈ રાજ્યનો કે ફ્રૅન્ચાઇઝીનો, કૅપ્ટન તરીકે તેની નિયુક્તિ થતી હોય છે. જો કોઈને તેની નિયુક્તિ ન ગમે તો એમાં તે ખેલાડીનો શું દોષ? રોહિત શર્મા અલગ પ્રકારનો ખેલાડી છે. તેનો ક્લાસ અલગ છે, જ્યારે હાર્દિક ભિન્ન પ્રકારનો પ્લેયર છે. હાર્દિકને કૅપ્ટન બનાવાયો એમાં હાર્દિકનો શું વાંક? બધાએ એ સમજવું જોઈએ.'

મુંબઈની આગામી મૅચ દિલ્હી સામે રમાયા પછી ૧૧મી એપ્રિલે વાનખેડેમાં જ મુંબઈનો મુકાબલો બેન્ગલૂરુ સામે અને ૧૪મી એપ્રિલે ચેન્નઈ સામે થશે. ■

ચેસમાં મોટો અપસેટઃ વિદિત ગુજરાતીએ વર્લ્ડ નંબર-થ્રીને હરાવ્યો

ટૉરન્ટોઃ ૨૦૧૩માં વિશ્વનાથન આનંદને હરાવીને દસ વર્ષ સુધી ચેસના વિશ્વવિજેતાપદે બિરાજમાન થયા પછી તાજેતરમાં જ ફરી વર્લ્ડ ચૅમ્પિયન બનવાની હોડમાંથી બહાર નીકળી જનાર નોર્વેના મૅગ્નસ કાર્લસને હજી બે દિવસ પહેલાં જ મહારાષ્ટ્રના ટૅલન્ટેડ ચેસ પ્લેયર વિદિત ગુજરાતી માટે કહ્યું હતું કે તે કૅનેડામાં ચાલી રહેલી કૅન્ડિડેટ્સ ટૂર્નામેન્ટમાં ચૅમ્પિયન બની શકે એવી કોઈ જ સંભાવના નથી. જોકે વિદિતે શુક્રવારે વર્લ્ડ નંબર-થ્રી પ્લેયર અમેરિકાના હિકારુ નાકામુરાને આંચકો આપીને સૌ કોઈને વિચારતા કરી દીધા છે.

જાપાનમાં જન્મેલા અને અમેરિકામાં સ્થાયી થયેલા નાકામુરા વધુ પડતા સંરક્ષણાત્મક અભિગમ સાથે રમતો હતો અને આક્રમક વલણ અપનાવીને વિદિતે તેની ડિફેન્સ તોડી હતી અને છેવટે તેને હરાવી દીધો હતો.

ગ્રૅન્ડમાસ્ટર વિદિત સંતોષ ગુજરાતી નાશિકમાં રહે છે અને મૂળ ગુજરાતી પરિવારનો છે. ૨૯ વર્ષનો વિદિત વર્લ્ડ રૅન્કિંગમાં પચીસમા નંબર પર છે. આંતરરાષ્ટ્રીય ચેસ ટૂર્નામેન્ટોમાં તે અસરદાર પર્ફોર્મન્સ માટે જાણીતો છે. બીજી બાજુ, ભારતના જ ડી. ગુકેશે આર. પ્રજ્ઞાનાનંદને હરાવી દીધો હતો. મેન્સની અન્ય બે મૅચમાં ટૉપ-સીડેડ અમેરિકાના ફૅબિયાનો કૅરુઆનાએ અઝરબૈજાનના નિજાત અબાસોવને અને રશિયાના ઇયાન નેપોમ્નીઆચીએ ફ્રાન્સના ફિરૌઝા અલીરેઝાને પરાસ્ત કર્યો હતો.

વિદિત તેમ જ ગુકેશ સહિત અન્ય ચાર ખેલાડી હાલમાં પૉઇન્ટ્સ-ટેબલમાં ૧.૫ પૉઇન્ટ સાથે મોખરે છે. નાકામુરાની જેમ પ્રજ્ઞાનાનંદનો હજી માત્ર અડધો પૉઇન્ટ છે.

મહિલાઓમાં ભારતની આર. વૈશાલી (પ્રજ્ઞાનાનંદની મોટી બહેન) રસાકસીભરી ગેમમાં ચીનની ઝોન્ગ્યી ટૅન સામે હારી ગઈ હતી, પરંતુ કોનેરુ હમ્પીએ રશિયાની કેટરિના લૅગ્નો સામેની ગેમ ડ્રૉ કરાવીને પરાજય ટાળ્યો હતો. ■

અભિષેક શર્માને યુવરાજે કેમ કહ્યું, 'લાતોં કે ભૂત, બાતોં સે નહીં માનતે'

હૈદરાબાદઃ સનરાઇઝર્સ હૈદરાબાદના બિગ હિટર અભિષેક શર્માએ ૩૨, ૬૩, ૨૯ અને ૩૭ રનની ઇનિંગ્સ સાથે આઇપીએલના કરોડો ચાહકોના દિલોદિમાગમાં ઊંડી છાપ પાડી છે. શુક્રવાર, પાંચમી એપ્રિલે હૈદરાબાદે ડિફેન્ડિંગ ચૅમ્પિયન ચેન્નઈને આસાનીથી હરાવ્યું એમાં સૌથી મોટું જ નહીં, પણ સૌથી રોમાંચક યોગદાન અભિષેકનું હતું. તેણે માત્ર ૧૨ બૉલમાં ચાર સિક્સર અને ત્રણ ફોરની મદદથી ૩૭ રન બનાવ્યા હતા. ત્યાર પછી માર્કરમે ૫૦ રન તથા ટ્રેવિસ હેડે ૩૧ રન, શાહબાઝે ૧૮ રન, ક્લાસેને અણનમ ૧૦ અને નીતિશ કુમાર રેડ્ડીએ અણનમ ૧૪ રન બનાવ્યા હતા.

હૈદરાબાદના બોલર્સની અસરદાર બોલિંગ અને ચુસ્ત ફીલ્ડિંગને કારણે ચેન્નઈની ટીમ પાંચ વિકેટે માત્ર ૧૬૫ રન બનાવી શકી હતી. હૈદરાબાદે ૧૮.૧ ઓવરમાં ચાર વિકેટે ૧૬૬ રન બનાવીને છ વિકેટના માર્જિનથી વિજય મેળવી લીધો હતો.

ભૂતપૂર્વ ભારતીય ખેલાડી યુવરાજ સિંહે ટ્વિટર પર અભિષેક શર્માને સપોર્ટ કરતા રહેવાની ખાતરી વ્યક્ત કરી હતી. યુવીએ અભિષેકની ખૂબ પ્રશંસા પણ કરી હતી, પરંતુ અભિષેક ચેન્નઈના દીપક ચાહરના બૉલમાં જે રીતે આઉટ થયો એ બદલ યુવીએ તેને ઠપકો આપતા શબ્દો પણ લખ્યા હતા. ચાહરના ઑફ સ્ટમ્પની બહારના બૉલને અભિષેકે લૉફ્ટેડ શૉટમાં કવર પરથી બાઉન્ડરી લાઇન તરફ મોકલવાનો પ્રયાસ કર્યો હતો, પણ બૅકવર્ડ પૉઇન્ટ પરથી દોડી આવેલા ચેન્નઈના બેસ્ટ ફીલ્ડર રવીન્દ્ર જાડેજાએ ડાઇવ મારીને રિવર્સ કૅચ પકડીને અભિષેકને પૅવિલિયનમાં મોકલી દીધો હતો. યુવરાજને અભિષેકનો આ શૉટ બિલકુલ ન ગમ્યો એટલે તેણે ટ્વિટર પર લખ્યું, 'અભિષેક, હું સતત તારા પડખે જ છું. ફરી બહુ સારું રમ્યો, પરંતુ તું ખરાબ શૉટમાં આઉટ થયો એ મને જરાય નથી ગમ્યું.'

યુવીએ બીજા ટ્વીટમાં અભિષેકને ઠપકો આપતા લખ્યું, 'વાહ સર અભિષેક વાહ. ગ્રેટ ઇનિંગ્સ રમ્યો, પણ તું કેવા શૉટમાં આઉટ થયો એ તો જરા વિચાર કર. લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે. હું ખાસ તારી રાહ જોઈ રહ્યો છું.' ■

કલ્યાણ શ્રીકાંત શિંદેનું : સત્તાવાર રીતે ઉમેદવારી અપાઇ

પુત્ર કરતાં કાર્યકર્તાઓને આગળ રાખતા પિતાઃ શ્રીકાંત શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ થાણે અને કલ્યાણ એ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનો ગઢ મનાય છે અને કલ્યાણથી હાલ તેમના જ પુત્ર શ્રીકાંત શિંદે સાંસદ છે. શ્રીકાંત શિંદેને કલ્યાણ બેઠક પરથી ટિકિટ મળશે કે નહીં તેનો ક્યાસ લગાવવામાં આવી રહ્યો હતો ત્યારે હવે સત્તાવાર રીતે શ્રીકાંત શિંદેને ઉમેદવારી આપવાની જાહેરાત કરવામાં આવી છે. શ્રીકાંત શિંદેનો પ્રભાવ આ ક્ષેત્ર ઉપર જબરજસ્ત હોવાના કારણે તેમને જ આ બેઠક ફાળવવામાં આવશે તે લગભગ નક્કી જ માનવામાં આવતું હતું.

ઉમેદવારીની જાહેરાત થતા જ શ્રીકાંત શિંદેએ વિપક્ષ પર નિશાન તાકવાનું શરૂ કરી દીધું છે. તેમણે ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના નેતાઓને નિશાને લેતા કહ્યું હતું કે કલ્યાણ બેઠક પરથી મારી સામે લડવાની વાતો કરનારા આદિત્ય ઠાકરે, ઉદ્ધવ ઠાકરે, વરુણ સરદેસાઇ લડવાની વાતો કરતા હતા તે બધા હવે ક્યાં ગાયબ છે? અહીં થયેલા વિકાસને જોઇને અહીંથી લડવાની તેમની હિંમત નથી થઇ રહી તેવું લાગે છે. એટલે તેઓ કાર્યકર્તાઓને આગળ કરીને 'તમે લડો, અમે કપડા સંભાળીએ' એવું વલણ અપનાવ્યું છે.

ટિકિટ મળતા જ તેમણે અંબરનાથના હેરંબા મંદિર પરિસરમાં પ્રચારનું નાળિયર ફોડ્યું હતું. ઉલ્લેખનીય છે કે છેલ્લાં ઘણા સમયથી કલ્યાણ-ડોંબિવલી બેઠક પરથી મહાયુતિમાં કોને ઉમેદવારી આપવામાં આવશે તેના ઉપર બધાની નજર હતી. જોકે, શનિવારે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પોતે અહીંથી શ્રીકાંત શિંદેની ઉમેદવારી જાહેર કરી હતી. ઉલ્લેખનીય છે કે ઉદ્ધવ ઠાકરેની શિવસેના દ્વારા અહીંથી મનસેમાંથી આયાતી વૈશાલી દરેકરને ઉમેદવારી આપવામાં આવી છે. શ્રીકાંત શિંદે સામે વૈશાલી દરેકર ખૂબ જ નબળા ઉમેદવાર હોવાનું પણ રાજકીય વિશ્લેશકોનું માનવું છે. મહાયુતિમાં બધા પક્ષો દ્વારા જે નિર્ણય લેવામાં આવે તે માન્ય કરીને પુત્ર માટે આ બેઠક ન મળે તે માટે પણ એકનાથ શિંદે તૈયાર હોવાનું કહેવામાં આવી રહ્યું હતું. જોકે મહાયુતિએ આ બેઠક માટે ઉમેદવાર તરીકે શ્રીકાંત શિંદે ઉપર જ પસંદગીનો કળશ ઢોળ્યો છે. પોતાના પિતા મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વિશે વાત કરતા શ્રીકાંત શિંદેએ કહ્યું હતું કે મારા પિતા એવા છે જે પક્ષને અને પક્ષના કાર્યકર્તાઓને પોતાના પુત્ર કરતાં ઉપર રાખે છે અને તેમને પ્રાધાન્ય આપે છે. ■

હેટ્ટ્રીકનો ચાન્સ

આ બેઠક ઉપરથી શ્રીકાંત શિંદે બે વખત સાંસદ તરીકે ચૂંટાઇ આવ્યા છે અને હવે ત્રીજી વખત પણ તેમને જ ઉમેદવારી સોંપવામાં આવી છે. જો આ વખતે તે કલ્યાણ-ડોંબિવલી બેઠક ઉપરથઈ જીતી આવે તો આ તેમની જીતની હેટ્ટ્રીક ગણાશે. શ્રીકાંત શિંદે સામે નબળો ઉમેદવાર હોવાના કારણે તે આ વખતે પણ જીતશે તે લગભગ નક્કી હોવાનું રાજકીય વિશ્લેશકોનું માનવું છે.

ભાજપનો કોઇ વિરોધ નથીઃ ફડણવીસ

ફડણવીસે નાગપુર ખાતેથી શ્રીકાંત શિંદેની ઉમેદવારી જાહેર કરી ત્યારે ભાજપ દ્વારા તેમની ઉમેદવારીનો વિરોધ કરવામાં આવતો હોવાની વાત ફગાવી દીધી હતી. તેમણે કહ્યું હતું કે ભાજપે શ્રીકાંત શિંદેની ઉમેદવારીનો જરાય વિરોધ કર્યો નથી. ભાજપ તેમની પડખે ઊભેલી છે અને તેમની જીત માટે તમામ પ્રયત્નો ભાજપ દ્વારા કરવામાં આવશે. ■

શિંદે જૂથના નેતા મળ્યા રાજ ઠાકરેને

મુંબઈઃ રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવ નિર્માણ સેના(મનસે) મહાયુતિમાં સામેલ થાય તેવી ચર્ચાઓ ચાલી રહી છે તેવામાં એકનાથ શિંદે જૂથના શિવસેનાના નેતાએ રાજ ઠાકરેની મુલાકાત લેતા રાજકીય વર્તુળમાં ચર્ચા જાગી છે. શિંદે જૂથના નેતા સંજય શિરસાટે શનિવારે રાજ ઠાકરેની મુલાકાત લીધી હતી. શિરસાટ દાદર ખાતે આવેલા રાજ ઠાકરેના નિવાસસ્થાન 'શિવતીર્થ' ખાતે તેમને મળવા પહોંચ્યા હતા. જોકે આ મુલાકાત અંગત હોવાનું શિરસાટે જણાવ્યું હતું. શિરસાટે જણાવ્યું હતું કે મારા અને રાજ ઠાકરેના સંબંધો બે દાયકા પૂર્વે જ્યારે મરાઠવાડામાં તે બાળાસાહેબ ઠાકરે સાથે પ્રવાસે જતા એ વખતના છે. રાજ ઠાકરેના મહાયુતિમાં પ્રવેશ બાબતે વાત કરતા શિરસાટે કહ્યું હતું કે જો મનસે મહાયુતિમાં સામેલ થાય તો હું પહેલો વ્યક્તિ રહીશ જે તેમની માટે લાલ જાજમ પાથરશે. તેમના મહાયુતિમાં સામેલ થવાથી મહાયુતિની તાકાત ચોક્કસ વધશે જ. ■

કલ્યાણનો પડઘો ભિવંડીમાં દેખાયોઃ ભિવંડી લોકસભા પર શિંદેની શિવસેનાનો દાવો

શહાપુરઃ મહારાષ્ટ્રમાં સત્તાધારી મહાયુતિ હોય કે પછી એમવીએ હોય, બંનેમાં બેઠકોને કારણે મૂંઝવણો વધી રહી છે. પક્ષોમાં પડેલી ફાટફૂટ આનું મોટું કારણ છે. શિવસેનાથી છેડો ફાડીને ભાજપમાં જોડાયેલા એકનાથ શિંદેએ રાજ્યમાં સરકાર બનાવી તો શરદ પવારથી છૂટા પડીને અજિત પવારે પણ ભાજપમાં ઝંપલાવ્યું. રાજ્યની એમવીએ સરકારને પાડી નાખવામાં મોટી ભૂમિકા ભજવાનાર એકનાથ શિંદે અને અજિત પવારના રાજ્યની શિંદે-ફડણવીસ સરકારમાં ત્રીજા પૈડાં તરીકે અજિત પવારે જોડાઇને મહાયુતિને મજબૂત તો કરી પણ લોકસભાની ચૂંટણીમાં હાલમાં જે રીતે બેઠકની ખેંચતાણ ચાલી રહી છે તેના પરથી રાજ્યની જનતા મૂંઝવણમાં મુકાઈ ગઇ છે કે ખરેખર પક્ષપલટો કરનારાઓનો ભરોસો કરવો કે કેમ?

થાણે જિલ્લા પરિષદના સભ્ય એ શિવસેનાના હતા તેમ જ પંચાયત સમિતિ, નંગરપંચાયત અને એપીએમસી પણ શિવસેનાના તાબામાં આવી હોવાથી ભિવંડી લોકસભા મતદારસંઘ પર અમારો જ અધિકાર હોઇ શિવેસના (શિંદે જૂથ)ના ગઢ મનાતા આ મતદારસંઘ શિવસેનાને જ આપવો, નહીં તો આગામી ચૂંટણીમાં ભાજપના ઉમેદવારનું કામ કરીશું નહીં, એવુંથાણે ગ્રામીણના જિલ્લાપ્રમુખ મારુતિ ધિર્ડેએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. જોકે ધિર્ડેએ કરેલા વક્તવ્યનો જવાબ ભાજપના ઉમેદવાર કપીલ પાટીલે આપ્યો હતો.

મહાયુતિના નેતાઓએ એક સાથે બેસીને મારી ઉમેદવારી જાહેર કરી હતી. જો તેઓને એમ જણાતું હોય કે ચૂંટણી લડવી છે તો એમાં કંઇ ખોટું નથી. તેઓએ પક્ષ પાસે જઇને માગણી કરવી જોઇએ. હું છેલ્લાં ઘણાં વર્ષોથી પ્રચાર કરી રહ્યો છું.

જો નારાજગી હોત તો વાતચીતનો દોર રાખવામાં ન આવ્યો હોત. તેઓની નારાજગી દૂર કરવામાં આવશે, એવું ભાજપના ઉમેદવાર કપીલ પાટીલે જણાવ્યું હતું.

અમને માત્ર ચૂંટણીના સમયે જ ધ્યાનમાં રાખવામાં આવતા હોય છે. ચૂંટણી પૂરી થાય કે અમને બાજુ પર મૂકી દેવામાં આવે છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપે શિવસેનાના ઉમેદવારને પાડ્યો હોવાનો આરોપ કરીને ભાજપે શિવેસનાનો છેલ્લાં ૧૦ વર્ષમાં સફાયો બોલાવી દેવામાં આવ્યો હોવાનો આરોપ ધિર્ડે કર્યો હતો. અમે યુતિ ધર્મ પાળીએ છીએ, પણ ભાજપ નથી પાળતું. જોકે આ યુતિ ક્યારે પણ તૂટશે નહીં, એવું પણ ધિર્ડેએ જણાવ્યું હતું.

જિલ્લા પરિષદના સભ્યા શિવસેનાનો હતો, પંચાયત સમિતિ, નગરપંચાયત, એપીએમસી પણ શિવસેનાના તાબામાં ચે. આને કારણે આ મતદારસંઘ પર અમારો જ અધિકાર હોવાની સાફ વાત ધિર્ડેએ કરી હતી. અમે આ બેઠકના આગ્રહી છીએ. આ બેઠક આગામી સમયમાં જોખમમાં હોઇ અમને અહીંનું પ્રતિનિધિત્વ આપવાની માગણી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને કરવામાં આવી છે અને અમારી આ અપેક્ષા પૂરી થશે, એવું પત્રકારોને સંબોધતાં ધિર્ડેએ જણાવ્યું હતું.

મહાયુતિના બેઠક વહેંચણીમાં ભિવંડી લોકસભા મતદારસંઘ છેલ્લાં બે વર્ષના પંચવાર્ષિક મુજબ આ વર્ષે પણ ભાજપના તાબામાં ગયો હોવાથી શિવસૈનિકોમાં અસ્વસ્થતા ઊભી થઇ હોવાથી શહાપુર ખાતે પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ભિવંડી મતદારસંઘમાં છ વિધાનસભા મતદારસંઘનો સમાવેશ થાય છે. ■

વરસાદ ગૂડી પડવો બગાડશે

સોમ-મંગળ થાણે, પાલઘરમાં વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યમાં હાલ ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે.

દિવસ દરમિયાન રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન મધ્ય મહારાષ્ટ્રના જેરુરમાં ૪૩.૦ ડિગ્રી નોંધાયું હતું. તો મુંબઈમાં પણ ૨૪ કલાકની અંદર તાપમાનમાં લગભ બે ડિગ્રીનો વધારો નોંધાયો હતો. દિવસ દરમિયાન તાપમાનનો પારો ૩૭.૦ ડિગ્રી નોંધાયો હતો.મુંબઈમાં છેલ્લા બે દિવસથી તાપમાનમાં અચાનક વધારો નોંધાઈ રહ્યો છે. શુક્રવારે મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૫.૮ ડિગ્રી નોંધાયા બાદ ૨૪ કલાકની અંદર જ તાપમાનમાં બે ડિગ્રી જેટલો વધારો થયો હતો. મહત્તમની સાથે જ લઘુતમ તાપમાનમાં પણ વધારો થયો હતો. દિવસ દરમિયાન સાંતાક્રુઝ મહત્તમ તાપમાન ૩૭.૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૩.૯ ડિગ્રી તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૩ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૭ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન ખાતાએ મુંબઈમાં આગામી દિવસમાં તાપમાનનો પારો હજી ઉંચો જવાની શક્યતા વ્યક્ત કરી છે. મુંબઈમાં ચાલુ સીઝનમાં અત્યાર સુધી સૌથી ઊંચુ તાપમાન ૨૧ માર્ચના ૩૮.૮ ડિગ્રી નોંધાયું હતું. આ દરમિયાન હવામાન ખાતાએ થાણે અને પાલઘરમાં આઠ એપ્રિલના હળવો વરસાદના ઝાપટા પડવાની શક્યતા વ્યક્ત કરી છે. જોકે મુંબઈમાં હવામાન સૂકું રહેવાની શક્યતા છે. આ દરમિયાન સમગ્ર રાજ્યમાં સૌથી હાઈએસ્ટ તાપમાન મધ્ય મહારાષ્ટ્રના જેરુરમાં ૪૩.૦ ડિગ્રી નોંધાયું હતું. તો હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં ૩૪.૩ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન રહ્યું હતું. પુણે ૩૭.૬ ડિગ્રી, પરભણીમાં ૪૧.૦ ડિગ્રી, બીડમાં ૩૯.૯ ડિગ્રી, સોલાપુરમાં ૪૨.૪ ડિગ્રી, ઔરંગાબાદમાં ૩૯.૫ ડિગ્રી અને અહમદનગરમાં ૩૯.૮ ડિગ્રી, કોલ્હાપુરમાં ૩૯.૬ ડિગ્રી, સતારા ૩૯.૭ ડિગ્રી અને સાંગલી ૪૧.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ■

આજે મધ્ય, હાર્બર અને ટ્રાન્સ હાર્બરમાં બ્લોક

હાર્બર લાઇનમાં બ્લોકને કારણે પશ્ચિમ રેલવે ટ્રેન સેવાને પણ થશે અસર

મુંબઈઃ લાઇફલાઇન ગણાતી મુંબઈ લોકલ ટ્રેનના મધ્ય, હાર્બર અને ટ્રાન્સ હાર્બર લાઇનમાં રવિવારે વિશેષ મેગા બ્લોક હાથ ધરવામાં આવ્યો છે, જેને લીધે ત્રણેય માર્ગની લોકલ રેલવે સેવા પર અસર થવાની છે.

આ માર્ગમાં વિવિધ એન્જિનિયરિંગ અને જાળવણીના કામકાજ માટે રેલવે પ્રશાસન દ્વારા બ્લોક લેવામાં આવવાનો છે, જેને લીધે માર્ગની ટ્રેનો ૧૫-૨૦ મિનિટ સુધી મોડી દોડે એવી માહિતી અધિકારીએ આપી હતી.

રેલવે વિભાગની માહિતી મુજબ મધ્ય રેલવેમાં માટુંગાથી મુલુંડ વચ્ચેની સ્લો લાઇન પર સવારે ૧૧.૦૫ વાગ્યાથી બપોરે ૩.૫૫ વાગ્યા દરમિયાન વિવિધ કામકાજ માટે બ્લોક લેવામાં આવવાનો છે, જેને લીધે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) અને થાણે દરમિયાનની અપ અને ડાઉન માર્ગની સ્લો લોકલ ટ્રેનોને ફાસ્ટ માર્ગ પર દોડાવવામાં આવશે, જેને લીધે મુલુંડ, ભાંડુપ, વિક્રોલી, ઘાટકોપર, કુર્લા અને સાયન સ્ટેશન પર હોલ્ટ આપવામાં આવશે અને નાહૂર, કાંજુરમાર્ગ, વિદ્યાવિહાર સ્ટેશન પર બ્લોકના સમય દરમિયાન કોઈપણ લોકલ ઊભી રહેશે નહીં.

ટ્રાન્સ હાર્બર લાઇનમાં પણ થાણેથી વાશી/નેરુળ દરમિયાન અપ-ડાઉન માર્ગમાં સવારે ૧૧.૧૦ વાગ્યાથી બપોરે ૪.૧૦ સુધી બ્લોક રહેશે.

આ બ્લોક દરમિયાન વાશી/નેરુળ/પનવેલથી થાણે સ્ટેશન વચ્ચે અપ અને ડાઉન માર્ગની લોકલ સેવા સંપૂર્ણ રીતે બંધ રહેશે.

હાર્બર લાઇનમાં માહિમથી અંધેરી વચ્ચે અપ અને ડાઉન માર્ગમાં સવારે ૧૧થી બપોરે ચાર વાગ્યા દરમિયાન લેવામાં આવતા બ્લોકને લીધે સીએસએમટી-બાન્દ્રા, સીએસએમટી-ગોરેગામ અપ અને ડાઉન માર્ગની દરેક લોકલ ટ્રેનોને રદ રાખવામાં આવી છે.■

બોઈસર યાર્ડમાં બ્લોક

પશ્ચિમ રેલવેમાં ચર્ચગેટથી દહાણુ રોડ જતી ટ્રેનો આંશિક રીતે રદ

મુંબઈઃ પશ્ચિમ રેલવેના બોઈસર યાર્ડમાં ટ્રેનની ઝડપને કલાકે ૧૬૦ કિલોમીટર વધારવાનું કામ પૂર્ણ કરવા માટે સાત એપ્રિલ રવિવારે પાવર બ્લોક હાથ ધરવામાં આવ્યો છે. પાવર બ્લોકને લીધે બોઈસર યાર્ડમાં અપ અને ડાઉન બંને માર્ગ પર સવારે ૧૦થી ૧૦.૫૦ સુધી એક નાનકડો બ્લોક લેવામાં આવવાનો છે. આ પાવર બ્લોકને કારણે પશ્ચિમ રેલવેની અનેક ટ્રેનો આંશિક રીતે રદ રહેશે.

બોઈસર યાર્ડમાં પાવર બ્લોકને કારણે ચર્ચગેટથી સવારે ૭.૪૨ની દહાણુ રોડ ટ્રેન પાલઘર અને દહાણુ રોડ દરમિયાન ટ્રેન આંશિક રીતે રદ રહેશે. તેમ જ સવારે ૯.૩૯ વાગ્યે દહાણુ રોડથી રવાના થનારી ચર્ચગેટ લોકલને પણ દહાણુ રોડ અને પાલઘર દરમિયાન ટ્રેનને આંશિક રીતે રદ રાખવામાં આવી છે.

રેલવે લાઇનમાં ટ્રેક, સિગ્નલ અને ઓવર હેડ વાયર સાથે બીજાં ઉપકરણોની જાળવણી અને સમારકામ કરવા માટે પશ્ચિમ રેલવેના માહિમ અને અંધેરી વચ્ચે સાત એપ્રિલે સવારે અગિયારથી ચાર દરમિયાન પાંચ કલાકનો જમ્બો બ્લોક હાથ ધર્યો છે. બ્લોકના પાંચ કલાક દરમિયાન સીએસએમટી-બાંદ્રા અને સીએસએમટી-ગોરેગામ આ હાર્બર લાઇન પરની ટ્રેન સેવાને બંધ રાખવામાં આવી છે, જેને લીધે પશ્ચિમ રેલવે પ્રશાસને પણ ચર્ચગેટથી ગોરેગામ દરમિયાનની અનેક સ્લો લોકલ ટ્રેનોની સેવાને બંધ રાખવાનો નિર્ણય લીધો છે. ■

સાંગલી બેઠક મુદ્દે કૉંગ્રેસ-ઉદ્ધવ જૂથે શિંગડા ભેરવ્યા

આ બેઠક છોડવા ઉદ્ધવ ઠાકરેની શિવસેના તૈયાર નથી

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડી વચ્ચે બેઠકોની વહેંચણી મુદ્દેનો પેચ વધુને વધુ ગૂંચવાઇ રહ્યો છે અને હવે સાંગલીની બેઠકના કારણે કૉંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેના વચ્ચે જામી છે. કૉંગ્રેસ અને શિવસેના(યુબીટી) બંને આ બેઠક પરથી પોતાનો ઉમેદવાર ઊભો કરવા માગે છે.

ઉદ્ધવ ઠાકરેએ આ બેઠક પરથી પોતાના ઉમેદવારનો પ્રચાર પણ શરૂ કરી દીધો છે. શિવસેનાના નેતા સંજય રાઉતે આ બેઠક ઉપર શિવસેનાએ ઉમેદવાર જાહેર કરી દીધો હોવાની જાણકારી આપી હતી. પોતાના પક્ષે અહીંથી રેસલર(કુસ્તીબાજ) ચંદ્રહાર પાટીલને ઉમેદવારી આપી હોવાનું રાઉતે જણાવ્યું હતું.

સાંગલી બેઠક કૉંગ્રેસનો ગઢ હોવાનું માનવામાં આવે છે અને કૉંગ્રેસ અહીંથી વિશાલ પાટીલને ઉમેદવાર તરીકે ઊભા રાખવા માગતી હતી. આ બધા વચ્ચે કૉંગ્રેસ દ્વારા 'મિશન સાંગલી' શરૂ કરવામાં આવ્યું હતું અને અહીં પ્રચાર શરૂ કરીને મતદારોને રિઝવવાના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા હતા. જેથી કૉંગ્રેસ આ બેઠક ઉપરથી પોતાનો દાવો છોડી દે અને ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને આ બેઠક સોંપી દે.

રાઉતે આ વિશે વાત કરતા કહ્યું હતું કે અમે લોકોએ કૉંગ્રેસને રામટેક અને અમરાવતીની બેઠકો સોંપેલી છે. અમે સાંગલી બેઠક માટે કોલ્હાપુરની બેઠક કૉંગ્રેસને આપવા તૈયાર હતા. અમે વડા પ્રધાન પદ માટે કૉંગ્રેસને ટેકો આપી રહ્યા છે ત્યારે કૉંગ્રેસે આ બેઠક પરથી પોતાનો દાવો છોડી દેવો જોઇએ.■

સાત દિવસનો વિશેષ બ્લોક

લોકલ સાથે મેલ એક્સ્પ્રેસ ટ્રેનોને પણ અસર

મુંબઈઃ મધ્ય રેલવે દ્વારા પ્રવાસીઓને વધુ ઝડપી અને સારી સેવા પૂરી પાડવા માટે રેલવે કોરિડોરમાં અનેક મહત્ત્વના કામકાજ હાથ ધરવામાં આવ્યા છે. મુંબઈ ડિવિઝનના મધ્ય રેલવેમાં સાત દિવસનો વિશેષ બ્લોક લેવામાં આવવાનો છે. આ બ્લોક શનિવાર છ એપ્રિલથી ૧૨ એપ્રિલ ગુરુવાર સુધી લેવામાં આવવાનો છે. આ સાત દિવસના પાવર બ્લોકમાં મધ્ય રાતે વિક્રોલી આરઓબી ગર્ડર લોન્ચ કરવા માટે મધ્ય રેલવેના ઘાટકોપર-ભાંડુપ દરમિયાન ટ્રેનો બંધ રાખવામાં આવવાની છે.

મધ્ય રેલવેના અપ અને ડાઉન માર્ગમાં સ્લો લાઇનમાં વિશેષ પાવર બ્લોક લેવામાં આવ્યો છે. આ દરમિયાન ઘાટકોપર અને ભાંડુપ સ્ટેશન દરમિયાન અપ અને ડાઉન ફાસ્ટ માર્ગમાં વિક્રોલી ખાતે આરઓબી ગર્ડર લોન્ચ માટે પાંચમી અને છઠ્ઠી લાઇનમાં બ્લોક લેવામાં આવ્યો છે.

આજે સાત અને આઠ એપ્રિલે પણ રાતે ૧.૨૦ વાગ્યાથી સવારે ૪.૩૦ વાગ્યા સુધી બ્લોક લેવામાં આવવાનો છે જેમાં કાંજુરમાર્ગ અને ઘાટકોપર સાથે અપ-ડાઉન માર્ગની ટ્રેનોને બંધ રાખવામાં આવશે અને સીએસએમટીથી અમુક ટ્રેનો મોડી ઉપડવાની સાથે સવારે ૪.૧૬ અને ૪.૪૦ વાગ્યાની થાણે-સીએસએમટી લોકલ રદ રહેશે. તેમ જ આ બ્લોકને કારણે મુલુંડ અને માટુંગા દરમિયાન ટ્રેનોને ફાસ્ટ માર્ગ પર દોડાવવામાં આવશે અને આ ફાસ્ટ ટ્રેનોને ભાંડુપ, વિક્રોલી, ઘાટકોપર, કુર્લા અને સાયન સ્ટેશન પર હોલ્ટ આપવામાં આવશે, એવી માહિતી રેલવેએ જાહેર કરી છે.

આઠ અને નવ એપ્રિલે પણ મધ્ય રેલવેમાં રાતે ૧.૨૦ વાગ્યાથી ૪.૩૦ વાગ્યા સુધી પાવર બ્લોકને લીધે માર્ગની ટ્રેનો રદ રહેવાની સાથે કાંજુરમાર્ગ અને ઘાટકોપરની પાંચમી અને છઠ્ઠી લાઇનમાં ટ્રેન સેવા બંધ રાખવામાં આવશે. આ દરમિયાન દરેક મેલ એક્સ્પ્રેસ ટ્રેનોને થાણે અને વિદ્યાવિહાર દરમિયાન છઠ્ઠી લાઇનમાં ડાઇવર્ટ કરવામાં આવશે. નવ અને દસ અપ્રિલે પણ રાતે ૧.૨૦ વાગ્યાથી સવારે ૪.૩૦ વાગ્યા સુધી બ્લોક રહેતા માર્ગની ટ્રેનો રદ રહેવાની સાથે કાંજુરમાર્ગ અને ઘાટકોપરની પાંચમી અને છઠ્ઠી લાઇનમાં ટ્રેન સેવા બંધ રાખવામાં આવશે. આ દરમિયાન દરેક મેલ એક્સ્પ્રેસ ટ્રેનોને થાણે અને વિદ્યાવિહાર દરમિયાન છઠ્ઠી લાઇનમાં ડાઇવર્ટ કરવામાં આવશે.

દસ અને અગિયાર એપ્રિલે રાતે ૧.૨૦ વાગ્યાથી સવારે ૪.૩૦ વાગ્યા સુધી બ્લોકને કારણે માર્ગની ટ્રેનો રદ રહેવાની સાથે સીએસએમટી અને થાણેથી ઊપડતી ટ્રેનો મોડી રવાના થશે અને થાણેથી રવાના થતી બે ટ્રેન રદ રહેશે અને ટ્રેનોને મુલુંડ અને માટુંગા દરમિયાન ટ્રેનોને ફાસ્ટ માર્ગ પર દોડાવવામાં આવશે અને આ ફાસ્ટ ટ્રેનોને ભાંડુપ, વિક્રોલી, ઘાટકોપર, કુર્લા અને સાયન સ્ટેશન પર ઊભી રાખવામાં આવવાની છે.

ત્યારબાદ છેલ્લે અગિયાર અને ૧૨ એપ્રિલે પણ રાતે ૧.૨૦થી ૪.૩૦ સુધી અપ-ડાઉન માર્ગની ટ્રેન સેવા બંધ રહેશે, જેમાં મેલ/એક્સ્પ્રેસ ટ્રેનોને થાણેથી વિદ્યાવિહાર દરમિયાન છઠ્ઠા માર્ગ પર વાળવામાં આવશે. ■

વિનાયક મેટેના પત્ની સાથે મહાવિકાસ આઘાડીનો વિશ્વાસઘાત?

હવે બીડથી પંકજા મુંડે વિરુદ્ધ ચૂંટણી લડશે?

બીડઃ શિવસંગ્રામ સંઘટના પક્ષના સ્વર્ગીય નેતા વિનાયક મેટેના પત્ની જ્યોતિ મેટેને મહાવિકાસ આઘાડી તરફથી ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા અને તેમનું નામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

જોકે, છેલ્લી ઘડીએ બીડથી મહાવિકાસ આઘાડી દ્વારા બજરંગ સોનાવણેને ઊભા કરવામાં આવ્યા હતા.

જેને પગલે હવે જ્યોતિ મેટે એકલહથ્થે ચૂંટણી લડવા માટેની તૈયારી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. એટલે કે મહાયુતિના ઉમેદવાર પંકજા મુંડે વિરુદ્ધ હવે જ્યોતિ મેટે અને બજરંગ સોનાવણે આ ત્રિપાંખિયો જંગ બીડ બેઠક ઉપર જોવા મળશે.

જ્યોતિ મેટેએ આ બાબતે જણાવ્યું હતું કે મેં પહેલાથી જ સરકારી નોકરી છોડીને રાજકારણમાં પ્રવેશ કરવાની જાહેરાત કરી હતી. હવે મહાવિકાસ આઘાડીએ તેમને ઉમેદવારી ન આપતા આગળની દિશા નક્કી કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે બીડમાં ચોથા તબક્કામાં મતદાન થવાનું હોઇ અમારી પાસે ખૂબ જ સમય છે. વિચાર કર્યા બાદ સર્વસંમતિથી આ અંગે નિર્ણય લેવામાં આવશે. ■

બુલઢાણાની બેઠક બંને શિંદે અને ઉદ્ધવ જૂથ માટે બનશે રણમેદાન

સંઘર્ષ અને વર્ચસ્વની લડાઈમાં કોનો હાથ ઉપર રહેશે?

બુલઢાણાઃ બુલઢાણા લોકસભા ચૂંટણીમાં આ વખતે પહેલી વાર શિવસેના વિરુદ્ધ શિવસેનાની લડત જ નહીં રીતસર રણસંગ્રામ જોવા મળશે. શિવસેનામાં બળવાખોરીની પાર્શ્વભૂમિ પર થનારી આ લડત વરકણી ઉમેદવારમાં થવાની છે. જોકે અપ્રત્યક્ષપણે ઉદ્ધવ ઠાકરે અને મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વચ્ચે સંઘર્ષ અને વર્ચસ્વની લડત થવાની છે. આને કારણે બુલઢાણા મતદારસંઘની લડત 'હાઈ વોલ્ટેજ' બની રહેશે. બુલઢાણાના પરિણામનો પ્રતિસાદ માત્ર જિલ્લાનું નહીં રહે, એ માતોશ્રી અને વર્ષા સુધી પડવાનો છે.

શિવસેનામાં પડેલી ઊભી તિરાડ, ઉદ્ધવ ઠાકરેનું રાજીનામું અને દેવેન્દ્ર ફડણવીસને સ્થાને એકનાથ શિંદેને મળેલું મુખ્ય પ્રધાનનું પદ એ ઉદ્ધવ ઠાકરેને ઘણી તકલીફ આપી ગયું છે. સાંસદ પ્રતાપરાવ જાધવના નેતૃત્વ હેઠળ વિધાનસભ્ય સંજય રામૂલકર અને સંજય ગાયકવાડ મુંબઈ, સુરત માર્ગથી ગુવાહાટી પહોંચ્યા હતા. સતત ત્રણ વાર વિધાનસભ્ય બનેલા રાયમૂલક અને પ્રથમ જ વાર વિધાનસભ્ય બનેલા ગાયકવાડ શિંદેએ કરેલી બળવાખોરીમાં સામેલ થયા હતા. ત્યાર બાદ સતત ત્રણ વાર સાંસદ બનેલા પ્રતાપરાવ જાધવ પણ દિલ્હીમાં પહેલ કરીને શિંદે જૂથમાં સામેલ થયા હતા. સિદંખેડરાજાના ભૂતપૂર્વ વિધાનસભ્ય શશિકાંત ખેંડેકર, અમુક પદાધિકારી પણ શિંદે સેનામાં દાખલ થયા. જિલ્લા સેનામાં ફાટફૂટ જોવા મળી હતી, પણ મોટા ભાગના પદાધિકારી અને શિવસૈનિકો ઠાકરે સેનામાં જ રહ્યા હતા. તેઓને નેતૃત્વની તક મળતાં તેઓ ઠાકરે સેનમાં ટકી રહ્યા. બુલઢાણા મતદારસંઘમાં શિદે સેનાએ ઠાકરે જૂથના કાર્યક્રમમાં બખેડો ઊભો થયો હતો. યુવા સેનાના પદાધિકારીઓની બેરહેમપણે મારપીટ કરવામાં આવી હતી. આને કારણે ઠાકરે જૂથમાં એકતા જોવા મળી હતી. તેઓને પીઠબળ દેવાનું કામ ઉપરના સ્તરેથી કરવામાં આવ્યું હોવાનું કહેવાઈ રહ્યું છે.

આ જ પાર્શ્વભૂમિ પર બુલઢાણાની બેઠક માટે ઘણા સમયથી વ્યૂહરચના ઘડવામાં આવી રહી છે. બળવાખોરી બાદ ઉદ્ધવ ઠાકરેએ રાજ્યનો પ્રવાસ કર્યો તેમાં બુલઢાણાનો પણ સમાવેશ થયો હતો અને ત્યાર પછી તરત જ આદિત્ય ઠાકરેએ પણ આ જિલ્લાની મુલાકાત લીધી હતી. હવે તમામ લોકોની મીટ મંડાયેલી છે કે આ બેઠક પર કોણ બાજી મારશે.■

લોકસભાની ચૂંટણી લડવાનો અભિનેતા સચિનનો નનૈયો

મુંબઈઃ લોકસભાની મુંબઈની બેઠક પરથી એક મરાઠી અભિનેતાને શિંદે સેના દ્વારા ચૂંટણીના જંગમાં ઉતારવામાં આવશે એવા અહેવાલો કેટલાક સમયથી ફરી રહ્યા હતા અને તેના પર સ્પષ્ટતા કરતાં જાણીતા અભિનેતાએ પોતાની પ્રતિક્રિયા આપી છે.

ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ દ્વારા રાજ્યમાંથી લોકસભાની લગભગ બધી જ બેઠકો જીતવા માટે કમર કસી છે અને આને માટે કેટલીક બેઠકો પરથી સેલિબ્રિટીને મેદાનમાં ઉતારવાની તૈયારી થઈ રહી છે. ગજાનન કીર્તિકરની વાયવ્ય મુંબઈ મતદારસંઘમાંથી શિવસેના યુબીટીએ તેમના પુત્ર અમોલ કીર્તિકરને ઉમેદવારી આપી છે આવી સ્થિતિમાં આ બેઠક પરથી તેમના પિતાને ઉમેદવારી ન આપવી એવું નક્કી થયું છે અને તેથી આ બેઠક પરથી મરાઠી અભિનેતાને મેદાનમાં ઉતારવાની ચર્ચા થઈ રહી હતી. આને માટે અભિનેતા શરદ પોંક્ષે, સચિન ખેંડેકર અને સચિન પિળગાંવકરના નામ ચાલી રહ્યા હતા. ■

અભિનેતાઓની બોલબાલા

અહીં ઉલ્લેખનીય છે કે ભાજપ તરફથી કંગના રણૌત, અભિનેતા અરુણ ગોવિલ

રેટ કટના આશાવાદ અને કેન્દ્રવર્તી બૅન્કોની આક્રમક લેવાલીએ વૈશ્વિક સોનામાં આગઝરતી તેજી

અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા જૂન મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત થાય તેવા આશાવાદ, મધ્ય પૂર્વના દેશોમાં વધેલા તણાવ, ક્રૂડતેલના ભાવમાં તેજી તેમ જ કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી જળવાઈ રહેવાથી વૈશ્વિક સ્તરે ફુગાવામાં વધારો થવાની ભીતિ હેઠળ રોકાણકારોની હેજરૂપી લેવાલી ઉપરાંત સટ્ટાકીય આકર્ષણને કારણે વૈશ્વિક સોનામાં સતત ત્રીજા સપ્તાહમાં એકતરફી તેજીનું વલણ જોવા મળ્યું હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે સોનામાં ભાવ વધારો આગળ ધપ્યો હતો અને ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬૩૦નો અથવા તો ૩.૯૧ ટકાનો ઉછાળો આવ્યો હતો. જોકે, તેજીના આ માહોલમાં સાર્વત્રિક સ્તરેથી માગ તળિયે બેસી ગઈ હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૮મી માર્ચના ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૭,૨૫૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૬૮,૯૬૪ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ૬૮,૮૧૭ અને ઉપરમાં રૂ. ૬૯,૯૦૨ની રેન્જમાં અથડાઈને અંતે આગલા સપ્તાહના બંધ ભાવની સરખામણીમાં રૂ. ૨૬૩૦ની તેજી સાથે રૂ. ૬૯,૮૮૨ના મથાળે બંધ રહ્યા હતા.

ગત માર્ચ મહિનામાં અમેરિકામાં રોજગારી ક્ષેત્રે અર્થશાસ્ત્રીઓના બે લાખ રોજગારીનાં સર્જનની ધારણા સામે ૩,૦૩,૦૦૦ રોજગારનું સર્જન થયું હોવાનું અમેરિકી શ્રમ વિભાગે જણાવ્યું હતું. આમ એકંદરે જોબ ડેટા સારા આવ્યા હોવાથી રેટ કટની શક્યતા નબળી પડી હોવા છતાં મધ્યપૂર્વના દેશોમાં રાજકીય-ભૌગોલિક તણાવ, ક્રૂડતેલના ભાવમાં વધારો તથા કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં અવિરત લેવાલી જળવાઈ રહેતાં ગત શુક્રવારે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનામાં તેજીનું વલણ જળવાઈ રહેતાં હાજરમાં ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૩૨૪.૭૯ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ પાછા ફરીને આગલા બંધ સામે ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૩૨૦.૦૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

કો મોડિટી

રમેશ ગોહિલ

નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનાના ભાવમાં ૩.૮ ટકાનો ઉછાળો આવ્યો હતો. તેમ જ વાયદામાં ભાવ પણ આગલા બંધ સામે ૧.૪ ટકા વધીને ઔંસદીઠ ૨૩૩૯.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

નોંધનીય બાબત એ છે કે અગાઉ અમેરિકામાં ફુગાવો અંકુશ હેઠળ આવી રહ્યો હોવા ઉપરાંત આર્થિક ડેટાઓ પણ મજબૂતીનો સંકેત આપી રહ્યા હોવાથી વ્યાજદરમાં ઘટાડો કરવામાં ઉતાવળ કરવામાં નહીં આવે, એમ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરૉમ પૉવેલે જણાવ્યું હોવાથી વિશ્વ બજારમાં સોનાના ભાવ સાધારણ દબાણ હેઠળ આવ્યા હતા, પરંતુ તેની સામે કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી, ક્રૂડતેલના ભાવમાં વધારો થવાથી હેજરૂપી માગ અને સટ્ટાકીય આકર્ષણ જળવાઈ રહેતાં ભાવમાં પુનઃ ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હોવાનું વિશ્લેષકોએ જણાવ્યું હતું.

અમેરિકાનાં રોજગારીના ડેટાની જાહેરાત પશ્ચાત્ ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ સાથે ડૉલર ઈન્ડેક્સ ઘટીને ૧૦૪ની નીચે ઊતરી ગયો હતો તેમ જ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ વધી હોવા છતાં સોનાને મધ્ય પૂર્વનાં દેશોની તણાવની સ્થિતિનો ટેકો મળતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું વિશ્લેષકો જણાવે છે.

રેટ કટના આશાવાદ અને કેન્દ્રવર્તી બૅન્કોની ગત ફેબ્રુઆરીના મધ્યથી સોનામાં નીકળેલી લેવાલી જળવાઈ રહેતાં વૈશ્વિક બજારમાં છેલ્લાં ત્રણ સપ્તાહથી સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ભાવવધારો જોવા મળી રહ્યો છે. નોંધનીય બાબત એ છે કે કેન્દ્રવર્તી બૅન્કોમાં ખાસ કરીને ચીન, ભારત અને કઝાકિસ્તાનની લેવાલી જોવા મળી છે. વધુમાં યુક્રેન અને મધ્ય પૂર્વના દેશોમાં તણાવને કારણે રોકાણકારોની સોનામાં સલામતી માટેની વધેલી માગનો ટેકો મળી રહ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સનાં વિશ્લેષકે જણાવ્યું હતું. જોકે, ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરૉમ પૉવેલે આ વર્ષનાં પાછોતરા હિસ્સામાં રેટ કટની શક્યતા વ્યક્ત કરતાં ૬૨ ટકા બજાર વર્તુળો આગામી જૂન મહિનાથી રેટ કટની શરૂઆત થાય તેવી ધારણા મૂકી રહ્યા છે.

તાજેતરમાં વૈશ્વિક સોનાએ ઔંસદીઠ ૨૩૧૦ ડૉલરની પ્રતિકારક સપાટી પાર કરી હોવાથી આગામી સપ્તાહ દરમિયાન ભાવ વધીને ઔંસદીઠ ૨૩૮૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા છે, જ્યારે ઔંસદીઠ ૨૩૧૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થવાની શક્યતા વ્યક્ત કરતાં તેમણે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૭,૮૦૦થી ૭૧,૩૦૦ની રેન્જમાં અથડાતા રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. વધુમાં બૅન્ક ઑફ અમેરિકાના વિશ્લેષકે એક નોટ્સમાં જણાવ્યું હતું કે અગાઉ અમે જો ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૪નાં પહેલા ત્રિમાસિકગાળામાં વ્યાજદરમાં કાપ મૂકે તો સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૪૦૦ ડૉલરની સપાટીએ પહોંચવાનો અંદાજ મૂક્યો હતો જોકે, વર્ષ ૨૦૨૪નાં પાછોતરા હિસ્સામાં પણ ફેડરલ વ્યાજદરમાં કાપ મૂકે તો પણ અમે આ અંદાજ જાળવી રાખ્યો હોવાનું એક નોટ્સમાં જણાવ્યું હતું. ■

વિદેશી હૂંડિયામણની અનામત ૨.૯૫ અબજ ડૉલર વધીને નવી ટોચે

મુંબઈઃ ગત ૨૯ માર્ચનાં અંતે પૂરા થયેલા સપ્તાહમાં દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૨.૯૫ અબજ ડૉલરના ઉછાળા સાથે ૬૪૫.૫૮૩ અબજ ડૉલરની ઊંચી સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે સતત છઠ્ઠા સપ્તાહમાં વિદેશી હૂંડિયામણની અનામતમાં વધારો જોવા મળ્યો છે. આ પૂર્વેના સપ્તાહે અનામત ૧૪ કરોડ ડૉલર વધીને ૬૪૨.૬૩૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

જોકે, ગત સપ્ટેમ્બર, ૨૦૨૧માં દેશની વિદેશી હૂંડિયામણની કુલ અનામતો વધીને ૬૪૨.૪૫૩ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચી હતી, પરંતુ ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા સતત ધોવાણને ખાળવા માટે સમયાંતરે હાજર બજારમાં રિઝર્વ બૅન્કની ડૉલરમાં વેચવાલી રહેવાથી અનામતમાં ક્રમશઃ ઘટાડો થતો રહ્યો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં મોટો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૨.૩૫૪ અબજ ડૉલર વધીને ૫૭૦.૬૧૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

જોકે, વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં ચલણો સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૬૭.૩ કરોડ ડૉલર વધીને ૫૨.૧૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી, જ્યારે ઈન્ટરનેશનલ મૉનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૭.૩ કરોડ ડૉલર ઘટીને ૧૮.૧૪૫ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૨૦ લાખ ડૉલર ઘટીને ૪.૬૬ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

છીછરા મનના મોટા માણસો?

કોઇપણ દેશના નાગરિકો જો તેના પ્રાઇમ મિનિસ્ટર કે પ્રેસિડેન્ટ પ્રમાણિક છે તેમ ન માને તો કોને પ્રમાણિક માને?

ઉચ્ચ પદ પર બિરાજેલી વ્યક્તિ તેના દેશ અને પ્રજાજનો માટે પ્રમાણિક હોવી જોઇએ તે તો પ્રાથમિક જરૂરિયાત છે પણ ૨૧મી સદીમાં ૧૮મી સદીના સિદ્ધાંતોની કયા જગ્યા છે! આવું જ એક ઉદાહરણ બ્રિકસ કન્ટ્રીઝના કે જેમાં બ્રાઝિલ, રશિયા, ઇન્ડિયા, ચાઇના અને સાઉથ આફ્રિકાનો સમાવેશ થાય છે તેમાનો એક દેશ બ્રાઝિલમાં બનેલી ઘટના છે. બાય ધ વે આ બ્રિકસ કન્ટ્રીઝમાં ભારત જ એક એવો દેશ છે જે દુનિયામાં જીડીપી ગ્રોથમાં અવ્વલ નંબરે છે.

ઓ પિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

જૈર બોલસોનારો ૧લી જાન્યુઆરી ૨૦૧૯થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ સુધી બ્રાઝિલના પ્રમુખપદે હતા. આ ૪ વર્ષના બોલસોનારોના શાસનમાં ના તો પ્રજા ખુશ હતી કે ના તો તેની કૅબિનેટ. બોલસોનારોના શાસન દરમિયાન તેણે બ્રાઝિલના રક્ષામંત્રીને બરખાસ્ત કરતા બ્રાઝિલના મિલિટરી ચીફ તેના પદેથી રિઝાઇન થયા હતા.

૨૦૧૯ના કોરોનાકાળમાં જયારે જગતમાં તમામ જગ્યાએ સોશિયલ ડિસ્ટન્સિસ અને લોકડાઉનના નિયમોનું પાલન કરતાં હતા ત્યારે બોલસોનારોએ તેના હેલ્થ મિનિસ્ટરને જણાવ્યું કે બ્રાઝિલમાં કોરોનાની ખાસ કંઇ અસર નથી તેથી જલદી લોકડાઉન ખતમ કરીને ઇકોનોમિક એક્ટિવિટી ચાલુ કરી દેવામાં આવે આના પ્રતાપે બ્રાઝિલમાં કોરોના ફેલાતા સાત લાખ કોરોનાની ઝપેટમાં આવીને મૃત્યુ પામેલા હતા. અમેરિકામાં કોરોનામાં મૃત્યુ પામેલા ૧૧ લાખ લોકો પછી વિશ્વમાં બીજા નંબરે બ્રાઝિલ હતું.

પણ આ તો વાત થઇ બ્રાઝિલના પ્રમુખ બોલસોનારોની પોલિટિક્લ સ્ટાઇલની પણ તેનાથી પણ વધારે ગંભીર વાત તો એ છે કે....

જયારે કોરોનાકાળમાં કોઇપણ વ્યક્તિ ગમે તેટલા ઉચ્ચપદે જેવા કે દેશના વડા પ્રધાન હોય કે પ્રમુખ હોય તેણે અમેરિકામાં એન્ટ્રી લેવી હોય તો ઇમિગ્રેશન કાઉન્ટર ઉપર તેનો કોરોના વૅક્સિનનો રેકોર્ડ બતાવવો જરૂરી હતો કે તેણે કોરોનાના વૅક્સિન લીધેલા છે.

બોલસોનારો તો માનતા જ હતા કે કોરોના જેવું કંઇ જ છે જ નહીં તેથી કોરોનાની રસી ક્યારેય લીધી નહોતી પણ તે જાણતા હતા કે અમેરિકા જવું હોય તો કોરોનાની વૅક્સિન લીધેલી છે તે સર્ટિફિકેટ બતાવવું જરૂરી છે તેથી જ્યારે બ્રાઝિલની ચૂંટણીમાં બોલસોનારોની હાર થઇ તેના પહેલા તેણે તેના સ્ટાફને રિઓડીજાનેરોમાં બાપ-દીકરીએ કોરોના વૅક્સિન લીધેલી છે તેવો રેકોર્ડ બનાવવાની સૂચના આપીને ફેક રેકોર્ડ બનાવેલો હતો કે તેણે કોરોના વૅક્સિન લીધેલ છે કારણ કે તેના વગર તેને અમેરિકામાં પ્રવેશ મળવો સંભવ નહોતો અને યુનોની એસેમ્બલીમાં તે કોરોના રેકોર્ડ વગર ભાગ પણ ના લઇ શક્ત. જયારે પ્રમુખ પોતે જ ફેક રેકોર્ડ બનાવે તો તેના મંત્રીમંડળના સભ્યો અને ઓફિસરો શું કામ પાછળ રહી જાય તેથી તેઓએ પણ ફેક રેકોર્ડ બનાવીને અમેરિકામાં એન્ટ્રી લીધી હતી પણ એક હોટેલમાં ડીનર લેવા જતા હોટેલના માલિકે કોરોના રેકોર્ડ નહીં સ્વીકારતા તેઓ રોડસાઇડ ઉપર પિત્ઝા ખાવા લાગ્યા અને તેના ફોટા સોશિયલ સાઇટમાં મૂકયા કે તેઓ કેવી સામાન્ય જિંદગી જીવે છે પણ આ ફોટા પ્રસિદ્ધ થયાના બીજા જ દિવસે તેઓ કોરોનાગ્રસ્ત થયા હતા.

અને હા બોલસોનારો અને તેની દીકરીએ કોરોનાનો જે ફેક રેકોર્ડ બનાવેલો તે દિવસોમાં તેઓ હકીકતમાં રિઓડીજાનેરોમાં હતાં જ નહીં!

૨૦૨૨મા સત્તાથી દૂર થયા પછી બાપ-દીકરી ફલોરિડામાં ડિઝનીલેન્ડ પાસે ત્રણ મહિના ઘર લઇને આ ફેક કોરોના રેકોર્ડ સાથે રહેલા હતા.

પણ હવે સત્તાથી દૂર થતા આ બધી હકીકતો બહાર આવતા બ્રાઝિલ પોલીસે કોરોનાના ખોટા રેકોર્ડ બનાવવા બદલ કેસ દાખલ કરવામાં આવેલ છે અને અમેરિકન સરકાર પાસેથી બોલસોનારોના કોરોનાનો રેકોર્ડ મંગાવેલ છે.

અમેરિકામાં ફેલાયેલા કોરોના માટે જેટલી અમેરિકન સરકાર જવાબદાર છે તેટલા જ આવા તત્ત્વો છે કે જેણે ફેક રેકોર્ડ બનાવીને અમેરિકામાં એન્ટ્રી લઇને કોરોના ફેલાવેલો હોય.

ઓબવીઅસલી બોલસોનારો આ તમામ આરોપ ફગાવી દે છે કે તેણે કોરોનાના ફેક રેકોર્ડ બનાવવામાં કોઇ ભૂમિકા ભજવેલ છે. પણ સાથોસાથ કોઇ એવિડન્સ પણ નથી બતાવી શકતા કે તેણે કોરોનાની વૅક્સિન લીધેલી છે. ઊલટાનું તે તો એમ કહેતા હતા કે કોરોના વૅક્સિન લેશે તો માણસ મગરમચ્છ થઇ જશે!!

આટલું જ નહીં પણ સાઉદી અરેબિયા તરફથી ભેટ સોગાદોમાં મળેલી કિંમતી ઘડિયાળો અને જવેલરી વેંચી કાઢવાના પણ તેના ઉપર આરોપો છે.

સત્તામાંથી બેદખલ થયા પછી તેઓ બ્રાઝિલમાં આવેલી હંગેરીયન એમ્બસીમાં બે દિવસ છુપાયેલા હતા અને નવી સરકારને ઉખાડી ફેંકવાના કાવાદાવા ઘડતા હતા. પણ આ હકીકતો લીક થતા હંગેરીયન એમ્બસીએ તેના ચાર બ્રાઝિલીયન સ્ટાફ મેમ્બર જે આમાં સામેલ હતા. તેને પાણીચુ આપી દીધેલ છે અને બ્રાઝિલીયન કોર્ટેએ ૨૦૩૦ સુધી બોલસોનારોને રાજકારણથી દૂર કર્યા છે તેથી તે ૨૦૨૬ની ચૂંટણીમાં ભાગ નહીં લઇ શકે.

કોરોનાકાળમાં બોલસોનારોએ માત્ર એક વખત નહીં પણ અનેકવાર અમેરિકાની મુલાકાત ફેક કોરોના રેકોર્ડ સાથે કરેલી છે. યુનોની એસેમ્બલીમાં એ એક માત્ર દેશના પ્રમુખ હતા કે જેણે હકીકતમાં કોરોનાની વૅક્સિન ના લીધેલી હોય તેના આ કૃત્ય અને બ્રાઝિલની પ્રજાને શરૂઆતના સમયમાં વૅક્સિનથી વંચિત કરવામાં અને સમય કરતા વહેલું લોકડાઉન ખોલી નાખતા દેશદ્રોહનો ફોજદારી કેસ ચલાવવાની હિલચાલ ચાલી રહેલ છે.

ઇમર્જિંગ ઇકોનોમીના કહેવાતા બ્રિકસ દેશોની હાલત એવી છે કે રશિયન ઇકોનોમી તો યુક્રેન યુદ્ધના કારણે ખાડે ગઇ છે. બ્રાઝિલની હકીકત તો આપણે જાણી, ચીન તો ખાડે જઇ રહ્યું છે અને દુનિયાભરમાં ચીનની નીતિઓ અને પ્રોડક્ટ્સનો અસ્વિકાર થઇ રહ્યો છે અને સાઉથ આફ્રિકા માટે તો જેટલું કહીએ તેટલું ઓછું છે.

સાઉથ આફ્રિકાએ તો ઓફિશિયલી સ્વીકારેલ છે કે તેના દેશમાં મોટા શહેરોમાં પીવાલાયક પાણીની અછત છે. બ્રિકસમાં બાકી રહેલ દેશ છે ભારત છે. અત્યાર ફૂલબહાર તેજીમાં છે અને જગતમાં શ્રેષ્ઠ ઇકોનોમી, શ્રેષ્ઠ સલામત દેશ, શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સેવાઓ અને શ્રેષ્ઠ લોકશાહી ધરાવતો દેશ છે. આપણી બધાની જવાબદારી છે કે આ શ્રેષ્ઠતાને આપણે આવતા ૨૫ વર્ષ ચાલુ રાખીએ કારણ કે 'એવરી ગુડ સિટીઝન એડસ ટુ ધ સ્ટ્રેન્થ ઓફ અ નેશન.' ■

પાંખાં કામકાજો વચ્ચે આયાતી તેલમાં ટકેલું વલણ, સરસવ તેલમાં નરમાઈ

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ઘટ્યા મથાળેથી ૭૪ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે સપ્તાહના અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર અત્યંત નિરસ રહ્યા હોવાથી આયાતી તેલમાં એકંદરે ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે દેશી તેલોમાં નિરસ માગ અને સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં માત્ર સરસવના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે કોઈ રિફાઈનરોએ આરબીડી પામોલિનના ભાવ નહોતા ક્વૉટ કર્યા. જોકે, આજે એકમાત્ર રૂચીએ ડાયરેક્ટ ડિલિવરી ધોરણે સન રિફાઈન્ડના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૯૮૦ અને મે ડિલિવરી શરતે રૂ. ૯૭૫ ક્વૉટ કર્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૭૦, ક્રૂડ પામતેલના રૂ. ૯૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૭૫, સોયા ડિગમના રૂ. ૯૩૦, સન રિફાઈન્ડના રૂ. ૯૭૫, સન ક્રૂડના રૂ. ૯૯૦, સિંગતેલના રૂ. ૧૫૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૯૫ અને સરસવના રૂ. ૧૦૪૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૪૦માં અને રૂ. ૧૪૭૫માં તથા તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૬૦થી ૨૪૦૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે રાજસ્થાન ખાતે ૫.૨૫ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૪૫૦થી ૫૪૭૫માં થયા હતા, જ્યારે એક્સ્પેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૦૨૪થી ૧૦૨૫માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૦૩૪થી ૧૦૩૫માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૧૫થી ૨૫૨૦માં થયા હતા. ■

ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ ₹ ૬૭નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે ટીન, બ્રાસ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને કોપરની અમુક વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૬૭નો સુધારો આવ્યો હતો, જ્યારે નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણે ભાવમાં કિલોદીઠ રૂ. પાંચનો અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો ઘટાડો આવ્યો હતો.

આજે ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૬૭ના ઉછાળા સાથે રૂ. ૨૭૦૦ની સપાટીએ પહોંચ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૨૩૪, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૫૧૦, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૭૮૪ અને રૂ. ૭૭૪ અને બ્રાસ શીટ કટિંગ્સ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૫૪૦ અને રૂ. ૮૩૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૪૯૫, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૩૨ અને કોપર આર્મિચર તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૫૫ અને રૂ. ૭૦૨ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૭૫ અને રૂ. ૧૯૦ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૪૦ ઘટ્યા, મિડિયમમાં મામૂલી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તથા દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૩૦થી ૩૪૮૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ વધુ રહેતાં તેનાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૫૨થી ૩૬૭૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના સાધારણ ગુણવત્તાલક્ષી સુધારા સાથે રૂ. ૩૬૭૦થી ૩૭૬૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી એકંદરે પાંખી રહેતાં ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૧૦થી ૩૫૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર રૂ. ૩૬૧૦થી ૩૬૭૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે - રાજકોટ

ઇલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટ (કન્સ્ટ્રક્શન)

66KV દ્વારેજ-SUNR TSS લાઇનનું સ્થળાંતર

(1) ઇ-ટેન્ડર નોટિસ નં. EL-C-RJT-GS-ROB48-2023-24; (2) કામનું નામ: નિર્માણાધીન ROB48 સાથે ઉલ્લંઘનને કારણે સુરેન્દ્રનગર શહેરના છેડા તરફ 66KV દ્વારેજ-SUNR TSS લાઇનનું સ્થળાંતર; **(3) કામનો અંદાજિત ખર્ચ:** ₹ 5401912.13/-; **(4) અર્નેસ્ટ મની ડિપોઝિટ:** IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ કર્યા મુજબ; **(5) બિડ જમા કરવાની અને ખોલવાની તારીખ અને સમય:** IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ કર્યા મુજબ; **(6) ટેન્ડર ફી:** IREPS પોર્ટલ પર નિર્દિષ્ટ કર્યા મુજબ; **(7) કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો:** 02 મહિના; **(8) વેબસાઇટ વિગતો અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું: www.ireps.gov.in** નોટિસ બોર્ડ અને ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન) ની ઓફિસ , પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ-રાજકોટ (ગુજરાત-360001) 73

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

ટેન્ડર આમંત્રણ નોટિસ

ઇલેક્ટ્રિકલ (પાવર) ડિપાર્ટમેન્ટ

ટેન્ડર આમંત્રણ નોટિસ નં. EL/50/1/01 (24-25) Date: 02.04.2024 ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, વડોદરા ડિવિઝન દ્વારા નીચે જણાવેલા કામો માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટર પાસેથી ઈન્ડિયન રેલવેની વેબસાઇટ **www.ireps.gov.in** પર ઈ-ટેન્ડર આમંત્રિત છે. **અ. નં. 1- ટેન્ડર નં.: BRC-EL-P-35- 2285-97-23-24, કામનું નામ:** (1) વડોદરા ડિવિઝન: PF નંબર 3 પર ઓપન ડ્રેન અને વોટર હાઇડ્રન્ટ પાઇપલાઇનના સુધારા સા

ચશ્માં અને કોન્ટેક્ટ લેન્સથી મુક્તિ ઈચ્છો છો?

સ્માઈલ સર્વોત્કૃષ્ટ છે

લેસિક સસ્તી છે અને સ્માઈલ મોંઘું છે એ મોટી ગેરમાન્યતા છે. હકીકતમાં સ્માઈલ પણ આર્થિક સ્તરે પરવડે એવી કિંમતમાં છે

આણંદનિવાસી કરણ નાનપણથી ઘરકૂકડો હતો. તેની ઉંમરના બાળકો કમ્પાઉન્ડમાં ક્રિકેટ, પકડાપકડી, ફૂટબોલ જેવી રમતમાં વીતાવતા ત્યારે કરણ ઘરમાં તેના ટોયઝ સાથે સમય વીતાવતો. સંપત્તિવાન માતા-પિતાનો એકમાત્ર સંતાન હોવાને કારણે તેની પાસે રમકડાંનો ખજાનો હતો. જોકે કરણના ખજાનામાં વિવિધ પ્રકારના એરોપ્લેન બહુધા પ્રમાણમાં જોવા મળતા. વધુમાં કરણ મોટા ભાગનો સમય નિતનવા એરોપ્લેન સાથે વીતાવતો. આ ક્રેઝ સમજણો થયો ત્યારે વધારે વિસ્તરીને પાઇલટ બનવાના સ્વપ્નમાં પરિણમ્યો. માતા-પિતા પણ તેના સપનાને સાકાર કરવામાં તન, મન અને ધનથી મદદરૂપ થતા. જોકે કરણના સ્વપ્નપૂર્તિમાં સૌથી મોટી સમસ્યા હતી, તેની નબળી આંખો. દૃષ્ટિમાં ઝાંખપને કારણે કરણે ફરજિયાતપણે ચશ્માં પહેરવા પડતા. તદ્‌પરાંત ચશ્માંનાં નંબર નિરંતર વધતા જતા. શારીરિક ક્ષતિને કારણે માનસિક સ્તરે હિંમત હાર્યો નહોતો. પાઇલટ બનીને એરોપ્લેન ઉડાડવા માટે તે ખૂબ ઉત્સાહી હતો. જોકે ત્યારે એને સ્વપ્ને પણ વિચાર્યું નહોતું કે તેના શમણાંને સાકાર કરતા અગાઉ તેની અગ્નિપરીક્ષા થવાની છે. ટૂંક સમયથી ચશ્માં પહેરવા છતાં વાચનમાં તકલીફ સાથે લેપટોપ પર મનપસંદ ફિલ્મ જોવામાં કે મોબાઇલ પર મેસેજ રિડ કે ટાઇપ કરવામાં ઝાંખપની પ્રતીતિ થતી. સમસ્યાને ધ્યાનમાં રાખીને ઓફથેલ્મોલોજિસ્ટનો કોન્ટેક્ટ કર્યો ત્યારે ચશ્માંનાં નંબર વધતા જતા હોવાનું જાણીને કરણનો ચહેરો સફેદ પૂણી જેવો થઇ ગયો. પાઇલટ બનવા માટે સુયોગ્ય દૃષ્ટિ મહત્ત્વનું પરિબળ લેખાતું હોવાની વાતથી કરણ માહિતગાર હતો. પ્રાથમિક તબક્કામાં ચશ્માં પહેરવાની ગરજ પડી ત્યારે પૌષ્ટિક આહાર સાથે નિયમિતપણે ગાજર-કોથમીર વગેરેનો જ્યુસ પીને નંબર ઉતારવાની માન્યતા ધરાવતો હતો. આ વિચારધારા હેઠળ પાઇલટ બનવાના સ્વપ્નને હકીકતમાં પરિણમવા માટે ચશ્માંને વિઘ્નરૂપ લેખતો નહોતો. કરણની ક્ષતિને ધ્યાનમાં રાખીને અનેક લોકોએ ચશ્માંનાં નંબર દૂર કરે એવી લેસિક પ્રક્રિયા કરાવવાની સલાહ આપી. જોકે કરણની આંખની કોર્નિયાનું કદ તથા તેના આકાર લેસિક માટે અનુરૂપ નહોતા. આ કારણસર લેસિકનું સૂચન અભરાઇ પર ચઢાવવામાં આવ્યું હતું. ચશ્માંનાં નંબર નિરંતર વધતા જતા હોવાનું જાણીને કરણ ખૂબ નિરુત્સાહી થઇ ગયો. મનોમન કદી પણ પાઇલટ બનીને એરોપ્લેન ઉડાડી નહીં શકે એ વિચારમાત્ર કરણને જંપવા દેતો નહોતો. દીકરાને ઉદાસીન જોઇને માતા-પિતા પણ ખૂબ ચિંતિત રહેતા. લાડકવાયાને માટે કંઇ પણ કરી છૂટવા તૈયાર પિતા માટે એ અરસામાં મુંબઇનિવાસી મિત્ર તારણહાર સાબિત થયો. કોલાબાસ્થિત ધ ઇન્ટરનેશનલ આઇ ઇન્સ્ટિટ્યૂટ અર્થાત વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે અત્યાધુનિક મશીન આરૂઢ હોવાના સમાચારથી વાકેફ મિત્રએ કરણ તથા તેના માતાપિતાને મુંબઇ તેડાવ્યા. ડો.

સાયરસ મહેતાની મુલાકાત કરણ માટે આશીર્વાદરૂપ સાબિત થઇ. ડૉ. સાયરસના સૂચનને ધ્યાનમાં રાખીને કરણે અત્યાધુનિક લેખાતી સ્માઇલ પ્રક્રિયા કરાવી. પાંપણના પલકારામાં કરણે કાયમ માટે ચશ્માંથી મુક્તિ મેળવી.....ટૂંક સમયમાં સોહામણો ચહેરો અને કદાવર બાંધો ધરાવનાર કરણનું શમણું સાકાર થવાનું છે, અર્થાત તે એરોપ્લેન ઉડાડવાનો છે. જે માટે તાજેતરમાં ડૉ. સાયરસ મહેતાની પ્રત્યક્ષ મુલાકાત લઇને ચશ્માંથી મુક્તિ અપાવવા સાથે સ્વપ્નને ફળીભૂત કરવામાં પરોક્ષપણે મદદરૂપ થવા માટે ખૂબ ખૂબ આભાર માન્યો હતો. મહારાષ્ટ્રના ગવર્નર તથા સ્વાસ્થ્ય પ્રધાનના વરદ હસ્તે ભારતના અગ્રણી આઇ-સર્જન તરીકેનો એવૉર્ડ પ્રાપ્ત કરનાર ડૉ. સાયરસ મહેતા જણાવે છે કે કરણના સ્વપ્નને ફળીભૂત કરવામાં ચશ્માં વિઘ્નરૂપ સાબિત થતા હતા. વધુમાં લેસિક તેના માટે અનુરૂપ નહોતી. જેને અનુલક્ષીને કાયમી સમાધાન માટે સ્માઇલનું સૂચન કરવામાં આવ્યું હતું. જે કરણ તથા તેના માતા-પિતાએ માન્ય રાખ્યું અને પ્રક્રિયા તેના માટે ટર્નિંગ પોઇન્ટ સમાન સાબિત થઇ.

સ્વિસ આઇ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા બેસ્ટ રિસર્ચર એવૉર્ડથી નવાજેશ ડૉ. સાયરસ મહેતાના જણાવ્યાનુસાર લેસિક આશરે ત્રીસેક વર્ષ પ્રાચીન પ્રક્રિયા છે. સર્વસામાન્ય લેખાતી લેસિકમાં અમુક પ્રકારની સમસ્યા છે. આ અંતર્ગત લેસિક કરાવ્યા પછી અનેક પેશન્ટને આંખો ડ્રાય થવાની સમસ્યા ઉદ્‌ભવે છે. જેને પરિણામે લાંબા સમય સુધી તેમને આઇ-ડ્રોપ્સ નાખવા પડે છે. આ ઉપરાંત રાતના સમયે ધૂંધળાશની પ્રતીતિ થાય છે. જેને પરિણામે સ્કૂટર કે કાર વગેરે ચલાવવામાં અકસ્માત થવાનો ભય રહે છે. આ બાબતને અનુલક્ષીને અનેક લોકો ન રહેગા બાંસ ન બજેગી બાંસુરીની જેમ રાતના સમયે ડ્રાઇવિંગ જ નથી કરતા. લેસિકને અંતર્ગત આંખ પર બ્લેડ દ્વારા કાપ મૂકવો અનિવાર્ય છે. અમુક અપવાદરૂપ કિસ્સામાં બ્લેડ દ્વારા ખોટો કાપ મુકાઇ જાય છે. અમુક કિસ્સામાં સર્જરી દરમિયાન મોટો કાપ મુકાવાથી અનેક નસ કપાઇ પણ જાય છે અને કાયમી સ્તરે ડ્રાયનેસની ક્ષતિ સાથે આંખ પણ નબળી થાય છે. એની સરખામણીમાં સ્માઇલ ખૂબ સલામત સાબિત થાય છે. સ્માઇલને નાસા દ્વારા પણ માન્યતા પ્રદાન કરવામાં આવી છે. સ્પેસ એજ ટેક્નોલોજી લેખાતી સ્માઇલ પ્રક્રિયા મોંઘી નથી. આર્થિક સ્તરે પરવડે એવી કિંમતમાં છે.

મહારાષ્ટ્રના ઉદ્યોગ મંત્રી ઉદય સામંત તથા મહારાષ્ટ્રના શૈક્ષણિક મંત્રી દિપક કેસરકર દ્વારા મહારાષ્ટ્રના અગ્રણી આઇ-સર્જનના એવૉર્ડથી નવાજેશ ડૉ. સાયરસ મહેતાના જણાવ્યા મુજબ ચશ્માંનાં નંબર દૂર કરવા માટે વિશ્વનું સર્વોત્કૃષ્ટ લેખાતું સ્માઇલ લેસર મશીન જર્મનીથી મગાવવામાં આવ્યું છે. અનેક પ્રખ્યાત કલાકારો, બિઝનેસમેન તથા ઉદ્યોગપતિ અર્થાત એક છેડે રોડપતિથી લઇને કરોડપતિ સુધીના જ્યારે બીજે છેડે ભારત સહિત અમેરિકા, યુકે, યુરોપ, આરબ સહિત અનેક દેશના સંખ્યાબંધ લોકોએ સ્માઇલરૂપી નવીન ટેક્નોલોજીનો લાભ લીધો છે. ભારતમાં લેસિકના આશરે 500 જેટલા મશીન હશે, પરંતુ સ્માઇલના ફક્ત ત્રીસેક મશીન જ છે. જે પૈકી એક વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે છે. ભારતીયજનને દૃષ્ટિહીન કરવામાં મોખરાને સ્થાને બિરાજતી કેટરેક્ટ-ગ્લુકોમા જેવી ક્ષતિનું પણ વિઝન વિસ્ટા આઇ સેંટર ખાતે અત્યાધુનિક મશીન દ્વારા સમાધાન સાધવામાં આવે છે. પશ્ચિમ ભારતમાં એક જ છત નીચે કેટરેક્ટ-ગ્લુકોમાનું સમાધાન સાધવા માટે સમગ્ર મહારાષ્ટ્રમાં વિઝન વિસ્ટા આઇ સેંટર એકમાત્ર એવું સેંટર છે જ્યાં કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી, ટોમી સ્પેક્યુલર 4000, નેનો એસએલટી, આઇઓએલ માસ્ટર 700 વિથ ટોપો જેવી અત્યાધુનિક મશીનરી ઉપલબ્ધ છે. આ અંતર્ગત નેનો એસએલટી દ્વારા પાંપણના પલકારામાં આંખનું પ્રેશર ઓછું કરીને ગ્લુકોમાને નાથી શકાય છે.

પેશન્ટના હિતને મુખ્ય ઉદ્દેશ લેખનારા ડૉ. સાયરસ મહેતાએ હાલપર્યંત સ્માઇલ દ્વારા હજારો લોકોના ચશ્માંનાં નંબર દૂર કર્યા છે. સ્માઇલને અંતર્ગત પેશન્ટ એક દિવસમાં વાળ ધોઇ શકે છે અને ચોવીસ કલાકમાં આંખ પણ ચોળી શકે છે. તદ્દન પીડારહિત પ્રક્રિયા હોવા ઉપરાંત પેશન્ટ એક દિવસમાં રોજિંદી ક્રિયા-વ્યવસાયિક કામકાજ અને બે દિવસમાં મેકઅપ પણ કરી શકે છે. સ્માઇલ પ્રક્રિયાને અંતર્ગત નજીકના નંબર પણ દૂર કરી શકાય છે.

અંતમાં ચશ્માં કે કોન્ટેક્ટ લેન્સનો વિકલ્પ વિચારો છો
લેસિક હવે આઉટડેટેડ થયું છે...
તેના સ્થાને અત્યાધુનિક સ્માઇલને પસંદ કરો
આફટર ઓલ તમારી દૃષ્ટિ પ્રદાન કરતી આંખો અમૂલ્ય સંપત્તિ છે,
તેની કાળજી સ્વયં તમારા હાથમાં છે

સ્માઈલ અને લેસિક વચ્ચેનો તફાવતઃ

- લેસિક દરમિયાન કોર્નિયાના આગળના સ્તર પર બ્લેડ દ્વારા કાપ મૂકવો પડે છે. સ્માઇલને અંતર્ગત મોટો કાપ નથી મૂકવો પડતો
- લેસિકમાં લાંબા સમય બાદ રાહત પ્રદાન થાય છે. સ્માઇલમાં માત્ર ૨૪ કલાકમાં રાહત પ્રદાન થાય છે
- લેસિક કરાવ્યા બાદ આંખ ડ્રાય રહે છે. સ્માઇલ કરાવ્યા બાદ આંખ ડ્રાય થતી નથી
- લેસિક દરમિયાન ફ્લેપ કાપતી વખતે અનેક વાર સ્થૂળ અથવા તો ખૂબ પાતળો કપાય છે. એની સરખામણીમાં સ્માઇલમાં આ પ્રકારની કોઇ સમસ્યા ઉદ્‌ભવતી નથી
- સ્માઇલ કરાવ્યા બાદ પેશન્ટ એક દિવસમાં વાળ ધોઇ શકે છે અર્થાત માથે ન્હાઇ શકે છે. લેસિકને અંતર્ગત દસ દિવસ બાદ માથે ન્હાઇ શકાય છે
- સ્માઇલ કરાવ્યા બાદ પેશન્ટ એક દિવસ બાદ આંખ ચોળી શકે છે. લેસિક કરાવેલી વ્યક્તિ એક મહિના બાદ આંખ ચોળી શકે છે
- માઇનસ ફાઇવ કે વધારે નંબર ધરાવનારી લેસિક કરાવ્યા બાદ કોર્નિયા આગળથી સૂજી જાય છે. સ્માઇલમાં આ પ્રકારની સમસ્યા ઉદ્‌ભવતી નથી
- લેસિક પછી અનેક પેશન્ટને રાતના ઝળહળાટની પ્રતીતિ થાય છે. સ્માઇલમાં માત્ર આંગળીને વેઢે ગણાય અર્થાત્ જૂજ લોકોને આ પ્રકારની સમસ્યા ઉદ્‌ભવે છે
- સ્માઇલ તદ્દન પીડારહિત છે એની સરખામણીમાં લેસિકમાં ક્યારેક પીડા થાય છે
- સ્માઇલ કરાવ્યા બાદ એક દિવસમાં જ્યારે લેસિક કરાવ્યા બાદ ચારેક દિવસમાં પેશન્ટ રોજિંદી ક્રિયા કરવા ઉપરાંત વ્યવસાયિક કામકાજ કરી શકે છે
- સ્માઇલ કરાવ્યા બાદ બે દિવસમાં જ્યારે લેસિક કરાવ્યા બાદ એક મહિના પછી પેશન્ટ મેકઅપ કરી શકે છે
- સ્માઇલને અંતર્ગત નજીકના નંબર દૂર કરી શકાય છે. લેસિકમાં આ પ્રકારની સુવિધા નથી

સ્માઈલના પ્લસ પોઈન્ટઃ

- આંખ પર સૂક્ષ્મ કદનો કાપ મૂકવો પડે છે
- પેશન્ટ એક દિવસમાં વાળ ધોઇ શકે છે
- ચોવીસ કલાકમાં આંખ ચોળી શકે છે
- તદ્દન પીડારહિત
- બે દિવસમાં મેકઅપ કરી શકે છે
- સ્માઇલને અંતર્ગત નજીકના નંબર દૂર કરી શકાય છે, લેસિકમાં આ પ્રકારની સુવિધા નથી

Know yr Dr.
નામઃ ડૉ. સાયરસ મહેતા
માનદ્ પદવીઃ પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટ
એડ્રેસઃ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક
રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ હોટેલની પાછળ,
કોલાબા પોલીસ સ્ટેશનની સામે.
કોન્ટેક્ટ નંબરઃ 81049 59459 - 81049 76013 - 99674 39039
Email: cyresmehta@yahoo.com

આંતરિક શક્તિનું અસાધારણ દૃષ્ટાંત, સ્થાનકવાસી જૈન ઇતિહાસમાં પ્રથમવાર

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સુશિષ્યા
મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીની
એકસાથે 1008 આયંબિલની અજોડ તપ સાધનાની પૂર્ણાહુતિએ
મુંબઈ મહાનગરીમાં મહાતપોત્સવનું ભવ્ય આયોજન

અખંડ 1008 આયંબિલ તપ પારણા અવસર
મહાતપોત્સવ - દીક્ષા મહોત્સવ
24th to 28th April 2024 • VILE PARLE

28th એપ્રિલ, 2024
સવારે 08:30 કલાકે

સિદ્ધિને પામવાની અંતરમાં જો ચાહ અનહદ હોય, મંજિલને પામવાને મન જો તૃષાતુર હોય તો આ વિષમ કાળમાં અશક્ય પણ શક્ય અને અસંભવ પણ સંભવ બની શકે છે, આ વાતને પુરવાર કરીને આત્માની અનંત શક્તિનો જીવંત પરિચય આપી રહ્યાં છે, **અખંડ 1008 આયંબિલ તપના આરાધક, 48 વર્ષીય એક સાધ્વીરત્ના !**

દસ વર્ષ પહેલાં વર્ષ 2014માં રાષ્ટ્રસંત ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના ચરણ- શરણમાં સંયમ અંગિકાર કરનારા એ મહાતપસ્વી સાધ્વીરત્ના એટલે પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજી !

પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીનું સંસારનું નામ એટલે શ્રી સંગીતાબેન. પૂર્વભવના પરમ પુણ્યોદયથી સંગીતાબેનને રાષ્ટ્રસંત પરમ ગુરુદેવનો યોગ થયો અને એમના જીવનની દિશા અને દશા બદલાઈ ગઈ. પરમ ગુરુદેવ પ્રેરિત look n learn jain gyan dham missionમાં બાળકોને ભણાવવાની સેવામાં સંગીતાબેન જોડાઈ ગયાં.

એવા સમયે, ઘાટકોપરના સ્વાધ્યાય સંઘમાં પધારેલાં પરમ ગુરુદેવના શ્રીમુખેથી સહજ એક વાક્ય સરી ગયું, 'આંયબિલ કરવા જેવી છે.' જીવનમાં કદી એક પણ આંયબિલ ન કરનારા અને આંયબિલના આહારની સુગંધ માત્રથી મસ્તકમાં દુ:ખાવો થવા લાગે એવા સંગીતાબેને, ગુરુ વચન જાણે એમના માટે જ સર્યા હોય એમ મનમાં સંકલ્પ કરી લીધો કે ચાહે ગમે તે થાય, ચાહે વોમિટ થાય, ચાહે મસ્તકમાં દુ:ખાવો થાય પણ મારે તો આંયબિલ કરવી જ છે.

ગુરુ વચન પર શ્રદ્ધા રાખીને એક આંયબિલ, બે આંયબિલ કરતાં કરતાં નવ આંયબિલ કેવી રીતે થઈ ગઈ ખબર જ ન પડી અને ભાવિની 1008 આંયબિલ તપની ઉગ્ર આરાધનાના બીજ વવાઈ ગયાં !

સમય જતાં સંસારની અસારતા જાણીને પરમ ગુરુદેવના ચરણ-શરણમાં સંગીતાબેન દીક્ષા ગ્રહણ કરીને પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજી સ્વરૂપે સંયમની સાધનામાં જોડાઈ ગયાં.

વારંવાર પરમ ગુરુદેવના શ્રીમુખેથી ગોંડલ સંપ્રદાયના આદ્ય ગુરુ ભગવંતોની કઠોર તપશ્ચર્યાની અને વિશેષ તો, તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબે કરેલી અખંડ 999 આયંબિલ તપની આરાધનાની વાતો સાંભળીને પરમ સૌમ્યાજી મહાસતીજીના અંતરમાં પણ ગુરુ ભગવંતની જેમ અખંડ 999 આયંબિલ તપ કરવાના ભાવ જાગી ગયા.

એ ભાવ સાથે દીક્ષાના પ્રથમ વર્ષે 30 ઉપવાસની આરાધના, ક્યારેક સળંગ 25 આયંબિલ તપ, ક્યારેક સળંગ 30 આયંબિલ તપ, સળંગ 49 આયંબિલ તપ, સળંગ 50, 100 અને સળંગ 120 આયંબિલની તપશ્ચર્યા કરતાં કરતાં દૃઢ સંકલ્પ અને મક્કમ નિર્ધાર સાથે પરમ ગુરુદેવ પાસે સળંગ 999 આયંબિલ કરવા માટેની ભાવના જગાવી. અને વર્ષ 2021ના જુલાઈ મહિનાની 23 તારીખના એ ધન્ય દિવસે પ્રારંભ થઈ અખંડ 1008 આયંબિલ તપની અજોડ આરાધના !

33½ મહિનાની આ આરાધનામાં બે- બે વખત કોરોના મહામારીનો પ્રકોપ આવ્યો, ક્યારેક સખત તાવ તો ક્યારેક ડાયેરિયા અને ક્યારેક દાંતનો અસહ્ય દુ:ખાવો, ક્યારેક આયંબિલનો આહાર કરતાં કરતાં સ્ટેપલર પીન જેવો કોઈ અણીદાર પદાર્થ પણ ગળામાં ખૂંચ્યો પરંતુ ગુરુ પ્રત્યેની શ્રદ્ધા અને લક્ષ્યસિદ્ધિ કરવી જ છે એવા મનોબળ સાથે પૂજ્ય મહાસતીજી આગળને આગળ વધતાં જ રહ્યાં !

સમગ્ર સ્થાનકવાસી જૈન સમાજના ઇતિહાસમાં પ્રથમવાર આવી કઠોર, ઉગ્ર, સુદીર્ઘ તપશ્ચર્યા કરીને એક અનોખો વિક્રમ સર્જનારા મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજી પ્રત્યે ન માત્ર ભારતના ખૂણે-ખૂણેથી પરંતુ વિદેશના હજારો - લાખો ભાવિકોના હૃદયથી એક જ ભાવ, એક જ અહોભાવ પ્રગટ થઈ રહ્યો છે, ધન્ય મહાતપસ્વી, ધન્ય ધન્ય એમની તપશ્ચર્યા !

મહાતપસ્વી મહાસતીજીના 1008 આયંબિલ તપની લક્ષ્યસિદ્ધિને જ્યારે હવે ગણતરી દિવસો બાકી રહ્યાં છે ત્યારે, તા. 28th એપ્રિલ 2024 રવિવારના દિવસે એમના પારણા અવસરે શ્રી વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘના ઉપક્રમે સમગ્ર ભારતના અનેક જૈન સંઘો, સંસ્થાઓ, અનેક સંપ્રદાયના પૂજનીય સંત-સતીજીઓ તેમજ હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં મહાતપોત્સવ યોજાશે.

JJC JAIN JAGRUTI CENTRE 1975

જેજેસી સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ

ચેરમેન	સેક્રેટરી જનરલ	ડેવલપમેન્ટ સેક્રેટરી
કિશોર એસ. શેઠ	ઉદય ડી. સંઘવી	પ્રફુલ્લ પી. મહેતા

વાઈસ ચેરમેન
જયંતિ કે. છાડવા • ભાવિન જે. શાહ

ખજાનચી
મિલન એચ. શાહ

સેક્રેટરી
મિતેશ એમ. અંબાવી
હિતેશ એ. ભેદા • જિજ્ઞેશ ડી. ભાયાણી

માનદ્ તંત્રી
દિપક એસ. લાપસિયા

મહાતપસ્વી મહાસતીજીની અંતરથી અનુમોદના
સૌજન્યઃ જેજેસી નોર્થ ઈસ્ટ

સોનામાં સુગંધ ભળે એમ મહાતપોત્સવની સાથે દીક્ષાર્થી મુમુક્ષુ શ્રી ય શ્રીદીદી મહેન્દ્રભાઇ નંદુનો દીક્ષા મહોત્સવ યોજાશે.
મહાતપસ્વી મહાસતીજીના મહાતપોત્સવ તેમજ સંયમ અભિલાષી મુમુક્ષુ આત્માના દીક્ષા મહોત્સવના વાગી રહેલાં પડઘમ
સર્વત્ર એક જ સંદેશ આપી રહ્યાં છે કે, યુગો યુગોથી ત્યાગ અને તપશ્ચર્યા વંદનીય બની રહ્યા છે અને સદાકાળ વંદનીય બનતાં રહેશે.

સ્થળઃ માલિની કિશોર સંઘવી શાંતિ પ્રભા હોલ, રીતંભરા કેમ્પસ, NA અહુજા માર્ગ, જે.વી.પી.ડી. સ્કીમ, વિલે- પાર્લે, મુંબઈ
મહાતપોત્સવ એવમ દીક્ષા મહોત્સવ વિષે વધુ જાણકારી માટે contact on: +91 7303000666 | +91 7303000444